# શાસ્ત્રાભ્યાસની કળાની કસોટી

# ઉપદેશમાળા

ભાગ ૧

શ્રી ધર્મદાસગણિ વિરચિતા

वृत्तिकार सिद्धर्षिगणि

યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.

શાસ્ત્રાભ્યાસની કળાની કસોટી

# श्री उपदेशमाला

श्री सिद्धर्षिगणिकृतहेयोपादेयाविवरणसहिता

श्रीधर्मदासगणिविरचिता

યુગપ્રધાનાચાર્યસમ

પંન્યાસ ચન્દ્રશેખર વિજયજી મ.સાહેબ

પ્રકાશક

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**દિવ્યાશિષ**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના**
**વિનેય** પૂજ્યપાદ પં. પ્રવર **શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સાહેબ**

✦

**શુભાશિષ**

**ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબ**

✦

**સ્નેહાળ સાન્નિધ્ય**

**પૂ. પં. શ્રી હંસકીર્તિવિજયજી મ.સાહેબ**

✦

**અનુવાદક**

**મુનિ શ્રી રાજહંસ વિ.**
**મુનિ શ્રી શીલરક્ષિત વિ.**

✦

**પ્રકાશક**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પ્લેક્સ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે,
ભટ્ઠા, પાલડી, અમદાવાદ-૭.
**ટેલિ. : ૨૬૬૦ ૫૩૫૫**

✦

**નકલ : ૭૦૦**

મૂલ્ય : અધ્યયન – અધ્યાપન – શાસ્ત્રાભ્યાસ કળા વિજ્ઞાન

**મુદ્રક**

**યથાર્થ પબ્લિકેશન 'સાઈન શો'**

૧-રિદ્ધિ પેલેસ, ૯૦ ફૂટ રોડ, ભાયંદર (વે),
**મો. : ૯૮૩૩૬ ૧૬૦૦૪, ટેલિ. : ૨૮૧૮ ૪૫૯૯**

# સૌજન્ય

## તપોવન સંસ્કાર પીઠની
## જ્ઞાનખાતાની

## ઉપજમાંથી


**શ્રુતભક્તિનો લાભ લીધો એ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ....**

# પ્રાપ્તિસ્થાન

**હિતેશભાઈ ગાલા**
બી-૧૭, તૃપ્તિ સોસાયટી, હનુમાન રોડ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ- ૪૦૦ ૦૫૭.
**મોબાઈલ : ૯૮૨૦૯૨૮૪૫૭**

* * *

**આશિષભાઈ મહેતા**
૭, સુનીષ એપાર્ટમેન્ટ, રત્નસાગર સ્કૂલની સામે, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત
**મોબાઈલ : ૯૩૭૪૫૧૨૨૫૯**

* * *

**દીપેશભાઈ દીક્ષિત**
બી-૨, અમર એપાર્ટમેન્ટ, ડીવાઈન લાઈફ સ્કૂલની સામે,
બેરેજ રોડ, વાસણા, અમદાવાદ.
**મોબાઈલ : ૦૯૪૨૮૬ ૦૮૨૭૯**

* * *

# સમર્પણમ્

- જેમણે આ ગ્રન્થના પદાર્થો અર્થરૂપે કરોડો લોકોની સામે પ્રરૂપ્યા,
  એ શ્રમણ ભગવાન મહાવીર દેવને...
- જેમણે એ અર્થરૂપપદાર્થો સુંદર મજાના શ્લોકરૂપે ગૂંથી લીધા,
  એ વીરશિષ્ય ધર્મદાસગણિવર્યને...
- જેમણે એ શ્લોકો ઉપર સરળ-રસાળ ભાષામાં વૃત્તિઓ રચી,
  એ તમામ ઉપકારી વૃત્તિકારોને...
- જેમણે આ આખો ગ્રન્થ કંઠસ્થ કર્યો છે તે સંયમીઓને...
- જેમણે આ આખો ગ્રન્થ કંઠસ્થ કરવાનો પ્રારંભ કર્યો છે, તે સંયમીઓને...
- જેમણે આ આખો ગ્રન્થ કંઠસ્થ કરવાની ઈચ્છા કરી છે, તે સંયમીઓને...
- જેમણે આ ગ્રન્થ હાથમાં પકડવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે, તે સંયમીઓને...
- જેમણે આ ગ્રન્થના પદાર્થોને એકાદ અંશરૂપે પણ જીવનમાં ઉતારેલા છે, તે સંયમીઓને...
  ભાષાંતરવાળો આ ગ્રન્થ હસ્તકમળમાં સમર્પિત કરીએ છીએ.

મુ. રાજહંસ વિ.
મુ. શીલરક્ષિત વિ.

# विषयानुक्रम:

**विषयनिरुपणम्** **गाथाङ्क:**


मङ्गलाचरणम् ।.......... १-२

वीरप्रभुवत् क्षमा कर्तव्या ।.......... ३

उपसर्गोपस्थाने श्रीवीरप्रभो: निष्प्रकम्पता।.......... ४

गुरुवचनश्रवणविधि:।.......... ५-६

गुरो: प्रधानता ।.......... ७

गुरो: स्वरुपम् ।.......... ८-१०

गुरुपदमहत्तावर्णनम् ।.......... ११

साधुविषये साध्वीविनये शेडुवककथा ।.......... १२-१३

वर्षशतदीक्षितया आर्यया अद्यदीक्षित: साधु: अभिगमनवन्दनादिना पूज्य: ।.......... १४

धर्मे पुरुषप्रधानतायां संवाहननृप - अङ्गवीरवृत्तान्त: ।.......... १५-१८

आत्मसाक्षिकधर्मे भरतचक्रवर्ति - प्रसन्नचन्द्रकथा ।.......... १९

भावशुद्धि-वेषयो: उपयोगिता ।.......... २०-२१

भावानुसारेण कर्मबन्ध: ।.......... २२-२३

अहङ्कारेण सह धर्मविषये बाहुबलिकथा ।.......... २४

गुरूपदेशयोग्यता ।.......... २५

मदत्यागोपदेश: ।.......... २६

रुपस्यानित्यताविषये सनत्कुमारकथा ।.......... २७

देवानामपि अनित्यता, लवसप्तमानां व्युत्पत्ति: ।.......... २८

सांसारिकसुखस्य निरर्थकता ।.......... २९

उपदेशसहस्रै: किल केचिद् जन्तवो न प्रतिबुध्यन्ते,
एतस्योपरि ब्रह्मदत्तनृप - उदायिनृपमारककथानकम् ।.......... ३०-३१

| विषयनिरुपणम् | गाथाङ्कः |
|---|---|
| या सा सा सा कथानकम् । | ३२ |
| स्वदोषस्वीकारस्य गुणत्वे मृगावतीकथानकम् । | ३३ |
| क्षमाया महत्त्वम् । | ३४ |
| कषायाणाम् अपायकारिता । | ३५ |
| शब्दादिविषयानां त्यागे जम्बूस्वामिकथानकम् । | ३६ |
| धर्ममाहात्म्यात् परमघोरप्राणिप्रतिबोधे चिलातीपुत्रकथा । | ३७ |
| प्राणप्रहाणेऽपि प्रतिज्ञानिर्वाहे ढण्ढणमुनिकथानकम् । | ३८ |
| साध्वधिकाराऽनधिकारप्रकरणम् । | ३९ |
| आपत्स्वपि दृढधर्मविषये स्कन्दकाचार्यकथानकम् । | ४०-४१ |
| क्षमा कर्तव्या । | ४२ |
| लधुकर्मता कारणं, न कुलं, तद्विषये हरिकेशबलकथा । | ४३ |
| संसारिजीवस्य नटसदृशता, ततः कः कुलाभिमानः । | ४४-४६ |
| विवेकिनो मोक्षकाङ्क्षैकताना, न धनादिलिप्सवः, एतदुपरि वज्रस्वामिकथा, साधुस्वरुपम् । | ४७-४८ |
| परिग्रहस्याऽपायहेतुता । | ४९ |
| परिग्रहदोषाः । | ५०-५१ |
| कुलाभिमानस्य त्यागविषये नन्दिषेण-वसुदेवकथा । | ५२-५३ |
| क्षमाया मोक्षाङ्गत्वाद् गजसुकुमालवत् उपसर्गकारिणि क्षमा कर्तव्या । | ५४ |
| क्षमाकरणोपदेशः । | ५५ |


**(પૂ. જંબૂવિજયજી સંપાદિત उपदेशमाला सिद्धर्षिगणिकृतटीकासमलङ्कृता પુસ્તકમાંથી આ અનુક્રમણિકા સાભાર ગ્રહણ કરેલ છે.)**

# પ્રસ્તાવના

'શાસ્ત્રાભ્યાસની કળા'માં જે કળાઓ દર્શાવી છે એની પ્રેક્ટીસ માટે બે ગ્રન્થોનું ભાષાંતર કરવાનું નક્કી કરેલું.

(૧) ઉત્તરાધ્યયન - શાંતિસૂરિવૃત્તિ - અધ્યયન-૧

(૨) ઉપદેશમાળા - સિદ્ધર્ષિગણિવૃત્તિ - ૫૫ જેટલી ગાથા...

એમાં ઉપદેશમાળાનું ભાષાંતર મુનિ રાજહંસવિજયજી અને મુનિ શીલરક્ષિતવિજયજીએ ખૂબ જ મહેનત કરીને પૂર્ણ કરેલ છે.

લેખનક્ષેત્રમાં અને એમાં ય ભાષાંતર ક્ષેત્રમાં તે બંને મુનિઓનો આ પ્રથમ પ્રયાસ છે, વળી સિદ્ધર્ષિગણિવૃત્તિ કંઈ સહેલી નથી... એટલે ભાષાંતરમાં ક્ષતિ રહી ગઈ હોય, તો ક્ષમા આપશોજી.

બંને મુનિવરો તો પ્રશંસાપાત્ર છે જ. પરંતુ મુ. શીલરક્ષિત વિ.ના ગુરુજી પૂ.પં. કલ્પરક્ષિત મ.એ અને મુ. રાજહંસ વિ.ના ગુરુજી પૂ.મુ. વિમલહંસ મ.એ પોતાના શિષ્યોને સંમતિ-અનુમતિ-અનુકૂળતા પ્રદાન કરી, એ કંઈ નાની બાબત નથી. એ બંને ગુરુવરો એટલા જ, કદાચ એનાથી પણ વધારે પ્રશંસાપાત્ર છે.

ઈચ્છા છે કે ધીમે ધીમે આખા ગ્રન્થનું ભાષાંતર છપાય.

ખાસ

**શાસ્ત્રાભ્યાસની કળા** પુસ્તક વાંચી એની કળાઓની પ્રેક્ટીસ આ ગ્રન્થમાં કરતા જશો, તો 'શાસ્ત્રો કેવી રીતે વાંચવા?' એની પદ્ધતિ તમારા હાથમાં આવી જશે. આ પદ્ધતિ હાથમાં આવ્યા બાદ તમને એમ લાગશે કે 'અત્યાર સુધી જે વાંચન કરેલું, એના કરતા હવેનું વાંચન કરવામાં આસમાન-જમીનનું અંતર પડે છે.'

**યુગપ્રધાનાચાર્યસમ પૂજ્યગુરુદેવ**
**પંન્યાસપ્રવર ચન્દ્રશેખર વિ. મ.સાહેબનો શિષ્ય**
**મુ. ગુણહંસ વિ.**
**જેઠ સુદ-દ્વિતીય ચોથ, વિ.સં. ૨૦૭૦,**
**સાબરમતી, નૂતન ઉપાશ્રય**



# પ્ર-સ્તવના

## શાસ્ત્રો સાધુની આંખ છે

અમાસની ઘોર અંધારી રાત છે. એક વ્યક્તિને મોટરમાં બેસી પરગામ જવું છે. એની પાસે મોટર છે. મોટર સારી છે. તે વ્યક્તિને પરગામ લઈ જવા સમર્થ છે. માત્ર એ મોટરની લાઈટ ચાલુ નથી. એ વ્યક્તિ પરગામ જવા શું કામિયાબ બની શકશે? કદાચ હિંમત અને લાઈટ વિનાની મોટરને લઈને પરગામ જવાનું સાહસ કરશે તો રસ્તામાં અથડાવા-કૂટાવાનું જ આવે. વળી, પરગામ પહોંચશે જ એ નિશ્ચિત નહીં. અંધારામાં રસ્તો ભૂલી અન્ય ગામે પહોંચે અથવા રસ્તામાં જ અટકી પડે ન આગળ જઈ શકે, ન પાછો આવી શકે કારણ? માર્ગદર્શક લાઈટનો તેની પાસે અભાવ છે. સ્પષ્ટ ભાષામાં કહીએ તો પરગામ લઈ જનાર મોટર ચક્ષુવિકલ છે. જો મોટરને લાઈટ રૂપી ચક્ષુની પ્રાપ્તિ થઈ જાય તો તે મોટર વિનામુસીબતે વ્યક્તિને ઈચ્છિત પરગામે પહોંચાડવા સમર્થ બની જાય... ખરું ને?

વાત આપણી છે -

**અમાસની ઘોર અંધારી રાત સમાન સંસાર...!**

**વ્યક્તિ સમાન આપણે સાધુ-સાધ્વીજી...!**

**મોટર સમાન આપણું સાધુજીવન...!**

**પરગામ સમાન આપણી સદ્ગતિ-પરમગતિ...!**

મોટરની લાઈટ સમાન કોણ? જે આપણને આ સંસારમાં સદ્ગતિ અને પરમગતિના માર્ગ પર ધારી રાખે... આ સ્થળે **પૂ. મહોપાધ્યાયજી** યાદ આવે છે. જેઓશ્રીએ જ્ઞાનસાર પ્રકરણના ૨૪મા અષ્ટકમાં આનો જવાબ આપણને આપતા કહ્યું છે કે, **साधवः शास्त्रचक्षुषः।** આ સંસારમાં આપણને સદ્ગતિ અને પરમગતિના માર્ગ પર ધારી રાખવા મોટરની લાઈટ સમાન **શાસ્ત્રો** છે...!

સાધુજીવન પરલોક-પ્રધાન છે. એની દિનચર્યામાં આ લોકના સુખોની પ્રાપ્તિની કારણતા ક્યાંય નથી...

**સાધુ વાપરે છે તો પરલોક માટે !**
**સાધુ ઊંઘે છે તો પરલોક માટે !**
**સાધુ ભણે છે તો પરલોક માટે !**
**સાધુ જીવે છે તો પરલોક માટે !**

પરલોકનો માર્ગ અગમ-અગોચર છે. જે આપણી ચામડાની આંખે દેખાવો અશક્ય છે. આ કારણે જ **શાસ્ત્ર સાધુની આંખ છે.** સાચો સાધુ પોતાના ચર્મચક્ષુની જેટલી સંભાળ કરે એનાથી કંઈ ગણી સંભાળ આ આધ્યાત્મિકચક્ષુની કરે... આ ચક્ષુ જેટલી વધુ તેજ બને એવો પ્રયત્ન કરે. એ ચક્ષુને જરા પણ હાનિ ન પહોંચે એ માટેની તમામ કાળજી કરે જ કરે. અર્થાત્ શાસ્ત્રાભ્યાસ-પરાવર્તનાદિમાં સતત પ્રવૃત્ત રહે...

વર્તમાન જિનશાસનમાં નજીકના વર્ષોથી એક આનંદદાયક + મહત્ત્વપૂર્ણ બાબત બની રહી છે. એ છે 'અમારા ગુરુદેવ દ્વારા પ્રેરિત, સાધુ-સાધ્વી ભગવંતોના સંયમ-જીવનના અભ્યુત્થાન માટે દર મહિને પ્રગટ થતાં વિરતિદૂત માસિક આયોજિત **'શાસ્ત્ર-પરીક્ષા યોજના.'** આ યોજનાના માધ્યમે વિશેષથી સાધ્વીસંઘમાં શાસ્ત્રાભ્યાસનો નવો જુવાળ ઉઠ્યો. ૩૨-૩૫ વર્ષના પર્યાયવાળા સાધ્વીજીભગવંતોએ પણ ગ્રંથવાંચનમાં પગરણ માંડ્યા... શાસ્ત્રવાંચન શરૂ થયું એટલું જ નહિ, શાસ્ત્રોના રહસ્યોને પામી જીવનનું વિશિષ્ટ અભ્યુત્થાન પણ શરૂ થવા લાગ્યું...

દર મહિને સરેરાશ ૨૦૦થી ૨૫૦ જેટલા આવતા ઉત્તરપત્રોની અંદર લખેલા પ્રતિભાવો દ્વારા જ્ઞાનસાર પ્રકરણના શબ્દો એકદમ સાચા જણાય છે.

શાસ્ત્રાભ્યાસના આ માહોલને દેખીને વિરતિદૂતના સંયોજક, અમારા વિદ્યાગુરુદેવશ્રી પૂ.ગુણહંસ વિ.મ.સાહેબે શાસ્ત્રાભ્યાસને વધુ વેગવંતો બનાવવા શાસ્ત્રપંક્તિને વાંચવાની - ખોલવાની તરકીબો દેખાડતું' ''શાસ્ત્રાભ્યાસની કળા'' પુસ્તકનું લેખન કર્યું.

'કોઈપણ બાબતને સમજાવવામાં દૃષ્ટાન્ત આપવામાં આવે તો તે બાબત વધુ સહેલાઈથી સમજાઈ જાય' આ હેતુથી શાસ્ત્રાભ્યાસની કળાની તરકીબો ગ્રન્થમાં કેવી રીતે - કેવી જગ્યાએ આવે, એના દૃષ્ટાંત દર્શાવવા ઉત્તરાધ્યયનસૂત્ર (પ્રથમ અધ્યયન) અને ઉપદેશમાળા (૧ થી ૫૫ ગાથા) આ બે ગ્રન્થોના ટીકા અંશને ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવાનું પૂ. વિદ્યાગુરુદેવશ્રીએ વિચાર્યું, કે જેમા ટીકાના અનુવાદ સાથે શાસ્ત્રપંક્તિ ખોલવાની તરકીબો પણ જણાવાઈ જાય...

આજે, આપના કરકમલમાં ઉપદેશમાળા ગ્રંથના ૧ થી ૫૫ ગાથાનો સવિવેચન ટીકાઅંશ આવી ગયો છે. આના અધ્યનની સાથે શાસ્ત્રપંક્તિઓને ખોલવાની તરકીબો પણ શીખી શાસ્ત્રાભ્યાસમાં સહુ સ્વાવલંબી બને, તાત્પર્યોને ગ્રહણ કરનારા બને, વિશિષ્ટ પરિણતિસંપન્ન બને તો અમારી મહેનતનો ઉદ્દેશ પૂર્ણ થશે...

**આ અનુવાદગ્રંથના વાંચન પૂર્વે ધ્યાનમાં રાખવા યોગ્ય કેટલીક બાબતો :**

(૧) દરેક ગાથાનો ટીકાસહિતનો અનુવાદ ૪ વિભાગમાં કરાયો છે. (અ) અવતરણિકા (બ) ગાથાર્થ (ક) ટીકાર્થ (ડ) વિશેષાર્થ.

(૨) ઘણી જગ્યાએ પદાર્થ સરળતાથી સમજાય એ હેતુથી ટીકાના શબ્દોના અર્થ સિવાયનો અર્થ ( ) કૌંસમાં મૂક્યો છે.

(૩) કોઈક જગ્યાએ ગાથાના અન્વય પ્રમાણે ટીકાગ્રન્થનો અન્વય કરીને અનુવાદ કર્યો છે. ગાથાના અન્વય વિના ટીકાના ક્રમ પ્રમાણે અર્થ કરવામાં ગૂંચવણ ઊભી થાય એવા સ્થળે આ રીતે અર્થ કર્યો છે. એ સિવાય લગભગ બધે ટીકાગ્રન્થ પ્રમાણેજ અનુવાદ કર્યો છે.

(૪) કોઈક જગ્યાએ ટીકાના પ્રતિકોનો અનુવાદ કરીને પછી ટીકાના વિશેષ વિષમપદ, વિષમસમાસ સમજાવ્યા છે.

(૫) કોઈક જગ્યાએ ટીકાગ્રન્થના અમુક શબ્દો, તાત્પર્યો વિગેરે દર્શાવવા વિશેષાર્થ જણાવાયો છે. આથી ટીકાર્થમાં અર્થ ન બેસે અથવા ટીકાના કોઈક શબ્દોનો અર્થ ટીકાર્થમાં ન દેખાતો હોય તો સૌપ્રથમ વિશેષાર્થ પર નજર કરવા સહુને ભલામણ છે.

(૬) ઘણી જગ્યાએ શબ્દના અર્થને વધુ સરળ બનાવવા '=' કરીને એનો જ અર્થ કર્યો છે.

(૭) ઘણી જગ્યાએ આગળની પંક્તિના અવતરણનો ભાવાર્થ, હેતુ દર્શાવતો પ્રશ્ન ઊભો કરી પછી ઉત્તર રૂપે આગળની પંક્તિનો અર્થ કર્યો છે.

આ સિવાય પણ અન્ય ધ્યાન રાખવા જેવી બાબતો તે-તે સ્થળે લગભગ જણાઈ જશે. ટૂંકમાં '**શાસ્ત્રાભ્યાસની કળા**' પુસ્તકને નજર સમક્ષ રાખીને આ ગુર્જરાનુવાદ કરવામાં આવ્યો છે. તેથી આ ગુર્જરાનુવાદનો સહારો લેતાં પૂર્વે '**શાસ્ત્રાભ્યાસની કળા**' પુસ્તકનું વાંચન આવશ્યક રહેશે. જે આ પુસ્તક વાંચીને આ ગુર્જરાનુવાદનો સહારો લેશે તેને તે-તે કળાઓનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો છે તે જણાઈ જશે.

અંતે આ અનુવાદકાર્યનાં પ્રેરક, પ્રોત્સાહક પીઠબળને કેમ ભૂલાય ?

પરમ તારક પરમાત્માની અચિન્ત્ય કૃપા,

પરમ પૂજ્ય યુગપ્રધાનાચાર્યસમ પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના દિવ્યાશિષ તથા તેમને પ્રગટાવેલ શાસનરાગ,

ભવોદધિતારક પૂજ્ય પંન્યાસ શ્રી કલ્પરક્ષિત વિ.મ.સાહેબ તથા ભવોદધિતારક પૂજ્ય મુનિરાજ શ્રી વિમલહંસ વિ.મ.સાહેબનો લાગણીસભર યોગ-ક્ષેમ, આ અનુવાદ કાર્યમાં અમને જોડનાર પૂજ્ય વિદ્યાગુરુવર્યશ્રી ગુણહંસ વિ.મ.સાહેબનો અમને ભણાવવાનો ભવ્ય પુરુષાર્થ, તથા સહવર્તી સર્વ મહાત્માઓની ઊની ઊની હૂંફ આ બધાથી આ કાર્ય નિર્વિઘ્ને પાર પડ્યું છે તથા આ અવસરે નામી-અનામી સર્વે ઉપકારીઓનું અમે કૃતજ્ઞભાવે સ્મરણ કરી ઋણમુક્ત થવા પ્રયત્ન કરીએ છીએ.

આ આખા ગુર્જરાનુવાદમાં જિનાજ્ઞા વિરુદ્ધ-ગ્રંથકારના આશય વિરુદ્ધ પ્રતિપાદન થયું હોય તો તેનું અંતઃકરણપૂર્વક મિચ્છામિદુક્કડમ્ માંગીએ છીએ.

**– મુ. રાજહંસ વિ.,**
**મુ. શીલરક્ષિત વિ.**

॥ णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥
॥ तस्मै श्री गुरवे नमः॥
॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥
॥ ऐं नमः ॥

## श्री सिद्धर्षिगणिकृतहेयोपादेयाविवरणसहिता
## श्रीधर्मदासगणिविरचिता

# श्री उपदेशमाला

[ टीकाकर्तुः मङ्गलम् ]

**हेयोपादेयार्थोपदेशभाभिः प्रबोधितजनाब्जम् ।**
**जिनवर-दिनकर-मवदलितकुमत-तिमिरं नमस्कृत्य ॥१॥** (आर्यावृत्तम्)

**गीर्देवताप्रसादित-धाष्टर्यान्मन्दतरजन्तुबोधाय ।**
**जडबुद्धिरपि विधास्ये विवरणमुपदेशमालायाः ॥२॥** (युग्मम्)(आर्यावृत्तम्)

अभिधेयादिशून्यत्वाद् अस्या विवरणकरणमनर्थकमिति चेत्, न, तत्सद्भावात्, तथाहि–अस्यामुपदेशा अभिधेयाः, तदभिधानद्वारेण सत्त्वानुग्रहः कर्तुरनन्तरप्रयोजनम्, श्रोतुस्तदधिगमः, द्वयोरपि परमपदावाप्तिः परम्पराफलम्, सम्बन्धस्तूपायोपेयरूपः, तत्रोपेयं प्रकरणार्थपरिज्ञानम्, प्रकरणमुपायः, अतो युक्तमेतद् विवरणकरणमिति।

આ વૈરાગ્યપ્રદ ગ્રંથ **શ્રી ધર્મદાસગણીજી**એ રચેલો છે. જેઓશ્રી પ્રભુવીરના અંતેવાસી હતાં અને અવધિજ્ઞાની હતાં. એમણે પોતાના સંસારી પુત્ર ઉપર ઉપકાર કરવા આ ગ્રંથ રચ્યો હતો. આ પ્રમાણે વર્તમાનમાં પ્રચલના છે.

આ ગ્રંથ ઉપર અનેક મહાપુરુષોએ ટીકા રચી છે. એમાંથી હાલ અહીં પૂ. સિદ્ધર્ષિગણીકૃત હેયોપાદેયાટીકાનો ટીકાર્થ + વિશેષાર્થ શરૂ કરાય છે.

સૌથી પહેલાં ટીકાકારશ્રી પોતાનું મંગલ કહે છે :

**ટીકા મંગલ શ્લોક (૧)**

**ટીકાર્થ :** હેય = છોડવા યોગ્ય અને ઉપાદેય = ગ્રહણ કરવા યોગ્ય એવા જે અર્થો = પદાર્થો, તેઓનો ઉપદેશ = નિરૂપણ કરવું, એ રૂપી ભા = કિરણો દ્વારા જગાડાયેલ છે (ભવ્ય) લોકરૂપી કમળ જેમના વડે એવા, વળી નાશ કરાયેલ છે કુમત = વિપરીત માન્યતા રૂપી અંધકાર જેના વડે એવા જિનવર = (જિન - કેવલી ભગવંત, તેઓમાં વર-શ્રેષ્ઠ) તીર્થંકર પરમાત્મા રૂપી સૂર્યને નમસ્કાર કરીને, ।। ૧ ।।

**ટીકા મંગલ શ્લોક (૨)**

**ટીકાર્થ :** વાગ્દેવતા = સરસ્વતી દેવી અથવા પ્રભુની વાણી રૂપી દેવતાની પ્રસાદરૂપે મળેલી = કૃપાને કારણે આવેલી એવી ધિટ્ઠાઈના વશથી જડબુદ્ધિવાળો એવો પણ હું મારા કરતાં પણ વધારે મન્દ = અજ્ઞાની એવા જીવોને બોધ થાય એ માટે ઉપદેશમાલા ગ્રંથના વિવરણને કરીશ.

**વિશેષાર્થ :** (૧) પૂ. સિદ્ધર્ષિ ગણીજીએ પોતાની ટીકાનું નામ 'હેયોપાદેયા' રાખ્યું છે. એથી એમને મંગલ શ્લોકની શરૂઆત પણ 'હેયોપાદેય' શબ્દથી જ કરી.

(૨) મંગલશ્લોકમાં માત્ર 'જન' શબ્દ જ લખેલ છે. છતાં ટીકાર્થમાં કૌંસમાં 'ભવ્ય' શબ્દ ઉમેર્યો છે. એનું કારણએ છે કે પ્રભુની વાણીથી ભવ્યજનોનું જ હિત થાય, અભવ્યો - દૂરભવ્યોનું નહિં. માટે ખુલાસો કરેલ છે.

(૩) આ શ્લોકમાં ઉપમા-ઉપમેય ભાવ આ રીતે સમજવો :- **પરમાત્મા** = સૂર્ય, **લોક** = કમળ, **કુમત** = અંધકાર, **ઉપદેશ** = કિરણો.

(૪) બીજા ટીકામંગલ શ્લોક દ્વારા ટીકાકારશ્રીએ પોતાની નમ્રતા બતાડી છે. તે આ રીતે- ''આમ તો હું જડબુદ્ધિવાળો છું છતાં મારા પર વાગ્દેવતા=શ્રુતદેવીની કૃપા થઈ એને લીધે સહજતાથી મારી મતિ આ ગ્રંથના વિવરણ તરફ પ્રયત્નશીલ બની ગઈ છે. એથી આ વિવરણ મારા મતિને લીધે નહીં, પણ કૃપાને લીધે જ થશે. હા! એટલું ખરું આ જે વિવરણ કરાશે તે મારા કરતાં પણ વધુ અજ્ઞાની જીવોના બોધ માટે થશે. બાકી વિદ્વજ્જનો તો સ્વયંભૂ રીતે ગ્રંથસ્થ પદાર્થોના જાણકાર બની જ જાય છે.''

(૫) આ બે શ્લોક દ્વારા ટીકાકારશ્રીએ પોતાના ટીકા ગ્રંથનું મંગલચતુષ્ટય બતાડી દીધેલ છે. તેમાં (૧) **મંગલ** : પરમાત્માને નમસ્કાર કરવા દ્વારા,

(૨) **પ્રયોજન** : '**मन्दतरजन्तुबोधाय**' એ પદથી,

(૩) **વિષય** : 'ઉપદેશમાલાના વિવરણને કરીશ' એ દ્વારા અને

(૪) **સંબંધ** : એ સામર્થ્યથી વાચ્ય-વાચક ભાવ, અભિધાન - અભિધેયભાવ વિગેરે સ્વરૂપ

જાણી લેવો અર્થાત્ મંગલ શ્લોકમાં સંબંધ બતાવ્યો નથી છતાં મંગલાદિ ત્રણના કથન દ્વારા ઉપલક્ષણથી સંબંધ પણ જાણી લેવો. અથવા 'શ્રુતદેવીનો પ્રસાદ મને પ્રાપ્ત થયો છે' એવી જે વાત કરી એના દ્વારા ગુરુપર્વક્રમ - ગુરુ પરંપરા રૂપ સંબંધ સૂચિત થઈ જાય છે. કેમકે શ્રુતજ્ઞાન ગુરુ પાસેથી જ પ્રાપ્ત થાય છે. માટે આ રીતે મંગલચતુષ્ટય અહીં બતાડી દેવામાં આવેલ છે.

**ટીકાર્થ – પ્રશ્ન :** આ ઉપદેશમાલા ગ્રંથનું વિવરણ કરવું નિરર્થક = પ્રયોજન વગરનું છે. કેમકે આ ગ્રંથમાં અભિધેય = વિષય વિગેરે તો કહ્યા જ નથી. સીધેસીધુ પ્રથમગાથામાં પરમાત્માનું નામ જ માત્ર વિશેષણપૂર્વક ગ્રહણ કરેલ છે. તો પછી વિષય વિગેરે વિનાના ગ્રંથનું તમે શા માટે વિવરણ કરો છો ?

(હવે ટીકાકારશ્રી પ્રથમગાથા પ્રસ્તુત કરતાં પહેલાં જ 'એમાં અર્થાપત્તિથી વિષય વિગેરે કહેલા જ છે.' એ વાત સ્પષ્ટતાપૂર્વક કહી દે છે.)

**ઉત્તર :** આ પ્રમાણે તમે જે વાત કરો છો તે ખોટી છે કેમકે અભિધેયવિગેરેની હાજરી છે અર્થાત્ અભિધેય વિગેરે અહીં કહેવામાં આવેલા જ છે.

**(પ્રશ્ન :** ક્યાં કહેલા છે ? અમને તો જણાતાં નથી.)

**ઉત્તર :** તે આ પ્રમાણે છે - આ ઉપદેશમાલામાં ઉપદેશો એ જ **<u>અભિધેય</u>** = વિષય છે. (એથી ગ્રંથના નામ દ્વારા જ ગ્રંથના વિષયનું સૂચન કરી દેવામાં આવેલું છે.

હવે તમને પ્રશ્ન થશે કે ગ્રંથકારશ્રીને આ ઉપદેશો આપવાની જરૂર શી પડી ? જેને લીધે આ ગ્રંથ રચ્યો ?

એના જવાબરૂપે અર્થાપત્તિથી કર્તા અને શ્રોતાનું અનંતર અને પરંપર પ્રયોજન જણાઈ જ જાય છે. તે આ પ્રમાણે -) (૧) 'ઉપદેશોના કથન દ્વારા જીવો પર અનુગ્રહ કરવો' એ ગ્રંથકર્તાનું **અનન્તર** = તત્કાલનું પ્રયોજન છે અને (૨) શ્રોતાને તે ઉપદેશોનો બોધ કરવો એ શ્રોતાવર્ગનું **અનન્તર પ્રયોજન** છે અને કર્તા તથા શ્રોતાને અનુક્રમે ગ્રંથકરણ તથા શ્રવણ દ્વારા પરમપદ = મોક્ષની પ્રાપ્તિ થવી એ બંનેયનું પણ **પરંપર પ્રયોજન** છે.

(હવે સંબંધને જાણવા માટે શાસ્ત્રમાં આ શ્લોક પ્રસિદ્ધ જ છે કે '**संबन्धः प्रोक्त एव स्यात्, एतस्यैतत्प्रयोजने। प्रोक्ते....** ।। અર્થાત્ 'આ ગ્રંથનું આ પ્રયોજન છે' એ પ્રમાણે કહેવાયે છતે સંબંધ કહેવાઈ જ ગયેલો સમજવો.' એથી અહીં પ્રયોજન તો ઉપર કહી દીધુ એના આધારે સંબંધ પણ ગ્રંથમાં છે જ અને તે) સંબંધ વળી અહીં ઉપાયોપેય ભાવ સ્વરૂપ લેવો. તેમાં ઉપેય અહીં પ્રકરણના અર્થનું જ્ઞાન થવું તે છે અને ઉપાય આ પ્રકરણ પોતે જ છે. (કેમકે ગ્રંથકારશ્રીએ આ પ્રકરણ શ્રોતાવર્ગને પદાર્થનું જ્ઞાન થાય એ માટે જ તો રચ્યો છે. અર્થાત્ એમનું પ્રયોજન આ પ્રકરણ દ્વારા 'બોધ કરાવવો' એ જ છે. એટલે ઉપાય તરીકે આ પ્રકરણ પોતે જ થાય. અને ઉપાય જો સચોટ હોય તો

એનાથી ઉપેય પ્રાપ્ત થઈ જ જાય. એથી અહીં પણ અર્થજ્ઞાનરૂપ ઉપેય પ્રાપ્ત થશે જ. આ રીતે પ્રયોજનના કથન દ્વારા સંબંધનું કથન થઈ જ જાય છે.)

આથી = અભિધેય વિગેરે આ ગ્રંથમાં હોવાથી આ વિવરણ કરવું યોગ્ય જ છે, નકામું નથી.

**વિશેષાર્થ :** (૧) આ પૂર્વપક્ષની પંક્તિમાં જે '**अस्याः**' શબ્દ છે એ બે બાજુ જોડવાનો છે. (૧) '**अभिधेयादिशून्यत्वात्**' એ પદ સાથે અને (૨) '**विवरणकरणं**' પદ સાથે પણ.

તેમાં પહેલા પદ સાથે જોડતી વખતે છટ્ઠી વિભક્તિનો અર્થ કરવાનો નથી કેમકે ત્યાં ષષ્ઠી અને ત્વ નો લોપ કરીને જ અર્થ કરવાનો છે. તે આ પ્રમાણે - 'આ (ઉપદેશમાલા) વિષય વિગેરેથી શૂન્ય છે. તેથી આનું (ઉપદેશમાલાનું) વિવરણકરણ નિરર્થક છે.'

આ રીતે પૂર્વપક્ષે પ્રથમ ગાથાને જોઈને પ્રશ્ન ઉઠાવ્યો.

(૨) '**युक्तं**' માં '**त**' ભૂતકૃદંતનો ન સમજતાં ભાવ (**अनट्** ના) અર્થમાં સમજવો.

(૩) પૂર્વપક્ષમાં '**अस्या विवरणकरणं**' આ પ્રમાણે પંક્તિ છે અને ઉત્તર પક્ષમાં '**एतद् विवरण करणं**' આ પ્રમાણે શબ્દો છે. હવે અહીં બંને પંક્તિમાં રહેલ સર્વનામના વિશેષ્યો એક જ નથી. પરંતુ જુદા છે. પહેલામાં '**अस्याः**' થી 'ઉપદેશમાળાનું' એમ અર્થ થાય જ્યારે બીજામાં સમાસ ન હોવા સાથે '**एतद्**' સર્વનામ નપું. એક વચનમાં હોવાથી '**विवरणकरणं**' શબ્દ જ એનું વિશેષ્ય બનશે. નહિં કે 'ઉપદેશમાળા'.

(૪) છેલ્લે '**इति**' શબ્દ જે મૂક્યો છે તે ઉત્તરની સમાપ્તિનો સૂચક છે.

હવે પ્રથમ ગાથાની અવતરણિકા કહે છે :

तत्राऽऽद्यगाथया शिष्टसमयानुसरणार्थं भावमङ्गलमाह—

**जगचूडामणिभूओ उसभो वीरो तिलोयसिरितिलओ।**
**एगो लोगाइच्चो, एगो चक्खू तिहुयणस्स ॥१॥**

*जगचूडामणि० गाहा :* इयं हि भगवद्गुणोत्कीर्तनार्था, तस्य च निर्जराहेतुतया तपोवद् मङ्गलता स्फुटैवेति। **जगतः**– भुवनस्य, **चूडामणिभूतो** महानागस्य शिखारत्नवत् प्रधानो भूतशब्दस्योपमावाचित्वात् **जगच्चूडामणिभूतः**, अनेन लोकोत्तमत्वमाह। कोऽसौ ? **वृषभः** प्रथमतीर्थकरो **वीरश्च**। चशब्दस्य लुप्तनिर्दिष्टत्वादेवमुत्तरविशेषणेष्वपि योज्यम्। त्रिलोकश्रियः जगत्त्रयकमलायास्तिलकः – विशेषक**स्त्रिलोकश्रीतिलकः**, अनेन भुवनभूषकत्वं कथयति। लोक्यत इति **लोकः** पञ्चास्तिकायात्मको गृह्यते, तस्यादित्यवदा**दित्यः** केवलालोकेन प्रकाशकत्वात्, **एक** अद्वितीयः, द्रव्यादित्येन तत्प्रकाशायोगाद्, अनेन तु स्वार्थसम्पदं दर्शयति। **त्रिभुवनस्य-** लोकत्रयवासिविशिष्टामरनरतिर्यग्रूपस्य **चक्षुरिव** चक्षुर्यथावस्थितपदार्थविलोकनहेतुत्वात्, परार्थप्रयुक्तध्वनीनां सिंहो माणवक इति न्यायेन इवादिविरहेऽपि तदर्थगमनाद्, **एकम्**–असहायम्, द्रव्यलोचननिरीक्षिते बाधादर्शनात्। पुल्लिङ्गनिर्देशस्तु प्राकृतत्वाददुष्टः,

अनेन परार्थसम्पत्तिमाचष्टे। अथवा वीरे भगवति जीवति सति गुणस्तुतिरियं प्रकरणकारेण काक्वा चक्रे। ऋषभो जगच्चूडामणिभूतोऽधुना मुक्तिपदस्थायितया चतुर्दशरज्ज्वात्मकलोकस्योपरिवर्त्तीत्यर्थः, वीरः पुनः प्रत्यक्षोपलक्ष्यमाणतया त्रिलोकश्रीतिलको भुवनलक्ष्मीमण्डनमिति भावः। तथाऽनयोर्मध्ये एक ऋषभो लोकादित्यो युगादौ प्रभात इव विवेकप्रतिबोधद्वारेण पदार्थोद्द्योतकत्वेन च निखिलव्यवहारकारणत्वात्, एकः पुनर्वीरश्चक्षुः त्रिभुवनस्य इदानीन्तनजन्तुचक्षुर्भूतागमार्थभाषकत्वादिति ॥ १ ॥

**અવતરણિકા :** ત્યાં = જેનું અમે વિવરણ કરવાના છીએ તે ઉપદેશમાળા ગ્રંથમાં

પહેલી ગાથા વડે શિષ્ટ = સજ્જન પુરુષોની મર્યાદા (આચાર)ને અનુસરવા માટે ભાવમંગલને કહે છે : (અર્થાત્ શિષ્ટ પુરુષો કોઈપણ પ્રવૃત્તિ શરૂ કરતાં પહેલા પોતાના ઈષ્ટદેવતાના સ્મરણ - નમસ્કાર વિગેરે રૂપ ભાવ મંગલને કરે અને ગ્રંથકારશ્રી પોતે શિષ્ટ છે માટે એઓ પણ એ આચાર પાલન માટે ગ્રંથ શરૂ કરતાં પહેલાં ભાવ મંગલને કહે છે.)

(મંગલનું 'ભાવ' વિશેષણ મૂકવા દ્વારા દ્રવ્યમંગલનો વ્યવચ્છેદ (બાદબાકી) કરી દીધેલો સમજવો. કેમકે દહીં વિગેરે રૂપ દ્રવ્યમંગલ એ અનૈકાન્તિક અને અનાત્યન્તિક હોવાથી નિર્વિઘ્ન સમાપ્તિનું કારણ બની શકે નહિ.) (**અનૈકાન્તિક** - ફળ આપે જ એવો નિયમ નહિં. **અનાત્યન્તિક** - આપે તો ય પૂરેપૂરું આપે એવો નિયમ નહિં.)

**ગાથાર્થ :** (૧) ઋષભપ્રભુ અને વીરપ્રભુ જગત્ના મસ્તકને વિશે મણિ સમાન છે, ત્રણ લોકરૂપી લક્ષ્મીના તિલક સમાન છે, લોકના અદ્વિતીય સૂર્ય સમાન છે. (તથા) ત્રણ ભુવનની એક = સહાયની જરૂરીયાત વગરની = અસહાય એવી આંખ સમાન છે. ।।૧।। અથવા

(૨) ઋષભદેવ ભગવાન્ જગતના મસ્તકને વિષે મણિરૂપ છે (અને) વીર પ્રભુ ત્રણ લોકરૂપી લક્ષ્મીના તિલક સમાન છે. (તેમાં) એક (આદિનાથ) લોક માટે સૂર્ય સમાન છે. અને એક (વીરપ્રભુ) ત્રણ ભુવનના ચક્ષુ સમાન છે. ।।૧।।

**ટીકાર્થ :** (કોઈ પણ ગાથાની ટીકાની શરૂઆત કરતાં પહેલાં ટીકાકારશ્રી ગાથાના પહેલા શબ્દને પ્રતીકરૂપે નીચે ઉતારે જેથી ખ્યાલ આવે કે આ ગાથાની ટીકા શરૂ કરાઈ છે. એમ અહીં પણ **'जगचूडामणि०गाहा'** આ પ્રતીક ઉતારીને ટીકાકારશ્રીએ 'આ ગાથાની ટીકા હું શરુ કરું છું' એવું સૂચન કર્યું છે. એથી એનો અર્થ કરવા બેસવું નહિ. આ પ્રમાણે દરેક ઠેકાણે સમજી લેવું.)

(અહિં ટીકાની જે પ્રથમ પંક્તિ છે તે ગર્ભિત રીતે રહેલ એક પ્રશ્નના ખુલાસારૂપ છે. તે પ્રશ્ન આ પ્રમાણે :

**પ્રશ્ન :** તમે અવતરણિકામાં ''ગ્રંથકારશ્રી ભાવમંગલને કહે છે'' - એવો ઉલ્લેખ કર્યો છે. જ્યારે આ શ્લોકમાં તો એ દેખાતું નથી. કેમકે ભાવમંગલ સામાન્યથી નમસ્કાર દ્વારા થતું હોય છે. એની જગ્યાએ અહીં તો માત્ર ભગવાનના વિશેષણો, ઉપમાઓ જ આપેલ છે ?)

**इयं हि... ઉત્તર :** ભાઈ ! આ ગાથા ખરેખર ભગવાનના ગુણોની સ્તવનાના અર્થવાળી છે એટલું તો પાક્કું છે ને ?

હા.

અને તે ભગવાનના ગુણોનું ઉત્કીર્તન = સ્તવન નિર્જરાનું કારણ બને છે અને એથી તે ઉત્કીર્તન મંગલ છે એ વાત સ્પષ્ટ જ છે.

જેમ તપ નિર્જરાનું કારણ બનતું હોવાથી એ મંગલ તરીકે પ્રસિદ્ધ જ છે. તેની જેમ અહીં સ્તવન પણ નિર્જરાનું કારણ બનતું હોવાથી એ મંગલ તરીકે સ્પષ્ટ જ છે અને મંગલરૂપ ઉત્કીર્તન જ અહીં ગાથામાં કહેલું હોવાથી અમે અવતરણિકામાં કશું ખોટું કહ્યું નથી.

'**इति**' શબ્દ ઉત્તરની સમાપ્તિનો સૂચક છે.

**વિશેષાર્થ :** (૧) અહીં '**तस्य**' શબ્દથી 'ઉત્કીર્તન' શબ્દ સમજવાનો છે. નહીં કે અર્થ. કેમકે 'અર્થ' શબ્દ બહુવ્રીહિ સમાસને લીધે 'ગાથા' શબ્દનું વિશેષણ બની ગયો હોવાથી સ્ત્રીલિંગમાં છે. જ્યારે '**तस्य**' પુલ્લિંગ રૂપ છે.

(૨) '**तस्य**' શબ્દ '**निर्जराहेतुता**' તથા '**मंगलता**' બંનેય પદ સાથે જોડવાનો છે અને એ બન્ને સાથે જોડતી વખતે 'ષષ્ઠી' '**ता**'નો લોપ કરીને અર્થ કરવાનો છે.

**ટીકાર્થ : जगतः...** (પ્રભુ) જગત = ભુવન (ઉર્ધ્વ-અધો-તિર્ચ્છાલોક રૂપ ત્રણ ભુવન)ના મસ્તકને વિષે મણિ રૂપ છે અર્થાત્ મહાનાગ = વિશિષ્ટ મણિધર નાગની ફણા ઉપર રહેલ મણિ જેમ પ્રધાન = શ્રેષ્ઠ વસ્તુ ગણાય તેમ (ભગવાન પણ) જગતના મસ્તકને વિષે મણિરૂપ છે. એટલે કે જગતને વિષે પ્રધાન છે એવો અર્થ સમજવો. (બાકી જગતનું મસ્તક ક્યા હોવાનું? પણ નાગના મણિની સાથે સરખામણી કરવા આ રીતે લખેલ છે.)

(આ પ્રમાણેના તાત્પર્યના આધારે **चूडामणि** = 'પ્રધાન' આવો અર્થ જાણવો.)

(**પ્રશ્ન :** '**भूत**' શબ્દનો અર્થ તો 'થયેલો' વિગેરે થાય કેમકે એ ભૂતકૃદંત છે. જ્યારે તમે અહીં 'રૂપ' એમ અર્થ કર્યો છે. તો એ કેવી રીતે બરાબર ગણાય ?)

**ઉત્તર :** અહીં '**भूत**' શબ્દ ઉપમાને કહેનારો છે. અર્થાત્ એ ભૂતકૃદંતના પ્રત્યય વાળો શબ્દ ન સમજતાં સ્વતંત્ર એક ઉપમાવાચક શબ્દ જાણવો અને એવું હોવાથી અમે અહીં 'રૂપ' એમ ઉપમાગર્ભિત અર્થ કર્યો છે.

('**जगच्चूडामणिभूतः**' આ '**जगचूडामणिभूओ**' ગાથા શબ્દનું પ્રતીક સ્વરૂપ છે. ગાથાના શબ્દો ટીકામાં બે રીતે ઉતારવામાં આવતાં હોય છે : (૧) તે શબ્દના સમાસ-અર્થો વિગેરે બધું કર્યા બાદ ઉતારે અને (૨) પહેલા શબ્દ ઉતારીને પછી તેના અર્થો, સમાસો વિગેરે ખોલે. આ ગ્રંથમાં બંને પદ્ધતિ વપરાયેલી છે. તેમાં અત્યારે પ્રથમ શ્લોકમાં સામાન્યથી પદ્ધતિનં.૧ પ્રમાણે સમજવું.)

**अनेन...** આ વિશેષણ દ્વારા (ભગવાનનું) લોકોમાં ઉત્તમપણુ છે અર્થાત્ પ્રભુ એ લોકોમાં ઉત્તમ-શ્રેષ્ઠ છે' એમ (ગ્રંથકારશ્રીએ) કહી દીધું (કેમકે જગતને વિષે પ્રધાન વ્યક્તિ તે જ હોઈ શકે

જે લોકોમાં શ્રેષ્ઠ હોય. નગરનો રાજા તે જ થઈ શકે જે લોકોમાં ક્ષાત્રવટની અપેક્ષાએ ચડિયાતો હોય.)

**પ્રશ્ન :** તમે જે આ 'જગતને વિષે પ્રધાન રૂપ' વ્યક્તિ કહો છો તે વ્યક્તિ કોણ છે ?

**ઉત્તર :** વૃષભ ('વૃષભ' એ પ્રમાણે નામવાળા આ અવસર્પિણીની ચોવીશીના) પ્રથમ તીર્થંકર અને વીરપ્રભુ (એ જગતને વિષે પ્રધાન રૂપ છે).

(**પ્રશ્ન :** તમે અહીં 'અને' અર્થવાળો '**च**' શબ્દ ક્યાંથી લાવ્યા ? ગાથામાં તો નથી લખેલો ?)

**ઉત્તર :** '**च**' શબ્દ (ગાથામાં) લોપાઈ ગયેલો છે નિર્દેશ-કથન જેનો એવો છે. (અર્થાત્ ગાથામાં સ્પષ્ટ શબ્દ રૂપે '**च**' ભલે નથી દેખાતો પણ અર્થને બરાબર સંગત કરવા લોપાઈ ગયેલો '**च**' શબ્દ અહીં સમજવાનો જ છે. જેમ '**ए - ओ**' પછી આવતાં '**अ**' નો લોપ થવા છતાં લોપાયેલો એવો પણ '**अ**' ત્યાં સમજીએ છીએ તેમ.) અને એવું હોવાથી જેમ અહીં '**च**' શબ્દ લુપ્ત નિર્દેશવાળો છે તેમ હવે પછીનાં (આખા ગ્રંથના) વિશેષણોમાં પણ - જ્યાં '**च**' શબ્દની આવશ્યકતા હોય છતાં ગ્રંથકારશ્રીએ લખેલ ન હોય તેવી બાબતોમાં પણ '**च**' શબ્દનું લુપ્ત નિર્દેશવાળાપણું સમજી લેવું.

(**પ્રશ્ન :** તેઓ કેવા છે ?)

**ઉત્તર : त्रिलोक**... ત્રણ જગતરૂપી લક્ષ્મીદેવીના (કપાળને વિષે) તિલક સમાન (વિશેષકનો અર્થ તિલક જ છે) પ્રભુ છે. આ વિશેષણ વડે 'પ્રભુ ત્રણ ભુવનને શોભાવનાર છે' આ પ્રમાણે (ગ્રંથકારશ્રી) કહે છે.

**વિશેષાર્થ :** (૧) '**चूडामणिभूत:**' શબ્દનો ટીકાકારશ્રીએ સીધેસીધો અર્થ ન કરતાં એનો ફલિતાર્થ કહ્યો છે. કેમકે એનો શબ્દાર્થ એ સહેલો જ છે. માટે એ શબ્દથી જે તાત્પર્ય કાઢવો હતો એ તાત્પર્ય જ ફલિતાર્થમાં બતાવી દીધો. (**શબ્દાર્થ** = જગતના મસ્તકને વિષે મણિ જેવા, **ફલિતાર્થ** = સર્પના મસ્તકને વિષે જેમ મણિ પ્રધાન વસ્તુ ગણાય તેમ પ્રભુ એ લોકમાં પ્રધાન પુરુષ છે.)

(૨) **પ્રશ્ન :** તમે જે '**एवं.... योज्यम्**' આ પંક્તિનો અર્થ કર્યો એમાં '**योज्यम्**' શબ્દના વિશેષ્ય તરીકે '**लुप्तनिर्दिष्टत्व**'ને કેમ બતાડ્યું ?

**ઉત્તર :** જો વિશેષ્ય તરીકે '**च**' શબ્દ લો તો એ પુલ્લિંગ હોવાથી '**योज्यम्**' નું નપુસંકલિંગ ઘટશે નહીં. જ્યારે '.... નિર્દિષ્ટત્વ' એ નપુસંકલિંગ શબ્દ જ હોવાથી બધું સંગત થઈ જશે.

(૩) **પ્રશ્ન :** પ્રભુ ત્રણ ભુવનને શોભાવનાર કેવી રીતે છે ?

**ઉત્તર :** કોઈ ગામ કે નગરમાં વિશિષ્ટ વ્યક્તિ કે વસ્તુ રહેલી હોય તો લોકમાં એમ કહેવાય કે 'આ ગામ વિગેરે આ વ્યક્તિ વિગેરેથી શોભી ઉઠેલ છે.' તેમ પ્રભુ આ જગતમાં કેવલજ્ઞાનાદિ વિશિષ્ટ ગુણના ધારક વ્યક્તિ તરીકે છે અને એવા વિશિષ્ટ વ્યક્તિ વડે (જેને અહીં આભૂષણની ઉપમા આપવામાં આવી છે તેના વડે) આ જગત્‌રૂપી લક્ષ્મી શોભી ઉઠે એમાં આશ્ચર્ય શું ?

**ટીકાર્થ : लोक्यत...** જે જણાય તે લોક (અને એ લોક તરીકે અહીં ઉર્ધ્વ લોક વિગેરે રૂપ ન લેતાં) પાંચ અસ્તિકાય (ધર્માસ્તિકાય વિગેરે) રૂપ લોક લેવાનો છે.

એ લોકના = લોકને પ્રકાશિત કરવા માટે સૂર્ય જેવા છે માટે સૂર્ય (આ બન્નેય અરિહંત પરમાત્મા છે.)

(**પ્રશ્ન :** સૂર્ય તો પોતાના કિરણો વડે લોકને પ્રકાશિત કરે છે એ અમે સ્પષ્ટ પણે જોઈ શકીએ છીએ. પણ પ્રભુ જો સૂર્ય જેવા હોય તો એ કેવી રીતે લોકને પ્રકાશિત કરે છે ?)

**ઉત્તર :** પ્રભુ કેવલજ્ઞાનરૂપી પ્રકાશવડે પાંચઅસ્તિકાયરૂપ લોકને પ્રકાશિત કરનારા છે = જણાવનારા છે. માટે એમને અમે સૂર્ય જેવા કહ્યા છે. (પ્રકાશિત કરવું એટલે વસ્તુ જણાવવી. જેમ સૂર્ય પ્રકાશ વડે વસ્તુને જણાવે છે તેમ પ્રભુ કેવલજ્ઞાન વડે વસ્તુને જણાવે છે માટે સૂર્ય જેવા પ્રભુ છે.)

(**પ્રશ્ન :** પ્રભુ કેવા સૂર્ય જેવા છે ?)

**ઉત્તર :** એક = અદ્વિતીય સૂર્ય જેવા છે. (અદ્વિતીય = જેની સમાન બીજો કોઈ નથી.)

(**પ્રશ્ન :** પ્રભુ જેમ પ્રકાશક છે, તેમ સૂર્ય પણ પ્રકાશક છે અને જ્યારે પ્રભુ હાજર હતાં ત્યારે સૂર્ય ન્હોતો એવું તો ન્હોતું તો પછી શા માટે તમે પ્રભુને અદ્વિતીય સૂર્ય કહો છો ?)

**ઉત્તર :** તમે જે પ્રકાશક સૂર્યની વાત કરો છો એ તો દ્રવ્યસૂર્ય છે અને એ દ્રવ્યસૂર્ય દ્વારા ક્યારેય તેનું = પાંચ અસ્તિકાયરૂપ લોકનું પ્રકાશિત કરવું ઘટી શકે એમ નથી. (જ્યારે પ્રભુ ભાવસૂર્યરૂપ છે અને એઓ કેવલજ્ઞાન દ્વારા સંપૂર્ણ લોકને પ્રકાશિત કરવાનું સામર્થ્ય ધરાવે છે. માટે એઓને અદ્વિતીય સૂર્ય જેવા કહ્યા છે.)

આ = '**एगो लोगाइच्चो**' વિશેષણ વડે વળી પ્રભુની સ્વાર્થ સંપત્તિને = પોતાના માટેની સંપત્તિને ગ્રંથકારશ્રી કહે છે. (અર્થાત્ 'પ્રભુ પોતાને ઉપયોગી બનતી એવી કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીના ધારક છે.' એવું ગ્રંથકારશ્રી કહી રહ્યા છે. કેમકે કેવલજ્ઞાન વગર અદ્વિતીય સૂર્ય જેવા પ્રભુ બની શકે એમ નથી અને પ્રભુને સૂર્ય જેવા ગ્રંથકારશ્રીએ કહેલ છે, એથી પ્રભુ કેવળજ્ઞાનના ધારક છે એ વાત નક્કી છે. અને કેવલજ્ઞાન એ વળી આત્માનો ગુણ હોવાથી પોતાની સંપત્તિરૂપ કહેવાય.)

(વળી પ્રભુ) **त्रिभुवनस्य...** ત્રણ ભુવનના = ત્રણ લોકમાં વસનારા વિશિષ્ટ (= માર્ગાનુસારી, ભવ્ય) દેવ, (વિશિષ્ટ) મનુષ્ય તથા (વિશિષ્ટ) તિર્યંચ રૂપ (ત્રણ ભુવનના) ચક્ષુ જેવા છે.

(**પ્રશ્ન :** ચક્ષુ એ જોવાનું સાધન છે અને દેવ વિગેરે બધા પાસે આંખ તો છે જ અને એ આંખ દ્વારા એ લોકો જોઈ શકે છે તો પછી પ્રભુ તેમના માટે 'ચક્ષુ જેવા છે' એવું તમે કેવી રીતે કહો છો ?)

**ઉત્તર :** જે પ્રમાણે પદાર્થો = જીવાદિ પદાર્થો રહેલા છે તે પ્રમાણે રહેલા તે પદાર્થોના વિલોકન = જોવામાં - જાણવામાં પ્રભુ એ હેતુ છે. (અર્થાત્ પ્રભુની દેશના દ્વારા દેવો વિગેરે યથાસ્થિત જીવ વિગેરે પદાર્થોને સમ્યગ્ રીતે જાણી શકે છે. માટે પદાર્થોને જાણવામાં પ્રભુ એ હેતુ બન્યા. જેમ આંખ ઘટાદિને

જોવામાં હેતુ બને છે તેમ.) અને આવા હેતુરૂપ હોવાથી એઓ ચક્ષુ જેવા છે.

(**પ્રશ્ન : 'लोकादित्य'** અને **'त्रिभुवनस्य चक्षुः'** આ બંનેય વિશેષણો આગળ ક્યાંય **'इव'** વિગેરે ઉપમા વાચક શબ્દો લખેલા નથી. છતાં તમે અર્થ **'इव'** વિગેરે હોય એ રીતે કર્યો છે. તો એ કેવી રીતે ચાલી શકે ?)

**ઉત્તર : पर** = જે શબ્દ જેના માટે વપરાતો હોય તે વ્યક્તિથી ભિન્ન એવો વ્યક્તિ એને 'પર' કહેવાય અને એવા 'પર' માટે વપરાયેલ ધ્વનિ = શબ્દોને વિષે **'इव'** વિગેરે ઉપમા વાચી શબ્દો ન હોય તો પણ તેનો અર્થ ત્યાં જાણી જ લેવાનો હોય છે.

(**પ્રશ્ન :** એટલું સ્પષ્ટ સમજાયુ નહિં. દૃષ્ટાંતથી સમજાવો.)

**ઉત્તર :** જુઓ, **'सिंहो माणवकः'** આ પ્રમાણે એક ન્યાય છે. આ ન્યાય વડે = દૃષ્ટાન્ત વડે આ જ વાત સ્પષ્ટ રીતે જણાઈ જાય એમ છે. તે આ પ્રમાણે - 'માણવક નામનો વ્યક્તિ (પરાક્રમ વિગેરેને આધારે) સિંહ જેવો છે.' એ વાત આ દૃષ્ટાંત દ્વારા કહેવી છે. હવે અહીં 'માણવક' એ 'સિંહ' શબ્દથી વાચ્ય સિંહ પદાર્થથી પર = ભિન્ન છે. છતાં અમુક સમાનતાને લઈને એ સિંહ શબ્દ માણવક માટે વપરાયેલો છે. હવે જો ત્યાં **'इव'** વિગેરેનો અભાવ હોવાને લીધે 'સિંહ માણવક' એમ અર્થ કરીએ તો એ સંગત ન થાય એથી 'માણવક સિંહ જેવો છે' એ પ્રમાણે **'इव'** શબ્દનો અર્થ ત્યાં સમજવો જ પડે. એમ અહીં પણ 'પ્રભુ લોકાદિત્ય' અને 'પ્રભુ ત્રણભુવનના ચક્ષુ' એ સીધેસીધો અર્થ સંગત થાય એમ નથી. માટે ત્યાં પણ **'इव'** વિગેરેનો અર્થ સમજવો જ પડે. એટલે કે પ્રભુ લોકને પ્રકાશિત કરવાં માટે સૂર્ય **સમાન** છે અને ત્રણ ભુવનના જીવો માટે દેશના દ્વારા ચક્ષુ **સમાન** છે. એથી ઉપર અમે જે અર્થ કર્યો એ બરાબર છે.

(**પ્રશ્ન :** પ્રભુ કેવા ચક્ષુ સમાન છે ?)

**ઉત્તર : एकम्**... પ્રભુ એક = અસહાય = જેને કોઈ સહાયની જરૂર નથી એવા ભાવ ચક્ષુ સમાન છે.

(**પ્રશ્ન :** આવું વિશેષણ મૂકવાની જરૂર શી પડી ? )

**ઉત્તર :** લૌકિક ચક્ષુરિન્દ્રિયને આંખનો ડોળો - કીકી રૂપ દ્રવ્ય આંખના સહાયની જરૂર પડે અને એ દ્રવ્ય આંખ વડે જોવામાં અનેક સ્થળે સ્પષ્ટ પણે બાધા = તકલીફ દેખાય જ છે. (જેમકે : અંધારામાં એ જોઈ ન શકે, દૂર રહેલી વસ્તુ જોઈ ન શકે વિગેરે. જ્યારે કેવળજ્ઞાની પ્રભુ લોકોત્તર આંખ છે. અને એ સહાયનિરપેક્ષ હોવાથી એમને વસ્તુ અંધારામાં હોય કે અજવાળામાં. દૂર હોય કે નજીક જોવામાં કશી જ તકલીફ પડતી નથી અને એવા પ્રભુની દેશનાના શ્રવણથી ત્રણભુવનના લોકોને પણ બાધા વગરનુ જ્ઞાન થશે.) માટે પ્રભુને અહીં 'એક = અદ્વિતીય ચક્ષુ સમાન' તરીકે કહ્યા છે.

(**પ્રશ્ન :** તમે **'एक'** શબ્દને **'चक्षु'** ના વિશેષણ તરીકે બતાડેલ છે. પણ એ બરાબર નથી. કેમકે ગાથામાં **'एक'** શબ્દ પુલિંગમાં બતાડ્યો છે અને **'चक्षु'** શબ્દ તો નપુસંકલિંગ છે ?)

**ઉત્તર :** ગાથામાં જે **'एक'** શબ્દનો પુલિંગમાં નિર્દેશ કર્યો છે એ નિર્દેશ વળી પ્રાકૃત હોવાને લીધે થયો છે. (અર્થાત્ પ્રાકૃતમાં લિંગનો વ્યત્યય - ફેરફાર થઈ શકે છે.) માટે પુલિંગ હોવા છતાંય 'ચક્ષુ'ના

વિશેષણ તરીકે એનો નિર્દેશ દુષ્ટ નથી.

આના વડે = આ '**एगो चक्खू तिहुयणस्स**' વિશેષણ વડે પ્રભુની પરાર્થસંપત્તિ = પર માટેની સંપત્તિને (ગ્રંથકારશ્રી) કહે છે. (અર્થાત્ પ્રભુ દેશના આપનાર હોવાથી લોકોના ચક્ષુ સમાન થાય છે. એથી પ્રભુની 'દેશના' નામની સંપત્તિ એ પર માટે ઉપયોગી સંપત્તિ છે.)

**વિશેષાર્થ :** (૧) '**लोक्यते**' દ્વારા '**लोक**' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ કહ્યો અને '**पञ्चास्तिकायात्मकः**' એના દ્વારા રુઢિ - અર્થ બતાડ્યો છે. જો એ ન બતાવે તો માત્ર વ્યુત્પત્તિ - અર્થવાળા '**लोक**' શબ્દથી 'ઉર્ધ્વલોક - તિર્ચ્છાલોક વિગેરે' પણ અર્થ કરી શકાય જે અહીં સંગત થઈ શકે એમ નથી કેમકે એ અર્થ લેતાં માત્ર લોકાકાશ જ આવે. જ્યારે પ્રભુ કેવળજ્ઞાન વડે લોકાલોક ઉભયના પ્રકાશક છે. અને એમનું ઉભયનું પ્રકાશકપણુ એ '**लोक**' શબ્દનો '**पञ्चास्तिकायात्मक**' અર્થ કરતાં જ સ્પષ્ટ થઈ શકે એમ છે. કેમકે એમાં આકાશાસ્તિકાય આવી જાય અને આકાશાસ્તિકાય એ લોકાલોક બન્નેય સ્થળે છે.

(૨) '**तु**' શબ્દ અહીં 'વળી'ના અર્થમાં છે. એનાથી આવો અર્થ થાય કે 'આગળના બે વિશેષણો વડે 'લોકોત્તમપણું' વિગેરે કહ્યું હતું. આ વિશેષણ વડે વળી સ્વાર્થસંપત્તિને કહે છે.'

(૩) 'ત્રિભુવન' શબ્દ ક્ષેત્રનો સૂચક છે અને દેવ વિગેરે ક્ષેત્રી - ક્ષેત્રમાં વસનારા છે. હવે અહીં 'ત્રિભુવન'નો જ અર્થ કરી દીધો '.... તિર્યગ્રૂપ' તો એમાં ક્ષેત્રીનો ક્ષેત્રમાં ઉપચાર કરી દીધેલો જાણવો અર્થાત્ ક્ષેત્રને જ ક્ષેત્રી સ્વરૂપે ઓળખાવી દીધો અને આવો ઉપચાર કરવો અહીં આવશ્યક એટલા માટે છે કે પ્રભુ એ દેશના દ્વારા વ્યક્તિઓને વિષે જ્ઞાનના કારણ બને છે. નહીં કે ક્ષેત્રને વિષે જ્ઞાનના કારણ કેમકે ક્ષેત્ર એ જડ હોવાથી એમાં જ્ઞાન સંભવી ન શકે. માટે 'ત્રિભુવન' શબ્દનો યથાશ્રુતાર્થ ન કરતાં ઉપચરિતાર્થ ટીકાકારે કર્યો છે.

(૪) **પ્રશ્ન :** તમે ટીકાર્થમાં 'વિશિષ્ટ'નો અર્થ 'માર્ગાનુસારી ભવ્ય' એવો કેમ કર્યો ? એને બદલે વિશિષ્ટ = 'ઐશ્વર્ય વિગેરેવાળા' વિગેરે અર્થ ન કરી શકાય ?

**ઉત્તર :** પ્રભુ દેશનાથી સમ્યગ્જ્ઞાન માર્ગાનુસારી, ભવ્ય એવા જ દેવ વિગેરેને થાય, નહીં કે બધા ઐશ્વર્યાદિવાળાને, કેમકે ઐશ્વર્યાદિવાળા તો સંગમ વિગેરે અભવી, દુર્ભવી જીવો પણ હોઈ શકે છે અને એઓને દેશનાથી બોધ થતો નથી. જ્યારે અહીં 'પ્રભુ દેશના દ્વારા દેવાદિના સમ્યગ્ જ્ઞાનના હેતુ છે' એવું જણાવવું છે. માટે ટીકાકારશ્રીએ હોંશિયારીપૂર્વક 'વિશિષ્ટ' શબ્દ મૂકીને 'માર્ગાનુસારી, ભવ્ય'નું સૂચન કરી દીધું. ('વિશિષ્ટ' શબ્દથી અન્ય પણ અર્થો - શુક્લપાક્ષિક વિગેરે કરી શકાય. પરંતુ કોઈ પણ અર્થ કરવામાં એટલો ખ્યાલ રાખવો કે એવા અર્થવાળા જીવોમાં એ કરેલ અર્થ સમ્યગ્જ્ઞાન થવામાં હેતુરૂપ હોવો જોઈએ.)

(૫) અહીં 'ગમન'નો અર્થ 'જવું' એમ ન કરતાં 'બોધ' અર્થ કરવાનો છે. (ગત્યર્થવાળા ધાતુઓ જ્ઞાન-બોધ અર્થમાં પણ વપરાય છે.)

**ટીકાર્થ :** (હવે ટીકાકારશ્રી પ્રથમ શ્લોકનો અર્થ જુદી રીતે કરે છે) **अथवा**... અથવા,

વીર ભગવાન જીવંત હોતે છતે (ત્યારની અવસ્થાને લઈને એમનામાં જે ગુણ સંગત થતો હતો તે) ગુણની આ સ્તુતિ પ્રકરણકાર = ગ્રંથકારશ્રી વડે કાકુ દ્વારા = આડકતરી રીતે કરાઈ છે. તે ગુણસ્તુતિ આ પ્રમાણે છે.

'ઋષભદેવ તે જગતના મસ્તકને વિષે મણિરૂપ છે'. આનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો કે :

ઋષભદેવ હમણાં મુક્તિના સ્થાન = મોક્ષને વિષે રહેનારા = રહેલા છે (અને એ સ્થાન ચૌદ રાજલોકની ઉપર છે જે લોકનું મસ્તકરૂપ ગણાય) અને એવા સ્થાન પર રહેલા હોવાથી 'ઋષભદેવ ચૌદરાજસ્વરૂપ આ લોકની ઉપર મસ્તક ભાગને વિષે વર્તનારા છે' આવો ફલિતાર્થ આ '**जगच्चूडामणिभूतः**' વિશેષણનો જાણવો.

(પ્રભુ વીર જીવતાં હતાં ત્યારે આદિનાથ પ્રભુ નિર્વાણ પામી ગયા હતાં માટે એમના માટે આ વિશેષણ બરાબર છે.)

વીર પ્રભુ વળી (વર્તમાનમાં જીવંત છે અને ગ્રંથકારશ્રી પણ એમના શિષ્ય તરીકે હોવાથી સમકાલીન છે માટે ગ્રંથકારશ્રીને વીર પ્રભુ) પ્રત્યક્ષપણે દેખાતાં હોવાથી ત્રણ લોકરૂપી લક્ષ્મીદેવીના (ભાલપ્રદેશવિષે) તિલક = આભૂષણવિશેષ સમાન છે અર્થાત્ 'ભુવનરૂપીલક્ષ્મીને શોભાવનાર છે' એ પ્રમાણે આ વિશેષણનો ભાવ = તાત્પર્યાર્થ છે.

('આ હીરાનો હાર આ વ્યક્તિને (વર્તમાનમાં) શોભાવનાર છે' આવું કોઈ વ્યક્તિ ક્યારે બોલે ? જ્યારે સામે રહેલ ત્રીજી વ્યક્તિએ એ હાર પહેર્યો હોય. તેમ અહીં પણ વીર પ્રભુને 'શોભાવનાર' તરીકે જે કહ્યા તે જો પ્રભુ જીવતાં હોય તો જ સંભવી શકે. માટે વીર પ્રભુની જીવંત અવસ્થાને આશ્રયીને આ સ્તુતિ ગ્રંથકારશ્રી વડે કરાઈ.)

**तथा** = અને

આ બે પ્રભુની વચ્ચે એક (જે) ઋષભદેવ છે (તે) લોકને વિષે સૂર્ય સમાન છે. કેમકે સૂર્ય જેમ પ્રભાતમાં તેમ તેઓ યુગની આદિમાં વિવેકરૂપી પ્રતિબોધ = જાગ્રત દશા પ્રગટાવવા દ્વારા અને પદાર્થોને પ્રકાશિત કરનારા હોવાથી સઘળાય = લોકોત્તર અને લૌકિક રૂપ સમસ્ત વ્યવહારના કારણ છે.

(અર્થાત્ જેમ પ્રભાતે સૂર્યનો ઉદય થતાં લોકો નિદ્રાનો ત્યાગ કરે અને સૂર્યના પ્રકાશને કારણે બધી વસ્તુઓ સ્પષ્ટ દેખાતી હોવાથી લોકો ઉઠીને પોતાની દૈનિક ક્રિયાઓ - વ્યવહારો શરૂ કરે, તેમ,

ઋષભ પ્રભુએ પણ યુગલિક કાળ બાદના યુગની શરૂઆત થઈ ત્યારે લોકોને વ્યવહાર, ધર્મ વિગેરે વિષયક વિવેક = અજ્ઞાનનો ત્યાગ કરાવ્યો અને પછી બધા પદાર્થોનું સ્પષ્ટ જ્ઞાન કરાવ્યું ત્યારબાદ લોકોએ લૌકિક - લોકોત્તર બધા વ્યવહારો બરાબર શરૂ કર્યા. માટે આ સરખાપણાને લઈને ઋષભ પ્રભુ લોકને વિષે સૂર્ય જેવા છે)

(તે બે પ્રભુમાં) વળી એક (જે) વીર પ્રભુ છે (તે) ત્રણ ભુવનના ચક્ષુ સમાન છે.

કેમકે હમણાંના = દુ:ષમ કાળના જીવોને ચક્ષુ સ્વરૂપ જે આગમ પદાર્થ છે તેના ભાષક = બોલનારા પ્રભુ વીર છે માટે તેઓ ચક્ષુ સમાન છે. (અર્થાત્ હમણાંના જીવોને સાક્ષાત્ દેશનાનું શ્રવણ શક્ય નથી માટે પ્રભુવીર સીધેસીધા ચક્ષુ સ્વરૂપ નથી પણ ચક્ષુ સ્વરૂપ જે 'આગમ' નામનો પદાર્થ છે તેના ભાષકરૂપે પ્રભુ હોવાથી ઉપચારથી પ્રભુવીરને ચક્ષુ કહી દીધાં.)

(ચક્ષુથી વસ્તુ દેખાય = જણાય તેમ આગમથી વસ્તુ જણાય માટે આગમ ચક્ષુ સમાન છે.)

**'इति'** શબ્દ એ પ્રથમ ગાથાની ટીકાની સમાપ્તિનો સૂચક છે.

**વિશેષાર્થ :** (૧) 'તિલક' શબ્દનો સીધેસીધો અર્થ 'આભૂષણ વિશેષ = કપાળ પર લગાડવામાં આવતું આભૂષણ' આવો થાય. હવે અહીં એ અર્થ નહોતો લેવો પણ એ તિલકથી જે શોભા રૂપ કાર્ય થાય એ કાર્ય લેવું હતું માટે ટીકાકારશ્રીએ તિલક = શોભાવનાર (મંડન) એ પ્રમાણે ભાવાર્થ બતાડી દીધો અને એ હકીકતને સૂચવવા એમને **'इति भावः'** શબ્દ લખી દીધો.

(૨) **'एकः'** આ શબ્દ બીજા અર્થમાં પુલિંગ જ રહેવા દઈ બંને પ્રભુના વિશેષણ તરીકે બનાવી દીધો. એટલે પ્રથમ અર્થ પ્રમાણે બીજા અર્થમાં કોઈ 'પ્રાકૃતત્વાત્' હેતુ મૂકવાની આવશ્યકતા ઊભી થશે નહીં.

अधुनैतदुद्देशेनैव तपःकर्मोपदेशमाह–

**संवच्छरमुसभजिणो छम्मासा वद्धमाणजिणचंदो ।**
**इय विहरिया निरसणा, जएज्ज एओवमाणेणं ॥ २ ॥**

***संवच्छर० गाहा :*** **संवत्सरं** - वर्षम् **ऋषभजिनः** – प्रथमतीर्थकरः, **षड्मासान् वर्द्धमानजिनचन्द्रः**– श्रीवर्धमानाभिधानः प्रधानत्वात् श्रुतादिजिननक्षत्रराज इत्यर्थः, **इत्येवमेतौ विहृता**वुपसर्गपरीषहसहनार्थं पर्यटितौ **निरशनौ**-निर्भोजनौ उपोषितौ इति स्वरूपं निवेद्य शिष्यं प्रत्याह– **'यतेत'** तपःकर्मणि यत्नं कुर्याद् भवान्, **'एतदुपमानेन'** ऋषभवर्द्धमानोपमयेत्यर्थः। तथाविधशक्तिविकलत्वादशक्यानुष्ठानोऽयमुपदेशः इति चेत्, नैतदस्ति, **इदं हीह तात्पर्यम्**–यदि तावद् भगवन्तौ चरमदेहत्वाद्यथाकथञ्चिन्मुक्तिगामिनावप्येवं विहृतौ अतोऽन्येन सन्दिग्धमुक्तिगमनेनैकान्तिकमुक्तिकारणे तदुक्ततपःकर्मणि यथाशक्ति सुतरामादरो विधेयः, भगवद्भ्यां स्वयमाचरणेन दर्शितत्वादिति। एतत्कथानके सुप्रसिद्धत्वान्न कथिते ॥ २ ॥

**અવતરણિકા :** હવે **'एतद्'** = આ બંનેય પ્રભુના ઉદ્દેશ વડે જ = એઓને લક્ષ્યમાં રાખીને જ તપરૂપી ક્રિયા વિષયક ઉપદેશને કહે છે : (અર્થાત્ 'જેમ બંનેય પ્રભુએ વિશિષ્ટ તપ કર્યા તેમ તમે પણ એવા તપના આચરણ વિષે પ્રયત્નશીલ બનો' એવો ઉપદેશ હવેની ગાથા દ્વારા ગ્રંથકારશ્રી આપે છે :)

**ગાથાર્થ :** એક વર્ષ સુધી ઋષભજિન અને છ મહિના સુધી વર્ધમાન નામના જિનચંદ્ર (કેવલીઓને વિષે ચંદ્ર સમાન) આ પ્રમાણે (આટલા કાળ સુધી આ બંનેય પ્રભુ) ખાધા વગર વિચર્યા (તેથી ) તેઓના દૃષ્ટાંતને લઈને (આપે) યત્ન કરવો જોઈએ. ।। ૨ ।।

**ટીકાર્થ :** સંવત્સર = (એક) વર્ષ સુધી 'ઋષભજિન' = ઋષભ નામના પ્રથમ તીર્થંકર,

(અને) છ મહિના સુધી 'વર્ધમાન નામના જિનચંદ્ર' = શ્રી વર્ધમાન નામના, શ્રુતજિન વિગેરે જે અનેક પ્રકારના જિનરૂપી નક્ષત્રો છે તેઓના રાજા સમાન (અર્થાત્ જેમ નક્ષત્રોનો રાજા ચંદ્ર કહેવાય તેમ પ્રભુ વીરજિન શ્રુતજિન વિગેરેના રાજા છે માટે ચંદ્ર સમાન કહ્યા.)

(**પ્રશ્ન :** કેમ પ્રભુવીર એ રાજા સમાન છે ?)

**ઉત્તર :** કેમકે પ્રભુ વીર એ શ્રુત વિગેરે જિનોમાં (કેવળજ્ઞાન, સમવસરણ વિગેરેરૂપ ઋદ્ધિ વિગેરેની અપેક્ષાએ) પ્રધાન = શ્રેષ્ઠ છે માટે જિનોમાં ચંદ્ર સમાન છે.

આ પ્રમાણે (આટલા કાળ સુધી) આ બંન્નેય પ્રભુ વિહર્યા = ઉપસર્ગો અને પરિષહોને સહન કરવા માટે (જગતને વિષે) ચારેબાજુ વિચર્યા.

(**પ્રશ્ન :** કેવી રીતિએ પ્રભુ વિચર્યા ?)

**ઉત્તર :** ભોજન વગર અર્થાત્ ઉપવાસી રૂપે વિચર્યા.

આ પ્રમાણે (બંને પ્રભુના તપપૂર્વકના વિચરણનું) સ્વરૂપને કહીને (હવે) શિષ્ય પ્રતિ કહે છે કે :

આપે તપ:કર્મ = તપરૂપી ક્રિયાને વિષે યત્ન કરવો જોઈએં.

(**પ્રશ્ન :** ગુરુજી ! કોને નજરમાં રાખીને મારે યત્ન કરવો જોઈએ ?)

**ઉત્તર :** આ બંનેય = ઋષભ તથા વર્ધમાન પ્રભુની ઉપમા વડે અર્થાત્ એઓના ઘોર પરિષહો ઉપસર્ગો સહન કરવા પૂર્વકના તપને નજર સમક્ષ રાખીને તપને વિષે યત્ન કરવો જોઈએ.

**પ્રશ્ન :** પરમાત્મા જેવી શક્તિ તો કોની પાસે હોઈ શકે ? અર્થાત્ કોઈની પાસે ન હોય તેથી તમે અત્યારે જે શિષ્યને પરમાત્માના વિશિષ્ટ તપ સમાન તપ કરવાનું કહો છો તે શિષ્ય (અર્થાત્ વર્તમાનનો કોઈપણ વ્યક્તિ) તેવા પ્રકારની (પરમાત્મ સમાન) શક્તિથી રહિત છે. અને એ રહિત હોવાથી (એને અપાતો) આ ઉપદેશ અશક્ય અનુષ્ઠાન વાળો = નથી શક્ય કરણ - પાલન જેનું એવો છે. (માટે શિષ્ય પ્રતિ તમારો આ ઉપદેશ નિરર્થક છે.)

**ઉત્તર :** આ પ્રમાણે જો તમે કહેતાં હો, તો તમારી આ વાત ખોટી છે, કેમકે

અહીં = આ ઉપદેશની પાછળ ખરેખર આ તાત્પર્ય છે :

આ બંનેય પ્રભુ ચરમશરીરી = તદ્ભવમોક્ષગામી હોવાથી ગમે તે રીતે = તપ કરે કે ન કરે મોક્ષે જનારા જ હતાં છતાં એવા પણ પ્રભુ જો આ પ્રમાણે = વિશિષ્ટ તપ કરવા પૂર્વક વિચર્યા.

(તો પછી) એમનાથી = ચરમશરીરી પ્રભુથી અન્ય = બીજા વ્યક્તિ વડે કે જેનું (તે જ ભવમાં) મોક્ષ ગમન સંદિગ્ધ = સંદેહવાળું છે એવા વ્યક્તિ વડે તો એકાન્તે મોક્ષનું કારણ એવા તેમના વડે = પરમાત્મા વડે કહેવાયેલ તપ: કર્મમાં શક્તિ પ્રમાણે સુતરાં = નક્કી આદર = પ્રયત્ન કરવો જ જોઈએ.

(**પ્રશ્ન :** 'મોક્ષે જવું હોય તો તપમાં આદર કરવો જોઈએ' એવું શા માટે ? શું ખાતાં-પીતાં મોક્ષે ન જવાય ?)

**ઉત્તર :** બંનેય ભગવાન વડે જાતે જ (તપના) આચરણ = કરવા દ્વારા (તપ મોક્ષના કારણ રૂપે) બતાવાયેલો છે. (અર્થાત્ પોતાનું મુક્તિ ગમન તે જ ભવે નક્કી હોવા છતાં એઓએ જે તપ આચર્યો એ સૂચવવા માટે કે 'અમારો પણ જે મોક્ષ થવાનો છે તે આ તપથી થવાનો છે. નહીં કે ખાતાં-પીતાં કેમકે આ તપમાં દેહમમત્વના ત્યાગની પ્રેક્ટીસ (અભ્યાસ) હોય છે અને એ અભ્યાસનો અતિશય થતાં જ દેહરહિત = સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થઈ શકે. જે મોક્ષરૂપ છે.')

આ પ્રમાણે પરમાત્મા વડે બતાડાયેલું હોવાથી જ મુમુક્ષુ મહાત્માએ યથાશક્તિ તપમાં યત્નાતિશય કરવો જોઈએ. પરમાત્માનું દૃષ્ટાંત લેવા પાછળ આવો તાત્પર્ય હોવાથી અશક્યાનુષ્ઠાનવિષયવાળો ઉપદેશ નથી. કેમકે આ તાત્પર્યમાં 'યથાશક્તિ' શબ્દનો ઉલ્લેખ કર્યો છે.

ટીકાનો '**इति**' શબ્દ ગાથાના પદના અર્થો પૂરા થયાનો સૂચક છે.

આ બંનેય પ્રભુના કથાનકો અત્યંતપ્રસિદ્ધ હોવાથી (મારા વડે) નથી કહેવાયા. ।। ૨ ।।

**વિશેષાર્થ :** (૧) **પ્રશ્ન :** ટીકામાં '**संवत्सरं**'નો અર્થ માત્ર 'વર્ષ' એમ જ કર્યો છે. તો તમે એનો અર્થ 'એક વર્ષ' એવો કેવી રીતે કર્યો?

**ઉત્તર :** એક વચન જે 'વર્ષ' શબ્દમાં છે તે જ એક સંખ્યાનો સૂચક છે ઘણા વર્ષો લેવા હોય તો બહુવચન કરવું પડે. માટે 'એક વર્ષ સુધી' એમ અર્થ કર્યો.

(૨) ટીકાકારશ્રીએ 'વિહરણ'નો રુઢિ અર્થ સાથે શબ્દાર્થ ખોલીને એક મસ્ત પદાર્થ જણાવી દીધો. તે આ પ્રમાણે :- '**उपसर्ग... पर्यटितौ**' આવો અર્થ ખોલ્યો. એમાં **पर्यटितौ** એ શબ્દાર્થ છે અને **उपसर्गपरिषहसहनार्थं** એ રુઢિ અર્થ છે. હવે 'જેમ જેમ અપરિચિત સ્થાનોમાં જવાનું થાય તેમ તેમ તકલીફો વધુ પડે' આ એક સામાન્યથી હકીકત છે. એથી પ્રભુઓનું જે વિચરણ હતું તે કુતૂહુલતાભર્યું = દેશ-વિદેશોને જોવાની ઈચ્છાથી પ્રેરિત નહોતું પણ ઉપસર્ગ, પરિષહોને સહન કરવા માટેનું હતું. કેમકે બંનેય પ્રભુ સાધ્વાચારથી અપરિચિત એવા ક્ષેત્રોને વિષે સામાન્યથી વિચરતાં હતાં એથી ત્યાં તકલીફો વિશેષ પડવાની જ.

(૩) '**निर्भोजनौ**' શબ્દથી જે ફલિતાર્થ નીકળી શકે તે ફલિતાર્થ રૂપ '**उपोषितौ**' છે. અને એ અર્થ કરવો આવશ્યક એટલા માટે છે કે 'ભોજન ન મળતાં ભોજન વગરનો તો ભિખારી પણ ગણાય, પણ એ 'ઉપવાસી' ન ગણાય. કેમકે 'ઉપવાસી'નો ભાવાર્થ 'મનથી ભોજનત્યાગી' એવો થાય છે જે અર્થ ભિખારીમાં ઘટી શકે નહીં.

જ્યારે બંને પ્રભુ ભોજન ન્હોતું મળતું માટે 'ભોજન વગરના' તો ક્યારેક હતાં જ સાથે મનથી પણ એ ભોજન પ્રત્યેની આસક્તિ છૂટી ગઈ હોવાને લીધે 'ઉપવાસી' પણ હતાં.' આવું જણાવવા ફલિતાર્થ કર્યો.

(૪) '**तथाविधशक्तिविकल**' શબ્દનો વિશેષ્ય 'શિષ્ય (વ્યક્તિ)' એ અધ્યાહારથી પ્રકૃતના આધારે સમજવાનો છે. પણ 'ઉપદેશ' ને વિશેષ્ય સમજવો નહીં.

(૫) આ '**तावत्**' શબ્દ પ્રસ્તુત વાત પર ભાર મૂકવા સંસ્કૃતની શૈલીવિશેષરૂપે વપરાતો શબ્દ છે. એનો બીજો કોઈ વિશેષ અર્થ કરવાનો નથી.

(૬) '**यत्तदो: नित्यसंबन्धः**' એટલે કે જ્યાં 'યદ્'નું રૂપ હોય ત્યાં 'તદ્'નું રૂપ હોય જ (પ્રત્યક્ષ પણે ન દેખાતું હોય તો અધ્યાહારથી પણ સમજી લેવાનું)' આવો નિયમ છે. એથી અહીં '**यदि तावद्भगवन्तौ...**' માં '**यदि**' એ યદ્નું રૂપ છે. પણ '**अतोऽन्येन**' શબ્દ પહેલા '**तर्हि**' એવું જે તદ્નું રૂપ હોવું જોઈએ તે ન હોવા છતાં પણ અહીં સમજવાનું છે અને એ પ્રમાણે જ અમે ઉપર ટીકાર્થમાં અર્થ કર્યો છે.

न केवलं तपःकर्म, क्षमाऽपि भगवच्चरितमाकलय्य कर्तव्येत्याह—

**जइ ता तिलोयनाहो, विसहइ बहुयाइं असरिसजणस्स ।**
**इय जीयंतकराइं, एस खमा सव्वसाहूणं ॥ ३ ॥**

*'जइ ता०' गाहा :* तत्र भगवानृषभो निरुपसर्गं विहृतः, अतो न तद्द्वारेणोपदेशः, वीरेण पुनर्भगवता विहरता जन्मान्तरजनितकर्मशेषोपढौकितैरमर-नर-पशुभिर्विहितानि प्राकृतजनदुर्विषहाणि जीवितान्तकारीणि कदर्थनानि तितिक्षितानि, ततश्च **यदि तावत्**, यदीत्यभ्युपगमे, तावदिति क्रमार्थः, अभ्युपगतोऽयं क्रमः, **त्रिलोकनाथो** भुवनत्रयभर्ता **विषहते** क्षमते **बहूनि** नानारूपाणि **असदृशजनस्य** नीचतयात्मनोऽतुल्यलोकस्य सम्बन्धीनीत्यर्थः। असदृशग्रहणं च नीचजन-विहितकदर्थनाया दुर्विषहत्वज्ञापनार्थम् । जीवनं जीवः प्राणधारणम्, तस्य अन्तो विनाशः, तत्करणशीलानि **जीवितान्तकराणि** दुष्टचेष्टितानीति गम्यते। **इति**शब्देनोपसर्गकालभाविनं प्राणप्रहाणकरणदक्षं सङ्गमकचक्रमोक्षादिकं प्रकारं द्योतयति, विनेयमधिकृत्याह - **एषा**ऽनन्तरोदितैवंरूपा प्राणच्यावनप्रवृत्तेऽपि परे माध्यस्थ्यकरणलक्षणा **क्षमा** क्षान्तिः **सर्वसाधूनां** समस्तयतीनां, भगवदनुष्ठानं हृदि निधाय सर्वसाधुभिरेवं प्राकृतजनविहितमपि तर्जन-ताडनादिकं क्षन्तव्यमिति भावः ॥ ३ ॥

**અવતરણિકા :** 'માત્ર તપ:કર્મ જ (પ્રભુને નજર સમક્ષ રાખીને કરવું એવું) નહીં, (પરંતુ) ક્ષમા પણ ભગવાનના ચરિત્રને જાણીને કરવા યોગ્ય છે (અર્થાત્ જેમ પ્રભુના તપને જોઈને તપ કરવાનો છે તેમ પ્રભુના ચરિત્રમાં પ્રભુની ક્ષમાને પણ બરાબર જાણીને એવી ક્ષમા પણ ધારણ કરવા યોગ્ય છે.)' એ વાતને ગ્રંથકારશ્રી કહે છે :-

**ગાથાર્થ :** જો ખરેખર ત્રણ લોકના નાથ (એવા પણ પ્રભુ) (પોતાનાથી) અસમાન એવા લોકના એવા પ્રકારના જીવના અંતને કરનારા, ઘણા એવા (દુષ્ટ આચરણોને) (એમના જીવન દરમ્યાન) સહન કરતાં હોય. (તો) આ = આવા પ્રકારની ક્ષમા સર્વસાધુઓની હોવી જોઈએ. ।। ૩ ।।

**ટીકાર્થ :** (ક્ષમા સામાન્યથી ઉપસર્ગો સહન કરવા દરમ્યાન રાખવાની હોય છે અને ઉપસર્ગો ઋષભ પ્રભુને ન્હોતાં થયા. એથી ક્ષમાનો ઉપદેશ પ્રભુના દૃષ્ટાન્તથી જે આપવાનો છે. તેમાં પ્રભુ તરીકે વીર જ લેવાના છે. એનો ખુલાસો ગાથાની ટીકા શરૂ કરતાં પહેલાં ટીકાકારશ્રી કરે છે )

ત્યાં = તે બંનેય પ્રભુમાં જે ઋષભપ્રભુ છે તે ઉપસર્ગ વગર વિચર્યા હતાં. આથી તેમના દ્વારા અહીં ક્ષમાનો ઉપદેશ નથી અપાયો.

જ્યારે વીર ભગવાન વડે વળી વિચરતાં છતાં અર્થાત્ જ્યારે છદ્મસ્થરૂપે દીક્ષા બાદ વિચરતાં હતાં ત્યારે કદર્થનાઓ = હેરાનગતિઓ સહન કરાઈ હતી (આ પ્રમાણે અન્વય કરવો હવે એ 'કદર્થના'ના વિશેષણોનો અર્થ કહીશું.) (**પ્રશ્ન** - કદર્થનાઓ કેવી હતી?)

**ઉત્તર :** જન્માન્તર = પૂર્વના ભવોમાં ઉત્પન્ન કરાયેલા - બંધાયેલા જે કર્મો, તેના શેષ = બાકી રહી ગયેલા અંશો વડે આવી ચડેલી એવી, વળી દેવ-મનુષ્ય-પશુઓ વડે કરાયેલી એવી, વળી પ્રાકૃત = વિશિષ્ટ સંઘયણાદિ અભાવવાળા સામાન્ય લોક વડે અત્યંત દુ:ખેથી સહન કરી શકાય એવી, વળી જીવનના અંત = નાશને કરનારી એવી કદર્થનાઓ (ઉપસર્ગો-પરિષહો) સહન કરાઈ હતી.

અને તેથી = 'બે પ્રભુમાંથી માત્ર વીર પ્રભુને ઉપસર્ગો વિગેરે સહન કરવા પડ્યાં હતાં' આવી હકીકત હોવાથી (અમે ટીકા માત્ર વીર પ્રભુને આશ્રયીને ખોલીશું.)

**'यदि'** શબ્દ 'સ્વીકાર'ના અર્થમાં છે અને **'तावत्'** શબ્દ (**ता**) 'ક્રમ' અર્થ વાળો છે. (માટે બંને અવ્યયોનો અર્થ આ પ્રમાણે થશે કે) આ ક્રમ = પરંપરા સ્વીકારાયેલો છે (કે પ્રભુ વીરે ઘોર કદર્થનાઓ સહન કરી હતી)

(આ આપણી સ્વીકૃતિને ગુજરાતી ભાષાની શૈલીમાં બતાડવી હોય તો નીચે પ્રમાણે બંને અવ્યયોનો અર્થ કરી આગળના અર્થો કરવા.)

**यदि** જો **तावत्** ખરેખર

ત્રણ ભુવનના સ્વામી (વીર પ્રભુ) અસમાન જનના સંબંધી આવા પ્રકારના જીવનના અંત કરનારા, ઘણા એવા દુષ્ટ વર્તનોને (માર મારવો, ગાળો વિગેરેને) સહન કરતાં હોય, (આ અન્વય પ્રમાણે અર્થ કરી દીધો. હવે એક એક શબ્દનો અર્થ જાણીએ.)

ઘણા = અનેક પ્રકારના સ્વરૂપવાળા, (માર ખાવો, શસ્ત્રોના પ્રહારો વેઠવા, ગાળો વિગેરે)

અસમાન લોકના = 'પોતે તીર્થંકર હોવાથી વીરપ્રભુ સૌથી ઉચ્ચ છે અને એમની અપેક્ષાએ બાકીના બધા લોકો ગુણવત્તા, શક્તિ, રૂપ વિગેરેને આશ્રયીને નીચ = નીચા છે અને એ બધા નીચા હોવાને લીધે (જ) ભગવાનની સમાન કોઈ નથી. માટે અતુલ્ય એવા લોકોના સંબંધી (દુષ્ટ વર્તનો)' આ પ્રમાણે **'असदृशजनस्य'** શબ્દનો ભાવાર્થ જાણવો.

(**પ્રશ્ન :** અહીંયા 'લોકોના સંબંધી દુષ્ટ વર્તનો' એવું સીધેસીધુ ન બતાડતાં શા માટે 'લોક'નું

'અસદૃશ' = અસમાન એવું વિશેષણ મૂક્યું ?)

**ઉત્તર :** (સામાન્યથી એક હકીકત છે કે 'પોતાના કરતાં કોઈ નીચો વ્યક્તિ આપણને હેરાન કરે, આપણને સંભળાવી જાય એ સહન ન થાય' એથી) 'નીચા જનવડે કરાયેલી કદર્થનાઓ દુ:ખેથી સહન કરી શકાય એવી હોય છે' આવું જણાવવા માટે અહીં '**असदृश**' વિશેષણ મૂક્યું છે.

'જીવના અંતને કરનારા' આ શબ્દમાં જે '**जीव**' શબ્દ છે તે 'પ્રાણધારી જીવ'ને આશ્રયીને નથી વપરાયો. પણ 'જીવવાની ક્રિયા'ને લઈને વપરાયો છે માટે '**जीवति = जीवः**' એમ ન ખોલતાં '**जीवनं जीवः**' આવી વ્યુત્પત્તિ ખોલી અને એનો અર્થ કરે છે કે પ્રાણોને ધારણ કરવું તે,

તે જીવનો = જીવનનો (જે) અન્ત = વિનાશ,

તે = વિનાશ કરવાનો છે સ્વભાવ જેનો = જીવાન્ત કરનારા

(**પ્રશ્ન :** એ 'જીવના અન્તને કરનારા' કોણ છે ?)

**ઉત્તર :** 'દુષ્ટ વર્તનો' એમ જણાય છે. અર્થાત્ ગાથામાં લખ્યું નથી પણ પ્રસ્તુતને આધારે જણાય છે.

'**इति**' = આવા પ્રકારના (આનો અન્વય 'જીવાન્ત કરનારા' શબ્દની પહેલા કરવાનો છે. એથી 'આવા પ્રકારના જીવના અન્તને કરનારા' આવો અર્થ થશે.)

(**પ્રશ્ન :** આવા પ્રકારના એટલે કેવા પ્રકારના ?)

**ઉત્તર :** '**इति**' શબ્દ વડે 'ઉપસર્ગના કાળ દરમ્યાન થનારા, પ્રાણનો નાશ કરવામાં હોંશિયાર = સમર્થ એવા સંગમનું પ્રભુ તરફ ચક્ર છોડવું વિગેરે' પ્રકારને ગ્રંથકારશ્રી બતાડે છે.

(અહિંયા પાછો ઉપરનો અન્વય સહિતનો અર્થ જોઈ લેવો પછી આગળ વધવું.)

હવે શિષ્યને આશ્રયીને કહે છે કે : (તો)

આ = અનન્તર - હમણાં પ્રભુના દૃષ્ટાન્ત દ્વારા કહેવાયેલી = આવા પ્રકારના સ્વરૂપવાળી એટલે કે આપણા પ્રાણનો ત્યાગ કરાવવામાં પ્રવૃત્ત = પ્રયત્નવાળો એવો પણ પર = બીજો વ્યક્તિ હોતે છતે માધ્યસ્થ્ય કરવાં = 'શરીરને વિષે રાગ નહીં તથા ઉપસર્ગ કરનારને વિષે દ્વેષ નહિં' એવો મધ્યસ્થભાવ ધારણ કરવા સ્વરૂપ ક્ષમા સર્વસાધુઓની હોય (આ જ પંક્તિનો ભાવાર્થ બતાડે છે કે )

ભગવાનના અનુષ્ઠાનને = ઉપસર્ગો વખતે પણ ક્ષમા રાખવા રૂપ અનુષ્ઠાનને હૃદયમાં ધારણ કરીને = વિચારીને એ પ્રમાણે સર્વ સાધુ ભગવંતો વડે પ્રાકૃત = સામાન્ય લોકવડે કરાયેલા એવા પણ તર્જન = તિરસ્કાર, તાડન = માર વિગેરે ઉપસર્ગો સહન કરવા યોગ્ય છે = એ વખતે ઉપર કહેલ મધ્યસ્થભાવ કેળવવા યોગ્ય છે. (પણ એની જગ્યાએ એવા અવસરે આમ ન વિચારવું જોઈએ કે - 'આવો નાનો-અમથો માણસ મને તિરસ્કારી - મારી જાય એ કેમ ચાલે ? આને સબક શીખવાડવો જ જોઈએ' વિગેરે.)

**વિશેષાર્થ : (૧) પ્રશ્ન :** અહીંયા ટીકાકારશ્રી 'ભગવાન્ ઋષભ ઉપસર્ગ વગર વિચર્યા' એમ કહે છે. જ્યારે આગળની બીજી ગાથામાં 'બંનેય પ્રભુ ઉપસર્ગ-પરિષહ સહન કરવા માટે જગતને વિષે

વિચર્યા' એમ કહીને ઋષભ પ્રભુને પણ ઉપસર્ગો કહી દીધાં હતાં. તો શું પરસ્પર વિરોધ ન આવે?

**ઉત્તર :** અહો! ધન્યવાદ છે તમને કે આવું પૂર્વાપરનું ઉપસ્થિત રાખીને તમે આગળ વધો છો. પણ તમે જે વિરોધ બતાડ્યો એ ખરેખર આવશે નહિં કેમકે ત્યાં બંને પ્રભુને આશ્રયીને ભેગી વાત કરી છે. એથી ઋષભપ્રભુને માત્ર પરિષહો આવ્યા હોવાં છતાં પણ પ્રભુ વીરને ઉપસર્ગો આવેલા હોવાથી ત્યાં 'ઉપસર્ગ' શબ્દ લખ્યો. જ્યારે અહીં તો માત્ર ઋષભ પ્રભુને આશ્રયીને જ નિરુપસર્ગ કહ્યું છે. અને એઓને ખરેખર કોઈ ઉપસર્ગ આવ્યા નહોતાં માટે કોઈ વિરોધ નથી.

(૨) **પ્રશ્ન :** 'કર્મના શેષવડે આવી ચડેલા' એમાં 'શેષ' શબ્દ કેમ મૂક્યો? 'કર્મવડે આવી ચડેલા' એમ કેમ ન કહ્યું?

**ઉત્તર :** વીર પ્રભુએ નંદન રાજર્ષિના ભવમાં માસક્ષમણ વિગેરે દ્વારા ઘણા કર્મો ખપાવી દીધાં હતાં છતાં એ વખતે થોડાક બાકી રહી ગયેલા અને બાકી રહી ગયેલ એવા એ કર્મોને લીધે પ્રભુને ઉપસર્ગો આવ્યા. માટે અહીં 'શેષ' શબ્દ લખેલ છે. ।।૩।।

उपसर्गोपस्थाने भगवन्निष्प्रकम्पतां विनेयशिक्षणार्थमाह -

**न चइज्जइ चालेउं, महइ महावद्धमाणजिणचंदो ।।**
**उवसग्गसहस्सेहि वि, मेरू जहा वायगुंजाहिं ।। ४ ।।**

**'न चइज्जइ०' गाहा : न चइज्जइ** त्ति न शक्यते **चालयितुं** कम्पयितुं ध्यानाच्च्यावयितुं **महति** प्रक्रमान्मोक्षे कृतमतिरिति वाक्यशेषः, **महावर्धमानजिनचन्द्र** इति पूर्ववत् केवलं महांश्चासौ वर्धमानजिनचन्द्रश्चेति समासः, कैरित्याह- **उपसर्गसहस्रैरपि** उपसृज्यते सन्मार्गात् प्रेर्यते एभिरित्युपसर्गाः कदर्थनानि, तेषां सहस्राणि तैरपि। किंवदित्याह - **मेरुः** शैलराजो **यथा वायुगुञ्जाभिः** सशब्दप्रबलवातोत्कलिकाभिरिति ॥ ४ ॥

**અવતરણિકા :** શિષ્યને શિક્ષણ આપવા માટે ઉપસર્ગની હાજરીમાં ભગવાનની નિષ્પ્રકંપતાને = 'ઉપસર્ગો આવી ચડ્યા ત્યારે પ્રભુ કેવા મક્કમ હતાં?' એ મક્કમતાને ગ્રંથકારશ્રી કહે છે :

**ગાથાર્થ :** મોટા (= મોક્ષ)ને વિષે (કરાયી છે મતિ જેના વડે એવા) મહાન્ વર્ધમાન નામના જિનચંદ્ર ઉપસર્ગોના હજારો વડે પણ (હજારો ઉપસર્ગો વડે પણ) ચલાવવાને માટે શક્ય નથી. જેમ મેરુપર્વત વાયુગુંજાઓ = અવાજ કરતાં વંટોળિયા વડે (ચલાવવાને શક્ય નથી તેમ.) ।। ૪ ।।

**ટીકાર્થ :** ચલાવવાને માટે એટલે કે ધ્રુજાવવાને માટે એટલે કે ધ્યાનથી ચલિત કરવાને માટે શક્ય નથી.

(**પ્રશ્ન :** કેવા વ્યક્તિ ચલાવવા માટે શક્ય નથી?)

**ઉત્તર :** મોટાને વિષે = મોક્ષને વિષે. '**महत्**' શબ્દના વિશેષ્ય તરીકે 'મોક્ષ' એ પ્રક્રમ = પ્રસ્તુત

વાતના આધારે જણાય છે. માટે મોટા = **મોક્ષ અર્થ કર્યો.**

(તેથી) મોક્ષને વિષે કરાયેલી છે મતિ જેના વડે = મોક્ષ પ્રતિ એક ચિત્તવાળા.

(**પ્રશ્ન :** ગાથામાં તો '**कृतमति**' શબ્દ નથી તો તમે ટીકામાં ક્યાંથી લાવ્યા ?)

**ઉત્તર :** '**कृतमति**' એ પ્રમાણેનો શબ્દ એ વાક્યશેષ છે. એટલે કે 'મોક્ષને વિષે કરાઈ છે મતિ જેના વડે' આ આખા વાક્યમાં બે અંશો છે : (૧) મોક્ષને વિષે (૨) કૃતમતિ. હવે જો આ બીજો અંશ અહીં નહીં લઈએ તો વાક્ય અધૂરું રહી જાય માટે એને વાક્યના શેષ તરીકે અહીં સમજવાનો છે.

(**પ્રશ્ન :** વ્યક્તિનું તમે આટલુ જોરદાર વિશેષણ તો કહી દીધું. પણ એ વ્યક્તિ કોણ છે એ તો કહો ?)

**ઉત્તર :** 'મહાન એવા વર્ધમાન નામના જિનચંદ્ર (જિનોમાં ચંદ્ર સમાન) આનો અર્થ પહેલાંની જેમ = બીજી ગાથાની ટીકામાં કરાયેલ '**वद्धमाणजिणचंदो**' શબ્દના અર્થ પ્રમાણે જાણવો.

માત્ર ત્યાં 'મહા' શબ્દ ન્હોતો જે અહીં છે. એનો અર્થ 'મહાન્' છે. અને એ શબ્દને 'વર્ધમાન જિનચંદ્ર' શબ્દ સાથે કર્મધારય સમાસ કરીને જોડી દેવો. (જે સમાસ ટીકાકારશ્રીએ બતાડ્યો જ છે.)

**પ્રશ્ન :** શેના વડે તેવા પ્રભુવીર ધ્યાનથી ચલિત કરવાને માટે શક્ય નથી ? માટે કહે છે કે :

**ઉત્તર :** ઉપસર્ગોના હજારો = હજારો ઉપસર્ગો વડે પણ ચલાવવાને માટે શક્ય નથી. (તેમાં ઉપસર્ગ એટલે) 'ઉપસર્જન કરાય છે = સન્માર્ગમાંથી (જીવ) દૂર કરાય છે આના વડે ' તે ઉપસર્ગ એટલે કે કદર્થનાઓ = શારીરિક વિગેરે પીડાઓ, ત્રાસો.

તે ઉપસર્ગોના હજારો = હજારો ઉપસર્ગો. તેમના વડે પણ ચલાવવાને શક્ય નથી. (સંસ્કૃતમાં સંખ્યાવાચી શબ્દ પાછળ મૂકાય જ્યારે ગુજરાતીમાં અર્થ બોલતી વખતે એનો અર્થ પહેલા બોલવાનો.)

**પ્રશ્ન :** કોની જેમ વીર પ્રભુ ચલિત કરવા શક્ય નથી ? માટે કહે છે કે :

**ઉત્તર :** જેમ મેરુ પર્વત = પર્વતોનો રાજા એવો મેરુ નામનો પર્વત પવનના ગુંજાઓ વડે એટલે કે શબ્દસહિતની = ગુંજારવ કરતી, વળી પ્રબલ = જોરથી ફૂંકાતી એવી વાતોત્કલિકાઓ = વાયુની ઉત્કલિકાઓ = વંટોળિયા વડે ચલિત કરવાને શક્ય નથી (તેની જેમ પ્રભુવીર હજારો ઉપસર્ગો વડે પણ ધ્યાનથી ચલિત કરી શકાય એમ નથી.) ।।૪।।

अधुना गणधरोपद्देशेन विनयोपदेशमाह–

**भद्दो विणीयविणओ, पढमगणहरो समत्तसुयनाणी ।**
**जाणंतो वि तमत्थं, विम्हियहियओ सुणइ सव्वं ।। ५ ।।**

***भद्दो० गाहा : भद्र :*** कल्याणः सुखश्च तत्स्वरुपत्वात्तद्धेतुत्वाद्वा, विनीयते कर्माऽनेनेति विनयः, विशेषेण नीतः प्राप्तो विनयो येन स **विनीतविनयः**, कोऽसौ ? **प्रथमगणधरो**ऽर्हदाद्यशिष्यः, किम्भूतः ?

समाप्तं निष्ठां नीतं श्रुतज्ञानं यस्य स **समाप्तश्रुतज्ञानी**, सर्वधनादेराकृतिगणत्वादिन्समासान्तः । अतः श्रुतकेवलित्वाज्**जानन्नप्य**वबुध्यमानोऽपि शेषजनबोधनार्थं प्रथमं पृच्छति, पश्चाद्भगवता कथ्यमानं **तमि**ति प्राक्पृष्ट**मर्थम्**, तच्छब्दस्य प्रक्रान्तपरामर्शित्वात्प्राक्पृच्छा गम्यते, विस्मितं सकौतुकम्, हृदयं चित्तम्, रोमाञ्चोत्फुल्ललोचनतामुखप्रसादादीनां बहिस्तत्कार्याणां दर्शनात् यस्याऽसौ **विस्मितहृदयः शृणोति** आकर्णयति **सर्वं** निःशेषं तमर्थमिति। तदिदं गणधरचेष्टितमनुसृत्य तथैव गुरोर्वचः श्रोतव्यमिति भावः ॥ ५ ॥

**અવતરણિકા :** હવે (અત્યાર સુધી ભગવાનના દૃષ્ટાંતોને લઈને તપ, ક્ષમા વિગેરેનો ઉપદેશ શિષ્યને આપ્યો. હવે) ગણધરના ઉદ્દેશથી = ગણધર ભગવાનના દૃષ્ટાંતને લઈને વિનય ધર્મના ઉપદેશને કહે છે (આપે છે) :

**ગાથાર્થ :** ભદ્ર, પ્રાપ્ત કરાયેલો છે વિનય જેના વડે એવા વળી સમાપ્ત થયેલ = સંપૂર્ણ શ્રુતજ્ઞાનવાળા, એવા પ્રથમ ગણધર (ગૌતમસ્વામી) (ભગવાન વડે કહેવાતાં) અર્થને જાણતાં હોવા છતાં પણ (નવું જ સાંભળી રહ્યા હોય એ રીતે) વિસ્મિત = આશ્ચર્ય પામેલ હૃદયવાળા છતાં (પ્રભુ પાસેથી) બધું સાંભળે છે. ।।૫।।

**ટીકાર્થ :** ભદ્ર = કલ્યાણરૂપ અને સુખસ્વરૂપ (એવા ગૌતમ સ્વામી)

(**પ્રશ્ન :** કયા આશયથી તમે ગૌતમસ્વામીને 'કલ્યાણરૂપ અને સુખરૂપ કહો છો?)

**ઉત્તર :** (ગૌતમસ્વામી) તત્ = કલ્યાણ અને સુખ એ છે સ્વરૂપમાં = જીવદળમાં જેની એવા હતાં એથી 'કલ્યાણરૂપ અને સુખરૂપ ગૌતમસ્વામી' એમ અર્થ કર્યો છે. (અર્થાત્ ગૌતમસ્વામીને વિષે મંગલ-હિત અને સુખ એટલા આત્મસાત્ થઈ ગયા હતાં જેથી પોતાની અંદર કલ્યાણ અને સુખ હોવા છતાં તેઓ પોતે જ કલ્યાણ-સુખરૂપ કહી શકાય.)

અથવા (ગૌતમસ્વામી)તત્ = કલ્યાણ અને સુખના કારણ (બીજાને માટે) હોવાથી (કાર્યમાં = કલ્યાણ, સુખમાં કારણનો = ગૌતમસ્વામીનો ઉપચાર કરીને) તેઓ પોતે કલ્યાણરૂપ અને સુખરૂપ છે એવો અર્થ કર્યો છે.

(આ હકીકત જ છે કેમકે ગૌતમસ્વામીના જે શિષ્યો બનતાં તે કેવળજ્ઞાન પામી જતાં. એથી ગૌતમસ્વામી કલ્યાણ-સુખના કારણ હતાં.)

વિનીત વિનય = (તેમાં પહેલાં 'વિનય'નો અર્થ કરે છે) દૂર કરાય છે કર્મ આનાં વડે = વિનય.

વિનીત = વિ = વિશેષથી = પમાયો છે એટલે કે પ્રાપ્ત કરાયો છે વિનય જેનાં વડે એવા વિનીતવિનયવાળા = વિશિષ્ટવિનયવાળા (ગૌતમસ્વામી), (એઓશ્રીનો વિશિષ્ટવિનય આગળના વિશેષણોથી સ્પષ્ટ રીતે જણાઈ જશે.)

**પ્રશ્ન :** આ = ભદ્ર વિગેરે વિશેષણવાળા વ્યક્તિ કોણ છે?

**ઉત્તર :** પ્રથમ ગણધર = અરિહંત (પ્રભુ વીર)ના પ્રથમ શિષ્ય (ગૌતમસ્વામી) (વર્તમાનશાસનની અપેક્ષાએ)

**પ્રશ્ન :** એ પ્રથમ ગણધર કેવા છે ?

**ઉત્તર :** સમાપ્ત એટલે કે નિષ્ઠાને પામેલુ = પૂરું થયેલું છે શ્રુતજ્ઞાન જેનું = સંપૂર્ણ શ્રુતજ્ઞાની (તેઓ છે)

(**પ્રશ્ન :** '**समाप्तं श्रुतज्ञानं यस्य स = समाप्तश्रुतज्ञान:**' આ પ્રમાણે બહુવ્રીહિ સમાસ કરીને 'વાળા' અર્થ વાળો '**इन्**' પ્રત્યય લગાડ્યા વગર બધું ઘટી શકતું હતું તો પછી શા માટે '**इन्**' પ્રત્યય લગાડ્યો છે ?)

**ઉત્તર :** વ્યાકરણમાં '**आकृति गण**' નામનો શબ્દોનો વિભાગ છે. જેમાં અમુક પ્રકારના શબ્દોને અમુક પ્રકારના (પ્રચલિત કરતાં જુદા) નિયમો લગાડીને જુદી રીતના સમાસો વિગેરે કરવામાં આવતા હોય છે. જેમકે એમાં '**सर्वधन**' વિગેરે શબ્દો છે. હવે આ શબ્દનો બહુવ્રીહિ સમાસ કરી લઈએ તો પણ સર્વધનવાળો = **सर्वधन: (देवदत्त:)** એમ અર્થ મળી જશે (**सर्वं धनं यस्य स = सर्वधन:**) છતાં આ શબ્દ આકૃતિગણનો હોવાથી '**इन्**' પ્રત્યય એ છે સમાસનાં અન્તમાં જે શબ્દના એવો એ શબ્દ બન્યો અર્થાત્ '**सर्वधनी**' એવો શબ્દ તૈયાર થશે. એની જેમ અહીં પણ સમજવું.

(આ મુદ્દો વ્યાકરણનો છે. એથી વ્યાકરણ કરેલાઓને વાંધો નહીં આવે, પણ એ નહીં ભણેલાઓને ન બેસે તો જરાય મૂંઝાવું નહીં. કેમકે પ્રસ્તુત પદાર્થ સાથે એ વિશેષ કશો સંબંધ ધરાવતું નથી.)

આથી = સંપૂર્ણશ્રુતજ્ઞાની હોવાથી એઓ શ્રુતકેવલી કહેવાય અને શ્રુતકેવલી હોવાથી (ભગવાનને પોતાના વડે પૂછાતાં પદાર્થને પોતે) જાણતા હોવા છતાં પણ (પોતાના સિવાયના) શેષ = બાકીના લોકોને બોધ થાય એ માટે પહેલાં પૂછે છે, અને પૂછ્યા બાદ ભગવાનવડે કહેવાતા તે = પૂર્વે જે સંબંધી પ્રશ્ન કર્યો હતો તે અર્થને (વિસ્મિતહૃદયવાળા છતાં સાંભળે છે.)

**પ્રશ્ન :** '**तत्**' શબ્દનો અર્થ તમે 'તે = પૂર્વે પૂછાયેલ' એવો કેવી રીતે કર્યો ? કેમકે ગાથામાં તો એવો કોઈ શબ્દોલ્લેખ મળતો નથી.

**ઉત્તર :** '**तत्**' શબ્દ એ પ્રસ્તુત વાતને વિચારનારો - કહેનારો હોય છે (જેમકે 'રામ રાજા હતાં અને તે લક્ષ્મણના ભાઈ હતાં' અહીં પ્રસ્તુતમાં રામને ઉદ્દેશીને વાત ચાલતી હોવાથી 'તે = રામ લક્ષ્મણના ભાઈ હતાં' એમ જ અર્થ થાય. તેમ અહીં પણ ગણધરે પહેલાં પ્રશ્ન કર્યો છે અને પછી ભગવાન બોલી રહ્યા છે તો હવે એઓ શું બોલે ? વિચારતાં સ્પષ્ટ જણાશે કે ગણધર ભગવંતવડે પહેલાં પૂછાયેલ પ્રશ્ન = અર્થ વિષે જ એઓ બોલી રહ્યા છે. માટે 'પહેલા પૂછાયેલ' એ પ્રસ્તુત છે અને) 'તત્' શબ્દ પ્રસ્તુતનો પરામર્શી છે માટે '**प्राक्पृष्टं**' શબ્દ ગાથામાં ન લખ્યો હોવા છતાં સમજી લેવાનો છે.

(**પ્રશ્ન :** ગણધરભગવંત ભગવાનવડે કહેવાતા તે અર્થને કેવા પ્રકારના થઈને સાંભળે છે ?)

**ઉત્તર :** વિસ્મય પામેલુ = આશ્ચર્ય સહિતનું છે હૃદય = ચિત્ત જેમનું એવા આશ્ચર્ય સાથેના હૃદયવાળા છતાં તેઓ સંપૂર્ણ એવા તે અર્થને સાંભળે છે. (અર્થાત્ જાણે કે નવો જ પદાર્થ સાંભળતા ન હોય એ રીતે સાંભળે છે.)

(**પ્રશ્ન :** હૈયું તો આંતરિક વસ્તુ છે. એમાં થતાં ભાવો કાંઈ ચર્મચક્ષુથી થોડી જાણી શકાય ? તો પછી તમે કેવી રીતે કહો છો કે 'આશ્ચર્ય સહિતના હૃદયવાળા છતાં તેઓ સાંભળે છે' ?)

**ઉત્તર :** (સાંભળતી વખતે) રોમાંચ = રૂંવાટા ઉભા થઈ જવા, વિકસિત આંખ, મુખની પ્રસન્નતા વિગેરે બહાર (થતાં) તેના = આશ્ચર્યભાવના કાર્યો (ચર્મચક્ષુથી પણ) દેખી શકાય એવા હોય છે અને એ દેખાતાં હોવાથી અમે 'આશ્ચર્ય સહિતના હૃદયવાળા છતાં સાંભળે છે' આવું કહ્યું છે.

(**પ્રશ્ન :** તમે તો વિનયનો ઉપદેશ આપવાનાં હતાં જ્યારે આમાં તો તમે માત્ર ગણધર ભગવંતની નમ્રતા = વિનયનું નિરૂપણ જ કર્યું છે ? એનો ઉપદેશ તો આપ્યો નથી ?)

**ઉત્તર :** (ગાથામાં ભલે સ્પષ્ટ પણે ઉપદેશ નથી અપાયો પણ એ ગાથાના અર્થનો ભાવાર્થ બતાડતાં અમે તમને કહીએ છીએ કે :) તે આ = હમણાં જ કહેવાયેલ ગણધર ભગવંતના ચેષ્ટિત = વર્તન (વિનયપૂર્વકના વર્તન)ને અનુસરીને = અનુસારે તે જ પ્રમાણે = વિનયપૂર્વક જ ગુરુભગવંતનું વચન સાંભળવા યોગ્ય છે. (પણ એ વખતે 'હું વધુ જાણકાર છું' અથવા 'મને વધુ આવડે છે' એવો અહંકાર બિલકુલ રાખવો નહીં) આ પ્રમાણેનો ભાવ = ભાવાર્થ છે. ।। ૫ ।।

**વિશેષાર્થ :** (૧) **પ્રશ્ન :** '**कल्याण**' તથા '**सुख**' શબ્દો નપુંસકલિંગ છે. અને બહુવ્રીહિ વગર એ લિંગનો ફેરફાર થઈ શકે નહિ અને બહુવ્રીહિ સામાન્યથી બે શબ્દો હોય ત્યારે થાય છે. તો પછી અહીં તો બીજો શબ્દ નથી છતાં પુલિંગ કેવી રીતે કરેલ છે ?

**ઉત્તર :** અહીં 'સ્વરૂપ' તથા 'હેતુ' અર્થવાળો બહુવ્રીહિ સમાસ થયેલો છે. અને એ બાદ 'સ્વરૂપ' અર્થમાં તથા 'હેતુ' અર્થમાં વ્યાકરણનો કોઈ પુલિંગવાળો '**अ**' પ્રત્યય લાગેલો સંભવે છે માટે પુલિંગરૂપે એ બંને શબ્દો છે.

**(૨) પ્રશ્ન :** ગાથામાં કે ટીકામાં ક્યાંય 'ગૌતમ સ્વામી'નો ઉલ્લેખ કર્યો નથી. માત્ર **प्रथमगणधर: = अर्हदाद्यशिष्य:** આવો જ ઉલ્લેખ કરેલ છે. તો પછી તમે શી રીતે 'ગૌતમસ્વામી' ને જ પ્રથમ ગણધર તરીકે ટીકાર્થમાં કહ્યાં ?

**ઉત્તર :** તમારી વાત સાચી છે કે આ ગાથામાં કે ટીકામાં ક્યાંય 'પ્રથમ ગણધર તરીકે ગૌતમ સ્વામી જ લેવા' એવો ઉલ્લેખ મળતો નથી. પણ છતાં આ ગાથા ગૌતમસ્વામી માટે પ્રચલિત છે એવો ખ્યાલ છે. માટે અમે ટીકાર્થ પણ એ પ્રમાણે કર્યો છે. બાકી પ્રચલિત વાતને મગજમાં ન લાવતાં માત્ર ટીકાર્થને નજર સમક્ષ રાખતાં આવો અર્થ થાય કે 'દરેક પરમાત્માના શાસનમાં પ્રથમ ગણધર ભગવંત લોકોને બોધ થાય એ માટે ભગવાનને પ્રશ્નો પૂછતાં અને ભગવાન એનો જવાબ આપતાં'. અને જો વાસ્તવિકતા આ રીતની જ હોય તો અમે જે માત્ર ગૌતમસ્વામીને લઈને ટીકાનો અર્થ કર્યો છે તે વર્તમાન શાસનની અપેક્ષાએ અથવા પ્રચલિત વાતને હિસાબે સમજવો.

इदमेव लौकिकदृष्टान्तेनाह —

**जं आणवेइ राया, पगइओ तं सिरेण इच्छंति ।**
**इय गुरूजणमुहभणियं कयंजलिउडेहिं सोयव्वं ।। ६ ।।**

***जं आणवेइ० गाहा :*** **यदाज्ञापयति** आदिशति **राजा** प्रभुः, **प्रकृतयः** पौराद्या लोका**स्तदा**दिष्टं **शिरसा** उत्तमाङ्गेने**च्छन्ति** साभिलाषं गृह्णन्ति इत्यर्थः, **इत्य**नेनैव क्रमेण, इतिशब्दस्य **इया**ऽऽदेशः प्राकृतलक्षणात्, गृणाति शास्त्रार्थमिति **गुरुः**, स चासौ **जनश्च**, तस्य **मुखम्**, तेन **भणितं** यद्वा तन्मुखेन तद्द्वारेणान्येन भणितमुक्तं यथा गुरुजनेनेदमादिष्टमिति त**त्कृताञ्जलिपुटै**र्भक्त्यतिरेकात् विहितकरमुकुलैः **श्रोतव्य**माकर्णनीयमिति ।। ६ ।।

**અવતરણિકા :** આ જ વાતને = 'વિનય કરવા યોગ્ય છે' એ વાતને લૌકિક દૃષ્ટાંતવડે ગ્રંથકારશ્રી કહે = છે :

**ગાથાર્થ :** રાજા જે આદેશ કરે તે આદેશને પ્રજાજનો મસ્તકવડે ઈચ્છે છે, એમ ગુરુરૂપી જનના મુખવડે કહેવાયેલ = આદેશ કરાયેલ (એવી વાત) કરાયું છે અંજલિ પુટ જેના વડે (એવા શિષ્યોવડે) સાંભળવા યોગ્ય છે. ।।૬।।

**ટીકાર્થ :** જે = ગમે તે વાત અંગે આજ્ઞા કરે = આદેશ કરે (કોણ ? = ) રાજા એટલે કે પ્રભુ = સ્વામી, માલિક

નગરજનો વિગેરે રૂપ પ્રજાજનો = લોકો તેને એટલે કે આદેશ કરાયેલ વાતને મસ્તક = ઉત્તમાંગ (શરીરનું ઉત્તમ = ઉપરનું અથવા શ્રેષ્ઠ એવું અંગ = માથુ એના) વડે ઈચ્છે છે. આનો ભાવાર્થ એ છે કે **साभिलाषं** = ઈચ્છા પૂર્વક, કમને નહિ એ રીતે ગ્રહણ કરે છે.

એમ = આ જ ક્રમ વડે અર્થાત્ જેમ પ્રજાજનો રાજાના આદેશને સહર્ષ સ્વીકારે છે તે જ રીતે

(**પ્રશ્ન :** ગાથામાં તો '**इय**' શબ્દ છે એનો તમે '**इति**' કેવી રીતે કરી દીધો ?)

**ઉત્તર :** '**इति**' શબ્દનો જે '**इय**' એ પ્રમાણે ગાથામાં આદેશ થયો છે તે પ્રાકૃતના લક્ષણને લીધે. (અર્થાત્ પ્રાકૃતના નિયમોના આધારે '**इति**' નો '**इय**' આદેશ થાય છે. માટે અહીં '**इय**' શબ્દનો અર્થ કરતી વખતે '**इति**' પ્રમાણે અર્થ કર્યો)

(હવે પાછા મૂળ વાત પર આવીએ. 'આ જ ક્રમ વડે')

**गुरु** = શાસ્ત્રના અર્થને જે કહે (**गृणाति**) તે ગુરુ,

ગુરુ રૂપી જન = ગુરુજન, તેમના મુખ વડે કહેવાયેલ = સાક્ષાત્ ગુરુ વડે આદેશ કરાયેલ (વાતને) અથવા તો

તેમના = ગુરુજનના મુખ વડે એટલે કે તેમના દ્વારા (તેમના નામથી) બીજા વડે કહેવાયેલ જેમ કે :

"મહાત્મન્! ગુરુજનવડે આ આદેશ કરાયેલ છે" આ પ્રમાણે (ગુરુ ભગવંતના નામથી બીજા વડે કહેવાયેલ વાતને)

કરાયેલો છે અંજલિપુટ જેમના વડે એટલે કે ભક્તિના અતિશયથી કરાયેલુ છે (બે) હાથનો મુકુલ = સંપુટ જેમના વડે એવા (મહાત્માઓ વડે) સાંભળવા યોગ્ય છે. ।। ૬ ।।

**વિશેષાર્થ :** (૧) ટીકામાં '**मुखभणितं**'નો જે બીજો અર્થ કર્યો તેમાં '**अन्येन**' શબ્દ પ્રસ્તુતના આધારે બહારથી લાવેલો જાણવો. અને તે લાવવો પડે એમ છે કેમકે બીજા અર્થમાં '**मुख**' શબ્દનો અર્થ 'મોઢું' ન કરતાં 'દ્વારા' (નામથી - બહાનાથી) અર્થ કર્યો છે. એથી પ્રશ્ન ઊભો થાય કે 'ગુરુના નામથી કોના વડે કહેવાયેલું?' એના ઉત્તરરૂપે ટીકાકારે '**अन्येन**' શબ્દ લખી દીધો.

किमर्थमेवं गुरुवचः श्रूयते? इति यो मन्यते तं प्रति तत्प्राधान्यमाह -

**जह सुरगणाण इंदो, गहगणतारागणाण जह चंदो ।**
**जह य पयाण नरिंदो, गणस्स वि गुरू तहाणंदो ।। ७ ।।**

*जह० गाहा :* **यथे**ति दृष्टान्तोपन्यासार्थः, **सुरगणानाम**मरसङ्घातानामि**न्द्रः** शक्रः, तथा **ग्रहा** मङ्गलादयो, गण्यन्ते अष्टाविंशतिसङ्ख्ययेति **गणान्यौ**चित्याद् नक्षत्राणि, बहुलवचनादल्, **ग्रहाश्च गणानि** च **ताराश्चेति** द्वन्द्वः, तासां **गणाः** समूहास्तेषां यथा **चन्द्रः**, **यथा च प्रजानां नरेन्द्रो**, **गणस्यापि** साधुसंहतिरुपस्य **गुरुः** आचार्यः **तथा**, किमित्याह - आनन्दयती**त्यानन्दः** सन्नायकत्वादाह्लादकः, यदि वाऽऽज्ञां ददातीत्या**ज्ञादः**, अनुस्वारस्यागमिकत्वात्, लब्धप्रतिष्ठत्वादादेशदाने शक्रादिवदमरादिभिरलङ्घनीयवाक्य इत्यर्थः ।। ७ ।।

**અવતરણિકા : પ્રશ્ન :** "શા માટે આ પ્રમાણે = ભક્તિથી હાથ જોડવાપૂર્વક (વિનયપૂર્વક) ગુરુનું વચન (મહાત્માઓ વડે) સંભળાય છે? (સ્વીકારાય છે?) (ન સ્વીકારે તો શું વાંધો આવે?)"

આ પ્રમાણે જે શિષ્ય માને છે તે શિષ્ય પ્રત્યે **तत्** = ગુરુની પ્રધાનતાને ગ્રંથકારશ્રી બતાડે છે :

**ગાથાર્થ :** જેમ દેવોના સમૂહને ઈન્દ્ર (આનંદ આપનાર છે), જેમ ગ્રહ, ગણ (નક્ષત્ર) અને તારાઓના સમૂહને ચંદ્ર (એ આનંદ આપનાર છે) અને જેમ રાજા એ પ્રજાજનોને (આનંદ આપનાર છે) તેમ ગણ = ગચ્છને પણ ગુરુ એ આનંદ આપનાર છે. (માટે એમનું વચન સ્વીકારવું જોઈએ) ।। ૭ ।।

**ટીકાર્થ :** ગાથામાં જે '**यथा**' શબ્દ છે તે દૃષ્ટાંતનો ઉપન્યાસ = કહેવા - જણાવવાના અર્થવાળો છે. (એટલે કે કોઈ પણ દૃષ્ટાંત શરૂ કરતાં પહેલાં આપણે 'જેમ' શબ્દ બોલીએ ત્યારબાદ સામાન્યથી દૃષ્ટાંતની શરૂઆત કરીએ તે 'જેમ' અર્થવાળો '**यथा**'શબ્દ છે. એથી)

જેમ દેવોના સમૂહને ઈન્દ્ર એટલે કે શક્ર, (આનંદ આપનાર છે) ('આનંદ' શબ્દ જે આગળ આવવાનો

છે તે અહીંયા તથા આગળ પણ બધે જોડવાનો છે કેમકે દાર્ષ્ટાન્તિકમાં જે ક્રિયાપદ સૂચક શબ્દ હોય તે સામાન્યથી દૃષ્ટાંતમાં પણ સમજવાનો હોય છે.)

તથા = અને ગ્રહો = મંગલ વિગેરે ગ્રહો,

(ગણો = ) '૨૮' એ પ્રમાણે સંખ્યા વડે જે ગણાય તે ગણો = નક્ષત્રો.

(**પ્રશ્ન :** તમે '**गण**'નો અર્થ 'નક્ષત્ર' કેવી રીતે કર્યો ? કેમકે ૨૮ સંખ્યાવાળી તો ઘણી વસ્તુઓ હોઈ શકે છે. એથી અહીં 'નક્ષત્ર' જ લેવાનો છે એ શી રીતે સમજવું ?)

**ઉત્તર :** '**नक्षत्र**' અર્થ કરવો જ ઉચિત છે માટે. અર્થાત્ અહીં જ્યોતિષીઓના ઈન્દ્ર એવા ચન્દ્રની વાત ચાલી રહી છે. એમાં જ્યોતિષના પ્રકારમાં ગ્રહ, તારા આવી ગયા માત્ર નક્ષત્ર બાકી રહી જાય છે અને સૂર્ય લઈ શકાય એમ નથી કેમકે એ પોતે જ ઈન્દ્ર હોવાથી એનો ઈન્દ્ર એ ચન્દ્ર નથી. વળી નક્ષત્રોની સંખ્યા પણ ૨૮ જ છે અને વ્યુત્પત્તિમાં પણ '૨૮'ની સંખ્યા લીધેલી છે. એથી વ્યુત્પત્તિના આધારે પણ 'ગણ' શબ્દનો અર્થ 'નક્ષત્ર' કરવો ઉચિત છે. માટે અમે એ અર્થ કર્યો છે.

('તારા' શબ્દનો અર્થ સ્પષ્ટ હોવાથી એનો અર્થ નહી કરતાં સીધો ત્રણેયનો સમાસ કરે છે.) 'ગ્રહો, ગણો = નક્ષત્રો અને તારાઓ' આ પ્રમાણે એ ત્રણેયનો દ્વન્દ્વ સમાસ થશે.

અને તે ત્રણેયના સમૂહોને ચન્દ્ર જેમ (આનંદ આપનાર છે.)

અને જેમ પ્રજાજનોને રાજા (આનંદ આપનાર છે.)

**तथा** = તેમ ગણને પણ = સાધુઓના સમુદાય સ્વરૂપ ગણને પણ, ગુરુ = આચાર્ય

**પ્રશ્ન :** આચાર્ય ગણને શું કરે ? એટલે કહે છે કે -

**ઉત્તર :** આચાર્ય એ ગણના સુંદર નાયક છે એટલે કે આશ્રિતોને પરમાનંદરૂપ મોક્ષ તરફ લઈ જનાર છે. માટે એ ગણને આનંદ આપનાર છે. ('**नायक**' શબ્દમાં '**नी**' ધાતુ હોવાથી ઉપરોક્ત અર્થ કરેલ છે.)

અથવા તો (ગાથામાં રહેલ **आणंदो** શબ્દનો 'આનંદ આપનાર' એવો એક અર્થ કર્યો હવે પ્રાકૃતનું સંસ્કૃત અનેક રીતે થઈ શકતું હોવાથી બીજી રીતે ખોલે છે.)

**आणंदो** = 'આજ્ઞાને આપે છે' માટે '**आज्ञाद**' અર્થાત્ ગુરુ એ ગણને આજ્ઞા આપનાર = કરનાર છે.

(**પ્રશ્ન :** આ બીજો અર્થ કરવામાં એક તકલીફ ઊભી થાય છે. કેમકે ગાથામાં જો '**आणदो**' આવો શબ્દ હોય તો '**आज्ञाद**' અર્થ કરી શકાય. પણ અહીં તો '**आणंदो**' શબ્દ છે તેથી બીજા અર્થમાં અનુસ્વારનું શું કરશો ?)

**ઉત્તર :** બીજો અર્થ કરતાં ગાથામાં રહેલ '**आणंदो**' શબ્દ ઉપરનો અનુસ્વાર એ અગમિક = કશું નહિં જણાવનાર = નક્કામો સમજવો માટે '**आज्ञाद**' અર્થ કરવામાં કોઈ વાંધો નથી. (પ્રાકૃતમાં આવું થઈ શકે છે કે અનુપયોગી એવાં પણ અક્ષરો, અનુસ્વારો વિગેરે કોઈક કારણસર વપરાતા હોય.)

(આ બે અર્થ જેમ ગુરુ - ગણને આશ્રયીને કર્યા તેમ આગળના ત્રણેય દૃષ્ટાંતમાં પણ સમજી લેવાના અર્થાત્ 'જેમ દેવોના સમૂહોને ઈન્દ્ર એ આજ્ઞા આપનાર છે.' વિગેરે અર્થો સમજી લેવા.)

(**પ્રશ્ન** : ગુરુ એ ગચ્છને આજ્ઞા આપનાર છે. એવું તમે કહ્યું ખરું પણ એનાથી કાંઈ ગુરુની પ્રધાનતા સિદ્ધ થતી નથી. કેમકે ઘણે ઠેકાણે ગુરુ શિષ્યને આજ્ઞા કરવા છતાં ય શિષ્યો એ માનતા નથી હોતા. તો પછી એવા ગુરુની કિંમત શું ? કે જે આજ્ઞા કરે ખરા. પણ જેનું પાલન શિષ્યો વિગેરે ન કરે ?)

**ઉત્તર** : માટે 'ગુરુ ગચ્છને આજ્ઞા આપનાર છે' એનો ભાવાર્થ બતાડે છે કે ગુરુ એ (વિશિષ્ટ પુણ્ય, વિશિષ્ટ જ્ઞાન, ગુરુદત્ત પદવી, વાત્સલ્ય પરિણામ, દેશના દક્ષતા વિગેરેને લીધે) પ્રાપ્ત કરેલી છે પ્રતિષ્ઠા = લોક માનસમાં વિશિષ્ટ સ્થાન જેમને એવા હોય છે (અર્થાત્ લબ્ધ પ્રતિષ્ઠાવાળા જ ગુરુ બની શકે) અને એવું હોવાથી (શિષ્યો વિગેરેને) આદેશ આપવામાં (આદેશ કરે ત્યારે) અલંઘનીય = નથી ઉલ્લંઘી શકાય વાક્ય = વચન જેમનું એવા હોય છે. (અર્થાત્ ગુરુગુણપૂર્વકના ગુરુનો આદેશ યોગ્ય શિષ્યો ક્યારેય ફગાવે નહિ. એનું પાલન કરે જ. એમાં ગુરુની વિશિષ્ટતા એ શિષ્યોને આજ્ઞા પાલનમાં સહાયક બને છે. માટે આ રીતે અહીં ગુરુની પ્રધાનતા બતાડાઈ).

(**પ્રશ્ન** : કોની જેમ ગુરુ અલંઘનીય વાક્યવાળા બને ?)

**ઉત્તર** : શક્ર વિગેરે (વિગેરે = ચંદ્ર, નરેન્દ્ર) જેમ દેવો વિગેરે (વિગેરે = ગ્રહ, ગણ, તારા, પ્રજા) વડે અલંઘનીય વાક્યવાળા હોય છે. તેમ ગુરુ ભગવંત પણ શિષ્યો વડે અલંઘનીય વાક્યવાળા હોય છે. (અર્થાત્ જ્યારે ઈન્દ્ર વિગેરે આદેશ કરે ત્યારે દેવો વિગેરે એ અવશ્ય માનવું જ પડે અથવા તો ઈન્દ્ર વિગેરે ના પુણ્ય-સ્થાનના પ્રભાવથી તેના આદેશને દેવો વિગેરે આપમેલે માની જ જાય. તેમ અહીં પણ ગુરુ માટે સમજવું.) ।। ૭ ।।

**વિશેષાર્થ** : (૧) **પ્રશ્ન** : તમે ટીકાર્થમાં ટીકામાં રહેલ '**बहुलवचनादन्**' આ વ્યાકરણના સૂત્રનો અર્થ તો કર્યો નહિ ?

**ઉત્તર** : આ વ્યાકરણના સૂત્રનો અર્થ ટીકાર્થ દરમ્યાન કરવા જતાં મૂળ વાત ફંટાઈ જાય માટે ત્યાં ન કર્યો. બીજુ વળી અમે વ્યાકરણના જાણકાર નથી માટે પણ કર્યો નથી. પણ છતાં પ્રસ્તુત પદાર્થમાં જરાય અધુરપ નહિ અનુભવાય.

(૨) **પ્રશ્ન** : 'ગુરુ'નો અર્થ 'આચાર્ય' જ કેમ કર્યો ? કેમકે 'ગુરુ' તરીકે તો મુનિ વિગેરે પણ હોઈ શકે છે ?

**ઉત્તર** : એવો ખ્યાલ છે કે મૂળ પરંપરામાં સામાન્યથી આચાર્ય ભગવંત જ 'ગુરુ' તરીકે બનતાં અને આખો ગચ્છ એમની નિશ્રામાં જ ગણાય, પણ 'મુનિ' વિગેરે સાધુ ભગવંતની નિશ્રામાં સામાન્યથી ગચ્છ ન હોય માટે પ્રધાનતાને આશ્રયીને 'ગુરુ' તરીકે અહિં 'આચાર્ય' દર્શાવાયા છે.

तदेवमपि स्थिते जन्मपर्यायाभ्यां लघुतरं गुरुं मत्वा मन्दबुद्धिर्यः परिभवेत्तदनुशास्तिं दृष्टान्तेनाह—

**बालो त्ति महीपालो, न पया परिहवइ एस गुरुउवमा ।**
**जं वा पुरओ काउं, विहरंति मुणी तहा सो वि ।। ८ ।।**

*बालो त्ति० गाहा :* **महीपालो** राजा **बालः** शिशु**रिति** मत्वा **न प्रजा** तदनुचरलोकस्तं **परिभवति** न्यक्करोति। **एषै**वंरूपा गुरोराचार्यस्योपमा **गुरूपमा ।** आस्तां तावदाचार्यो **यं वा** सामान्यसाधुमपि वयःपर्यायाभ्यां हीनमपि गीतार्थतया प्रदीपकल्पं **पुरतः कृत्वा** अग्रतो विधाय गुरुत्वेन गृहीत्वेति भावः, **विहरन्त्य**प्रतिबद्धतया **मुनयः** साधवः **तथा सोऽपि** गुरुरिव महीपालवद् वा तैर्न परिभवनीयः, तत्परिभवे दुस्तरभवदण्डप्राप्तेरित्याकूतम् ॥ ८ ॥

**અવતરણિકા :** તે આ પ્રમાણે સ્થિત હોતે છતે પણ એટલે કે ગુરુ એ પ્રધાન હોવા છતાં પણ ગુરુને ઉંમર તથા દીક્ષાપર્યાય વડે (પોતાના કરતાં) નાના માનીને જે મન્દબુદ્ધિવાળો શિષ્ય તેવા ગુરુનો પરિભવ = તિરસ્કાર કરે છે. તેને દૃષ્ટાંત દ્વારા અનુશાસ્તિ = હિતશિક્ષા આપે છે :

**ગાથાર્થ :** જેમ 'રાજા તો બાળ = નાનો છે' એ પ્રમાણે (વિચારીને) પ્રજા (એ બાળરાજાનો) તિરસ્કાર કરતી નથી (પણ 'અમારો આ રાજા છે' એમ વિચારી એમનો પૂર્ણપણે આદર સત્કાર કરે છે) આ ઉપમા આચાર્યને વિષે સમજવી અથવા તો જેને આગળ કરીને (જેની નિશ્રાએ રહીને) મુનિઓ વિચરે છે તે પણ તે પ્રમાણે = પરિભવ કરવા યોગ્ય નથી. ।।૮।।

**ટીકાર્થ :** 'રાજા બાળ છે' એ પ્રમાણે માનીને પ્રજા = રાજાને અનુસરનાર લોક તેને = તે બાળ રાજાને તિરસ્કારતી નથી (ઉલટું 'રક્ષક' માનીને આદર સત્કાર કરે છે.)

આ = આવા પ્રકારના સ્વરૂપવાળી એટલે કે 'પ્રજાનું બાળરાજાને નહિં તિરસ્કારવા રૂપ' પ્રકારવાળી ગુરુ = આચાર્યની ઉપમા છે. અર્થાત્ જેમ રાજા બાળ હોવા છતાં પ્રજા એને સ્વીકારે - સત્કારે છે તેમ ગુરુ ઉંમર કે દીક્ષાપર્યાય વડે નાના હોવા છતાં પણ શિષ્યોવડે સ્વીકારવા, સત્કારવા યોગ્ય છે.

(કોક વાર એવું પણ બને કે ગુરુ = આચાર્યની જગ્યાએ બીજા કોઈ ગીતાર્થ - સંવિગ્નની નિશ્રામાં રહેવાનું બને તો ત્યારે કોને સ્વીકારવા - સત્કારવા ? એ પ્રશ્નના ઉત્તર રૂપે હવે પછીનો ઉત્તરાર્ધ કહેવાય છે કે)

આચાર્ય તો દૂર રહો (અર્થાત્ એ તો વિશિષ્ટ પ્રતિભાસંપન્ન હોવાથી એમની નિશ્રાએ રહેનારા એમની વાત હજુ સ્વીકારી પણ લે. પરંતુ)—

(અથવા) જેને = સામાન્ય સાધુને પણ = આચાર્ય સિવાયના સાધુને પણ (કેવા ?= ) ઉંમર અને દીક્ષા પર્યાય વડે નાના એવા મહાત્માને પણ માત્ર એક ગીતાર્થ હોવાને લીધે જે પ્રદીપ = દીવા સમાન છે અર્થાત્ દીવાની જેમ સ્વ-પર પ્રકાશક છે. તે સામાન્ય સાધુને પણ આગળ કરીને અર્થાત્ ગુરુ તરીકે માનીને,

અપ્રતિબદ્ધપણે વિચરે છે.

(કોણ ? = )

મુનિઓ એટલે કે સાધુઓ,

તે પણ = ગીતાર્થ એવા નાના, સામાન્ય સાધુ પણ ગુરુ = આચાર્યની જેમ અથવા મહીપાલ = રાજાની જેમ તેઓવડે = સાધુઓવડે પરિભવ = તિરસ્કાર કરવા યોગ્ય નથી. (પણ સ્વીકાર, સત્કાર કરવા યોગ્ય છે.)

(**પ્રશ્ન :** કેમ એમના સ્વીકાર, સત્કાર વિગેરે કરવા જોઈએ, એ કાંઈ થોડીના આચાર્ય છે, એ તો માત્ર સામાન્યમુનિ જ છેને ?)

**ઉત્તર :** (એઓ ભલે આચાર્ય વિગેરે પદવી ધારી ન હોય પણ તેઓ ગીતાર્થ છે અને ગીતાર્થ હોવાથી એઓ સ્વ-પર પ્રકાશક એવા દીપક સમાન છે એટલે કે એઓ પોતાનું તથા એમની નિશ્રામાં આવનાર બીજાનું પણ કલ્યાણ કરવા સમર્થ છે આવું હોવાથી તેવા) તે મહાત્માનો = સામાન્ય સાધુનો પણ પરિભવ = તિરસ્કાર, અસ્વીકાર કરાયે છતે દુ:ખેથી તરી શકાય એવા સંસારરૂપી દંડની = નુકસાનની પ્રાપ્તિ થાય છે અને એ પ્રાપ્તિ થતી હોવાથી અત્રે 'તેઓ આચાર્ય વિગેરેની જેમ સાધુઓ વડે પરિભવ કરવા યોગ્ય નથી' એમ કહ્યું છે. આ પ્રમાણે '**आकूतं**' = વિચારાયેલું છે અર્થાત્ ભાવાર્થ છે. ।। ૮ ।।

**વિશેષાર્થ :** (૧) **दण्डः = दण्ड्यन्ते अस्मिन् वर्तमाना जीवाः शीतोष्णादिदुःखैः इति.'** અર્થાત્ 'આમાં વર્તતા જીવો શીત, ઉષ્ણ વિગેરે દુ:ખો વડે દંડાય છે = પીડાય છે તે દંડ' આ પ્રમાણેની '**दण्ड**' શબ્દની વ્યુત્પત્તિ છે અને ભવમાં = સંસારમાં જીવો દુ:ખોથી પીડિત થતાં જ હોય છે માટે 'ભવ રૂપી દંડ' એવો અર્થ કર્યો છે.

તદિયતા વિનેયસ્યોપદેશો દત્તઃ, અધુના ગુરોઃ સ્વરૂપમાહ-

**पडिरूवो तेयस्सी, जुगप्पहाणागमो महुरवक्को ।**
**गंभीरो धिइमंतो उवएसपरो य आयरिओ ।। ९ ।।**

**अपरिस्सावी सोमो, संगहसीलो अभिग्गहमईओ ।**
**अविकत्थणो अचवलो पसंतहियओ गुरू होई ।। १० ।।**

***पडिरूवो० गाहा, अपरिस्सावी० गाहा :*** प्रतिनियतं विशिष्टाऽवयवरचनया रूपं यस्य स **प्रतिरूपः** प्रतिविभक्ताङ्गः, अनेन शरीरसम्पदमाह। प्रधानगुणयोगितया वा तद्गोचरबुद्धिजनकत्वात्तीर्थकरादीनां **प्रतिरूप :** प्रतिबिम्बाकारः, **तेजस्वी** दीप्तिमान्। **युगं** वर्तमानकालस्तस्मिन् **प्रधानः** शेषजनापेक्षयोत्कृष्टः, बहुत्वाद**आगमः** श्रुतं यस्यासौ **युगप्रधानागमः, मधुरवाक्यः** पेशलवचनः, **गम्भीरो**ऽतुच्छः, परैरलब्धमध्य इत्यर्थः। **धृतिमान्नि**ष्प्रकम्पचित्तः, **उपदेशपरः** सद्वचनैर्मार्गप्रवर्तकः, चशब्दः समुच्चये, आचार्यो भवतीति

क्रिया। तथा **अप्रतिस्रावी** निश्छिद्रशैलभाजनवत् परकथितात्मगुह्यजलाऽप्रतिस्रवणशीलः, **सौम्यो** मूर्तिमात्रेणैवाह्लादसम्पादकः, **सङ्ग्रहशील**स्तद्गुणानपेक्ष्य शिष्यवस्त्रपात्राद्यादानतत्परः, तथाविधस्य गणवृद्धिहेतुत्वात् । अभिग्रहा द्रव्यादिषु नानारूपा नियमाः तेषु स्वपरविषये मतिस्तद्ग्रहणग्राहणपरिणामो यस्यासौ **अभिग्रहमतिकः**, **अविकत्थनो**ऽबहुभाषी, अनात्मश्लाघापरो वा, **अचपलः** स्थिरस्वभावः, **प्रशान्तहृदयः** क्रोधाद्यस्पृष्टचित्तः, एवम्भूतो **गुरुर्गुणैः** सारो **भवत्या**चार्य इति वर्तते ॥ ९-१० ॥

**અવતરણિકા :** તે આટલા વડે = અત્યાર સુધીના નિરૂપણો વડે વિનેયને = શિષ્યને (તપ, નિષ્પ્રકંપતા, વિનય વિગેરેનો) ઉપદેશ અપાયો. હવે ગુરુના સ્વરૂપને કહે છે :

**ગાથાર્થ :** પ્રતિરૂપ = જે અંગો શરીરમાં જ્યાં હોવા જોઈએ તે ત્યાં જ વિશિષ્ટ રીતે રચાયેલા હોય, તેજસ્વી, યુગને વિષે પ્રધાન છે આગમ = શ્રુતજ્ઞાન જેમનું એવા, વળી મધુરવાક્યવાળા, ગંભીર, ધૃતિમાન્ = ધીરજવાળા, અને ઉપદેશમાં તત્પર આચાર્ય (હોય છે. ) ।। ૯ ।।

**ગાથાર્થ :** અપ્રતિસ્રાવી = કોઈની ગુપ્ત વાત કોઈને પણ નહિ કહેનાર, સૌમ્ય, સંગ્રહશીલ, અભિગ્રહોને વિષે મતિવાળા, અવિકત્થન = વાચાળ, સ્વપ્રશંસાકારી ન હોય, વળી અચપલ = ચંચળ ન હોય, પ્રશાન્ત હૃદયવાળા, ગુરુ = ગુણો વડે પ્રધાન (એવા આચાર્ય) હોય છે. ।। ૧૦ ।। (આ બંન્ને ગાથામાં બધા વિશેષણો '**आचार्य**' શબ્દના જાણવા.)

**ટીકાર્થ : (૧) प्रतिरुपः** = પ્રતિ = પ્રતિનિયત = ચોક્કસ પ્રકારનું એટલે કે વિશિષ્ટ એવા આંખ, કાન, નાક વિગેરે અવયવોની રચના (એમના શરીરને વિષે) હોવાને લીધે ચોક્કસ પ્રકારનું (અર્થાત્ વિશિષ્ટ) છે રૂપ = શરીરની આકૃતિ જેમની તે પ્રતિરૂપ કહેવાય એટલે કે ચોક્કસ પ્રકારે = વ્યવસ્થિત રીતે ગોઠવાયેલ અંગ વાળા,

આ 'પ્રતિરૂપ' વિશેષણ વડે ગુરુની શરીર સંબંધી સંપત્તિને કહી દીધી.

અથવા તો 'પ્રતિરૂપ' શબ્દનો બીજો અર્થ કરે છે :

(આચાર્ય એ) પ્રધાન = શ્રેષ્ઠ એવા (દેશના દક્ષતા, જ્ઞાન, પ્રતિભાસંપન્નતા, પુણ્યશાલિતા વિગેરે) ગુણોના યોગ = સંબંધવાળા હોય છે. એટલે કે આચાર્ય એ શ્રેષ્ઠ ગુણોવાળા હોય છે અને એવું હોવાને લીધે એઓ

**तत्** = તીર્થંકર વિગેરે (ગણધર વિ.) વિષયક - બુદ્ધિને ઉત્પન્ન કરનાર છે (અર્થાત્ 'આ મહાત્મા તો તીર્થંકર વિગેરે જેવા લાગે છે' આવી તીર્થંકર વિગેરે વિષયક બુદ્ધિ એમને જોઈને ઉત્પન્ન થાય છે.) અને એવું હોવાથી તેઓ તીર્થંકર વિગેરે ના પ્રતિરૂપ = પ્રતિબિંબ આકાર છે, માટે પ્રતિરૂપ = તીર્થંકર વિગેરે જેવા,

(૨) **तेजस्वी** = દીપ્તિ-આભાવાળા,

(૩) **युग** = વર્તમાનકાળ, તેમાં = તે વર્તમાનકાળમાં **प्रधान** એટલે કે શેષ = એમના સિવાયના

બાકીના લોકોની (લોકોના શ્રુતજ્ઞાનની) અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે **आगम** = શ્રુતજ્ઞાન જેમનું એવા યુગમાં શ્રેષ્ઠ આગમ વાળા,

(**પ્રશ્ન :** આચાર્યનું શ્રુતજ્ઞાન લો કે બાકીના લોકોનું શ્રુતજ્ઞાન લો બંને શ્રુતજ્ઞાનની અપેક્ષાએ તો સમાન છે તો પછી તમે આચાર્યના શ્રુતજ્ઞાનને કઈ અપેક્ષાએ ઉત્કૃષ્ટ કહો છો ?)

**ઉત્તર :** બાકીના શ્રુતજ્ઞાનીઓ કરતાં આચાર્યનું શ્રુતજ્ઞાન બહુ = ઘણું હોય છે (ભણાઈ ચૂકેલા ગ્રંથોની સંખ્યા તથા ઉંડાણ બંને અપેક્ષાએ ઘણું હોય છે.) માટે એઓનું શ્રુત જ્ઞાન 'ઉત્કૃષ્ટ' કહેલ છે.

(૪) **मधुरः** = પેશલ = મનોહર છે વચનો જેમના એવા,

(૫) **गंभीरः** = તુચ્છતા વગરના એટલે કે બીજાઓ વડે નથી મેળવાયેલો (હૃદયનો) મધ્યભાગ જેમનો એવા, (સંઘ, સમુદાય, શરીર વિ.ના ગમે તેવા વિકટ પ્રશ્નોમાં કે સારા પ્રસંગોમાં જેમની મુખની રેખાઓમાં બહુ ઝાઝો ફેરફાર ન થાય અને માટે જ એવી પરિસ્થિતિમાં પણ જેમના મનના વિચારો બીજા લોકો ન જાણી શકે એવા,)

(૬) **धृतिमान्** = નિષ્પ્રકંપ = અડગ છે ચિત્ત = મન જેમનું એવા, (આપત્તિઓમાં ડગે નહિ એવા મનવાળા) અને

(૭) **उपदेशपरः** = (શિષ્યો વગેરેને) સત્ = સુંદર (શાસ્ત્રાનુસારી) વચનો વડે રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગમાં પ્રવર્તાવનારા આચાર્ય હોય છે.

'**भवति**' આ પ્રમાણેની ક્રિયા પ્રસ્તુતના આધારે સમજી લેવાની છે.

ગાથામાં જે '**य**' = '**च**' શબ્દ છે તે સમુચ્ચય = બધા વિશેષણોને એકઠા કરવાના અર્થમાં છે અને આ અર્થ અમે ટીકાર્થમાં 'અને' શબ્દનો ઉલ્લેખ કરવા દ્વારા જણાવી દીધો છે.

તથા (૮) **अप्रतिस्रावी** એટલે કે કાણાં વગરનું અને પત્થરનું ભાજન = વાસણ જેમ જરાય પાણી ઝરવાના સ્વભાવવાળુ નથી હોતું (અર્થાત્ એમાંથી પાણી જરાય ન ઝરે) તેમ બીજાવડે (વિશ્વાસથી) કહેવાયેલ પોતાની ગુહ્ય = ગુપ્ત વાત વિગેરે રૂપી જલ = પાણીને નહિ ઝરવાના સ્વભાવવાળા (અર્થાત્ બીજાની ગુપ્ત વાત કોઈને પણ ન કહેનારા),

(૯) **सौम्यः** = મૂર્તિ = શરીર માત્ર વડે જ (અર્થાત્ માત્ર હાજરી = અસ્તિત્વ વડે જ) (બીજાઓને) આહ્લાદ = ટાઢક, પ્રસન્નતા વિગેરેને ઉત્પન્ન કરનાર એવા,

(૧૦) **संग्रहशीलः** એટલે કે તેના = શિષ્ય, વસ્ત્રવિ. તે તે વસ્તુના ગુણોને અપેક્ષીને = આશ્રયીને (અર્થાત્ જે પણ શિષ્ય, વસ્ત્ર વિગેરે વસ્તુ સ્વીકારવાની હોય તે વસ્તુની ગુણવત્તાનો નિર્ણય કરવાપૂર્વક) શિષ્ય, વસ્ત્ર, પાત્રા વિગેરે વસ્તુઓને આદાન = ગ્રહણ = સ્વીકાર કરવામાં તત્પર એવા,

(**પ્રશ્ન :** અપ્રતિસ્રાવી વિ. જે વિશેષણો કહ્યા એ બરાબર હતાં કેમકે એમાં આચાર્યની ગુણવત્તા બતાડવામાં આવી છે જ્યારે 'સંગ્રહશીલ' એ કાંઈ આંતરિક ગુણવત્તાનું સ્વરૂપ નથી એ તો ભૌતિક = બાહ્ય, પુણ્યોદયજન્ય વિશિષ્ટતા છે તો એ શા માટે અહીં દર્શાવેલ છે ?)

**ઉત્તર :** તથાવિધ = સંગ્રહશીલ આચાર્ય એ ગણ = ગચ્છ = સમુદાયની વૃદ્ધિના કારણ છે માટે આ વિશેષણ દર્શાવેલ છે. (અર્થાત્ આચાર્ય = ગણનાયક ગણાય અને જો ગણ જ ન હોય તો પછી આચાર્ય કોના ? માટે ગણ હોવો આવશ્યક છે અને એ જેટલો વધુ હોય તેટલી આચાર્યની વિશિષ્ટતા વધુ ગણાય અને એ ગણની વૃદ્ધિ સંગ્રહશીલતાને લીધે થાય છે. માટે 'સંગ્રહશીલ' ગુણ પુણ્યોદયજન્ય હોવા છતાં એ 'આચાર્યત્વને' સ્થાપિત કરનાર હોવાથી લખેલ છે.

(**પ્રશ્ન :** 'સંગ્રહશીલતા' શિષ્યો સંબંધી હોય તે હજુ સમજ્યા કેમકે શિષ્યોના સંગ્રહથી ગણ વૃદ્ધિ ને પામે પણ વસ્ત્ર, પાત્ર વિગેરેના પણ સંગ્રહશીલ તરીકે આચાર્ય ભગવંતને વિશેષિત કરવાનું શું કામ ? એઓ કાંઈ થોડી વસ્ત્ર, પાત્ર વિગેરે શોધવા જવાના ?

**ઉત્તર :** શિષ્યો વસ્ત્ર, પાત્ર, ભોજન વિગેરે બાહ્ય આધાર વગર ટકી ન શકે અને એમની સંખ્યા વધી પણ ન શકે માટે એ બધાની પણ સંગ્રહશીલતા આચાર્યશ્રીમાં જોઈએ. વળી તમારી એ વાત સાચી કે 'એઓ પોતે તો નથી લેવા જવાના.' પણ એમનો પુણ્યપ્રભાવ જ એવો વિશિષ્ટ હોય કે જેના પ્રભાવે એ ગામ વિગેરેમાં ગવેષણા કરતાં એવા મહાત્માઓને સહજતાથી જ નિર્દોષ સામગ્રી પૂરતાં પ્રમાણમાં મળી રહે માટે સરવાળે એમ કહેવાય કે આચાર્યશ્રી પોતે વસ્ત્ર વિગેરેના સંગ્રહશીલ હોય. અહીં આટલો ખુલાસો જાણી લેવો કે 'સંગ્રહશીલ આચાર્ય હોય' એટલે 'નાહકના પોટલાઓનો પરિગ્રહ કરનારા આચાર્ય હોય' આવો અર્થ ન સમજવો પણ 'ગચ્છને જરૂરિયાત પૂરતી સામગ્રીનો સંગ્રહ કરનારા અને જ્યારે જે વસ્તુની જરૂર પડે ત્યારે તે વસ્તુને પોતાના પુણ્યપ્રભાવથી પ્રાપ્ત કરાવી આપનારા આચાર્યશ્રી હોય' આ પ્રમાણે અર્થ કરવો.) (હવે મૂળ પંક્તિઓના અર્થ પર આવીએ.)

(૧૧) **अभिग्रहमतिकः** = અભિગ્રહો = દ્રવ્ય વિગેરેને વિષે (વિગેરેથી ક્ષેત્ર, કાળ, ભાવ જાણવા) અનેક પ્રકારના નિયમો,

તે નિયમોને વિષે મતિ છે જેમની એવા તે = અભિગ્રહોને વિષે મતિવાળા,

અહીંયા મતિ એટલે 'સ્વવિષયમાં = પોતાના સંબંધી તે = નિયમોને ગ્રહણ કરવાનો પરિણામ અને પરના વિષયમાં તે = નિયમોને ગ્રહણ કરાવવાનો પરિણામ.' એમ બે પ્રકારની જાણવી.

(અર્થાત્ આચાર્યશ્રી પોતે પણ નિયમો લેવાની ઈચ્છાવાળા હોય અને આશ્રિત ગણને પણ વાત્સલ્યભાવથી, હિતબુદ્ધિથી નિયમો લેવરાવવાની ઈચ્છાવાળા હોય.)

(૧૨) **अविकत्थनः** = ઘણું બોલ-બોલ કરનારા ન હોય, કારણસર, થોડુંક બોલનારા હોય અથવા પોતાની શ્લાઘા = વખાણ, વાહ-વાહમાં (કરવા - કરાવવામાં) તત્પર ન હોય, (આત્મપ્રશંસક ન હોય.)

(૧૩) **अचपलः** = સ્થિર છે સ્વભાવ જેમનો એવા, (વિહાર વિગેરે કોઈ પણ કાર્ય વખતે જેમના સ્વભાવમાં ઉતાવળીયાપણું ન આવતું હોય એવા,) (હા ! પ્રમાદને અટકાવવા બહારથી ઉતાવળ કરે ખરી.)

(૧૪) **प्रशान्तहृदयः** = ક્રોધ વિગેરે (વિગેરેથી માન, માયા, લોભ, હાસ્ય, શોક વિગેરે જાણવા)થી

નથી સ્પર્શાયેલુ ચિત્ત જેમનું એવા, (શિષ્યો વિગેરે ક્યારેક ભૂલ કરી બેસે ત્યારે વાણીમાં ક્રોધ દેખાય પણ ખરો, ઉંચા આસને બેસવું વિગેરે પરિસ્થિતિ વખતે એમનામાં બાહ્યથી અહંકાર દેખાય પણ ખરો છતાં જેમનું ચિત્ત એ બધાને જરાય સ્પર્શતુ ન હોય, અર્થાત્ જીભમાં ક્રોધ ખરો પણ હૃદયમાં એ શિષ્યો વિગેરે પ્રત્યે ભરપૂર વાત્સલ્ય જ હોય વિગેરે દરેક દોષ અંગે વિચારી લેવું.)

આવા પ્રકારના = ઉપર કહેવાયેલા ગુણોવાળા (માટે જ ) ગુરુ = ગુણોવડે પ્રધાન, શ્રેષ્ઠ એવા આચાર્ય હોય છે.

(**પ્રશ્ન :** 'આચાર્ય' શબ્દ તો ગાથામાં લખ્યો નથી તો ક્યાંથી લાવ્યા ?)

**ઉત્તર :** આગળની ૯મી ગાથામાં જે 'આચાર્ય' શબ્દ વપરાયો છે એ આ ગાથામાં પણ વર્તે છે (લેવાનો છે.) ।। ૯-૧૦ ।।

**વિશેષાર્થ :** (૧) છેલ્લા બે વિશેષણોનો જે ભાવાર્થ ટીકાર્થમાં લખ્યો છે તે 'સ્વભાવ' અને 'હૃદય' શબ્દના આધારે. એ શબ્દો દ્વારા સ્પષ્ટ જણાય છે કે આચાર્યશ્રીની પ્રવૃત્તિમાં પરિસ્થિતિને લીધે ઉતાવળ, ક્રોધ વિગેરે દેખાય પણ ખરું પણ મનથી એઓ દરેક વખતે નિરાળા હોય છે અને આપણા જેવાઓએ એમનું નિરાળાપણુ જાણવું હોય તો સામાન્યથી એઓશ્રીની આગળ પાછળની અવસ્થા નિહાળવી. જે શિષ્ય પર કારણસર ક્રોધ કર્યો હોય એ જ શિષ્ય સાથે થોડીક ક્ષણો બાદ હળવાશથી વાતો ચાલતી હોય, એ શિષ્યે તરત જ કોઈ સારુ કાર્ય કર્યું હોય તો આચાર્યશ્રીને ખ્યાલ આવતાં અને ઉપબૃંહણા કરવા જેવી લાગતા એઓ ઉપબૃંહણા કર્યા વગર રહે નહીં આવી વર્તણૂકો એમના હાર્દિક ક્રોધના અભાવને સ્પષ્ટપણે જણાવી દેશે. આ સિવાયના પણ માનાદિના પ્રસંગોમાં આ પ્રમાણે વિચારી લેવું.

(આ વિશેષાર્થમાં ગાથા-ટીકાના શબ્દોને આધારે કેવી રીતે ભાવાર્થ કાઢવો એ જણાવ્યું છે. આ રીતે દરેક સ્થળે લક્ષ્ય કેળવીને શબ્દો તરફ ધ્યાન કેન્દ્રિત કરીને તાત્પર્ય સુધી પહોંચવા પ્રવૃત્ત થવું જોઈએ.)

(૨) '**एवम्भूत**' શબ્દ આચાર્યના વિશેષણ તરીકે મૂકાયેલો છે એનો અર્થ ઉપર ટીકાર્થમાં કર્યો એ પ્રમાણે જ કરવો પણ ભૂલે ચૂકે 'આવા પ્રકારના ગુરુ = ગુણો વડે પ્રધાન' આવો અર્થ ન કરવો કેમકે આ અર્થમાં 'આવા પ્રકારના' શબ્દનો અન્વય 'ગુણો' સાથે થઈ જાય છે જે ખોટો છે, કારણ કે '**एवम्भूतः**' પ્રથમા એક વચનમાં છે જ્યારે '**गुणैः**' તૃતીયા બહુ વચનમાં છે માટે આ ઉપયોગ ખાસ રાખવો.

किमर्थमियान् गुणगणो गुरोर्मृग्यत इत्याह–

**कइया वि जिणवरिंदा, पत्ता अयरामरं पहं दाउं ।**
**आयरिएहिं पवयणं, धारिज्जइ संपयं सयलं ।। ११ ।।**

***कइया० गाहा :*** **कदापि** कस्मिन्नपि काले **जिनवरेन्द्राः पथं** ज्ञानाद्यात्मकं मार्गं **दत्त्वा** भव्येभ्यः,

**अजरामरं** जरामरणरहितं मोक्षं **प्राप्ता** भवन्ति, ततश्च तत्काले तदनुभावादेव प्रवचनं मर्यादावर्ति वर्तेत। तद्विरहे पुन**राचार्यैः प्रवचनं** तीर्थं चातुर्वर्णसङ्घरूपमागमरूपं च, **साम्प्रतं** युक्तमनुच्छृङ्खलं मर्यादावर्त्यविस्मृतं च **सकलं** सविज्ञानं सम्पूर्णं च **धार्यते** ध्रियते, अविच्युत्या स्मर्यते च, न च गुणविकलैरिदं कर्तुं शक्यम्, अतस्तदन्वेषणं युक्तमिति ॥ ११ ॥

**અવતરણિકા : પ્રશ્ન :** (વિનય કરવા માટે ગુરુ જોઈએ એ વાત બરાબર પણ એ) ગુરુના આટલો બધો ગુણોનો સમૂહ શા માટે શોધાય છે ? = જોવા માટે પ્રયત્ન કરાય છે ? એથી કહે છે કે :

**ગાથાર્થ :** કોઈક કાળે જિનવરેન્દ્રો = તીર્થંકર ભગવંતો મોક્ષમાર્ગને આપીને (બતાડીને) અજરામર મોક્ષને પામી ગયા. (તેમના અભાવમાં) વળી આચાર્યો વડે સકલ અને સાંપ્રત એવું પ્રવચન ધારણ કરાય છે. (માટે આચાર્યશ્રી તીર્થંકર સમાન સ્થાને બિરાજમાન હોવાથી એમનામાં આટલા બધા ગુણોની શોધખોળ કરાય છે.) ।।૧૧।।

**ટીકાર્થ :** કોઈક કાળે (તે તે કાળે એટલે કે ત્રીજા-ચોથા આરામાં) જિનવરેન્દ્રો = જિનવરો = કેવલી ભગવંતો, તેઓને વિષે ઈન્દ્ર સમાન = સર્વશ્રેષ્ઠ અર્થાત્ તીર્થંકર ભગવંતો,

પથ = જ્ઞાનાદિ ('આદિ'થી દર્શન, ચરિત્ર લેવા) રૂપ (મોક્ષના) માર્ગને ભવ્ય જીવોને આપીને = બતાડીને અજરામર = જરા એટલે ઘડપણ અને મરણ = મૃત્યુ, એ બન્નેયથી રહિત એવા મોક્ષને પામેલા હોય છે. (આવુ કહીને ગ્રંથકારશ્રી શું કહેવા માંગે છે એ વાત ટીકાકારશ્રી બતાડતાં કહે છે કે :)

અને તેથી તેમના કાળમાં તેમના (તીર્થંકરના) પ્રભાવથી જ પ્રવચન (પ્રવચનનો અર્થ નીચે કરવામાં આવશે.) એ મર્યાદામાં વર્તનારુ = રહેનારુ બને (રહે) (અર્થાત્ શાસન એમના સમય દરમ્યાન સુવ્યવસ્થિત રીતે સંગઠિત થઈને ચાલ્યા કરે. એમાં નૂતન જીવોનો પ્રવેશ થયા કરે એમાં આશ્ચર્ય નથી.)

(પણ) તેમના = તીર્થંકર ભગવંતોના વિરહમાં = ગેરહાજરીમાં વળી આચાર્ય ભગવંતો વડે પ્રવચન એટલે કે તીર્થ = ચાર છે વિભાગ જેના એવા સંઘરૂપ અને આગમરૂપ એવુ તીર્થ (પ્રવચન),

સાંપ્રત એટલે કે યોગ્ય છતું = અનુચ્છૃંખલ છતું, મર્યાદામાં રહેનારુ છતું, એટલે કે નહિ ભૂલાયેલુ છતું (ધારણ કરાય છે અને નિરન્તરપણે સ્મરણ કરાય છે.)

(અને) સકલ છતુ એટલે કે વિજ્ઞાન = વિશિષ્ટજ્ઞાન સહિતનું છતું અને સંપૂર્ણ છતું ( તે તે કાળે ઉપયોગી જેટલું હોવું જોઈએ તેટલુ સઘળુય છતું)

ધારણ કરાય છે અને અવિચ્યુતિ વડે = નિરન્તરપણે સ્મરણ કરાય છે.

('**प्रवचन**' શબ્દથી માંડીને '**स्मर्यते च**' સુધીનો સ્પષ્ટ અર્થ વિશેષાર્થમાં જણાવશું.) અને આ એટલે કે પ્રવચનનું ધારણ અને સ્મરણરૂપ ઉપર કહેલ કાર્ય,

(આગળની ગાથામાં કહેવાયેલા) ગુણોથી રહિત એવા વ્યક્તિઓવડે કરવું શક્ય નથી. આથી તેનું = ગુણોના સમૂહનું (ગુરુને વિષે) અન્વેષણ = શોધખોળ કરવી યોગ્ય છે. ।। ૧૧ ।।

**વિશેષાર્થ :** (૧) ગાથામાં રહેલ '**प्रवचन**' શબ્દનો અર્થ '**तीर्थ**' કર્યો અને પછી એ તીર્થના બે અર્થ કર્યા (૧) ચતુર્વિધ સંઘ અને (૨) આગમ (દ્વાદશાંગી). કેમકે આગમમાં '**तित्थ**' શબ્દના આવા અર્થો કરેલા છે. તે આગમપાઠ આ પ્રમાણે છે : '**तित्थं पुण चाउवण्णसमणसंघो दुवालसंगं वा ।**' એથી પ્રવચનનો પહેલા 'તીર્થ' અર્થ કરીને પછી એના બે અર્થ ખોલ્યા.

હવે આ જે બે અર્થો છે એને લક્ષ્યમાં રાખીને જ '**सांप्रत**' અને '**सकल**' શબ્દો જે બંન્નેય '**प्रवचन**'ના વિશેષણ તરીકે છે તેને ખોલ્યા છે. અને '**धार्यते**' અને '**स्मर्यते**' એ બે ક્રિયાપદો પણ એટલે જ મૂકવામાં આવ્યા છે તેમાં પહેલાં આપણે સામાન્યથી '**सांप्रत**' અને '**सकल**' શબ્દના જે અર્થ થઈ શકે છે તે જોઈ લઈએ.

(૧) '**सांप्रत**' = યોગ્ય, અને વર્તમાનકાળ સંબંધી = હમણાંનું. (બીજા પણ અર્થો થતાં હશે પણ અહીં આ જ અર્થ ઉપયોગી છે.)

(૨) '**सकल**' = (કલ = વિજ્ઞાન, સ = સહિત) વિજ્ઞાન સહિત જે હોય તે અને સંપૂર્ણ.

હવે '**सांप्रत**' અને '**सकल**' શબ્દના ઉપર કહેલ બે અર્થને તથા બે ક્રિયાપદને પ્રવચન = તીર્થના બે અર્થ સાથે જોડવાના છે. તેમાં ક્રમશઃ જોડાણ કરવાનું છે તે આ પ્રમાણે :

સૌ પ્રથમ ટીકાના શબ્દોનો અન્વય કરી લઈએ :

(૧) **प्रवचनं = तीर्थं = चातुर्वर्णसङ्घरुपं साम्प्रतं = युक्तं = अनुच्छृंखलं सकलं = सविज्ञानं, धार्यते = ध्रियते।**

(૨) **प्रवचनं = तीर्थं = आगमरुपं साम्प्रतं = मर्यादावर्ति = अविस्मृतं सकलं = सम्पूर्णं धार्यते = नैरन्तर्येण स्मर्यते।**

હવે ગુજરાતીમાં આનો અર્થ જોઈ લઈએ -

(૧) પ્રવચન = તીર્થ એટલે કે ચતુર્વિધ સંઘ એ

સાંપ્રત એટલે કે યોગ્ય છે. એટલે કે ઉચ્છૃંખલ નથી.

અને સકલ = વિજ્ઞાન સહિત છે. (કેમકે સામાન્યથી ચતુર્વિધ સંઘની વ્યક્તિઓમાં સમ્યગ્દર્શન આવશ્યક છે. અને એ સમ્યગ્ દર્શન સહિતનું જ્ઞાન એ વિજ્ઞાન કહી શકાય.) અને આવું પ્રવચન = તીર્થ = ચતુર્વિધ સંઘ ધારણ કરાય છે. (આચાર્યો વડે યોગ્ય માર્ગદર્શનાદિ દ્વારા સંચાલિત કરાય છે.)

(૨) પ્રવચન = તીર્થ એટલે કે આગમ (દ્વાદશાંગી) એ

સાંપ્રત એટલે કે (બુદ્ધિની) મર્યાદામાં વર્તનારુ એટલે કે નહિ ભૂલાયેલું છે. (સાંપ્રત શબ્દના 'હમણાનું = તાજુ' એવા અર્થથી ફલિત થતો આ અર્થ છે.)

સકલ એટલે કે (આચાર્યોને વિષે) સંપૂર્ણ છે. અને એવું પ્રવચન = તીર્થ = આગમ (દ્વાદશાંગી) નિરંતરપણે સ્મરણ કરાય છે.

આ પ્રમાણે ક્રમશઃ જ અન્વય કરવાનો છે. એનું કારણ એ છે કે પ્રવચન, સાંપ્રત વિગેરે દરેક શબ્દ ના બે અર્થ કરતી વખતે '**वा**' નથી લખ્યો પણ '**च**' લખ્યો છે. અને ક્રિયાપદ પણ બે લખ્યા છે. માટે ક્રમશઃ જોડાણ કરવાનું છે.

તदेवं शिष्यस्य विनयोपदेशो दत्तो गुरूणा चैवंविधेन भाव्यमित्युक्तम्, अधुना साध्वीरधिकृत्य विनयोपदेशः, स च साधूनामद्यदीक्षितानामपि ताभिः कार्य इति।

**अत्र कथानकम्-**

कौशाम्ब्यां नगर्यां शेडुवकनाम्ना निःस्वेन काकन्दीपुरतो वैराग्यादागतेन राजमार्गावतीर्णा गणनातिक्रान्तसाध्वीश्राविकालोकपरिकरा राजसामन्तश्रेष्ठिपौरजनपदैः पूज्यमानाऽनुगम्यमाना च तथाप्यनुत्सेकवती शमश्रीरिव मूर्तिमती वपुर्वैलक्षण्याऽपहसितामरसुन्दरीसौन्दर्या **आर्यचन्दना** ददृशे। ततः स सञ्जातकौतुकः कञ्चन वृद्धं पप्रच्छ अथ केयं भगवतीति? स प्राह - एषा **चम्पा**धिप**दधिवाहन**राजदुहिता **वसुमती** स्वगुणोपार्जित**चन्दना**भिधाना तृणवदपहाय राज्यसुखं प्रव्रजिता **वीर**स्य भगवतः प्रथमान्तेवासिनी आचार्य**सुस्थित**वन्दनार्थमुच्चलितेति। ततो भक्तिकुतूहलाभ्यामाकृष्टचित्तः स साधूपाश्रयं जगाम। **चन्दना**पि गुरुं वन्दित्वा स्वोपाश्रयमगमत्। दृष्टोऽसौ गुरुणा ज्ञानावलोकेन, लक्षिता धर्मयोग्यता, सम्भाषितो मधुरवचनैः, अस्योचितमिदमिदानीमिति भोजितः परमान्नैः, चिन्तितमनेनाऽहो! करुणापरतैषाम्, उभयलोकहितं जीवितम्, निवेद्य स्वाभिप्रायं प्रपन्नः प्रव्रज्याम्, स्थिरीकरणार्थं सुसाधुसहायः प्रहितः प्रतिश्रयं गुरुणा, तस्मिन् प्रवेश्य बहिः स्थिताः साधवः, अभ्युत्थितः सपरिकरया चन्दनया, दापितमपरिभोगमासनम्, वन्दितः सविनयम्। अत्रान्तरे तस्या उपनीतमार्यिकाभिर्विष्टरम्, नेष्टमेतया विरचितकरमुकुलया चोक्तं-किं भगवतामागमनप्रयोजनमिति? ततोऽसावहो! धर्मप्रभावो यदेवंविधापीयं ममाप्येवं वर्तते! इति सञ्चिन्त्याह-युष्मदुदन्तान्वेषणनिमित्तं गुरुभिः प्रेषितोऽहमिति स्थिरीभूतधर्माभिनिवेशो निर्गतः प्रतिश्रयात् ॥ ११ ॥

तथा चाह-

**अणुगम्मई भगवई, रायसुयज्जा सहस्सविंदेहिं ।**
**तह वि न करेई माणं, परियच्छइ तं तहा नूणं ।। १२ ।।**

**दिणदिक्खियस्स दमगस्स, अभिमुहा अज्जचंदणा अज्जा ।**
**नेच्छइ आसणगहणं, सो विणओ सव्वअज्जाणं ।। १३ ।।**

*अणुगम्मई० गाहा, दिणदिक्खियस्स० गाहा :* **अनुगम्यते भगवती राजसुता आर्या** आर्यचन्दना **वृन्दसहस्त्रैः** पूजितलोकानामिति गम्यते। वृन्दशब्दस्य परनिपातः प्राकृतत्वात्, **तथापि न करोति मानं**

गर्वम्, **परियच्छइ** त्ति **पर्यवस्यति** जानीते **तत्तथा नूनं** निश्चितं यथेदं गुणानां माहात्म्यं न ममेति। तथा **दिनदीक्षितस्य** तद्दिवसप्रव्रजितस्य **द्रमकस्य अभिमुखा**ऽभ्युत्थितेति शेषः, काऽसौ ? **आर्या** साध्वी, कतमा ? **आर्यचन्दना**, तथा **नेच्छत्यासनग्रहणं** कर्तुमिति शेषः । **स** तथाविधो **विनयःसर्वाऽऽर्याणां** साधुविषयः समस्ताभिः कार्य इति ॥ १२-१३ ॥

**અવતરણિકા :** તે આ પ્રમાણે (પાંચમી ગાથાથી માંડીને ૧૧મી ગાથા સુધીમાં શિષ્યને વિનયનો ઉપદેશ અપાયો અને 'ગુરુ વડે આવા પ્રકારના (૯-૧૦મી ગાથામાં કહેવાયેલા ગુણોવાળા) થવા યોગ્ય છે' (એટલે કે શિષ્યને જે ગુરુનો વિનય કરવાનો હોય છે તે ગુરુ પણ આવા પ્રકારના ગુણોવાળા હોવા જોઈએ.) એ વાત કહેવાઈ.

હવે સાધ્વીજી ભગવંતોને આશ્રયીને વિનયનો ઉપદેશ (ગ્રંથકારશ્રી ૧૨મી ગાથા દ્વારા આપે છે) અને તે = વિનય સાધ્વીજી ભગવંતોવડે આજે દીક્ષા લીધેલા એવા પણ સાધુ ભગવંતોનો કરવા યોગ્ય છે.

અહીં = આ વિષયમાં એટલે કે સાધ્વીજી ભગવંતના સાધુ અંગેના વિનયની જે વાત ચાલે છે તેમાં કથાનક = વાર્તા (આ પ્રમાણે છે) (અહીં વાર્તા એકદમ ટૂંકાણમાં છે અને ટૂંકાણમાં પતાવવા માટે જ સળંગ એક મોટા વાક્યરૂપે પણ ઘણો મોટો વાર્તાનો અંશ લખવામાં આવેલો છે એ વાક્યને અમે ટૂકડા પાડીને, પહેલા ક્રિયાપદ સાથે સીધો અન્વય કરીને પછી બાકીના શબ્દોના અર્થ ખોલવા વિ. પદ્ધતિથી અર્થ ખોલશું. જેથી વાર્તાસ્પષ્ટ સમજાશે. હા! વિભક્તિના અર્થો નહિ છોડવામાં આવે.)

કાંકદી નગરીમાંથી વૈરાગ્યને લીધે કૌશાંબી નગરીમાં આવેલા એવા સેડુવક નામવાળા દરિદ્ર વ્યક્તિવડે આર્યચન્દના = સાધ્વીશ્રી ચંદનબાળાજી જોવાયા.

(**પ્રશ્ન :** તે સાધ્વીજી કેવા હતાં ?) (હવે એમના બધા વિશેષણોના અર્થ કરીશું)

**ઉત્તર :** રાજમાર્ગ પર અવતરેલા (રાજમાર્ગ પરથી જતાં), ગણતરીને ઓળંગી ચૂકેલા = અસંખ્ય એવા સાધ્વી અને શ્રાવિકા લોકના પરિકરવાળા (એમનાથી યુક્ત), રાજા, સામન્ત = ખંડિયો રાજા, શ્રેષ્ઠિ, નગરના લોકો, દેશના લોકો વડે પૂજાતાં (સત્કાર કરાતાં) અને એમના વડે પાછળ પાછળ અનુસરણ કરાતાં છતાં પણ ઉત્સેક = ગર્વ વગરના, સાક્ષાત્ (મૂર્તિમતી) શમ = સમતા રૂપી લક્ષ્મી જ જાણે ન હોય એવાં, વળી શરીરની નિરૂપમતા વડે હસી કાઢેલ છે અમરસુંદરીઓનું = દેવીઓનું સૌંદર્ય જેમને એવા (સાધ્વીજી ચંદનબાળાશ્રીજી સેડુવક નામના દરિદ્ર વડે જોવાયા.)

ત્યારપછી = તે આવા વિશિષ્ટ સાધ્વીજી ભગવંતને જોયા બાદ ઉત્પન્ન થયેલું છે કૌતુક = કુતૂહલ જેને એવા તે દરિદ્ર સેડુવકે કોઈક વૃદ્ધને પૂછ્યું : ('**अथ**' શબ્દ એ પ્રશ્નનો સૂચક છે એથી 'હવેની પંક્તિ પ્રશ્નરૂપ' છે એ '**अथ**' શબ્દ જણાવે છે.) આ ભગવતી કોણ છે ? ('**इति**' શબ્દ પ્રશ્ન પૂરો થયાની જાણકારી આપે છે.) તે વૃદ્ધે કહ્યું :- આ ભગવતી ચંપાનગરીના 'દધિવાહન' નામના રાજાની દીકરી છે, (જેમનું નામ) વસુમતી છે. (પણ છતાં) પોતાના ગુણોવડે ઉપાર્જન કરાયું છે = મેળવાયું છે 'ચંદના' એ પ્રમાણેનું નામ જેમના વડે એવા આ ભગવતી છે (એટલે કે ચંદન જેમ શીતલતા વિગેરે

ગુણોવાળુ હોય છે. તેમ આ વસુમતી પણ શીતળતા વિગેરે ગુણોવાળા છે. એથી એના આધારે એમનું બીજું નામ ચન્દના પડી ગયું અને હાલ એ નામથી જ તેઓ ઓળખાય છે.)

(અને એઓ) ઘાસના તણખલાંની જેમ રાજ્યના સુખને છોડીને = ફૂંકી મારીને પ્રવ્રજિત થયેલા છતાં વીર ભગવાનના પ્રથમ શિષ્યા થયેલા છે. (અને હાલ તેઓ) સુસ્થિત નામના આચાર્ય ભગવંતને વંદન કરવા માટે જઈ રહ્યા છે.

ત્યારબાદ (આ આખો વૃત્તાંત સાંભળ્યા બાદ) ભક્તિ અને કુતૂહલવડે ખેંચાયેલ ચિત્તવાળો તે = સેડુવક સાધુ ભગવંતના ઉપાશ્રયમાં (એમની પાછળ પાછળ) ગયો. (સાધ્વીજી ભગવંતની વિશિષ્ટતા સાંભળીને સેડુવકનું ચિત્ત એમના પ્રત્યે ભક્તિવાળુ બન્યું. એથી એમની પાછળ જવાની ઈચ્છા થઈ અને "આવા વિશિષ્ટ સાધ્વીજી પણ એવા તે કેવા આચાર્યભગવંતને વંદન કરવા જતાં હશે ? કે જે એમના કરતાં પણ વિશિષ્ટ હશે. લાવ, જોવું તો ખરો" આ પ્રમાણે એનું ચિત્ત કુતૂહલવાળું બન્યુ માટે એ કારણથી ઉપાશ્રયમાં જવાની ઈચ્છા થઈ.)

સાધ્વીશ્રી ચંદનબાળાજી પણ ગુરુને વન્દન કરીને પોતાના ઉપાશ્રય તરફ (પાછા) ગયા. (અને આ બાજુ) ગુરુ વડે જ્ઞાનરૂપી પ્રકાશદ્વારા આ સેડુવક (આ સેડુવકનો આત્મા) જોવાયો. (એ સેડુવકની) ધર્મ કરવા માટેની યોગ્યતા (જ્ઞાનદ્વારા) જણાઈ, (ત્યારબાદ ગુરુ વડે) મીઠાશબ્દો દ્વારા એ બોલાવાયો. (એ દરિદ્ર હોવાને લીધે ઘણાં વખતથી ભૂખ્યો હતો એથી એને ધર્મ પ્રત્યે આવર્જિત કરવા માટે) 'આ સેડુવકને હમણાં આ = ભોજન ઉચિત છે' એમ (ગુરુએ) વિચારી તે સેડુવક પરમાન્ન વડે જમાડાયો. (ત્યારબાદ) આ સેડુવકવડે વિચારાયું કે "અહો ! આમની કરુણામાં તત્પરતા કેવી છે ? (અર્થાત્ આ ગુરુભગવંત કેવા કરુણા સભર છે ? કે જેમને મારા જેવાને પણ આવકાર્યો અને મિષ્ટ ભોજનવડે જમાડ્યો.) (અને આમનું) જીવન પણ કેવું ઉભયલોક = આલોક - પરલોકમાં હિત કરનારું છે ? (મને પણ આવું જીવન મળે તો કેવું સરસ.)

(ત્યારબાદ) (ગુરુને) પોતાના અભિપ્રાય = વિચારને જણાવીને (એણે) પ્રવ્રજ્યાને સ્વીકારી. (તે પછી) (પ્રવ્રજ્યાના પરિણામને) સ્થિર કરવા માટે સુસાધુઓની છે સહાય જેને અર્થાત્ બીજા સારા મહાત્માઓ જોડે સેડુવક મહાત્મા ગુરુવડે (સાધ્વીજીના) ઉપાશ્રયમાં મોકલાયા. તે ઉપાશ્રયમાં પ્રવેશ કરીને (પછી સાથેના) સાધુઓ બહારની બાજુએ ઊભા રહી ગયા (એટલે કે ઉપાશ્રયના બારણાં આગળથી મત્થએણ વંદામિ બોલીને એ સેડુવક મહાત્માને એકલો પ્રવેશ કરાવી દીધો. અને સાથેના સાધુઓ બહાર જ ઊભા રહ્યા. જેથી સાધ્વીજીભગવંતો સૌથી પહેલાં એમને જ વંદન કરે. બીજા સાધુઓ જો સાથે રહે તો તેઓ વડીલ હોવાને લીધે એમને પ્રથમ વંદના કરે. એને લીધે પ્રવ્રજ્યા પરિણામનું સ્થિરીકરણરૂપ ફળ ન મળી શકે. માટે બાકીના સાધુઓ બહાર ઉભા રહ્યા.)

(તે પછી) શિષ્યાઓના પરિવાર સહિતના ચંદના સાધ્વીજીવડે સેડુવક અભ્યુત્થાન કરાયા અર્થાત્ સેડુવક મહાત્માને જોઈને પરિવાર સહિત ચંદનાસાધ્વીજી ઊભા થઈ ગયા (અને) અપરિભોગ = નહિ વપરાયેલું આસન અપાવરાવાયું (અને) વિનયપૂર્વક સેડુવક મહાત્મા વંદન કરાયા.

હવે અહીં વચ્ચે (વંદન પતી ગયા બાદ તરત) તે ચંદનાસાધ્વીજીનું આસન સાધ્વીજીભગવંતોવડે (તેમને બેસવા માટે) લવાયું, (પણ) એમનાવડે ઈચ્છાયું નહિં અર્થાત્ 'સાધુ ભગવંતની સમક્ષ આસન ઉપર બેઠાં નહિં, જો બેસીએ તો એમનો અવિનય કરેલો ગણાય' એમ કહીને સાધ્વીજીઓએ લાવેલ આસનનો અસ્વીકાર કર્યો. અને રચાયું છે હાથનું મુકુલ = સંપુટ જેમના વડે એવા અર્થાત્ હાથ જોડવાપૂર્વક ચંદનાસાધ્વીજીવડે (સેડુવક મહાત્માને) કહેવાયું કે "આપશ્રીના આગમનનું પ્રયોજન શું છે ?"

ત્યારબાદ આ સેડુવક મહાત્માએ (આ પ્રમાણે વિચાર્યું કે) : "અહો! આ ધર્મનો (ચરિત્ર વેષનો) પ્રભાવ કેવો છે ? કે જે આવા પ્રકારના (પૂર્વે કહેલી વિશિષ્ટતાવાળા, અનેક શિષ્યાઓ વિગેરે પ્રતિભાવાળા) એવા આ સાધ્વીચંદનાજી હોવા છતાં પણ મારા જેવાને પણ (પૂર્વની અવસ્થામાં ગરીબ અને હમણાંનો તાજો દીક્ષિત એવા પણ મને) આ પ્રકારે વર્તે છે (મારો આટલો બધા વિનય કરે છે)" આ પ્રમાણે વિચારીને કહ્યું કે : "આપના ઉદન્તાન્વેષણ માટે = સુખશાતા પૃચ્છામાટે ગુરુભગવંત વડે હું મોકલાયો છું."

આ પ્રમાણેના આખા પ્રસંગથી સ્થિર થયેલો છે ધર્મ પ્રત્યેનો અભિનિવેશ = સદાગ્રહ જેમનો એવા તે સેડુવક મહાત્મા ઉપાશ્રયમાંથી નીકળ્યા.

**વિશેષાર્થ :** (૧) **शिष्यस्य विनयोपदेशो दत्तः** આ પંક્તિનો અર્થ 'શિષ્યને વિનયનો ઉપદેશ અપાયો' કરવામાં જોકે 'જેને આપવાનું હોય તેને ચતુર્થી વિભક્તિ લાગે' આ નિયમ તૂટી જાય છે ('**शिष्यस्य**' શબ્દને છટ્ઠી વિભક્તિ હોવાથી) છતાં પણ અર્થ એ પ્રમાણે જ કરીને એ નિયમ સામાન્યથી સમજવો, એકાન્તે નહીં કેમકે ઘણે ઠેકાણે ચતુર્થીની જગ્યાએ ષષ્ઠી વિભક્તિના દૃષ્ટાંતો વાંચવામાં આવ્યા છે અને આગળ ૯મી ગાથાની અવતરણિકામાં પણ 'શિષ્યને ઉપદેશ અપાયો' એ પ્રમાણે જ લખ્યુ છે એમાં તો સ્પષ્ટ રીતે આ નિયમ તૂટી ગયેલો દેખાય છે અને પ્રસ્તુતમાં શિષ્યને ઉપદેશ આપવાની વાત ચાલી રહી છે એ પણ જણાય છે માટે ઉપરોક્ત જ અર્થ કરવો.

(૨) **પ્રશ્ન :** 'તત્' સર્વનામથી હંમેશા અનંતર વસ્તુ-પદ સમજવાના હોય છે. એવો સામાન્યથી નિયમ છે. હવે તમે અહીં '**स**' શબ્દનો અર્થ વિનય કર્યો છે. જ્યારે અનંતર પદ તરીકે '**विनयोपदेशः**' છે તો પછી તમે કેવી રીતે '**स**'નો અર્થ '**विनय**' જાણ્યો ?

**ઉત્તર :** પ્રસ્તુત વાત અને આગળ-પાછળના સંદર્ભને જોતાં '**स**'નો અર્થ '**विनय**' કરવો ઉચિત લાગે છે. હવે એ '**विनय**' અર્થ કેવી રીતે લાવવો ? એના માટે '**स**' પહેલાં એક **પ્રશ્ન** ઊભો કરીને એમાં '**विनय**' શબ્દ આવી જતાં એના ઉત્તરરૂપ '**स**'વાળી પંક્તિમાં રહેલ '**स**'નો '**विनय**' વિશેષ્ય સમજી શકાશે. તે **પ્રશ્ન** આ પ્રમાણે છે :

**પ્રશ્ન :** તમે સાધુ ભગવંતને જ્યારે વિનયનો ઉપદેશ આપતાં હતાં ત્યારે 'એમને ગુરુનો વિનય કરવાનો હોય છે' એ વાત કરી હતી. હવે અહીં તમારે જે સાધ્વીજી ભગવંતોને આશ્રયીને વિનયનો ઉપદેશ આપવાનો છે. તો તે **વિનય** એમને કોનો કરવાનો ?

**ઉત્તર :** અને **તે = વિનય** સઘળા સાધ્વીજીભગવંતોવડે સાધુને વિષે કરવા યોગ્ય છે. (આ પ્રમાણે

પ્રશ્નમાં 'વિનય' શબ્દનો ઉલ્લેખ થઈ જતાં એ અનંતરરૂપે મળી ગયો. એથી '**स**' શબ્દથી અનન્તર એવો '**विनय**' શબ્દ લેવામાં કોઈ વાંધો નહીં આવે.

(આ પ્રમાણે 'સાધ્વીજીભગવંતોએ આજના દીક્ષિત એવા પણ સાધુમહાત્માનો વિનય કરવો જોઈએ એ અંગેનું દૃષ્ટાંત કહી દીધું)

હવે એ જ વાતને ગ્રંથકારશ્રી કહે છે કે :

**ગાથાર્થ :** રાજપુત્રી, ભગવતી એવા આર્યચન્દનાજી હજારોના સમૂહોવડે અનુસરાય છે અર્થાત્ હજારો લોકો એમની પાછળ જઈ રહ્યા છે તો પણ (તેઓ) માન = અહંકારને કરતાં નથી (કે 'મારો કેવો જોરદાર પ્રભાવ છે') પણ તેને તે પ્રકારે નક્કી પણે જાણે છે અર્થાત્ તે પ્રભાવરૂપ પ્રસંગને ગુણજનિતરૂપે નિયમથી માને છે. ।। ૧૨ ।।

(અને) એક દિવસના દીક્ષિત એવા દ્રમક = ભિખારી (સેડુવક મહાત્મા)ની આગળ આર્યા = સાધ્વી એવા આર્ય ચંદના = પૂજ્ય ચંદનબાળાશ્રીજી (ઉભા થયા અને) આસનગ્રહણને (કરવાને) ઈચ્છતા નથી = આસન પર બેસવાની ઈચ્છા ધરાવતા નથી

તે વિનય = સેડુવકમહાત્માનો સાધ્વીચંદનાજીવડે કરાયેલો એવો આ સાધુસંબંધી વિનય સર્વે પણ સાધ્વીજીભગવંતોનો હોય છે અર્થાત્ સર્વે પણ સાધ્વીજીઓએ સાધુઓનો ઉપરોક્ત વિનય કરવો જોઈએ.।। ૧૩ ।।

**ટીકાર્થ :** ભગવતી = બાહ્ય-અભ્યંતર ઐશ્વર્યવાળા, રાજપુત્રી એવા આર્ય ચન્દનાજી (આર્ય શબ્દ એ વખતે વપરાતો પૂજ્યતા વિગેરેનો વાચક શબ્દ છે.) વૃન્દોના હજારો વડે અનુસરાય છે.

(**પ્રશ્ન :** કોના વૃન્દોના હજારો અહીં લેવાના છે ?)

**ઉત્તર :** પૂજિત = પૂજનારા એવા લોકોના વૃન્દોના હજારો વડે અર્થાત્ હજારો પૂજકલોકોના સમૂહો વડે અનુસરાય છે. 'પૂજક લોકોના' એ શબ્દ ગાથામાં નહીં હોવા છતાં પ્રસ્તુતના આધારે જણાય છે.

(**પ્રશ્ન :** ગાથામાં '**सहस्र**' શબ્દ પહેલાં મૂક્યો છે અને '**वृन्द**' શબ્દ પછી મૂકવામાં આવ્યો છે. જ્યારે ટીકામાં એના કરતાં ઉંધી રીતે લખેલ છે. આવું કેમ ?)

**ઉત્તર :** ભાઈ! આ ગાથા પ્રાકૃતમાં છે અને પ્રાકૃત હોવાને લીધે 'વૃન્દ' શબ્દનો પરનિપાત = સહસ્ર શબ્દ પછી મૂકેલ છે. બાકી નિયમ પ્રમાણે સંખ્યાવાચક શબ્દ સામાન્યથી પછી જ મૂકવામાં આવે છે અને એટલે જ ટીકામાં એ રીતે લખેલ છે.

(હજારો માણસો વડે પૂજાય છે) તો પણ માન = ગર્વ અહંકારને કરતાં નથી.

(પણ) તે પ્રસંગને તથા = તે પ્રકારે નિશ્ચિતપણે જાણે છે

(કયા પ્રકારે જાણે છે ? તો કહે છે કે :)

'આ ગુણોનું માહાત્મ્ય છે = પ્રભાવ છે, નહિ કે મારો' આ પ્રકારે નિશ્ચિતપણે જાણે છે. (માટે

એમને અહંકાર આવતો નથી.) તથા દિનદીક્ષિત એટલે કે તે જ દિવસે પ્રવ્રજ્યાને સ્વીકારેલા એવા દ્રમક = ભિખારી (સેડુવક મહાત્મા)ની આગળ ઊભા થયા.

**'अभ्युत्थिता'** એ ક્રિયાપદ ગાથામાં ન લખેલ હોવા છતાં પણ એના વગર વાક્ય અધૂરુ રહેતું હોવાથી 'શેષ' રૂપે અહીં સમજી લેવાનું છે.

**પ્રશ્ન :** આ કોણ હતાં જે ઊભા થયા ?

**ઉત્તર :** આર્યા = સાધ્વીજી હતાં.

**પ્રશ્ન :** કયાં સાધ્વીજી હતાં ?

**ઉત્તર :** પૂજ્ય ચન્દનાજી નામના એ સાધ્વીજી હતાં જેઓ સાધુ દ્રમકની આગળ ઊભા થયા.

તથા સાધ્વીજી આસનગ્રહણ = બીજી સાધ્વીજીભગવંતોવડે પોતાને બેસવા માટે લવાયેલ એવા આસનનો સ્વીકાર કરવાને માટે ઈચ્છતા નથી. અર્થાત્ ઊભા ઊભા જ વંદન, સુખશાતા પૃચ્છા વિગેરે સર્વ કાર્યો કર્યા. પણ આટલા મોટા સાધ્વીજી હોવા છતાં ય આસન પર બેઠાં નહિ.

**'कर्तुं'** આ પદ ગાથામાં ન હોવા છતાં વાક્યના અધૂરપની પૂર્તિ કરવા 'શેષ' રૂપે સમજવાનું છે.

તે = તેવા પ્રકારનો એટલે કે સાધ્વીચંદનાજીવડે દિનદીક્ષિત દ્રમકને વિષે કરાયેલા વિનય જેવો વિનય સર્વ સાધ્વીજીઓનો છે. (આનો જ સ્પષ્ટ અર્થ કરતાં ટીકાકારશ્રી કહે છે કે:) અર્થાત્ સાધુ વિષયક વિનય સઘળાય સાધ્વીજીભગવંતોવડે કરવા યોગ્ય છે. ।। ૧૨-૧૩ ।।

तस्मात् स्थितमेतदित्याह -

**वरिससयदिक्खियाए अज्जाए अज्जदिक्खिओ साहू ।**
**अभिगमण - वंदण - नमंसणेण विणएण सो पुज्जो ।। १४ ।।**

***वरिस० गाहा :*** **वर्षशतदीक्षिताया आर्यायाः अद्यदीक्षितः साधुः, अभिगमनं** आगमनकाले तदभिमुखं यानम्, **वन्दनं** द्वादशावर्त्तादि, **'नमंसणं'**ति नमस्करणमान्तरा प्रीतिः, अभिगमनं च वन्दनं च नमस्करणं चेति द्वन्द्वैकवद्भावस्तेन, तथा **विनयेना**ऽऽसनदानादिना, व्यस्तनिर्देशश्छन्दोवशात्, **स** साधुः **पूज्य** इति ॥ १४ ॥

**અવતરણિકા :** તે કારણથી એટલે કે સર્વ સાધ્વીજીભગવંતોવડે આર્યચંદનાજી જેવો સાધુસંબંધી વિનય કરવો જોઈએ તેથી આ વાત સ્થિત = નક્કી થઈ.

(**પ્રશ્ન :** કઈ વાત નક્કી થઈ ?)

**ઉત્તર :** એ જ વાતને ગ્રંથકારશ્રી કહે છે કે :

**ગાથાર્થ :** દીક્ષા લીધાને જેમને સો વર્ષ થયા છે એવા (પણ) સાધ્વીજીભગવંતને આજે જ

દીક્ષા લીધેલ સાધુ તે અભિગમન = આવે ત્યારે સામે જવું, વંદન, નમસ્કાર વડે તથા વિનય વડે પૂજવા યોગ્ય છે. ।। ૧૪ ।।

**ટીકાર્થ :** સો વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધ્વીજીભગવંતને આજના દીક્ષિત સાધુભગવંત (તે) અભિગમન = આગમન કાળે એટલે કે જ્યારે તેઓ પોતાના ઉપાશ્રય વિગેરેમાં પધારતાં હોય ત્યારે તેમની સન્મુખ જવું,

તથા વંદન = દ્વાદશાવર્ત વિગેરે રૂપ વંદન (દ્વાદશાવર્ત = વાંદણા, આદિ શબ્દથી ફેટ્ટા, થોભ વિગેરે પ્રકારના વંદન જાણવા) અને નમસ્કાર = આન્તરિક પ્રીતિ એટલે કે અંદરથી ઉછળતો બહુમાન,

આ ત્રણેય શબ્દનો (સમાહાર) દ્વંદ્વ સમાસ થયો હોવાને લીધે એકવદ્ભાવ = એક વચન થયેલ છે.

તેના વડે = અભિગમન, વંદન, નમસ્કાર વડે

તથા વિનય વડે = આસન આપવું વિગેરે રૂપ વિનય વડે તે = સાધુ ભગવંત પૂજ્ય = પૂજવા યોગ્ય છે.

(**પ્રશ્ન :** 'અભિગમન, વંદન, નમસ્કાર' આ ત્રણ શબ્દો સમાસમાં લીધા અને વિનય શબ્દને સમાસની બહાર = વ્યસ્ત રાખ્યો એવું કેમ ? એને પણ ભેગો સમાસની અંદર લઈ લેવો જોઈએ ને ?)

**ઉત્તર : 'विनयेन'** આ પ્રમાણે જે વ્યસ્ત = સમાસની બહાર નિર્દેશ = નિરૂપણ કરવામાં આવેલ છે તે છન્દને કારણે કરેલ છે. જો આ પ્રમાણે ન કરતાં સમાસની અંદર લઈ લીધો હોત તો અક્ષર ખૂટી જતાં ગાથાનો છંદ તૂટી જાય માટે જુદો નિર્દેશ કર્યો છે. ।। ૧૪ ।।

किमित्येवमित्याह-

**धम्मो पुरिसप्पभवो, पुरिसवरदेसिओ पुरिसजिट्ठो ।**
**लोए वि पहू पुरिसो, किं पुण लोगुत्तमे धम्मे ।। १५ ।।**

***धम्मो० गाहा :*** दुर्गतिपतदात्मधारणा**द्धर्मः** श्रुतचारित्ररूपः **पुरुषा** गणधरा**स्तेभ्यः प्रभव** उत्पत्तिर्यस्य स तथा। **पुरुषवरा**स्तीर्थकृतस्तै**र्देशितो**ऽर्थतः कथितः, अतः पुरुषस्वामिकत्वा**त्पुरुषज्येष्ठः** पुरुषोत्तम इत्यर्थः। **लोकेऽपि प्रभुः पुरुषः, किं पुनर्लोकोत्तमे धर्मे?** स्वल्पबुद्धिना लोकेनाऽपि दृष्टोऽयं मार्गः, विशेषतः तत्त्वज्ञैरित्यभिप्रायः ॥ १५ ॥

**અવતરણિકા : પ્રશ્ન :** શા માટે આ પ્રમાણે = આવી વ્યવસ્થા છે કે સોવર્ષના દીક્ષાપર્યાયવાળા સાધ્વીજીભગવંતે પણ આજના દીક્ષિત સાધુભગવંતને વંદનાદિ કરવાના ?

**ઉત્તર :** એટલે (એનું કારણ) કહે છે કે :

**ગાથાર્થ :** ધર્મ એ પુરુષોથી ઉત્પન્ન થનાર છે, (વળી ધર્મ એ) પુરુષવરવડે કહેવાયેલો છે, (આથી)

પુરુષ એ છે જ્યેષ્ઠ = પ્રધાન જેમાં એવો ધર્મ છે, વળી સામાન્યલોકમાં પણ પુરુષ એ પ્રભુ = માલિક હોય છે. (તો પછી) લોકોમાં ઉત્તમ = લોકોત્તર એવા ધર્મમાં વળી શું વાત કરવી? (એટલે કે લોકોત્તર ધર્મમાં તો સુતરાં પુરુષપ્રધાનતા હોય.) ।। ૧૫ ।।

**ટીકાર્થ :** (સૌથી પહેલાં ધર્મ શબ્દની વ્યુત્પત્તિ ખોલે છે ત્યારબાદ એનો રુઢિઅર્થ કરે છે :)

દુર્ગતિમાં પડતા એવા આત્માને ધારણ કરનાર = પકડી રાખનાર = દુર્ગતિમાં નહિ જવા દેનાર હોવાથી એને ધર્મ કહેવાય.

(**પ્રશ્ન :** દુર્ગતિમાં પડતા જીવને અટકાવનાર હોવાથી તમે જેને ધર્મ કહો છો તે ધર્મ કયો છે?)

**ઉત્તર :** તે ધર્મ શ્રુત અને ચારિત્ર એમ બે સ્વરૂપનો છે. (અને તે ધર્મ)

પુરુષપ્રભવ = પુરુષો = ગણધરોથી ઉત્પત્તિ છે જેમની એવો છે. (સૂત્રને રચનાર ગણધરો છે માટે 'તેમનાથી ઉત્પત્તિ' એવું કહ્યું.) તથા (ધર્મ) પુરુષવરદેશિત = પુરુષવર = તીર્થંકરોવડે અર્થથી કહેવાયેલો છે.

(અને) આ કારણસર = પુરુષપ્રભવ ધર્મ અને પુરુષવરદેશિત ધર્મ છે માટે

ધર્મ એ પુરુષ છે સ્વામી જેનો એવો છે અને એને લીધે પુરુષ જ્યેષ્ઠ = પુરુષ એ છે પ્રધાન જેમાં એવો છે. (કેમકે જે જેનો માલિક હોય તે જ તેમાં પ્રધાન ગણાય. જેમ રાજા રાજ્યનો માલિક હોવાથી રાજ્યમાં તે સહુથી પ્રધાન પુરુષ કહેવાય તેમ અહીં ધર્મનો માલિક પુરુષ છે માટે ધર્મમાં પુરુષ પ્રધાન ગણાય.)

(ધર્મ આવો પુરુષપ્રધાન હોવાને લીધે જ આજના દીક્ષિત એવા પણ સાધુને સો વર્ષના દીક્ષા પર્યાયવાળા સાધ્વીજીભગવંતવડે વંદનાદિ કરાય છે.) (અવતરણિકામાં કરેલ પ્રશ્નનો જવાબ અહીં મળી જાય છે.)

સામાન્ય લોકમાં પણ પુરુષ એ પ્રભુ = સ્વામી રૂપે ઓળખાય છે. લોકોત્તમ = લોકોત્તર = લોકમાં શ્રેષ્ઠ એવા ધર્મને વિષે શું કહેવું? (ત્યાં તો સુતરાં પુરુષ પ્રધાનતા હોય જ)

(આ ગાથાના ઉત્તરાર્ધનો ટીકાકારશ્રી સ્પષ્ટ અભિપ્રાય બતાડતાં કહે છે કે :)

સ્વલ્પબુદ્ધિવાળા = અત્યંત અલ્પજ્ઞાનવાળા એવા લોકવડે પણ (જો) આ માર્ગ જોવાયેલો = જણાયેલો હોય (કે 'પુરુષ જ સામાન્યથી દરેક વાતમાં પ્રધાન ગણાય, જેમકે 'રાજા' પુરુષ છે, 'ઈન્દ્ર' પુરુષ છે, 'તીર્થંકર' પુરુષ છે, ઘરનો માલિક પણ 'પુરુષ' ગણાય છે)

(તો પછી) હિતાહિત, હેયોપાદેય વિગેરે તત્ત્વને જાણનારા એવા લોકોત્તર વ્યક્તિઓવડે તો વિશેષથી 'પુરુષ એ દરેક બાબતમાં પ્રધાન ગણાય' એ રૂપ માર્ગ જોવાયેલો = જણાયેલો હોય જ. અર્થાત્ એ તત્ત્વવેદિ લોકોત્તર ધર્મને પુરુષપ્રધાન માને તેમાં જરાય આશ્ચર્ય નથી. આ પ્રમાણે ગાથાના ઉત્તરાર્ધનો અભિપ્રાય છે. ।।૧૫।।

**कथानकं** चात्र –

वाराणस्यां नगर्यां सम्बाधनो नाम राजा, तस्य रुपवतीनां कन्यकानां सहस्रमधिकमासीत्। सोऽन्तर्वत्न्यां महादेव्यामुपरतः, अपुत्रत्वान्नायकविकला ग्रहीतुमभिवाञ्छिता राज्यश्रीरन्यैः, वारितास्ते नैमित्तिकेन उदरवर्तिनो भविष्यदङ्गवीरनाम्नस्तनयस्य प्रभावात्पराभविष्यन्ते भवन्त इति वदता। तदाकर्ण्य निवृत्ता ग्रहणाभिलाषात्, व्यपगतो विप्लव इत्याह च –

**संवाहणस्स रन्नो, तइया वाणारसीए नयरीए ।**
**कण्णासहस्समहियं, आसी किर रूववंतीणं ।। १६ ।।**

**तह वि सा रायसिरी, उल्लटन्ती न ताइया ताहिं ।**
**उयरट्ठिएण एक्केण, ताइया अंगवीरेण ।। १७ ।।**

***संवाहणस्स० गाहा, तह वि० गाहा :*** प्रथमा उक्तार्था, **तथापि सा राज्यश्रीः**, **उल्लटन्ती**ति अवलुठन्ती विनश्यन्तीत्यर्थः। **न त्राता** न रक्षिता **ताभिः** कन्याभिः, **उदरस्थितेनैकेन त्राताङ्गवीरेणेति** ।। १६-१७ ।।

**અવતરણિકા :** અને આ વિષયમાં = 'પુરુષ એ પ્રધાન હોય છે' એ વિષયમાં કથાનક આ પ્રમાણે છે :

વારાણસી નામની નગરીમાં **'સંબાધન'** નામનો રાજા (હતો). તેની રુપવતી એવી એક હજારથી વધુ કન્યાઓ હતી. આ બાજુ તે = સંબાધન રાજા મહાદેવી = પટ્ટરાણી ગર્ભવતી હોતે છતે મરી ગયો. (અને એને ગર્ભસ્થ બાળક સિવાય એક પણ બાળક ન્હોતો માટે એ સંબાધન રાજા) પુત્ર વગરનો હોવાને લીધે એની રાજ્યલક્ષ્મી નાયક = રાજાથી રહિત થઈ પડી અને એવી રાજ્યરૂપી લક્ષ્મી બીજાઓ વડે = શત્રુ રાજા વિગેરે વડે ગ્રહણ કરવા = પચાવી પાડવા માટે ઈચ્છાઈ. પણ તે = શત્રુરાજા વિગેરે બધા નૈમિત્તિક = નિમિત્તના આધારે ભવિષ્યને કહેનાર વ્યક્તિ વડે અટકાવાયા.

(**પ્રશ્ન :** કેવી રીતે એણે બધાને અટકાવી દીધાં ?) (આના ઉત્તરને નૈમિત્તિકના વિશેષણરૂપે ઢાળીને ટીકાકારશ્રી કહે છે :)

**ઉત્તર :** "(હમણાં પટ્ટરાણીના) પેટમાં રહેલા, થનારા = જન્મ પામનારા એવા **'અંગવીર'** નામના પુત્રના પ્રભાવથી આપ બધા હારી જશો (માટે યુદ્ધના પેંતરા ગોઠવશો નહિં.)" આ પ્રમાણે બોલતાં એવા નૈમિત્તિક વડે તે બધા અટકાવાયા.

તે = નૈમિત્તિકની વાતને સાંભળીને બધા શત્રુ (રાજ્યને) ગ્રહણ કરવાની ઈચ્છાથી પાછા ફર્યા અર્થાત્ એમને રાજ્યની ઈચ્છા છોડી દીધી. (અને એથી વારાણસી નગરી પર આવવાની સંભાવનાવાળો) વિપ્લવ = બળવો-યુદ્ધ ટળી ગયો.

અને (આ જ પ્રસંગને પુરુષની પ્રધાનતા સિદ્ધ કરવાપૂર્વક ગ્રંથકારશ્રી) કહે છે કે :

**ગાથાર્થ :** ત્યારે = તે કાળે વાણારસી નગરીમાં (વારાણસી કે વાણારસી બંને એક જ છે) સંબાધન નામના રાજાની રુપવતી એવી એક હજારથી વધુ કન્યાઓ હતી. ।। ૧૬ ।।

(અને ?) તો પણ = સ્ત્રીઓ હજાર કરતાંય વધુ સંખ્યાવાળી હોવા છતાં પણ તે રાજ્યલક્ષ્મી વિનાશ પામતી છતી (શત્રુ વિગેરે દ્વારા વિનાશ પામવાની શક્યતા વાળી થઈ છતી) તે = સાધિકહજાર સ્ત્રીઓવડે રક્ષણ કરાઈ = બચાવાઈ નહીં. (પણ) (પટ્ટરાણીના) પેટમાં રહેલા એકમાત્ર એવા અંગવીર વડે (તે રાજ્યલક્ષ્મી) બચાવાઈ.

(આ દૃષ્ટાંત જ પુરુષની પ્રધાનતાને સ્પષ્ટપણે સાબિત કરી દે છે.) ।। ૧૭ ।।

**ટીકાર્થ :** પહેલી ગાથા એ કહેવાયેલ અર્થવાળી છે. અર્થાત્ આ પહેલી ગાથાનો અર્થ અમે અવતરણિકામાં કરી દીધો છે.

(હવે બીજી ગાથાનો અર્થ કરે છે કે )

(અને ?) તો પણ (સાધિક હજાર સ્ત્રીઓ હોવા છતાં પણ) તે રાજ્યલક્ષ્મી રગદોળાતી = નાશ પામતી છતી (નાશ પામવાની તૈયારીવાળી છતી) તેઓ વડે = કન્યાઓ વડે રક્ષણ કરાઈ નહીં. અર્થાત્ સાધિકએકહજાર રાણીના પ્રભાવથી કાંઈ શત્રુ રાજા વિગેરે ઠંડા નહોતા પડ્યા.

(પણ પટ્ટરાણીના) પેટમાં રહેલા એવા એક માત્ર અંગવીર નામના પુરુષબાળક વડે તે વિનાશ પામતી રાજ્ય લક્ષ્મી બચાવાઈ. ।। ૧૬-૧૭ ।। (એથી સ્પષ્ટપણે આ દૃષ્ટાંત દ્વારા પુરુષની મહત્તા સિદ્ધ થાય છે.)

**વિશેષાર્થ : (૧) પ્રશ્ન :** ૧૭મી ગાથામાં જે '**य**' શબ્દ છે તેનો તો કોઈ અર્થ ટીકામાં દેખાતો નથી ?

**ઉત્તર :** વાહ ! ખૂબ ધન્યવાદ આવી જ સૂક્ષ્મતા એ પદાર્થના રહસ્ય સુધી પહોંચવાની ક્ષમતા ઊભી કરશે. અને તમારો આ પ્રશ્ન પણ ત્યારે જ સંભવી શક્યો હશે જો તમે ટીકા ખોલતી વખતે ગાથાને નજર સમક્ષ રાખી હશે તો. એ વગર આ પ્રશ્ન શક્ય નથી. હવે આનો જવાબ અમે તમને બે વિકલ્પમાં આપશું :

(૧) '**य**' શબ્દનું સંસ્કૃત '**च**' થાય અને એનો અર્થ એકદમ સહેલો હોવાને લીધે સમજાઈ જાય એવો હોવાથી ટીકાકારશ્રીએ ટીકામાં ન લીધો હોય. પણ આપણે ગુજરાતી કરતી વખતે એનો અર્થ કરી લેવાનો ખરો (જે અમે ગાથાર્થ તથા ટીકાર્થ બંનેયમાં કરી બતાડ્યો છે.)

અથવા તો

(૨) ટીકાકારશ્રીની સામે '**तहवि सा...**' આ પ્રમાણે જ પાઠ હશે. અને એમાં તો '**य**' શબ્દ જ ન હોવાને લીધે એનો અર્થ ન ખોલે એ સ્વાભાવિક છે.

(આ કે આવું કોઈક પણ યોગ્ય સમાધાન વિચારી લેવું. વિશેષ બહુશ્રુતો જાણે.)

अन्यच्च–

**महिलाण सुबहुयाण वि, मज्झाओ इह समत्तघरसारो ।**
**रायपुरिसेहिं निज्जइ, जणे वि पुरिसो जहिं नत्थि ॥ १८ ॥**

*महिलाण० गाहा :* **महिलानां** स्त्रीणां **सुबहूनामपि मध्यादिह जनेऽपी**ति सम्बन्धः, **समस्तगृहसारः** सर्वद्रव्यनिचयादिः, **राजपुरुषैर्नीयते** राजकुलं प्राप्यते **यस्मिन्** गृहे **पुरुषो नास्त्य**धनिकत्वादिति ॥ १८ ॥

**અવતરણિકા :** (આ જ પ્રસ્તુત વિષયમાં) બીજું વળી ( કહે છે કે)

**ગાથાર્થ :** (પૂર્વના કાળની પરંપરાના અનુસારે) આ લોકને વિષે પણ ઘણી બધી એવી પણ મહિલાઓની વચ્ચેથી સઘળા ય ઘરનો સાર (પૈસો વિગેરે) રાજાના પુરુષો = સૈનિકો વડે લઈ જવાય છે. (ક્યાં આવું કરવામાં આવે છે ? એના જવાબમાં કહે છે કે :) જે ઘરમાં પુરુષ (મરી ગયો હોવાને લીધે) નથી હોતો. ।।૧૮ ।।

**ટીકાર્થ :** (પૂર્વના કાળમાં જે ઘરમાં એક પણ પુરુષ બચ્યો ન હોય તે ઘરની બધી ધન વિગેરે પ્રધાન વસ્તુઓ રાજા સૈનિકો દ્વારા રાજકુલમાં લેવરાવી દેતાં. કેમકે એકલી સ્ત્રી હોય અને સાથે પૈસો હોય તો ખોટા કામ થતાં વાર ન લાગે. માટે આવી એક નીતિ હતી. એના આધારે વાત કરે છે કે:)

ઘણી બધી એવી પણ મહિલાઓની વચ્ચેથી આ લોકમાં પણ,

**'जनेऽपि'** શબ્દ ગાથાના ઉત્તરાર્ધમાં છે છતાં પણ **'इह'** શબ્દના વિશેષ્ય તરીકે અહીં એનો સંબંધ કરી લેવાનો છે.

સઘળો ઘરનો સાર એવો સર્વ પૈસાનો ઢગલો વિગેરે ('આદિ' શબ્દથી રત્નોનો ઢગલો, મૂલ્યવાન ચીજો વિગેરે જાણવા)

રાજપુરુષો વડે = સૈનિકો વિગેરે વડે લઈ જવાય છે એટલે કે રાજકુલમાં પહોંચાડાય છે.

(**પ્રશ્ન :** કયાં ઘરમાં આવું કરાય છે ?)

**ઉત્તર :** જે ઘરમાં પુરુષ = પુરુષમાત્ર = એક પણ પુરુષ નથી. (અર્થાત્ એક પણ પુરુષ જીવતો ન રહ્યો હોય.)

(**પ્રશ્ન :** પુરુષ ભલેને બધા મરી ગયા હોય. પણ સ્ત્રીઓ તો છે જ. એ પૈસા વિગેરે નો ઉપયોગ એ લોકો કરશે. તો પછી શા માટે રાજા પચાવી પાડે છે ?)

**ઉત્તર :** (પુરુષ મરી ગયો હોવાને લીધે ઘર એ) અધનિક = ધણી વગરનું = નધણિયાતુ બની જાય. (કેમકે પુરુષ સિવાય કોઈપણ ધણી બની શકે નહીં. અને નગરની નધણિયાતી વસ્તુનો ધણી રાજા કહેવાય.) માટે રાજા રાજપુરુષો દ્વારા એ ઘરમાંથી બધુ ધન લેવરાવી દે છે. ।।૧૮ ।।

(આ ગાથા દ્વારા પણ 'પુરુષની પ્રધાનતા લોકમાં પણ મનાયેલી છે' એ વાત સ્પષ્ટપણે જણાય છે.)

**વિશેષાર્થ :** ગાથામાં જે બે **'अपि'** શબ્દો છે તે બંનેના અર્થ આ પ્રમાણે જાણવા. તેમાં પહેલા **'अपि'**નો અર્થ :

(૧) 'ઘણી બધી એવી **પણ** મહિલાઓની વચ્ચેથી' એટલે કે એકાદ બે મહિલા હોય તો તો સુતરાં રાજપુરુષો ઘરની સારભૂત વસ્તુઓ લઈ જાય. કેમકે એક સ્ત્રી ઘરમાં એકલી હોય સાથે પૈસો હોય એટલે જોખમ મોટું ગણાય. પણ ઘણી બધી હોવા છતાં **પણ** લઈ જાય.

(૨) 'આ લોકમાં **પણ**' એટલે કે લોકોત્તર ધર્મમાં તો પુરુષ પ્રધાનતા છે. પણ આ લોકમાં **પણ** આ પ્રસંગ દ્વારા પુરુષ પ્રધાનતા સ્પષ્ટ રીતે જણાય છે.

યથાયં પુરુષપ્રધાનો ધર્મસ્તથા જનરઞ્જનાપ્રધાન ઇતિ યશ્ચિન્તયેત્ તં પ્રત્યાહ -

**किं परजणबहुजाणावणाहिं वरमप्पसक्खियं सुकयं ।**
**इय भरहचक्कवट्टी, पसन्नचंदो य दिट्ठंता ।। १९ ।।**

***किं परजण० गाहा :*** ज्ञाप्यते परप्रतीतं क्रियतेऽमूभिरिति ज्ञापना रञ्जना, बहवश्च ता ज्ञापनाश्च बहुज्ञापना:, **परजनस्य बहुज्ञापना** इति समासः **ताभि:, किं?** न किञ्चित्, असारत्वात्तासां। **वरं** प्रधान**मात्मासाक्षिकं** प्रत्यायितस्वचित्तं **सुकृतं** सदनुष्ठानम्, **इत्येव**मेतन्नान्यथा। **इहे**ति पाठान्तरं वा, इहाऽस्मिन्नर्थे **भरतचक्रवर्ती प्रसन्नचन्द्रश्च दृष्टान्तौ, तथाहि** - भरतस्याऽऽदर्शसदनान्तर्वर्तिनोऽङ्गुलीयपाताऽशोभिताङ्गुलीदर्शनविस्मयेन क्रममुक्तनि:शेषाऽऽभरण-विच्छायाङ्गनिरीक्षणद्वाराऽऽयातवैराग्यप्रकर्षस्याऽरञ्जितेऽपि बहिर्लोके शुक्लध्यानोल्लासादभूत्केवलज्ञानमिति।

प्रसन्नचन्द्रस्य पुनर्दुर्विषहशीतवाताऽप्रावरणनिष्प्रकम्पकायोत्सर्गावर्जितश्रेणिकादिलोकचित्तस्य पुत्रपरिभवाकर्णनसञ्जातचित्तविप्लवप्रारब्धसङ्ग्रामस्य सप्तमनरकपृथिवीप्रायोग्य-कर्मकरणपरिणामोऽभूत्। तन्न लोकरञ्जनाप्रधानो धर्म:, अपि तु चित्तशुद्धिप्रवर इत्यभिप्राय: ॥ १९ ॥

**અવતરણિકા :** "જે રીતે = ઉપર કહ્યા પ્રમાણે આ ધર્મ પુરુષપ્રધાન છે તે રીતે શું લોકને રંજન કરવામાં = ભરમાવીને ખુશ કરવામાં પણ પ્રધાન છે કે શું?" આ પ્રમાણે જે કોઈ વ્યક્તિ વિચારે તેની **प्रति** = તરફ (તેના ખોટા વિચારને દૂર કરવા ગ્રંથકારશ્રી) કહે છે કે :

**ગાથાર્થ :** પારકા લોકની સમક્ષ ઘણા દેખાડા વડે શું કામ છે? અર્થાત્ એ દેખાડો નકામો હોવાથી એના વડે સર્યું, આત્મસાક્ષિક એવું જ સુકૃત = સદનુષ્ઠાન વર = શ્રેષ્ઠ કહેવાય. **इति** = અને આ વાત આ પ્રમાણે જ છે. (અને આ આત્મસાક્ષિક સદનુષ્ઠાનના વિષયમાં) ભરતચક્રવર્તી અને પ્રસન્નચંદ્ર રાજર્ષિ દૃષ્ટાંત રૂપ છે. ।। ૧૯ ।।

**ટીકાર્થ : (परजनबहुज्ञापनाभि:** શબ્દમાં જે **ज्ञापना** શબ્દ છે તેનો પ્રથમ અર્થ કરીને પછી આખા શબ્દનો સમાસ કરે છે :)

જણાવાય છે એટલે કે પોતે કરેલ વસ્તુ પોતાના સિવાયના બીજાને પ્રતીત = જણાયેલું થાય એ રીતે કરાય છે આના વડે તે = જ્ઞાપના એટલે કે રંજના = દેખાડો, શોબાજી

ઘણી એવી તે જ્ઞાપનાઓ = ઘણી જ્ઞાપનાઓ, એટલે કે ઘણા દેખાડાઓ,

(પોતાના કરતાં) બીજા = પારકા એવા લોકની સમક્ષ જે ઘણો દેખાડો. આ પ્રમાણે આખો સમાસ થઈ ગયો. પછી તૃતીયા બહુવચન વડે આખો અર્થ સૂચિત કરી દીધો કે :

પારકા લોકની આગળ ઘણા દેખાડાઓ વડે શું કામ છે ? અર્થાત્ કશું કામ નથી.

(**પ્રશ્ન :** કેમ કશું કામ નથી એ દેખાડાથી જ તો લોકો આપણા પ્રત્યે આકર્ષાય ?)

**ઉત્તર :** એ બધાં દેખાડાઓ તો નકામા છે, એટલે કે લોકો કદાચ આકર્ષાય તો પણ આત્મહિતરૂપ કાર્યની દૃષ્ટિએ એ દેખાડાઓ કશા કામમાં આવે એમ નથી માટે એ બધા દેખાડાઓવડે સર્યું.

(**પ્રશ્ન :** જો કોઈ પણ ક્રિયા કરતી વખતે દેખાડો ન કરવો જોઈએ તો પછી શું કરવું જોઈએ જેથી આત્મહિત થાય ?)

**ઉત્તર :** આત્મસાક્ષિક = જણાવાયું છે = વિશ્વાસમાં મૂકાવાયું છે પોતાનું ચિત્ત જેના વડે એવું સુકૃત = સદનુષ્ઠાન એ પ્રધાન છે. અર્થાત્ એ જ કરવું જોઈએ કે જેનાથી પોતાનું મન પ્રસન્ન થાય, મનમાં એનાથી એક આત્મવિશ્વાસ પ્રગટે કે હું આત્મહિત માટેની જ આરાધના કરી રહ્યો છું, નહીં કે બીજાને ખુશ કરવા અને આવા આશયથી કરાયેલું સદનુષ્ઠાન જ પ્રધાન કહેવાય.

(ગાથામાં રહેલા **इय** = '**इति**' નો અર્થ કરે છે કે :) આ વાત = ઉપર કહેલી વાત એ પ્રમાણે જ છે = સાચી છે, એમાં કોઈ અન્ય પ્રકાર = ફેરફાર નથી.

અથવા તો ગાથામાં '**इय**' ને બદલે '**इह**' એ પ્રમાણે પાઠાન્તર પણ મળે છે. તો પછી એના આધારે અર્થ આ પ્રમાણે થશે કે :

આ પદાર્થને વિષે = ઉપરોક્ત 'આત્મસાક્ષિક સદનુષ્ઠાન પ્રધાન છે' એ વાતને વિષે ભરતચક્રવર્તી અને પ્રસન્નચંદ્ર રાજર્ષિ દૃષ્ટાન્તરૂપ છે. (તેમાં એક પોઝિટીવ (અન્વયી) દૃષ્ટાંત છે અને એક નેગેટીવ (વ્યતિરેકી) દૃષ્ટાંત છે.)

તે બંને દૃષ્ટાંતો સંક્ષેપમાં આ પ્રમાણે છે : (બંને દૃષ્ટાંતો સળંગ એક વાક્યમાં જ બતાડ્યા છે તેને આપણે ટૂકડા પાડીને અર્થ કરીશું.)

**પ્રથમ દૃષ્ટાન્ત**

આદર્શસદન = આરીસાભવનની અંદર રહેલા એવા ભરતરાજાની અંગુલીય = વીંટી પડી અને એ પડવાને લીધે અસુંદર (અમુક ભાગમાં સફેદ અને અમુક ભાગમાં કાળી) એવી આંગળી દેખાઈ અને એનાથી એમને આશ્ચર્ય પ્રગટ્યું કે 'શું આ આંગળીમાં જ અસુંદરતા હશે કે પછી દરેક આભૂષણવાળા અંગમાં ?' ત્યારબાદ આવા પ્રગટેલા વિસ્મયને લીધે એમને ક્રમે કરીને બધા આભૂષણો કાઢ્યા અને એ કાઢ્યા પછી વિચ્છાય = કાંતિ વગરના પોતાના શરીરને જોવા દ્વારા એમનામાં વૈરાગ્યનો પ્રકર્ષ = પરાકાષ્ઠાનો વૈરાગ્ય આવ્યો અને આવા વૈરાગ્યના પ્રકર્ષવાળા એવા ભરતરાજાને પછી શુક્લધ્યાનનો ઉલ્લાસ થવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. હવે આ કેવલજ્ઞાન પ્રાપ્તિમાં એમને કોઈ બાહ્ય ક્રિયા કરેલી નહીં

હોવાથી બહારના લોકને જણાવાનું = ખુશ કરવાનું રહેતું જ નથી અને એથી નહી જણાવાયેલો એવો પણ બહારનો લોક હોતે છતે એમને આત્મસાક્ષિક એવા શુક્લધ્યાનના ઉલ્લાસરૂપ સદનુષ્ઠાનથી કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું માટે પર જ્ઞાપના આત્મહિત રૂપ કાર્યની દૃષ્ટિએ નિરર્થક છે.

(આ પ્રમાણે પ્રથમ દૃષ્ટાંત પૂરું થયું હવે બીજું દૃષ્ટાંત કહે છે :)

**બીજું દૃષ્ટાન્ત**

પ્રસન્નચંદ્ર રાજર્ષિએ વળી શ્રેણિક રાજા વિગેરે લોકના ચિત્તને આવર્જી = આકર્ષી લીધું. (કેવી રીતે ? = )

એક તો વાતાવરણમાં અત્યંત દુ:ખેથી સહન કરી શકાય એવી ઠંડી હતી, ઠંડો પવન હતો (અથવા તો સીધેસીધો 'અત્યંત દુ:ખેથી સહી શકાય એવો ઠંડો પવન હતો' આ રીતે પણ અર્થ કરી શકાય) છતાં આ રાજર્ષિ પહેરણ વગરના = યથાજાત મુદ્રામાં નિષ્પ્રકંપ = અડગ એવા કાયોત્સર્ગમાં હતાં અને આવા અડગ કાયોત્સર્ગ વડે આકર્ષ્યું છે શ્રેણિક રાજા વિગેરે લોકોનું ચિત્ત જેમને એવા પણ પ્રસન્નચંદ્ર રાજર્ષિને સાતમી નરકપૃથ્વીને પ્રાયોગ્ય = પ્રાપ્ત કરાવનાર એવા કર્મ કરવાનો = બાંધવાનો પરિણામ પ્રગટ્યો.

(કેમ પ્રગટ્યો ?)

કેમકે કાર્યોત્સર્ગમાં રહેલા એવા એમને રાજ્ય પર બેસાડેલા એવા પોતાના બાળ પુત્રનો પરિભવ = તિરસ્કાર સાંભળ્યો (દુર્મુખના વચનથી) અને એનાથી એમના ચિત્તમાં વિપ્લવ = બળવો = હાહાકાર પ્રગટ્યો એનાથી એમને મનમાં જ એ બાળરાજાનો તિરસ્કાર કરનારની સાથે યુદ્ધ શરૂ કર્યું. માટે તેમને તેવા કર્મ બાંધવાનો પરિણામ પ્રગટ્યો.

હવે અહીં એમનું કાયોત્સર્ગરૂપ સદનુષ્ઠાન લોકોને જણાયેલું હોવા છતાં પણ આત્મહિતનું લક્ષ્ય ચૂકી જવાને લીધે આત્મસાક્ષિક નહોતું માટે એનાથી એમને તત્કાળ ફાયદો તો કશો ન થયો પણ સાતમી નરકનું કર્મ બાંધવારૂપ મોટું નુકશાન થયું.

તેથી = અન્વયી અને વ્યતિરેકી રૂપ બંને દૃષ્ટાંતથી નક્કી થાય છે કે લોક દેખાડો એ છે પ્રધાન જેમાં એવો ધર્મ નથી પરંતુ ચિત્તની શુદ્ધિ એ છે પ્રધાન જેમાં એવો ધર્મ છે. અર્થાત્ ધર્મ એ લોકને ખુશ કરવાં નહિં પણ ચિત્તની શુદ્ધિ માત્રને સાધવા માટે છે. આ પ્રમાણે અભિપ્રાય = પ્રસ્તુત બંને દૃષ્ટાંતનો ભાવાર્થ છે. ।। ૧૯ ।। (આ 'અભિપ્રાય' દ્વારા અવતરણિકામાં કહેવાયેલ વિપરીત માન્યતાવાળા વ્યક્તિને જવાબ આપી દીધો.)

यस्तु 'पुण्यपापक्षयङ्करी दीक्षेयं पारमेश्वरीति' वचनाच्छैववद्वेषमात्रादेव तुष्येत् तं शिक्षयितुमाह-

**वेसो वि अप्पमाणो, असंजमपएसु वट्टमाणस्स ।**
**किं परियत्तियवेसं, विसं न मारेइ खज्जंतं? ।। २० ।।**

***वेसो वि० गाहा :*** न केवलं जनरञ्जना, **वेषोऽपि** रजोहरणादिरूपो**ऽप्रमाण:**, प्रमाणं प्रत्यक्षादि,

अविद्यमानप्रमाणोऽप्रमाणः कर्मबन्धाभावं प्रति निर्युक्तिक इत्यर्थः। कस्य? **असंयमपदेषु** पृथिव्याद्युपमर्दस्थानेषु **वर्तमानस्य** पुंसः। स्वपक्षे युक्तिमाह – **किं परिवर्तितवेषं** कृतान्यनेपथ्यं पुरुषमिति गम्यते, **विषं न मारयति खाद्यमानं?** मारयत्येव। तथा सङ्क्लिष्टचित्तविषमसंयमप्रवृत्तं पुरुषं संसारमारेण मारयति, न वेषस्तं रक्षतीति भाव : ॥ २० ॥

**અવતરણિકા :** જે વ્યક્તિ વળી શૈવ (એક મત વિશેષના સંન્યાસીઓ)ની જેમ વેષમાત્રથી જ ખુશ થઈ જાય છે = પોતાને કૃતકૃત્ય માનતો થઈ જાય છે. (પણ ચિત્તશુદ્ધિ તરફ લક્ષ્ય દોરતો નથી.)

(**પ્રશ્ન :** શેના આધારે એ માત્ર વેષથી પ્રસન્ન થઈ જાય છે?)

**ઉત્તર :** 'આ પરમેશ્વર સંબંધી દીક્ષા પુણ્ય અને પાપ બંનેયના નાશને કરનારી છે' આ પ્રમાણે ના શાસ્ત્રના વચનના આધારે એ આવું = વેષમાત્રથી કૃતકૃત્યતા માને છે.

તેને (વાસ્તવિક તત્ત્વ) શીખવાડવાને માટે ગ્રંથકારશ્રી કહે છે કે :

**ગાથાર્થ :** અસંયમ સ્થાનોને વિષે વર્તતા = અસંયમનું આચરણ કરતાં એવા સાધુનો વેષ પણ અપ્રમાણ છે. (કર્મક્ષયકારી નથી.) (પોતાની માન્યતામાં યુક્તિ આપતાં કહે છે કે:) માત્ર પરિવર્તન કરેલો છે વેષ જેમને એવા વ્યક્તિને ખવાતું એવું વિષ શું મારતું નથી? અર્થાત્ મારે જ છે. ।। ૨૦ ।।

**ટીકાર્થ :** માત્ર લોકની સમક્ષ દેખાડો એ જ અપ્રમાણ છે એવું નથી પરંતુ વેષ પણ = રજોહરણ વિગેરે રૂપ બાહ્ય વેષ પણ અપ્રમાણ છે.

('અપ્રમાણ' શબ્દનો અર્થ કરતાં પહેલાં 'પ્રમાણ'નો અર્થ કરે છે કે) પ્રમાણ એ પ્રત્યક્ષ પ્રમાણ વિગેરે રૂપ (પાંચ પ્રકારનો) છે. નથી વિદ્યમાન પ્રમાણ જેમાં તે અપ્રમાણ. ('**अप्रमाणः**' શબ્દ પુલિંગ હોવાથી '**नञ्**' બહુવ્રીહિ સમાસ કરીને '**वेष**'ના વિશેષણ તરીકે બતાડી દીધો.)

(આનો જ ભાવાર્થ બતાડે છે કે ) કર્મબંધના અભાવ રૂપ કાર્ય પ્રત્યે વેષ તદ્દન યુક્તિ વગરનો છે એટલે કે સંવર તથા નિર્જરારૂપ કાર્ય માટે માત્ર વેષ તદ્દન નક્કામો છે.

**પ્રશ્ન :** કોનો વેષ નક્કામો છે?

**ઉત્તર :** અસંયમ સ્થાનોને વિષે = પૃથ્વી વિગેરેની હિંસારૂપ (પાપ) સ્થાનોને વિષે વર્તતા = પાપસ્થાનોનું આચરણ કરતાં એવા પુરુષનો વેષ નક્કામો છે.

(**પ્રશ્ન :** કેમ એવા પુરુષના વેષને તમે નક્કામો કહો છો?)

**ઉત્તર :** પોતાના પક્ષ = માન્યતામાં ('અસંયમીનો વેષ નક્કામો છે' એવી પોતાની માન્યતાને પુષ્ટ કરવા માટે) યુક્તિને ગ્રંથકારશ્રી કહે છે :

**परिवर्तितवेषं** = કરાયેલો છે અન્ય વેષ જેના વડે એવા પુરુષને ખવાતું = ખાઈ લેવામાં આવેલું એવું વિષ = ઝેર શું ન મારે? અર્થાત્ મારે જ એમાં કોઈ શંકા નથી.

'**पुरुष**' શબ્દ ગાથામાં નહિ હોવા છતાં પણ '**परिवर्तितवेषं**'ના વિશેષ્ય તરીકે પ્રસ્તુતના આધારે જણાય છે. (દૃષ્ટાંતનો ભાવાર્થ આ પ્રમાણે છે કે : એક માણસે ઝેર ખાધું પછી એને કદાચ બચવાની

ઈચ્છા થાય તો એ ઈચ્છાથી પ્રેરાઈને એ જો વેષ પરિવર્તન કરે તો શું એટલા માત્રથી એના શરીરમાં થતી ઝેરની અસર મટી જાય ? ઝેર ફેલાતુ બંધ થઈ જાય ? ના, હરગિઝ એવું ન બની શકે કેમકે ઝેર કપડાએ નહી પણ શરીરે ખાધું છે) તેમ સંક્લેશવાળુ એવું ચિત્તરૂપી વિષ એ અસંયમમાં પ્રવર્તી રહેલા એવા પુરુષને સંસારરૂપ માર = હંટર વડે (સંસારમાં રખડાવવા વડે) મારે છે, (પછી ભલે એને સાંસારિક વેષ બદલીને સાધુ વેષ ધારણ કરી દીધો હોય પણ સંસારમાં જેવું સંક્લિષ્ટ ચિત્ત હોય તેવું ચિત્ત જો છોડવામાં ન આવે તો સાધુવેષગ્રહણ વિગેરે બધું નક્કામું થઈ પડે છે.) તેવાને વેષ પણ બચાવી શકે નહીં. આ પ્રમાણે (દૃષ્ટાંતનો) ભાવ = ભાવાર્થ છે. ।। ૨૦ ।। (આ ગાથાદ્વારા વેષમાત્રને પ્રમાણ માનનારાને યુક્તિપૂર્વક હિતશિક્ષા આપી દીધી.)

एवं तर्हि भावशुद्धिरेव विधेया, किं वेषेण ? नैतदस्ति, पृथिव्यादिरक्षणवद् व्यवहारतो वेषस्यापि भावशुद्ध्युपकारकत्वात्, तद्विकलोऽसौ अकिञ्चित्कर इत्युच्यते, तथा चाह–

**धम्मं रक्खइ वेसो, संकइ वेसेण दिक्खिओमि अहं ।**
**उम्मग्गेण पडंतं, रक्खइ राया जणवओ य ।। २१ ।।**

***धम्मं० गाहा :*** **धर्मं रक्षति वेषः**, तद्ग्रहणोत्तरकालं सत्पुरुषाणामकार्यप्रवृत्तेरदर्शनात्। कथञ्चित्प्रवृत्तोऽप्यकार्ये गृहीतवेषः **शङ्कते वेषेण** हेतुभूतेन, **दीक्षितोऽहमिति** मत्वा। दृष्टान्तमाह–**उन्मार्गेण** चौर्यपारदार्यादिना भावोत्पथेन **पतन्तं** सदाचारगिरिशिखराल्लुठन्तं यथा पुरुषमित्यध्याहारः, **राजा रक्षति,** तद्दण्डभयेनाऽऽदित एवाप्रवृत्तेः, प्रवृत्तस्यापि शङ्कया निवृत्तेः, **जनपदश्च** यथा रक्षति, तद्धिक्कारभयेनाप्युन्मार्गप्रवृत्तेर्निवृत्तिदर्शनात्। तथा वेषोऽपीति ॥ २१ ॥

**અવતરણિકા : પ્રશ્ન :** આ પ્રમાણે જો હોય અર્થાત્ માત્ર વેષ જો તદ્દન નક્કામો જ હોય તો પછી ભાવની શુદ્ધિ જ કરવી જોઈએ. પછી વેષવડે સર્યું ? (અર્થાત્ સંસારમાં રહીને જ ચિત્તની વિશુદ્ધિ માટે પ્રયત્ન કર્યા કરવાનો. પણ સાધુવેષ લઈને શું કામ ?)

**ઉત્તર :** ના, એવું નથી અર્થાત્ વેષ પણ કામનો છે.

(**પ્રશ્ન :** કેવી રીતે એ કામનો છે ?)

**ઉત્તર :** (નિશ્ચયથી અહિંસાનો પરિણામ જ આદરવા યોગ્ય હોવા છતાં પણ) જેમ વ્યવહારથી પૃથ્વી વિગેરે જીવોનું રક્ષણ = બચાવવાનો પ્રયત્ન એ અહિંસારૂપ ભાવની શુદ્ધિનો ઉપકારક બને છે. તેમ (નિશ્ચયથી ચિત્તશુદ્ધિ કરવા જેવી હોવા છતાં પણ) વ્યવહારથી વેષ પણ સંયમ પરિણામરૂપ ભાવની શુદ્ધિનો ઉપકારક બને છે. અને વેષ એ ઉપકારક બનતો હોવાથી 'એકાંતે વેષ નક્કામો છે' એ વાત ખોટી છે.

(**પ્રશ્ન :** તો પછી તમે જે પાછળની ગાથામાં વેષને નક્કામો કહ્યો તે કયાં આશયથી ?)

**ઉત્તર :** 'ભાવશુદ્ધિથી વિકલ = રહિત એવો આ = માત્ર વેષ અકિંચિત્કર = નક્કામો છે.' એવા આશયથી એ વાત કહેવાઈ છે.

હવે ગ્રંથકારશ્રી 'વેષ કઈ રીતે ભાવશુદ્ધિમાં ઉપકારી નીવડે છે ?' તેને કહે છે :

**ગાથાર્થ :** વેષ ધર્મની રક્ષા કરે છે, (કદાચ ક્યારેક ભૂલ થઈ જાય તો પણ વેષવાળા મહાત્મા) વેષને લીધે શંકા કરે = વિચાર કરે કે 'આત્મા ! તને ખબર તો છે ને કે તું દીક્ષિત છે ?' (એથી વેષને લીધે આવો વિચાર આવવાથી પણ સાધુધર્મથી પતિત થતાં અટકી જાય.)

(જેમ) ઉન્માર્ગવડે પડતાં = સદાચારને ખોઈ બેસવાની તૈયારીવાળા (એવા પુરુષને) રાજા અને જનપદ = દેશ, દેશના લોકો બચાવી છે (અર્થાત્ રાજા કે લોકના ભયથી જેમ પુરુષ અસદાચારના સેવનથી અટકી જાય છે તેમ વેષને આધારે પણ સમજવું. આ રીતે વ્યવહારથી વેષ પણ ભાવશુદ્ધિના ઉપકારી તરીકે સિદ્ધ થયો.) ।। ૨૧ ।।

**ટીકાર્થ :** વેષ એ ધર્મને રક્ષે છે એટલે કે વેષને લીધે ધર્મનું પાલન સહજતાથી થઈ શકે છે.

(**પ્રશ્ન :** શી રીતે વેષ ધર્મની રક્ષા કરે ?)

**ઉત્તર :** વેષનો સ્વીકાર કર્યા પછીના કાળે જે સજ્જન પુરુષો હોય છે તેમનામાં અકાર્ય = હિંસા વિગેરે રૂપ ખોટા કાર્યને વિષે પ્રવૃત્તિ દેખાતી નથી. (કેમકે જે સજ્જન પુરુષો હોય તેઓ જે સ્વીકારે તેનાથી વિપરીત વર્તન સામાન્યથી કરે નહીં. એથી એક વાર વેષ સ્વીકારી લીધો પછી એના પ્રત્યેની વફાદારી પૂરેપૂરી જાળવે જ. જો વેષ ન હોત તો ન પણ જાળવત, માટે વેષ એ સજ્જન પુરુષોને વિષે ધર્મની રક્ષા કરે છે.)

કદાચ ક્યારેક કોઈક રીતે = કર્મોદય વિગેરે કોઈક કારણસર સજ્જન પુરુષ અકાર્યમાં પ્રવર્તી જાય તો પણ જો વેષ પકડેલો હશે તો એ વેષને લીધે (**हेतुभूतेन**) વિચારે કે 'હું દીક્ષિત છું' અર્થાત્ 'હું સાધુવેષવાળો છું' એમ વિચારીને 'આવી ખોટી પ્રવૃત્તિ મારે કરવી ઘટે નહીં.' આ પ્રમાણે વિચાર કરે. (અને આવો વિચાર આવ્યા બાદ એ ધર્મમાં સ્થિર થઈ જાય. આ રીતે વેષ એ ધર્મમાં = ભાવશુદ્ધિમાં ઉપકારી બને.)

આ પ્રસ્તુત વાતમાં દૃષ્ટાંતને કહે છે કે :

ચોરી, પરસ્ત્રીગમન રૂપ ભાવ ઉન્માર્ગ વડે (દ્રવ્ય ઉન્માર્ગ = ઉંધો રસ્તો, ભાવ ઉન્માર્ગ = મોક્ષનો, ધર્મનો ઉંધો રસ્તો) પડતા = સદાચાર રૂપી પર્વતના શિખરથી પડવાની તૈયારીવાળા એવા પુરુષને જેમ રાજા બચાવી લે છે. (તેમ વેષ ધર્મને બચાવી લે છે.)

'**यथा पुरुषं**' આ બંને શબ્દ અધ્યાહાર છે = ગાથામાં ગર્ભિત રીતે રહેલા છે.

(**પ્રશ્ન :** રાજા થોડીના સર્વજ્ઞ કે મન:પર્યવજ્ઞાની હોય કે જેથી ખોટી પ્રવૃત્તિ કરવા તૈયાર થયેલા વ્યક્તિના મનના ભાવોને જાણીને એને બચાવવા દોડી જાય અને આવા તો કેટલા ઠેકાણે એ દોડશે ?)

**ઉત્તર :** 'રાજા બચાવી લે છે' એનો ભાવાર્થ આમ જાણવો કે : ('હું જો ખોટું કામ કરીશ અને પકડાઈ જઈશ તો રાજા મને દંડ કરશે = શૂળીએ ચડાવશે' વિગેરે રૂપ) તેના = રાજાના દંડના ભયથી પહેલેથી જ પ્રવૃત્તિ શરૂ ન થાય.

(**પ્રશ્ન :** એવું એકાન્તે ખરું કે કોઈ અપ્રવૃત્તિ ન જ કરે? શું કુટેવ, પરિસ્થિતિ વિગેરે વશાત્ કોઈ અકાર્ય ન કરી બેસે?)

**ઉત્તર :** કદાચ કોઈ અકાર્યમાં પ્રવૃત્ત થઈ જાય તો તે વ્યક્તિની પણ શંકાને લીધે = વિચારણાને લીધે નિવૃત્તિ થઈ જશે અર્થાત્ 'હું નધણિયાતો નથી, મારા માથે રાજા છે. અને એ રાજાનું હું લૂણ ખાઉં છું. તો પછી એવા રાજાને ત્યાં, રાજાની નગરીમાં ચોરી થાય ખરી? રાજાથી વિરુદ્ધ મારાથી કરાય ખરું?' આવા વિચારોને લીધે તે ફરી જશે. એટલે આમાં સરવાળે તો રાજાએ જ બચાવ્યો ગણાય માટે 'રાજા રક્ષે છે' એમ કહ્યું છે.

અને દેશવાસી લોક જેમ પડતા = અસદાચારના સેવનમાં તત્પર થયેલા પુરુષને બચાવી લે છે (તેમ વેષ ધર્મને બચાવી લે છે.)

(**પ્રશ્ન :** લોક કેવી રીતે પડતાં પુરુષને બચાવે છે? કેમકે રાજા દંડ આપે માટે એના ભયથી પડતો પુરુષ બચી જાય પણ લોક થોડી કાંઈ દંડ આપવાનો છે? તો પછી એ લોક કેવી રીતે બચાવે?)

**ઉત્તર :** (લોકની અંદર રહેલો વ્યક્તિ જો કોઈ અકાર્ય કરી બેસે તો લોક એના પર તૂટી પડે માટે એ) લોકના ધિક્કારના ભયથી પણ ઉન્માર્ગ = ખોટા માર્ગ પરની પ્રવૃત્તિથી નિવૃત્તિ = પાછા ફરવાનું દેખાય છે. અર્થાત્ પુરુષ ખોટી પ્રવૃત્તિ કરતાં અટકી જતો દેખાય છે. (એટલે અહીં પણ સરવાળે લોકે જ બચાવેલો કહેવાય) માટે 'જનપદ = લોક બચાવી લે છે' એમ કહ્યું.

(હવે એ પડતો પુરુષ જો જંગલ વિગેરે અનાથ, નિર્જન સ્થાનમાં રહ્યો હોત તો શું રાજા કે લોકનો ભય એને નડત? અને તો પછી શું એ બચી શકત? ના, જરાય નહિં. એથી જેમ આ પુરુષને રાજા તથા લોકે બચાવી લીધા) તેમ વેષ પણ સાધુમાંથી પડવાની તૈયારીવાળા એવા ધર્મને બચાવી લે છે. અર્થાત્ સાધુને ધર્મમાં સ્થિર કરી દે છે. ।। ૨૧ ।।

**વિશેષાર્થ :** (૧) '**वेषेण**' શબ્દમાં જે તૃતીયા વિભક્તિ છે તે તૃતીયા વિભક્તિ અનેક અર્થમાં આવતી હોવાથી અહીં 'કારણ અર્થમાં તૃતીયા વિભક્તિ છે' એવું જણાવવા માટે '**हेतुभूतेन**' શબ્દ લખ્યો છે એથી '**वेषेण**' નો અર્થ 'વેષને લીધે' આ પ્રમાણે કર્યો છે.

(૨) **પ્રશ્ન :** તમે '**प्रवृत्तस्यापि...**' પંક્તિનો અર્થ કરતાં પૂર્વે પ્રશ્ન કેમ ઉઠાવ્યો? શું સીધો અર્થ થઈ શકે એમ ન્હોતો?

**ઉત્તર :** સામાન્યથી એવો નિયમ છે કે 'એક વાત કર્યા પછી, કોઈ સિદ્ધાંત સ્થાપિત કર્યા પછી એને પુષ્ટ કરવા જો બે હેતુ અપાતા હોય તો બીજા હેતુના પહેલા શબ્દ પછી કે છેલ્લે '**च**' શબ્દ મૂકે. જો '**च**' શબ્દ ન હોય છતાં હેતુ અર્થમાં બે પંચમી હોય તો પછી બીજા હેતુને પ્રથમ હેતુના જ પુષ્ટિકારક તરીકે માનવો. અને એ બીજો હેતુ ઉતારતા પૂર્વે એક પ્રશ્ન ઊભો કરી દેવો જેથી હેતુ સ્પષ્ટ થાય.'

હવે અહીં '**निवृत्तेः**' પછી '**च**' શબ્દ નથી માટે ઉપરોક્ત નિયમના આધારે પ્રશ્ન ઉઠાવીને પછી અર્થ કર્યો.

આ પ્રમાણે આ ગાથા દ્વારા 'વ્યવહારથી વેષ પણ ભાવશુદ્ધિ માટે ઉપકારી છે' એ વાત કરી.

निश्चयतस्तु –

**अप्पा जाणइ अप्पा, जहट्ठिओ अप्पसक्खिओ धम्मो ।**
**अप्पा करेइ तं तह, जह अप्पसुहावहं होइ ।। २२ ।।**

*अप्पा० गाहा :* **आत्मा यथास्थितः** शुभपरिणामोऽशुभपरिणामो वा **तदात्मा जानाति**, न तु परः, परचेतोवृत्तीनां दुरन्वयत्वात्, अत एवात्मा जीवः साक्षी प्रत्यायनीयो यस्यासा**वात्मसाक्षिकः**, कोऽसौ ? धर्मः। **आत्मा** लब्धविवेको जीवः **करोति तत्** तस्मा**त्तथा**, यथा **आत्मसुखावह**मनुष्ठानं **भवति**, किं पररञ्जनयेत्याकूतम् ॥ २२ ॥

**અવતરણિકા :** નિશ્ચયથી = પરમાર્થથી તો વળી -

**ગાથાર્થ :** આત્મા જે પ્રમાણે રહેલો હોય (તેને) આત્મા જ જાણી શકે છે. (માટે જ) ધર્મ એ આત્મસાક્ષિક (કહેવાયેલો છે). **तं** = તેથી આત્મા તે જ પ્રમાણે કરે, જે રીતે (તે સદનુષ્ઠાન) આત્માને સુખને કરનારુ થાય. (પણ લોકને ખુશ કરવા કરે નહીં.)।। ૨૨ ।।

**ટીકાર્થ :** આત્મા જે પ્રમાણે રહેલો હોય એટલે કે 'એ શુભ પરિણામવાળો = શુભ અધ્યવસાયવાળો છે કે અશુભ પરિણામવાળો = અશુભ અધ્યવસાયવાળો છે' **तत्** = તે વાતને આત્મા જ જાણી શકે છે, પરંતુ બીજો વ્યક્તિ જાણી શકતો નથી.

(**પ્રશ્ન :** કેમ નથી જાણી શકતો ?)

**ઉત્તર :** કેમકે પારકાના મનના વર્તનો = ભાવો દુ:ખેથી થઈ શકે છે અન્વય = બોધ જેનો એવા હોય છે. અર્થાત્ પારકાના મનના વિચારો જાણવા બહુ અઘરા હોય છે. માટે શુભ કે અશુભ પરિણામવાળા થયેલા આત્માને આત્મા જ જાણી શકે બીજો નહીં.

આથી જ = આત્મા જ આત્માને જાણી શકતો હોવાથી જ આત્મસાક્ષીવાળો (ધર્મ છે.)

આત્મસાક્ષિકનો અર્થ કરે છે કે : 'આત્મા = જીવ એ જ છે પ્રતીતિ પમાડવા યોગ્ય = જણાવવા યોગ્ય = વિશ્વાસમાં લેવા યોગ્ય જેને એવો આ' એ આત્મસાક્ષિક કહેવાય. (અર્થાત્ કોઈપણ અનુષ્ઠાન પાછળ એ પોતાને જાતને ચૂંટી ખણીને પૂછી લેતો હોય 'કે હું આ જે સ્વાધ્યાય, તપ, વૈયાવચ્ચ વિગેરે કરું છું એ આત્મહિત માટે જ કરું છું ને ?લોકોને બતાડવા, ખુશ કરવા તો કરતો નથીને ?' પછી એને જે સાચો જવાબ મળે એના આધારે કરવા યોગ્ય સુધારા-વધારા કરીને પછી પ્રસન્નતાપૂર્વક આત્માને નિર્મળ કરવા ધર્મ કરે. આ આત્મસાક્ષિકનો ભાવાર્થ થયો.)

**પ્રશ્ન :** આ આત્મસાક્ષિક કોણ છે ?

**ઉત્તર :** ધર્મ એ આત્મસાક્ષિક છે (અર્થાત્ આત્માને આત્મા જ જાણી શકતો હોવાથી ધર્મ એ આત્મા માટે જ કરવા કહેવાયેલો છે.)

**तत्** = તે કારણથી = ધર્મ એ આત્મા માટે હોવાથી **આત્મા** = મેળવાયેલો છે વિવેક જેના વડે એવો જીવ, **तथा** = તે પ્રમાણે (જ) કરે,

**यथा** = જે પ્રમાણે આત્માને સુખ પહોંચાડનારુ અનુષ્ઠાન = ધર્મ સંપન્ન થાય. (અર્થાત્ જીવની અને ધર્મની વાસ્તવિકતા જાણ્યા બાદ આત્મા પોતાના સુખને માટે જ કોઈપણ અનુષ્ઠાન કરે પછી એવા વિવેક સંપન્ન જીવને) બીજાને ખુશ કરવા વડે શું કામ છે ? અર્થાત્ કશું કામ રહેતું નથી.

આ પ્રમાણેનો ઉપર કહેવાયેલ વાતનો આકૂત = અભિપ્રાય છે.

(આ ગાથામાં 'નિશ્ચયથી આત્મા આત્માને સંપૂર્ણ રીતે જાણીને આત્મા માટે જ કરવા કહેવાયેલ ધર્મને તે રીતે કરશે જે રીતે આત્મા સર્વકર્મોના ક્ષય દ્વારા સાચા અર્થમાં સુખી બને' એ વાત કહેવાઈ એથી અહીં વેષની પ્રધાનતા ઉડી ગઈ. પરિણામની જ પ્રધાનતા સાબિત થઈ અને એ નિશ્ચયનયને આશ્રયીને સંગત જ છે.

જ્યારે સ્યાદ્વાદીને વ્યવહાર - નિશ્ચય ઉભય નય માન્ય હોવાથી એ 'તે તે અવસરે વેષ તથા પરિણામ બંનેની પ્રધાનતા છે' એમ માનશે.) ।। ૨૨ ।।

**વિશેષાર્થ : (૧) પ્રશ્ન :** ઉત્તરાર્ધમાં રહેલ **'आत्मा'** શબ્દનો કેમ **'लब्धविवेको जीवः'** આવો વિશિષ્ટ અર્થ કર્યો ?

**ઉત્તર :** આગળ જે વાત કરવાની છે એના આધારે આવો અર્થ કરવો આવશ્યક છે. કેમકે વિવેક સંપન્ન જીવ જ 'દેહ-પુદ્ગલથી આત્મા જુદો છે' આવું વિવેક જ્ઞાન કરીને જેનાથી આત્માને સુખ ઉપજે એમ હોય તેમ કરે, પુદ્ગલ-દેહને પ્રધાનતા આપે નહિં. જ્યારે અવિવેકી જીવનું તદ્દન વિપરીત ખાતુ હોય છે. એ દેહને, પુદ્ગલને જ સર્વસ્વ માનીને એને સુખ આપવા માટે ધમપછાડા કર્યા કરે અને ધર્મને બાધા પહોંચાડ્યા કરે. માટે ગાથામાં આગળ 'જીવ આત્મપ્રસન્નતાકારક અનુષ્ઠાન કરે છે' આ વાત કરવાની હોવાથી એમાં 'જીવ' તરીકે કોઈ ગમે તે 'જીવ' સમજી ન બેસે માટે ટીકાકારે પહેલેથી ઉપરોક્ત વિશિષ્ટ અર્થ કરી દીધો.

यतो भाव एव शुभाऽशुभकर्मकारणमित्याह-

**जं जं समयं जीवो, आविसई जेण जेण भावेण ।**
**सो तंमि तंमि समए, सुहासुहं बंधए कम्मं ।। २३ ।।**

***जं जं० गाहा :*** यं यमिति वीप्सया सर्वसङ्ग्रहमाह, **समयं** परमनिकृष्टं कालं **जीव आविशत्या**स्कन्दति **येन येन** शुभाशुभेन **भावेन** परिणामेन, **स** जीव**स्तस्मिंस्तस्मिन् समये** शुभाशुभं तद्भावप्रत्ययमेव **बध्नाति कर्म** ज्ञानावरणादीति ।। २३ ।।

**અવતરણિકા :** જે કારણથી નિશ્ચયનયના આધારે ભાવ = પરિણામ = અધ્યવસાય જ શુભ અને અશુભ એવા કર્મનું કારણ છે એટલે ગ્રંથકારશ્રી એના જ અનુસંધાનમાં એક નવી વાત કહે છે કે :-

**ગાથાર્થ :** જે જે સમયે જીવ જે જે ભાવ વડે આવિષ્ટ થતો હોય અર્થાત્ જે શુભાશુભ ભાવવાળો થતો હોય. તે તે સમયે તે જીવ શુભાશુભ કર્મને બાંધે છે (અર્થાત્ શુભ અધ્યવસાય વખતે શુભ કર્મને અને અશુભ અધ્યવસાય વખતે અશુભ કર્મને બાંધે છે. પછી બહારના સ્તરે ભલેને ગમે તે શુભ કે અશુભ ક્રિયાઓ ચાલતી હોય. માટે ભાવ એ જ કર્મબંધનું પ્રધાન કારણ છે. એથી એ અધ્યવસાય પર મુમુક્ષુ આત્માની સતત ચાંપતી નજર હોવી જોઈએ.)

**ટીકાર્થ :** (**પ્રશ્ન :** ગાથામાં 'જે જે સમયે' એમ બે વાર કેમ 'જે' શબ્દનો ઉલ્લેખ કર્યો છે ?)

**ઉત્તર :** 'જે જે' આ પ્રમાણેની વીપ્સા વડે = દ્વિરુક્તિ વડે = બે વાર એક જ શબ્દના પ્રયોગ વડે 'સઘળાય (સમયનો) સંગ્રહ કરી લેવો' એ વાતને કહી. અર્થાત્ 'કોઈ ચોક્કસ એક સમય માટેના કર્મબંધ સંબંધી હવે કહેવાતો નિયમ ન સમજવો પણ હરપળ અંગેની આ વાત જાણવી' આ પ્રમાણેનું સૂચન વીપ્સા દ્વારા ગ્રંથકારશ્રી વડે કરવામાં આવેલ છે.

(જે જે) સમયે એટલે કે પરમનિકૃષ્ટ = સૌથી નાનામાં નાના કાળને વિષે

જીવ પ્રવેશ કરે છે = પરિણમેલો થાય છે

(**પ્રશ્ન :** શેના વડે પરિણમેલો થાય છે ?)

**ઉત્તર :** જે જે = શુભ કે અશુભ જે પ્રકારના ભાવવડે = અધ્યવસાય વડે પરિણમેલો થાય છે. (અર્થાત્ જે સમયે જીવ જે શુભ કે અશુભ ભાવવાળો થાય.)

તે = જીવ તે તે સમયે શુભ કે અશુભ એવા જ્ઞાનાવરણીય વિગેરે કર્મને બાંધે છે.

એટલે કે શુભ અધ્યવસાયમાં વર્તતી વખતે તે = શુભ ભાવ એ જ છે પ્રત્યય = કારણ જેમાં એવા શુભ કર્મને જ બાંધે અને અશુભ અધ્યવસાયમાં વર્તતી વખતે તે = અશુભભાવ એ છે પ્રત્યય = કારણ જેમાં એવા અશુભ કર્મને જ બાંધે. (માટે હરપળે જાગ્રત રહેવું.) ।। ૨૩ ।।

તस्माच्छुभ एव भावो विधेयो, न गर्वादिदूषित इत्याह च –

**धम्मो मएण हुंतो, तो नवि सीउण्हवायविज्झडिओ ।**
**संवच्छरमणसिओ, बाहुबली तह किलिस्संतो ।। २४ ।।**

***धम्मो मएण० गाहा :*** **धर्मो मदेनाऽभविष्यत्**, यदीति गम्यते, **ततो नापि** नैव सम्भाव्यत एतत्, यदुत **शीतोष्णवातैर्विझटितो** व्याहतो मिश्रितो वा अतिव्याप्तत्वात्, शीतोष्णवातविझटितः **संवत्सरं** यावद**नशितो** निर्भोजनो **बाहुबली तथा अक्लिशिष्यत्** विबाधामन्वभविष्यदिति सङ्क्षेपार्थः।

**विस्तरार्थः कथानकगम्यस्तच्चेदम्** – भरते चक्रवर्तिनि निजाज्ञाग्राहणोद्यते तत्कनिष्ठभ्रातरो विहाय राज्यानि ऋषभदेवान्तिके प्राव्राजिषुः। समुत्पन्नानि च सर्वेषां केवलज्ञानानि। बाहुबली पुनस्तद्भ्रातैव कथमहमेतद्भयादाज्ञां प्रव्रज्यां वा करिष्यामीत्यमर्षादभ्युत्थितः, संलग्नं द्वयोरपि युद्धं, दृष्टिवाग्बाहुमुष्टिदण्डप्रहारयुद्धेषु निर्जितो भरतः, चिन्तितमनेन किमयं चक्रवर्तीति? अत्रान्तरेऽर्पितं देवतया चक्रम्। गृहीतचक्रो दृष्टो बाहुबलिना चिन्तितमनेन चूर्णयामि सचक्रमेनम् अथवा किमस्य गतमर्यादाजीवितस्य मारणेन? अहो दुरन्ता विषयाः। तदिदमुपलभ्यते लग्नम्। यदुक्तम्–

**न मातरं न पितरं, न स्वसारं न सोदरं। गुणैः सम्पश्यति तथा, विषयान् विषयी यथा ॥ १ ॥**

इति सञ्जातवैराग्येण तेन निःसृष्टो भुवि दण्डः, कृतः पञ्चमुष्टिको लोचः, अर्पितं देवतया रजोहरणादि, प्रपन्नः प्रव्रज्यां इति। तदवलोक्य लज्जितः स्वकर्मणा भरतः, प्रसाद्यानेकविधं वन्दित्वा गतः स्वस्थानं भरतः। बाहुबली पुनः 'कथमहं छद्मस्थतया केवलिनो लघुभ्रातॄन् वन्दिष्ये?' इत्यभिप्रायात्स्थितस्तत्रैव, कायोत्सर्गेण तिष्ठतो गतं वर्षं। शीतवातातपैर्दवदग्धस्थाणुकल्पं कृतं शरीरकं, प्रसरिताः समन्ततो वल्लर्यः, प्ररूढा दर्भशूच्यः, समुद्गताश्चरणयोर्वल्मीकाः, प्रसूताः कूर्चादौ शकुनय इति। ततो भगवता तद्भगिन्यौ ब्राह्मीसुन्दर्यौ 'भ्रातः! अवतर हस्तिनः' इति वक्तव्यं गत्वा युवाभ्यामित्युपदिश्य तत्पार्श्वं प्रहिते। गत्वाभिहितं तत्ताभ्यां, चिन्तितमनेन कुतो मुक्तसङ्गस्य मे हस्ती आ! ज्ञातं! मान इति। धिग् मां दुष्टचिन्तकं! वन्द्यास्ते भगवन्तो, व्रजामि वन्दितुं, इत्युत्पाटितं चरणेन सह केवलज्ञानमिति। यदि गर्वं नाकरिष्यत् तदादित एव केवलज्ञानमुदपाटयिष्यत्। अतो न मदेन धर्मो भवतीति स्थितम् ।।२४।।

**અવતરણિકા :** તે કારણથી = જે કારણથી શુભઅધ્યવસાય વખતે શુભકર્મ બંધ અને અશુભઅધ્યવસાય અવસરે અશુભ કર્મ બંધ થાય છે તે કારણથી શુભ જ ભાવ કરવા યોગ્ય છે, પણ ગર્વ = અહંકાર વિગેરે અશુભભાવોથી દૂષિત એવો ભાવ કરવા યોગ્ય નથી. અને એટલે જ ગ્રંથકારશ્રી પણ હવેની ગાથામાં એ વાતને કહે છે કે :

**ગાથાર્થ :** (જો) ધર્મ અહંકારવડે થઈ શકતો હોત તો આ વાત ન જ સંભવે કે ઠંડી, ગરમી, પવનથી હણાયેલા (પીડા પહોંચાડાયેલા), એક વર્ષ સુધી ખાધા વગર રહેલા એવા બાહુબલીજી તે પ્રમાણે ક્લેશ પામ્યા હોત. ।। ૨૪ ।।

**ટીકાર્થ : यदि** = 'જો' શબ્દ ગાથામાં નથી છતાં જાણી લેવાનો છે કેમકે પાછળ **'ततो'** શબ્દ આવે છે અને **यत्-तत्**નો નિત્ય સંબંધ હોય છે.

માટે જો ધર્મ મદ = અહંકાર વડે થતો હોત,

તો આ વાત ન જ સંભવે કે (**यदुत** = કે) ઠંડી, ગરમી અને પવન વડે હણાયેલા = પીડા પહોંચાડાયેલા અથવા મિશ્રિત થયેલા = એકમેક થયેલા,

(**પ્રશ્ન** : કેમ 'એકમેક થયેલા' એવું કહો છો?)

**ઉત્તર** : કેમકે (બાહુબલીજી) લાકડાની જેમ એકદમ સ્થિર હોવાને લીધે ઠંડી વિગેરેથી એટલી હદે વ્યાપી ગયેલા કે એમના શરીરને અડતાં જ ઠંડી વિગેરેનો અનુભવ થાય. એથી દેખાવમાં માનવાકૃતિ દેખાય અને સ્પર્શતા ઠંડી વિગેરેનો અનુભવ થાય માટે 'મિશ્રિત થયેલા = એકમેક થયેલા' એમ કહ્યું.

(વળી) એક વર્ષ સુધી ભોજન વગર રહેલા એવા બાહુબલીજી તેવા પ્રકારના = આગળ વાર્તામાં કહેવાશે તેવા પ્રકારના ક્લેશને પામ્યા હોત એટલે કે પીડાને અનુભવી હોત (અર્થાત્ ક્યારનાંય કેવળજ્ઞાન પામી ગયા હોત કેમકે એમને દેહદમન, વિષયસેવનનો ત્યાગ તો જોરદાર કર્યો જ હતો પણ છતાં મનમાં અહંકાર રમતો હતો એથી કેવલજ્ઞાન ન પામ્યા. માટે નક્કી થાય છે કે ધર્મ એ અહંકારથી નથી થતો પણ અહંકારના અભાવથી થાય છે.)

આ સંક્ષેપથી = ટૂંકાણથી અર્થ કહેવાઈ ગયો.

વિસ્તારથી અર્થ એ વાર્તાથી જાણવા યોગ્ય છે અને તે કથાનક આ છે :

ચક્રવર્તી એવા ભરતજી (સંપૂર્ણ ષટ્ખંડના રાજા બનવા માટે)બધા પાસે પોતાની આજ્ઞા સ્વીકાર કરાવવામાં ઉદ્યમી હતા ત્યારે તેના = ભરતજીના નાના ભાઈઓએ (પોતાના) રાજ્યોને છોડીને ઋષભદેવની પાસે પ્રવ્રજ્યાને સ્વીકારી લીધી અને એ પછી બધાને કેવળજ્ઞાન (પણ) ઉત્પન્ન થઈ ગયું.

(આ બાજુ) તેના = ભરતજીના જ ભાઈ એવા બાહુબલીજી વળી આવા પ્રકારના અહંકાર - ક્રોધથી ભરતજીની સામે ઉઠ્યા = માથું ઉંચક્યું.

(**પ્રશ્ન** : કેવા પ્રકારનો અહંકાર થયો?)

**ઉત્તર** : "હું શા માટે આના = ભરતજીના ભયથી આજ્ઞાને (આજ્ઞાના સ્વીકારને) કે પછી પ્રવ્રજ્યાને = પ્રવ્રજ્યાના સ્વીકારને કરીશ એટલે કે કરું?" આવા પ્રકારના અહંકારથી એમને માથું ઉંચક્યું.

તેથી બંનેનું પણ પરસ્પર યુદ્ધ શરૂ થયું. એ યુદ્ધમાં દષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ, બાહુયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, દંડયુદ્ધમાં ભરતરાજા બાહુબલી વડે જીતી લેવાયા.

ત્યારે પોતાની બધા યુદ્ધોમાં હારને જોઈને આ ભરતજીવડે વિચારાયું કે : 'મારા બદલે શું આ = બાહુબલી ચક્રવર્તી છે? જેથી મને યુદ્ધોમાં હાર આપે જ રાખે છે.'

અહીં વચ્ચે એટલે કે આવો વિચાર તેમના મનમાં ચાલી રહ્યો છે તે દરમ્યાન દેવવડે ભરતજીને ચક્ર અપાયું અને બાહુબલી વડે ગ્રહણ કરાયેલા ચક્રવાળા એવા ભરતજી જોવાયા. પછી બાહુબલીએ વિચાર્યું કે 'આ ભરતનો હું ચક્રસહિત ભૂક્કો કરી નાંખું.

અથવા તો જવા દો. જતું રહ્યું છે મર્યાદારૂપી જીવન જેમનામાંથી એવા આ ભરતજીને મારવા વડે સર્યું. (અર્થાત્ પિતાએ આપેલ રાજ્યને પણ આ પચાવી પાડવા તૈયાર થયેલો હોવાથી એણે મર્યાદાઓ બધી નેવે મૂકી દીધી છે અને મર્યાદા વગરનો વ્યક્તિ મરેલો જ ગણાય માટે મરેલાને મારવાવડે સર્યું.)

અહો! વિષયો અત્યંત ખરાબ અંતવાળા હોય છે. તેથી આ વાત લગ્ન = યોગ્ય જણાય છે = લાગે છે

(**પ્રશ્ન :** કઈ વાત યોગ્ય લાગે છે?)

**ઉત્તર :** જે વાત (ધર્મશાસ્ત્રમાં) કહેવાયેલી છે કે : 'વિષયાસક્ત વ્યક્તિ ગુણોવડે તે રીતે માતા, પિતા, બેન, ભાઈને નથી જોતો જે રીતે એ વિષયોને જુએ છે. (અર્થાત્ વિષયાસક્તને વિષયો એટલા પ્યારા લાગે છે. એની તોલે એને એના માતા, પિતા, વિગેરે પણ એટલા પ્યારા નથી લાગતા માટે પોતાના વિષયસેવનમાં જો એ લોકો ક્યારેક નડતર રૂપ બને તો એ લોકોનું પણ કાસળ કાઢવામાં વિષયાસક્ત વ્યક્તિ વિલંબ ન કરે. માટે 'વિષયો દુરન્ત' છે એ વાત તદ્દન યોગ્ય લાગે છે.)'

આ પ્રમાણે ઉત્પન્ન થયો છે વૈરાગ્ય જેમને એવા તે બાહુબલીજીએ (પોતાના હાથમાં રહેલા) દંડને ધરતી પર નાંખી દીધો. (છેલ્લુ દંડયુદ્ધ હતું માટે 'દંડને નાંખી દીધો' એમ કહ્યું છે.) ત્યારબાદ પાંચમુષ્ટિવાળો લોચ કર્યો, એ પછી દેવવડે રજોહરણ વિગેરે દ્રવ્યલિંગ અપાયું અને બાહુબલીજીએ (ભાવથી) દીક્ષાને સ્વીકારી લીધી.

આ પ્રમાણેના તે પ્રસંગને જોઈને ભરતજી પોતાના આવા ખોટા પગલાને લીધે શરમાઈ ગયા. (પછી) ક્ષમા માંગવી વિગેરે અનેક પ્રકારે બાહુબલીજીને ખુશ કરીને (ખુશ કરવા પ્રયત્ન કરીને) (છેવટે) વન્દન કરીને ભરતજી પોતાને સ્થાને ગયા.

અને આ બાજુ બાહુબલી મહાત્મા વળી 'હું છદ્મસ્થ હોવાને લીધે કેવલી એવા નાનાભાઈઓને કેવી રીતે વન્દન કરી શકીશ? (ના, મારાથી નાના ભાઈઓને વંદન નહી થાય)' આવા પ્રકારના અભિપ્રાયને લીધે ત્યાં જ રહી ગયા. (જે યુદ્ધભૂમિ પર ઊભા રહીને પ્રવ્રજ્યા સ્વીકારી હતી ત્યાં જ ઊભા રહી ગયા.)

(અને) કાયોત્સર્ગ વડે (પૂર્વક) ઊભા રહેલા એવા એમને એક વર્ષ પસાર કરી દીધો. ઠંડી, પવન અને તાપને લીધે એમનું શરીર દાવાનળમાં બળી ગયેલ ઠૂંઠા જેવું થઈગયું, (એમના શરીર પર) ચારેબાજુ વેલડીઓ ફેલાઈ ગઈ, તીક્ષ્ણ એવું દર્ભ નામનું ઘાસ ઉગી ગયું, બે પગની વચ્ચે (કીડાઓ વિગેરે વડે કરાયેલ) રાફડાઓ = નાનકડા માટીના પર્વત જેવા ઊભા થઈ ગયા, (એમની દાઢી વિગેરે એટલી હદની વધી ગયેલ કે એ) દાઢી વિગેરે પર પક્ષીઓએ ઈંડાઓ મૂકી દીધા.

ત્યારપછી ભગવાન્ ઋષભદેવે બાહુબલીજીના બહેન એવા બ્રાહ્મી અને સુંદરીજીને આ પ્રમાણે શીખવાડીને તે બાહુબલીજીને પાસે મોકલ્યા.

(**પ્રશ્ન :** શું શીખવાડીને મોકલ્યા?)

**ઉત્તર :** ''તમારા બંનેવડે ત્યાં જઈને આ પ્રમાણે કહેવા યોગ્ય છે કે હે ભાઈ! હાથી પરથી હેઠા ઉતરો'' આ પ્રમાણે શીખવાડીને તેઓને બાહુબલીજી પાસે મોકલ્યા.

ત્યારબાદ ત્યાં જઈને તે બંને બહેનો વડે તે વાત કહેવાઈ (અને એ સાંભળીને) બાહુબલીજીએ વિચાર્યું કે 'જેને બધા સંગો = સંબંધો મૂકી દીધેલા છે એવા મારે હાથી ક્યાંથી સંભવે? આ! જણાઈ ગયું

કે માન એ હાથી છે. (અને એના પર બેઠેલા એવા મને નીચે ઉતરવાનું મારા બહેનો કહી રહ્યા છે) (**आ!** શબ્દ અવ્યય છે અને એ મૂંઝવણવાળી વાત પોતાના ઊહાપોહથી જ સૂલટાઈ જાય ત્યારે આશ્ચર્ય સૂચક રૂપે સામાન્યથી વપરાય છે. અમુક સ્થળે ખેદ વિગેરે દર્શાવવા માટે પણ વપરાય છે.)

કેવલી એવા નાના ભાઈઓને નહીં વંદન કરવારૂપ દુષ્ટ વિચાર કરનાર એવા મને ધિક્કાર હો! ખરેખર તે બધા ભગવંતો વંદન કરવા યોગ્ય છે (લાવ) હું વંદન કરવા માટે જઉ' આ પ્રમાણે વિચારીને એમને પગની સાથે કેવલજ્ઞાનને પણ ઉપાડી દીધું. (અર્થાત્ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી લીધું.) (અહીં વાર્તા પૂર્ણ થઈ. હવે નિષ્કર્ષ કહે છે કે :)

જો એમને ગર્વ ન કર્યો હોત તો પહેલેથી જ (એક વર્ષ પૂર્વે જ) કેવલજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું હોત (કેમકે એમનામાં એટલો બધો પ્રચંડ વૈરાગ્ય હતો પણ એક અહંકારને લીધે એમને આટલું સહન કરવું પડ્યું) માટે 'ધર્મ મદવડે થતો નથી' એ વાત નક્કી થઈ. ।। ૨૪ ।।

**વિશેષાર્થ :** (૧) **પ્રશ્ન :** ગાથામાં **'नवि'** શબ્દ છે એનું સંસ્કૃતમાં **'नापि'** થાય હવે ટીકાકારશ્રીએ **'न'** નો અર્થ કર્યો છે પણ **'अपि'** નો અર્થ તો કર્યો જ નથી?

**ઉત્તર :** ટીકામાં **'नापि = नैव'** આ પ્રમાણે જે ખોલ્યું છે તેમાં **'एव'** એ જ **'अपि'** નો અર્થ જાણવો કેમકે અવ્યયો આ રીતે અનેક અર્થમાં વપરાતા હોય છે. માટે કોઈ વિરોધ ન કરવો.

(૨) આ વાર્તામાં એક નાનકડો મતાંતર છે. તે આ પ્રમાણે : પ્રચલિત વાર્તામાં એવું સાંભળ્યું છે કે બાહુબલીજીએ ભરતજીને મારવા મુષ્ટિ ઉગામેલી હતી પછી વિચાર પલટાઈ જતાં એ મુષ્ટિ નિષ્ફળ ન જાય માટે લોચ કરી દીધો. જ્યારે અહિં તો વિચાર દરમ્યાન હાથમાં દંડ છે, એથી મુષ્ટિની નિષ્ફળતાનો અવસર અહિં રહેતો નથી.

समदश्च न गुरूपदेशयोग्यस्तथा न स्वार्थसाधक इत्याह –

**नियगमइविगप्पियचिंतिएण सच्छंदबुद्धिरइएण ।**
**कत्तो पारत्तहियं, कीरइ गुरुअणुवएसेणं ।। २५ ।।**

***नियगमइ० गाहा :*** **निजकमतिविकल्पितचिन्तितेनेति,** विकल्पितं स्थूलालोचनं, चिन्तितं सूक्ष्मालोचनम्। ततश्च गुरूपदेशाभावान्निजकमत्याऽऽत्मीयबुद्ध्या विकल्पितचिन्तिते यस्य स तथा तेन, अत एव **स्वच्छन्दबुद्धिरचितेन** स्वतन्त्रमतिचेष्टितेनेत्यर्थः, **कुतः परत्रहितं क्रियते?** न कुतश्चिदुपायाभावात् । केनेत्याह–उपदेशमर्हतीत्युपदेश्यः, ततोऽन्योऽनुपदेश्यः, गुरोरनुपदेश्यो **गुर्वनुपदेश्यः,** तेन, गुरुकर्मणा शिष्येणेति शेषः ।। २५ ।।

**અવતરણિકા :** (અહંકાર વડે ધર્મ નથી થતો માટે) અહંકાર સહિતનો વ્યક્તિ ગુરુના ઉપદેશને યોગ્ય નથી અને તે સ્વાર્થ = આત્મહિતનો સાધક (પણ) નથી બની શકતો. માટે કહે છે કે :

**ગાથાર્થ :** પોતાની મતિના આધારે વિકલ્પ અને ચિંતન છે જેનું એવા, (માટે જ) સ્વચ્છંદ એવી બુદ્ધિના આધારે આચરણ છે જેનું એવા, ગુરુના ઉપદેશને માટે અયોગ્ય એવા (શિષ્ય) વડે કેવી રીતે પરલોક સંબંધી હિત કરાય ? = કરાશે ? અર્થાત્ એ પરલોક સંબંધી હિત નહીં જ સાધી શકે કેમકે ગુરુનો ઉપદેશ સાથે નથી માટે.) ।।૨૫।।

**ટીકાર્થ :** સૌપ્રથમ '**निजमतिविकल्पितचिंतित**'માં રહેલ '**विकल्पित**' અને '**चिंतित**'નો અર્થ કરે છે કે : **विकल्पित** = સ્થૂલાલોચન એટલે કે સ્થૂલ વિચારણા અને '**चिंतित**' = સૂક્ષ્માલોચન એટલે કે સૂક્ષ્મ વિચારણા.

અને તેથી = વિકલ્પિત તથા ચિંતિતનો આવો અર્થ છે માટે (હવે અર્થ આ પ્રમાણે કરવો) (વિકલ્પિત અને ચિંતિતનો અર્થ પહેલા એટલા માટે આપી દીધો કે કોઈ એને ભૂતકૃદન્તવાળા શબ્દો સમજી ન બેસે.)

(શિષ્ય અહંકારી છે અને એવા અહંકારી શિષ્યને) ગુરુના ઉપદેશનો અભાવ હોવાથી નિજકમતિ એટલે કે પોતાની બુદ્ધિના આધારે સ્થૂલવિચાર (અને) સૂક્ષ્મવિચાર છે જેનો એવો તે શિષ્ય છે

માટે જ = પોતાની બુદ્ધિ વડે વિચાર કરે છે માટે જ સ્વતંત્ર એટલે કે શાસ્ત્ર નિરપેક્ષ મતિના આધારે છે વર્તન જેનું એવો તે શિષ્ય છે અને તેવા વ્યક્તિ વડે કેવી રીતે પરલોક સંબંધી હિત કરાય ? = કરાશે ? અર્થાત્ એ નહિં જ કરી શકે. કેમકે (ગુરુ, ગુરુનો ઉપદેશ, શાસ્ત્ર વિગેરે જે પરલોકમાં હિત માટેના ઉપાયો ગણાય તે) કોઈપણ ઉપાય એની પાસે નથી માટે ઉપાયનો અભાવ હોવાને લીધે ઉપેય એવું પરલોક સંબંધી હિત એ અહંકારી, સ્વછંદ વ્યક્તિ નહીં કરી શકે.

(**પ્રશ્ન :** કોણ છે તે વ્યક્તિ ? જેના વડે પરલોકહિત નહીં કરી શકાય ?)

**ઉત્તર :** ગુરુનો અનુપદેશ્ય અર્થાત્ ગુરુ માટે ઉપદેશ આપવાની દૃષ્ટિએ નાલાયક એવા ભારે કર્મી શિષ્ય વડે (પરલોકહિત નહીં કરી શકાય.)

**गुर्वनुपदेश्यः** શબ્દનો અર્થ ખોલવાપૂર્વક સમાસ ખોલે છે : ઉપદેશને જે યોગ્ય છે = ઉપદેશ્ય, તેનાથી અન્ય = બીજો એ અનુપદેશ્ય = ઉપદેશને માટે અયોગ્ય, ગુરુના ઉપદેશને માટે અયોગ્ય = **गुर्वनुपदेश्यः**

'ભારેકર્મી શિષ્ય' આ વિશેષ્ય ગાથામાં નહિં હોવા છતાં વાક્યના શેષરૂપે અહીં સમજી લેવાનો છે. ।। ૨૫ ।।

(આ પ્રમાણે આ ગાથા દ્વારા 'અહંકારી વ્યક્તિ ગુરુના ઉપદેશ માટે અયોગ્ય થાય છે અને એથી એ પરલોકહિત નહીં કરી શકતાં સ્વાર્થ સાધક પણ નહિં બની શકે.' એ વાત કરી.)

किञ्च –

**थद्धो निरुवयारी, अविणीओ गव्विओ निरवणामो ।**
**साहुजणस्स गरहिओ, जणे वि वयणिज्जयं लहइ ।। २६ ।।**

***थद्धो० गाहा :*** **स्तब्धो**ऽनीचैर्वृत्तिः, शरीरेऽपि दर्शितमानविकार इत्यर्थः **निरूपकारी** कृतघ्नः,

**अविनीत** आसनदानादिविनयविकलः, **गर्वितः** स्वगुणोत्सेकवान् आत्मश्लाघापरो वा, **निरवनामो** गुरुष्वप्यप्रणतिप्रवणः। स एवम्भूतः **साधुजनस्य गर्हितो** निन्दितो भवति, **जनेऽपि वचनीयतां** दुष्टशील इति हीलारूपां **लभते** प्राप्नोतीति ॥ २६ ॥

**અવતરણિકા :** વળી

**ગાથાર્થ :** જે વ્યક્તિ સ્તબ્ધ = અક્કડ હોય છે, નિરુપકારી હોય છે, અવિનયી હોય છે, ગર્વવાળો હોય છે, નિરવનામ હોય છે તે સાધુજનને વિષે ગર્હા - નિંદા કરાયેલો થાય છે, અને સામાન્ય લોકને વિષે પણ હીલનીયતાને પામે છે ।। ૨૬ ।।

**ટીકાર્થ :** (જે વ્યક્તિ) સ્તબ્ધ એટલે કે નથી નીચું વર્તન જેનું = અક્કડ છે અર્થાત્ (મનમાં અહંકારનો ભાવ હોય એ તો હજી સમજાય પણ) શરીરને વિષે પણ દેખાડ્યો છે માન = અહંકારનો વિકાર જેને એવો હોય છે.

(વળી જે) નિરુપકારી એટલે કે કૃતઘ્ની = કરેલા ઉપકારને પણ ભૂલી જનાર, છૂપાવનાર છે.

(વળી જે) અવિનીત એટલે કે (ગુરુને) આસન આપવું વિગેરે વિનયથી રહિત હોય છે.

(વળી જે) ગર્વિત એટલે કે પોતાના ગુણોના અહંકારવાળો હોય છે અર્થાત્ મનમાં ને મનમાં ફૂલ્યા કરતો હોય છે અથવા પોતાના (વાચિક) વખાણમાં તત્પર હોય છે.

(વળી જે) નિરવનામ એટલે કે ગુરુજનને વિષે પણ નહિં નમસ્કાર કરવામાં તત્પર અર્થાત્ એમની સાથે પણ તોછડાઈપૂર્વક વર્તનારો હોય છે.

તે આવા પ્રકારનો અહંકારી વ્યક્તિ સાધુજનને વિષે = સજ્જનોને વિષે નિંદા કરાયેલો થાય છે (અર્થાત્ સજ્જનો એમની સજ્જનતાને લીધે ચારે બાજુ એને વગોવે ભલે નહિં. પણ ઉપેક્ષા કરે અને એઓની ઉપેક્ષા એ નિંદા કરતાં પણ વધુ ભયાનક છે.)

અને લોકને વિષે પણ વચનીયતાને એટલે કે 'આ વ્યક્તિ દુષ્ટશીલ = ખરાબ, વિનય વગરના આચારવાળો છે' આવા પ્રકારની હીલના રૂપ વચનીયતાને પામે છે. (માટે અહંકાર એ આલોક અને પરલોક બંને ઠેકાણે અહિત કરનાર છે. તેમાં ૨૫મી ગાથા દ્વારા અહંકારની પરલોક અહિતકારિતા કહી અને આ ગાથા દ્વારા આલોક અહિતકારિતા કહી.) ।। ૨૬ ।।

**વિશેષાર્થ :** (૧) અહંકારી વ્યક્તિના જે 'સ્તબ્ધ' વિગેરે વિશેષણો કહ્યા છે તે બધા અહંકાર દોષના વિકાર રૂપ જાણવા. અહંકાર ને લીધે જ વ્યક્તિમાં આવા બધા દુર્ગુણો ઉભા થવાની શક્યતા વધી જાય છે.

तदिदं जानन्नपि गुरुकर्मा कश्चिन्न बुध्यते, अन्यस्तु महात्मा स्वल्पेनापि बुध्यते इत्याह-

**थेवेण वि सप्पुरिसा, सणंकुमारो व्व केइ बुज्झंति ।**
**देहे खणपरिहाणी, जं किर देवेहिं से कहियं ।। २७ ।।**

***थेवेण वि० गाहा :*** **स्तोकेनापि** निमित्तेनेति शेषः **सत्पुरुषाः सनत्कुमारवत् केचिद् बुद्ध्यन्ते,** न तु सर्वे, गुरुकर्मणां निमित्तशतैरप्यबोधदर्शनात्। कथमसौ बुद्धस्तदाह- **देहे क्षणेन** स्वल्पकालेन **परिहाणी** रूपह्रासः क्षणपरिहाणिरिति **यत्किल देवाभ्यां से** तस्य **कथितं** तदेव बोधकारणं जातमिति समासार्थः, **व्यासार्थः कथानकाद् ज्ञेयस्तच्चेदम् -**

शक्रः स्वसभायां सनत्कुमारचक्रवर्त्तिरूपं वर्णयामास, ततोऽश्रद्धान-कुतूहलाभ्यां अवतीर्णौ द्विजरूपेण देवौ प्रविष्टौ, अभ्यक्ते सनत्कुमारे निरीक्षितं रूपं। विस्मितौ चित्तेन, पृष्टौ राज्ञा। किं भवतोरागमने निमित्तमिति। तावाहतुर्भवद्रूपदर्शनकौतुकं, राजाह-यद्येवं सदस्यागन्तव्यं, निर्गतौ देवौ। ततो निर्व्वर्तित-स्नानविलेपनालङ्कारवस्त्रग्रहणभोजने सपरिकरे सभोपविष्टे राज्ञि पुनः प्रविष्टौ, विलोक्य रूपं सविषादौ स्थितावधोमुखौ, राजाह - किमेतदिति, तावाहतुः।'संसारविलसितं!' प्रभुराह-कथं? तावाहतुः यद्रूपं प्राग्भवतो दृष्टं, तदनन्तगुणहीनमिदानीं वर्त्तते। प्रभुराह - 'कथं जानीतः' तावाहतुः - 'अवधिना' इति, ततो निवेद्य शक्रवृतान्तं गतौ। सनत्कुमारोऽपि तदाकर्ण्य यदेतत्सकलास्थामूलं शरीरकं तदपि खरतरघर्म्मोष्माक्रान्तशकुनिगलचञ्चलमिति चिन्तयन् गतो वैराग्यप्रकर्षं तृणवदपहाय राज्यं प्रव्रजित इति ।। २७ ।।

**અવતરણિકા :** તે આ વાતને = 'અહંકાર એ આત્મ અહિતકારી છે' એ વાતને જાણતો એવો પણ કોઈક ભારે કર્મી વ્યક્તિ (આટલા બધા ઉપદેશોવડે પણ) બોધ ન પામે, (પણ જે) અન્ય = હળુકર્મી એવા મહાત્મા (છે તે તો) વળી થોડાક એવા પણ ઉપદેશવડે બોધ પામી જાય છે. (આ હકીકત છે) અને એટલે જ ગ્રંથકારશ્રી કહે છે કે :

**ગાથાર્થ :** કેટલાક સત્પુરુષો (હોય છે કે જેઓ) સનત્કુમારની જેમ થોડાક વડે પણ બોધ પામી જાય છે. (કેવી રીતે તેઓ બોધ પામ્યા ?) "તમારા દેહને વિષે ક્ષણમાત્ર વડે = થોડાક જ કાળે પરિહાની = રુપનો નાશ થશે" આવું બે દેવો વડે જે ખરેખર તેમને કહેવાયું. (તેટલા માત્રથી તેઓ બોધ પામી ગયા.)

**ટીકાર્થ :** થોડાક = નાનકડા એવા પણ નિમિત્તવડે કેટલાક (લઘુકર્મી એવા) સત્પુરુષો સનત્કુમાર ચક્રવર્તીની જેમ બોધ પામી જાય છે. પરંતુ બધા કાંઈ બોધ પામતાં નથી.

(**પ્રશ્ન :** શા માટે તમે આવું કહો છો કે : "બધા બોધ નથી પામતાં ?")

**ઉત્તર :** કેમકે જે ભારે કર્મી હોય છે તેઓને સેંકડો નિમિત્તોવડે પણ બોધ થતો નથી એવું દેખાય છે. માટે બધા નથી પામતા પણ કેટલાક જ જેઓ હળુકર્મી હોય છે તેઓ નાનકડા પણ નિમિત્ત વડે બોધ પામી જાય છે.

'निमित्तेन' આ વિશેષ્ય ગાથામાં નહિ લખેલ હોવા છતાં એ 'शेष' રૂપે અહીં સમજી લેવાનું છે. કેમકે એના વગર વાક્ય અધુરુ રહે છે.

**પ્રશ્ન :** કેવી રીતે આ સનત્કુમાર ચક્રી (નાનકડા નિમિત્તથી) બોધ પામ્યા ?

**ઉત્તર :** તેને = તે વાતને કહે છે કે :

"(તમારા) દેહને વિષે ક્ષણવડે એટલે કે થોડાક કાળ વડે (માં) પરિહાની એટલે કે રુપનો હ્રાસ = ઘટવું, નાશ થશે" આ પ્રમાણે જે ખરેખર (ચક્રીના રુપદર્શન માટે આવેલા એવા) બે દેવોવડે તેમને (સનત્કુમાર ચક્રીને) કહેવાયું તે વાત જ (તેમના) બોધનું કારણ થઈ ગઈ.

આ પ્રમાણે સંક્ષેપથી પદાર્થ કહેવાયો. (આનો) વ્યાસ = વિસ્તારથી અર્થ કથાનકથી જાણવા યોગ્ય છે અને તે કથાનક આ છે :

શક્રે = પ્રથમ દેવલોકના ઈન્દ્રે પોતાની સભામાં સનત્કુમાર ચક્રવર્તીના રુપનું વર્ણન કર્યું = પ્રશંસા કરી, ત્યારબાદ (એ પ્રશંસાને સાંભળીને) બે દેવોને એ વાત પર અશ્રદ્ધા તથા (રુપ જોવાનું) કુતૂહલ પ્રગટ્યું એનાથી પ્રેરાઈને બંને દેવો બ્રાહ્મણના રુપ વડે (બ્રાહ્મણનું રુપ કરીને) (ધરતી પર) આવ્યા. અને (સનત્કુમારના મહેલમાં) પ્રવેશ્યા. અને (તેલ માલિશ થઈ હોવાને લીધે) તેલ સહિતના સનત્કુમારચક્રી હોતે છતે (તેમનું) રુપ જોવાયું (અર્થાત્ જ્યારે સનત્કુમારચક્રી તેલ સહિતના શરીરવાળા હતા, હજુ આભૂષણ વિગેરેથી સજ્યા ન્હોતા ત્યારે તેમનું રુપ તે બે બ્રાહ્મણોએ જોયું) તે બે બ્રાહ્મણો (રુપને જોઈને) મનથી આશ્ચર્યવાળા થઈ ગયા. અને (તે બેને જોઈને) રાજાએ પૂછ્યું કે : આપ બંનેનું આવવાનું કારણ શું છે ?

તે બંનેએ કહ્યું કે 'આપના રુપના દર્શનનું કુતૂહલ' એ નિમિત્ત છે અહીં આવવાનું.

રાજાએ = ચક્રીએ કહ્યું કે : = જો આ પ્રમાણે હોય (અર્થાત્ મારુ રુપ જોવા માટે જ જો ખરેખર તમે આવ્યા છો) તો સભામાં આવજો (ત્યાં મારું આભૂષણ વિગેરેથી સહિતનું રુપ જોઈને આપનું કુતૂહલ પૂર્ણપણે પૂરું થશે.) (આ પ્રમાણે સાંભળીને) તે બે બ્રાહ્મણો ત્યાંથી નીકળી ગયા.

ત્યારબાદ કરી દીધું છે સ્નાન, વિલેપન (ચંદન વિગેરેથી), અલંકાર, વસ્ત્રનું ગ્રહણ અને ભોજન જેને એવા સનત્કુમાર ચક્રી પરિવાર સહિત સભામાં બેઠા હતાં ત્યારે બે બ્રાહ્મણો ફરી મહેલમાં પ્રવેશ્યા. અને રુપને જોઈને વિષાદ = ખેદ સહિતના એવા તે બે બ્રાહ્મણરૂપધારી દેવો નીચું મોઢું રાખી ઊભા રહ્યા.

રાજાએ કહ્યું કે : આ શું છે ? (કેમ આ રીતે નીચું મોઢું કરીને ઉભા છો ? શું તમને મારું રુપ જોઈને આશ્ચર્ય ન થયું ?)

તે બંનએ કહ્યું કે : સંસારનો વિલાસ = વિચિત્રતા, પ્રભાવ (જોઈને અમે દુ:ખી થઈ ગયા છે.)

રાજાએ કહ્યું કે : કેવા પ્રકારનો સંસારનો વિલાસ હમણાં તમે જોયો ?

તે બંનેએ કહ્યું કે : આપનું જે રૂપ અમે પહેલા જોયું હતું તેના કરતાં હમણાં તમારુ તે રૂપ અનંતગુણ હીન = ઓછું છે.

રાજાએ કહ્યું કે : તમે લોકો કેવી રીતે એ હકીકતને જાણો છો (જાણી)?

તે બંનેએ કહ્યું કે : અવધિજ્ઞાનવડે, ત્યારપછી પોતાની વાસ્તવિકતા, શક્ર વડે કરાયેલી પ્રશંસા વિગેરે હકીકતને કહીને તે બંને દેવો પાછા ગયા.

આ બાજુ સનત્કુમાર ચક્રી પણ તે વાસ્તવિકતાને સાંભળીને આ પ્રમાણે વિચારતાં છતાં વૈરાગ્યના પ્રકર્ષને પામ્યા.

(**પ્રશ્ન** : શું વિચાર્યું?)

**ઉત્તર** : ''જે આ શરીર સઘળીય શ્રદ્ધાનું મૂળ છે (અર્થાત્ જેના માટે અને જેના આધારે આપણે બધા સાંસારિક કાર્યો કરી રહ્યા છે) તે શરીર પણ અત્યંત તીક્ષ્ણ એવા ઘામ = બાફ અને ગરમીથી ત્રાસી ગયેલ એવા પક્ષીના ગળા જેવું ચંચળ છે (અર્થાત્ તરસને કારણે પક્ષીનું ગળુ જેમ ઉંચુ-નીચું થયા કરે, એક ઠેકાણે સ્થિર ન રહે તેમ શરીર પણ કોઈ એક અવસ્થામાં સ્થિર રહેનારું નથી. પ્રત્યેક ક્ષણે બદલાયા જ કરે છે. ક્યારેક વિશિષ્ટરૂપવાળુ અને ક્યારેક રુપવગરનું.)'' આ પ્રમાણે વિચાર કરતાં તેઓ વૈરાગ્યના પ્રકર્ષને પામ્યા અને ત્યારબાદ (કપડા પર આવી પડેલ) ઘાસના તણખલાની જેમ રાજ્યને છોડીને દીક્ષા લઈ લીધી.'

આ પ્રમાણે આ દૃષ્ટાંત દ્વારા 'કેટલાક હળુકર્મી જીવો થોડાક જ નિમિત્તને લઈને બોધ પામી જાય છે' એ વાત સ્પષ્ટપણે જણાવી. ।। ૨૭ ।।

ଊଊଊ

तदेवं रूपस्यानित्यतोक्ता, अधुना सर्वस्योच्यते तदाह –

**जइ ता लवसत्तमसुर - विमाणवासी वि परिवडंति सुरा ।**
**चिंतिज्जंतं सेसं, संसारे सासयं कयरं ।। २८ ।।**

***जइ ता० गाहा :*** मानं मा: सम्पदादेराकृतिगणत्वात् क्विप्, सप्तभिरपूर्यमाणैर्मा: परिच्छेद: प्राप्यतया मोक्षगमनयोग्यानामायुष्कस्य येषां तानि सप्तमानि, लवै: कालविशेषै: सप्तमानि **लवसप्तमानि**, कानि? **सुरविमानानि** अनुत्तरविमानानीत्यर्थ:, तेषु वास: स्थानं, स विद्यते येषां ते **लवसप्तमसुरविमानवासिन:, तेऽपि, यदि तावत्प्रतिपतन्ति** स्वस्थितिक्षये च्यवन्ते **सुरा** देवा:, **चिन्त्यमानं शेषं** वस्तु **संसारे शाश्वतं** नित्यं **कतरत्**? न किञ्चिद् दृष्टान्तमात्रेणाप्यस्तीति भाव: । अथवैवं व्याख्यायते – मानं मा: परिच्छेद: सम्पदादेराकृतिगणत्वात् क्विप् । सप्त च ते माश्च सप्तमा:, एकपदव्यभिचारेऽपि समास:, लव: कालविशेष:, लवानां सप्तमा: लवसप्तमा:, अविद्यमाना लवसप्तमा: येषां ते अलवसप्तमा:, यतिर्मुनि: यतेर्भावो यतिता मुनिता, पूर्वभवे यतितायामलवसप्तमा: यतिताऽलवसप्तमा:, यतितालवसप्तमाश्च ते सुराश्च **यतिताऽलवसप्तमासुरा:**

विशेषणान्यथानुपपत्त्याऽनुत्तरा:, ते पूर्वभवे यतो यतयो मुक्तिप्राप्तियोग्या: सन्तो न्यूनसप्तायुर्लवत्वाद्

भवन्ति, तेषां विमानानि- आलयाः यतितालवसप्तमासुरविमानानि, तेषु वासोऽवस्थानं स विद्यते येषां ते यतितालवसप्तमसुरविमानवासिनः सुराः एव, माशब्दस्य ह्रस्वत्वं सूत्रे प्राकृतत्वात्, तेऽपि यदि, परिपतन्ति-भ्रश्यन्ति सुष्ठु शोभनो राः-अर्थो यस्य स सुरा, तं सम्बोध्य कथ्यते। चिन्त्यमानं-पर्यालोच्यमानं शेषमसारम्, अनुत्तरसुरापेक्षया संसारे-संसृतौ शाश्वतं नित्यं अवस्थितं कतरत् किं स्यात्? न किञ्चिदित्यर्थः ॥ २८ ॥

**અવતરણિકા :** તે આ પ્રમાણે = સનત્યક્રીના દૃષ્ટાંત દ્વારા રુપની અનિત્યતા કહી, હવે સર્વ પણ પદાર્થની અનિત્યતા (ગ્રંથકારશ્રી વડે) કહેવાય છે, તેથી કહે છે કે :

**ગાથાર્થ :** જો ખરેખર લવસપ્તમસુરવિમાનવાસી એવા અનુત્તર દેવો પણ પડી જાય છે. (ત્યાં કાયમ રહેતાં નથી પાછા બીજી ગતિમાં આવી જાય છે.) (તો પછી) બાકીની વસ્તુ વિચારાતી છતી સંસારમાં કઈ એવી વસ્તુ છે જે શાશ્વત હોય? (અર્થાત્ કોઈ જ શાશ્વત નથી બધું અનિત્ય છે) ।। ૨૮ ।।

**ટીકાર્થ :** ગાથામાં **लवसप्तमसुरविमानवासिनः** શબ્દ છે. એનો અર્થ કરવાનો છે. તેમાં મુખ્ય સમાસ **लवसप्तमानि च तानि सुरविमानानिच** એ પ્રમાણે થશે.

લવસપ્તમ એવા દેવવિમાનો....

**પ્રશ્ન :** દેવવિમાનો **લવસપ્તમ** શી રીતે?

**ઉત્તર :** એ હવે જોઈએ.

**मानं = माः** અહીં **क्विप्** પ્રત્યય લાગ્યો છે.

**माः** એટલે પરિચ્છેદ = નિર્ણય

**પ્રશ્ન :** પણ શું પરિચ્છેદ, શેનો પરિચ્છેદ?...

**ઉત્તર :** એ માટે જ અહીં સમાસ ખોલ્યો છે. (જે પંક્તિ છે એનો અન્વય આ પ્રમાણે...)

**मोक्षगमनयोग्यनामायुष्कस्य अपूर्यमाणैः सप्तभिः येषां प्राप्यतया परिच्छेदः, तानि सप्तमानि** (એ પછી **सप्तमानि च तानि सुरविमानानि च** એ સમાસ...)

**આનો અર્થ :**

(૧) જે જીવો એ જ ભવમાં મોક્ષમાં જવાની પાત્રતાવાળા હોય.

(૨) પણ આયુષ્યના સાત લવ જેને ઓછા પડે.

(૩) અને એ કારણસર જ જે વિમાનોનો પ્રાપ્ય તરીકે = મેળવવા યોગ્ય તરીકે નિર્ણય થયેલો છે.

આ ત્રણ પદાર્થનો ભાવાર્થ સમજીએ.

(૧) ધારો કે આપણા આયુષ્યમાં સાત લવ વધારે હોય, તો આપણને આ જ ભવમાં મોક્ષ મળી જાય એવું ખરું? નહિ જ. એટલે આપણે મોક્ષગમનને યોગ્ય તરીકે આમાં નથી ગણવાના. (એટલે જ તો આપણું એ સાત લવનું આયુષ્ય ઓછું હોવા છતાં પણ આપણે ક્યાં અનુત્તરવિમાનમાં જવાના છીએ?)

(૨) જે આત્માઓ એવા છે કે જેઓ મોક્ષગમનને યોગ્ય છે, તમામ પ્રકારની યોગ્યતાવાળા છે, જો એમનું આયુષ્ય માત્ર ૭ લવ વધારે હોત, તો એકાંતે એમનો મોક્ષ થઈ જ જાત.

પણ એ આત્માઓને માત્ર ૭ લવનું આયુષ્ય ઓછું પડ્યું. એટલે તેઓ મોક્ષ ન પામ્યા, પણ આ નિયમ છે કે જે આવા જીવો હોય, તેઓ અવશ્ય પાંચ અનુત્તરવિમાનની પ્રાપ્તિ કરે.

એટલે અનુત્તર વિમાનો માટે એમ બોલી શકાય કે,

'આ વિમાનો પ્રાપ્ય છે = મળી શકે છે' એવું જે એ વિમાનો માટે નિર્ણય છે, તે કઈ રીતે ? તો મોક્ષગમનને યોગ્ય જીવોના આયુષ્યના સાત (લવ) ઓછા હોય, ત્યારે (જ એ જીવોને) આ વિમાનો પ્રાપ્ય બને છે.

આ પ્રમાણે **सप्तमानि** શબ્દ તો બની ગયો. પરંતુ **सप्त** તરીકે શું લેવાનું ? એ તો હજી આવ્યું જ નથી. (આપણે ઉપર ભાવાર્થમાં **લવ** લઈ લીધા છે, એ તો પદાર્થની સ્પષ્ટતા માટે.) એટલે હવે બીજો સમાસ બતાવે છે કે : **लवैः सप्तमानि, लवसप्तमानि...** એ પછી ત્રીજો સમાસ **लवसप्तमानि च तानि सुरविमानानि च ॥**

ફરી સમાસનો ભાવાર્થ સ્પષ્ટ કરી લો કે : આપણે પણ મોક્ષગમનયોગ્ય ખરા, પણ જે જીવો એવા મોક્ષગમનયોગ્ય છે કે જેઓનું આયુષ્ય માત્ર સાત લવ વધારે હોત, તો મોક્ષ જ થાત. એવા જીવો અહીં મોક્ષગમનયોગ્ય તરીકે લેવાના.

અને એમ બોલવાનું કે

આ અનુત્તર વિમાનો એમને જ મળે છે કે જેઓ મોક્ષગમનને યોગ્ય હોવા છતાં જેમનું સાત લવ આયુષ્ય ઓછું હોય.

આમ આ વિમાનોનો પ્રાપ્ય તરીકેનો નિર્ણય એ ઉપર મુજબ નક્કી થયેલો છે.

આ રીતે **लवसप्तमसुरविमानानि** સુધીનો સમાસ થયો. હવે આગળનો સમાસ કરીએ. તેવા વિમાનોમાં વાસ = સ્થાન = રહેઠાણ,

અને એ વાસ છે જેઓનો તે લવસપ્તમસુરવિમાનવાસી દેવો

તે સુરો = દેવો પણ જો ખરેખર પડી જાય છે એટલે કે પોતાની સ્થિતિ = આયુષ્યનો નાશ થયે છતે (દેવલોકમાંથી) ચ્યવી જાય છે (અને ત્યાંથી મનુષ્યગતિમાં આવી જાય છે પણ ત્યાં કાયમ માટે સ્થિર રહેતાં નથી) (તો પછી) વિચારતાં એવું લાગે છે કે સંસારમાં બાકીની કઈ વસ્તુ શાશ્વત = નિત્ય હશે ?

અર્થાત્ દૃષ્ટાંત માત્ર વડે પણ = સમ ખાવા પૂરતું એક દૃષ્ટાંત પણ આ સંસારમાં એવું નથી કે જેને માટે આપણે કહી શકીએ કે 'ના, સંસારની આ વસ્તુ તો નિત્ય છે.' એનો મતલબ એ કે બધું અનિત્ય છે.

અથવા આ ગાથા આ પ્રમાણે બીજી રીતે વ્યાખ્યાન કરાય છે :

(આ બીજા અર્થમાં '**जइ ता लवसत्तमसुर...**' આ શબ્દ આ રીતનો થશે '**जइतालवसत्तमसुर... यतिताऽलवसप्तमासुर...**' હવે સૌ પ્રથમ આનો સમાસ કરવાપૂર્વક અર્થ ખોલે છે.)

માન = માપવું એટલે **मा**, એટલે કે પરિચ્છેદ = પ્રમાણ, માપ

સાત એવું તે માપ = સપ્તમા

(**પ્રશ્ન :** કર્મધારય સમાસ બે પદનો થાય અને એ બંને પદોની વચ્ચે આ સમાસ ત્યારે થઈ શકે જો એ બે પદમાંથી કોઈ પણ એક પદનો ઉલ્લેખ ન કરતા વ્યભિચાર આવતો હોય તો દા.ત. **'नीलोत्पलं'** આ શબ્દ છે. અહીં **'नीलं च तद् उत्पलं च'** આ પ્રમાણે સમાસ થયો છે. જે એકદમ બરાબર છે. કેમકે માત્ર **'नीलं'** આ પ્રમાણે કહીએ તો 'નીલ' જેટલી પણ વસ્તુ હોય તે બધી લેવી પડે. એમાં કમળ, આકાશ, વસ્ત્ર વિ. ઘણુ આવી જાય. માટે જો સાથે **'उत्पल'** શબ્દ લખી લેવામાં આવે તો **'नील'** એવું **'उत्पल'** = 'કમળ' એમ એક જ વસ્તુ આવે. આમ 'ઉત્પલ' શબ્દ ન લખતાં માત્ર 'નીલ' શબ્દથી વ્યભિચાર = જે પ્રસ્તુતમાં ન લેવા જેવું હોવા છતાં લેવું પડે તે વ્યભિચાર. આવે છે જેને દૂર કરવા 'ઉત્પલ' શબ્દ લખવો આવશ્યક છે.

તેની જેમ જ જો માત્ર **'उत्पल'** શબ્દ લખીએ, **'नील'** ન લખીએ તો ઉત્પલ = કમળ તો પીળા વિગેરે અનેક રંગના હોઈ શકે છે જ્યારે આપણે અહીં માત્ર 'નીલ' કમળનો જ બોધ કરવો છે. એથી અહીં પણ **'नील'** શબ્દ ન લખતાં માત્ર **'उत्पल'** શબ્દથી વ્યભિચાર આવે છે જેને દૂર કરવા **'नील'** શબ્દનો ઉલ્લેખ કરવો આવશ્યક છે.

આ પ્રમાણે જે બે પદનો કર્મધારય સમાસ કરવાનો છે તે બંને પદ ન લખવામાં જો વ્યભિચાર = આપત્તિ આવતી હોય એટલે કે ઉભય પદ વ્યભિચાર આવતો હોય તો જ એ બે પદોનો કર્મધારય સમાસ કરી શકાય.

હવે અહીં તમે જે **'सप्त'** અને **'मा'** શબ્દ વચ્ચે કર્મધારય સમાસ કર્યો છે તેમાં ઉભયપદ વ્યભિચાર આવતો નથી પણ એક પદ વ્યભિચાર જ આવે છે. તે આ રીતે : માત્ર **'मा'** આટલો જ જો ઉલ્લેખ કરીએ તો 'પ્રમાણ એ બે, ચાર, સાત, આઠ વિગેરે અનેક પ્રકારનું હોઈ શકે માટે ચોક્કસ પ્રમાણની જાણકારી માટે **'सप्त'** એમ સંખ્યા વાંચી શબ્દનો ઉલ્લેખ કરવો પડે એથી **'सप्त'** પદ ન લખતાં વ્યભિચાર આવે પણ એવું **'मा'** શબ્દમાં નથી એટલે કે **'मा'** ન લખીએ પણ માત્ર 'સપ્ત' પદ લખીએ તો 'સાત' એ સંખ્યાવાચક શબ્દ હોવાથી એ એક પ્રમાણ રૂપ જ છે. પણ અન્ય કોઈ એના વિશેષ્ય તરીકે બેસી શકે એમ નથી એથી જેમ માત્ર 'નીલ' શબ્દ લખતાં 'નીલ' તરીકે આકાશ વિગેરે સમજાઈ જવાની આપત્તિ આવતી હતી તેવી આપત્તિ અહીં આવશે નહીં માટે અહીં એક પદ = 'સાત' પદને લઈને જ વ્યભિચાર આવે છે પણ બંને પદને લઈને, આવતો નથી માટે અહીં કેવી રીતે બે વચ્ચે કર્મધારય સમાસ થઈ શકશે?)

**ઉત્તર :** એવો એકાંત નથી કે 'એકપદવ્યભિચાર હોય ત્યાં કર્મધારય સમાસ ન જ થાય' પણ ત્યારેય થઈ શકે છે. (જેમકે **'सचारित्रसाधुः'** અહીં **'चारित्रेण सह वर्तते इति सचारित्रः, सचारित्रश्चासौ साधुश्च इति सचारित्रसाधुः'** આ પ્રમાણે **'सचारित्र'** પદ અને **'साधु'** પદ વચ્ચે કર્મધારય સમાસ થયો છે. હવે આમાં **'साधु'** પદ માત્ર લખીએ તો સાધુવેષધારી એ સચારિત્ર અને અચારિત્ર બંને પ્રકારના હોઈ શકે જ્યારે 'સચારિત્ર' તો સાધુ જ હોય એટલે અહીં પણ એકપદવ્યભિચાર હોવા છતાં ય કર્મધારય સમાસ થયો છે તેની જેમ 'સાત એવું પ્રમાણ' એ બે વચ્ચે પણ કર્મધારય સમાસ ખોટો નથી.)

લવ એટલે કે એક ચોક્કસ પ્રકારનો કાળ (સાત સ્તોક = એક લવ થાય.)

લવોના સાત રૂપ પ્રમાણ અર્થાત્ સાત લવ રૂપ પ્રમાણ

**વિદ્યમાન નથી (આયુષ્યનું) સાતલવરૂપ પ્રમાણ જેઓનું (અનુત્તરદેવોનું) તેઓ અલવસપ્તમા કહેવાય.**

(**પ્રશ્ન :** કયાં તે દેવોને આયુષ્યનું આટલુ માપ ઓછું પડ્યું ?)

**ઉત્તર :** યતિતામાં = સાધુપણાને વિષે (તે દેવોને આટલા પ્રમાણવાળુ આયુષ્ય ઓછું પડ્યું)

ત્યાં યતિ એટલે કે મુનિ, તેનો ભાવ = યતિતા = મુનિતા = મુનિપણું.

પૂર્વના ભવમાં મુનિપણાને વિષે નથી વિદ્યમાન (ઓછું પડેલ છે) સાતલવરૂપ પ્રમાણ (જેટલું આયુષ્ય) જેમને તે '**यतिताऽलवसप्तमा**' કહેવાય. તે એવા જે સુરો = દેવો = **यतिताऽलवसप्तमासुराः**.

(**પ્રશ્ન :** આ કયાં દેવોની તમે વાત કરો છો ?)

**ઉત્તર :** 'યતિતાઽલવસપ્તમા' રૂપ જે (દેવોનું) વિશેષણ છે તે અન્યથાનુપપત્તિને લીધે એટલે કે બીજી કોઈ રીતે ઘટતું નહિ હોવાને લીધે એવા દેવો તરીકે અનુત્તર એવા દેવો જ લેવા પડે. (અર્થાત્ જો વિશેષ્ય તરીકે અનુત્તર દેવો લેવામાં ન આવે તો વિશેષણ સંગત નહિં બને કેમકે વિશેષણ એમના સિવાય બીજે ક્યાંય બંધ બેસે એમ નથી માટે એ વિશેષણને સંગત કરવા માટે વિશેષ્ય તરીકે અનુત્તર દેવો જ લેવા પડશે.)

(**પ્રશ્ન :** કેમ વિશેષણ બીજી રીતે સંગત નહિં થાય ?)

**ઉત્તર :** કેમકે (**यतः**) તે દેવો પૂર્વભવમાં મોક્ષની પ્રાપ્તિને યોગ્ય = મોક્ષે જઈ શકે એવા સાધુઓ હતાં. (છતાં તે સાધુઓ મોક્ષે નહિં જઈ શકવાનું કારણ એ કે) એમને આયુષ્ય સાત લવ જેટલું ઓછું પડે છે. માટે (ક્ષપકશ્રેણિ ન માંડી શકતાં) તે બધા અનુત્તરવાસી એવા દેવો થાય છે. માટે આવી હકીકત હોવાને લીધે એ 'યતિતાઽલવસપ્તમા' વિશેષણના વિશેષ્ય = સુર તરીકે અનુત્તર એવા દેવો જ લેવાશે,

તેવા અનુત્તર દેવોના જે વિમાનો એટલે કે રહેઠાણ માટેના સ્થાનો = યતિતા.... વિમાનો, તેવા વિમાનોને વિષે વસવાટ છે જેઓનો તે યતિતા... વાસીઓ..

(**પ્રશ્ન :** તેવા વિમાનોમાં વસનાર કોણ છે ?)

**ઉત્તર :** (કોણ હોય ? જેના વિમાનો હોય એમાં એઓનો જ વસવાટ હોય ને ? માટે) અનુત્તર દેવો જ અહીં તેવા વિમાનમાં વસનારા તરીકે લેવાના. (ગાથામાં '**सप्तमा**' ને બદલે જે '**सप्तम**' થયેલ છે તે પ્રાકૃતને લીધે જાણવું.)

હવે તે આવા વિશિષ્ટ પ્રકારના, વિશિષ્ટ પ્રકારની શુદ્ધિ તથા પુણ્યના ધારક એવા દેવો પણ જો પડી જાય છે એટલે કે ભ્રષ્ટ થાય છે અર્થાત્ તે દેવલોકમાંથી ઉત્કૃષ્ટપણે પણ ૩૩ સાગરોપમ બાદ ચ્યવી જાય છે (આ વાક્યનો અન્વય '**चिन्त्यमानं**' શબ્દ સાથે કરવાનો છે જે અમે પછી બતાડશું)

(**પ્રશ્ન :** કોને સંબોધીને તમે વાત કરી રહ્યા છો ?)

**ઉત્તર :** ગાથામાં જે '**सुरा**' શબ્દ છે એ આ બીજા અર્થમાં 'દેવ' અર્થવાળો નથી પણ 'ભલા માણસ' એવા અર્થમાં છે અને એ પુલિંગ એક વચનમાં જ છે અને આ રીતે બોલાય કે હે સુરા ! એટલે કે 'હે ભલા માણસ' એને સંબોધીને અમે આ પ્રસ્તુત વાત કરી રહ્યા છીએ.

આ 'સુરા' શબ્દનો સમાસ આ પ્રમાણે થાય કે : **सु** = સુષ્ઠુ એટલે કે શોભન = સુંદર છે **रा** એટલે કે અર્થ = પ્રયોજન જેનું તે સુરા અર્થાત્ જેનું લક્ષ્ય કાયમ માટે 'મારું ભવિષ્યમાં કેવી રીતે હિત થાય એવી જ પ્રવૃત્તિ હું કરું' આવું જ રહ્યું છે, તે 'સુરા' કહેવાય.

અત્યાર સુધીના પૂર્વાર્ધનો અર્થ આ પ્રમાણે થયો કે :

હે સુરા = ભલા માણસ! જો યતિતાઽલવસપ્તમાસુરવિમાનવાસી = અનુતર દેવો પણ જો પડી જાય છે તો પછી વિચારાતી સંસારમાં (ની) બાકીની બધી વસ્તુ જે ખરેખર અસાર છે તે '**कतरत्**' એટલે કે **किं** = શું નિત્ય થાય? અર્થાત્ કોઈ પણ સંસારની વસ્તુ નિત્ય નહિ થાય. (કેમકે જીવનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમથી વધુ નથી અને આ ઉત્કૃષ્ટ આયુષ્ય અનુત્તરદેવોને આશ્રયીને છે (સાતમી નરકનું હોવા છતાંય એ અશુભ હોવાને લીધે પ્રસ્તુત અર્થની સાથે ગોઠવાશે નહિં માટે અને એ આયુષ્યવાળો નરકનો જીવ બધી રીતે અસમર્થ હોવાથી એનો ઉલ્લેખ કર્યો નથી.) અને અનુત્તર દેવો સૌથી વિશિષ્ટ શક્તિવાળા દેવો છે, એઓ ધારે એ કરી શકે છતાં તેઓ પણ જો પોતાની જાતને ત્યાં ટકાવી નથી શકતાં તો પછી બાકીની કઈ સંસારની અલ્પસામર્થ્યવાળી વસ્તુ નિત્ય હોઈ શકે?) આ પ્રમાણે આનો ભાવાર્થ છે.

(**પ્રશ્ન** : તમે સંસારની બાકીની તમામ વસ્તુઓને અસાર કેમ કહી?)

**ઉત્તર** : અનુત્તર દેવોની અપેક્ષાએ સંસારની બાકીની તમામ વસ્તુઓ રૂપ, સામર્થ્ય, સ્થિતિ વિગેરેને આશ્રયીને અસાર છે, તુચ્છ છે માટે અમે બધાને અસાર તરીકે કહેલ છે. ।। ૨૮ ।।

**વિશેષાર્થ** : (૧) '**सम्पदादेः**' આ વ્યાકરણ સૂત્ર છે અને પ્રસ્તુતમાં બિનજરૂરી હોવાથી એનો અર્થ કર્યો નથી.

(૨) '**विशेषणान्यथानुपपत्ति**' એ એક અર્થાપત્તિ પ્રમાણની અંતર્ગત ન્યાય છે. જેનો ઉપયોગ એવા સ્થળે કરવામાં આવે છે કે: જ્યારે વિશેષ્ય વાચક પદનો ઉલ્લેખ ક્યાંય કરવામાં આવ્યો ન હોય અને માત્ર વિશેષણ આપેલ હોય, તો ત્યાં ટીકાકાર વિગેરે દ્વારા જે વિશેષ્ય મૂકાયેલ હોય તે બરાબર છે કે નહીં? એ આ વિશેષણ-અન્યથાનુપપત્તિ ન્યાય દ્વારા નક્કી કરવામાં આવે છે. દા.ત. '**समवसरणादिऋद्धिमान्**' આટલો જ સૂત્રમાં ઉલ્લેખ કર્યો હોય અને ટીકાકારશ્રી ટીકામાં '**तीर्थकरः**' આ પ્રમાણે વિશેષ્ય લખે તો ત્યાં એમનો આ ઉલ્લેખ આ વિશેષણાન્યથાનુપપત્તિ દ્વારા સિદ્ધ થઈ જાય કેમકે સમવસરણ વિગેરે ઋદ્ધિવાળા તીર્થંકર સિવાય કોણ હોઈ શકે? માટે તેવી ઋદ્ધિવાળા તરીકે તીર્થંકરનો ઉલ્લેખ જે ટીકાકારશ્રીએ કર્યો છે તે બરાબર છે. (વિશેષણાન્યથાનુપપત્તિ = વિશેષણનું અન્ય પ્રકારે ન ઘટવું.) (આમ મૂળ ન્યાય તરીકે માત્ર અન્યથાનુપપત્તિ છે છતાં અહીં પ્રસ્તુતમાં વિશેષણાન્યથાનુપપત્તિની વાત હોવાથી એ પ્રમાણે ખોલેલ છે.)

(૩) આ '**यतिताऽलवसप्तमासुर**'માં જો દૃષ્ટાંત તરીકે કોઈ લેવા હોય તો તેમાં '**શાલિભદ્ર મુનિ**' આવી શકશે એવું લાગે છે કેમકે એમને જો આટલું આયુષ્ય વધુ મળ્યું હોત તો કદાચ પશ્ચાત્તાપ દ્વારા એ

સ્નેહરાગને દૂર કરીને ક્ષપકશ્રેણી માંડીને મોક્ષે પહોંચી શક્યા હોત. પણ એમને એટલો સમય જ ન મળ્યો માટે તેમને અનુત્તર દેવમાં ઉત્પન્ન થવું પડ્યું.

अत एव सांसारिकसुखप्रतिबन्धाभावोपदेशार्थं परमार्थतस्तदभावमाह-

**कह तं भन्नइ सोक्खं, सुचिरेण वि जस्स दुक्खमल्लियइ ।**
**जं च मरणावसाणे, भवसंसाराणुबंधि च ।। २९ ।।**

***कह तं० गाहा :*** **कथं तद् भण्यते सौख्यं? सुचिरेणापि** बहुकालेनापि **यस्य दु:खमालीयते** आश्लिष्याति, यदनन्तरं दु:खं भवतीत्यर्थ:। तदनेनानुत्तरसुरसुखस्याप्यनन्तरं गर्भजदु:खाऽऽश्लेष्यात्पुण्याऽनुबन्धिपुण्यजनितस्याप्यभावो दर्शित: । अधुना पापानुबन्धिपुण्यजनितस्याह - **यच्च मरणरूपमवसानं** पर्यन्तो मरणावसानं, तस्मिन्, भवन्त्यस्मिन्नानारूपा: प्राणिन इति भवो नारकादि:, तस्मिन् संसरणं पर्यटनं भवसंसारस्तमनुबद्धुं शीलं यस्य **तद्भवसंसारानुबन्धि** चशब्दादनन्तरं दु:खाश्लेषि च । तत्सुतरां सुखतया वक्तुं न शक्यमिति ॥ २९ ॥

**અવતરણિકા :** આ કારણથી = ઉપરોક્ત ગાથામાં બધી વસ્તુઓ, અવસ્થાઓ અનિત્ય છે, કોઈ ટકવાનું નથી. માટે જ 'સંસારસંબંધી = વૈષયિક સુખોમાં પ્રતિબંધ = રાગ ન કરવો જોઈએ' એવો ઉપદેશ આપવો જરૂરી છે અને એ રાગાભાવના ઉપદેશને માટે જ ગ્રંથકારશ્રી સીધેસીધુ 'એ સુખોમાં રાગ ન કરવો જોઈએ' એવું ન કહેતાં 'પરમાર્થથી = વાસ્તવિકતાએ તે સાંસારિક સુખો ખરેખર સુખ જ નથી' એ પ્રમાણે હવેની ગાથામાં કહી રહ્યા છે :

(અને જો એ સુખો સુખ તરીકે હોય જ નહિ તો પછી એમાં રાગ થવાની વાત જ ક્યાં રહે ? માટે સૌ પ્રથમ વાસ્તવિકતા સમજાવતાં તેઓ કહે છે કે :)

**ગાથાર્થ :** તે (સુખ)ને પણ સૌખ્ય = સુખ કઈ રીતે કહી શકાય ? કે જેને લાંબા કાળે પણ અર્થાત્ જેનો લાંબા કાળ સુધી ભોગવટો કર્યા બાદ પણ પછીથી દુ:ખ ચોંટી જતું હોય. અર્થાત્ દુ:ખ આવી પડતું હોય અને જે સુખ વળી મરણરૂપ અન્તમાં = મરણ બાદ ભવસંસારની પરંપરાવાળુ હોય (તે તો સુતરાં કેવી રીતે સુખ રૂપ કહી શકાય ?) ।। ૨૯ ।।

**ટીકાર્થ :** તે (સુખ) કેવી રીતે સૌખ્ય = સુખ કહી શકાય ? કે જેને લાંબા કાળ વડે પણ દુ:ખ ચોંટી જતું હોય. અર્થાત્ જેનો લાંબા કાળ સુધી ભોગવટો કર્યા બાદ પણ જેની પછી તરત દુ:ખ ઊભું થતું હોય.

તે આ પૂર્વાર્ધ વડે અનુત્તર દેવના સુખને પણ સુખ તરીકેની ગણતરીમાંથી બાદબાકી કરી નાંખી કે જે સુખ ખરેખર પુણ્યાનુબંધી પુણ્ય કર્મના (ઉદયને) લીધે ઉત્પન્ન થયું છે છતાં પણ તે સુખ નથી.

કેમકે ત્યાંથી જેવા ચ્યવે એટલે તરત જ ગર્ભમાં થનારા દુ:ખની સાથે જીવનો (સુખનો) સંબંધ થઈ

જાય છે. માટે આગળ - પાછળની અવસ્થામાં સુખરૂપ એવું પણ અનુત્તરદેવનું સુખ એ સુખરૂપ નથી. એથી પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી જનિત સુખ પણ સુખ નથી.

હવે પાપાનુબંધી પુણ્યના ઉદયથી ઉત્પન્ન થયેલ સુખના અભાવને (તેવું સુખ એ સુખ નથી એ વાતને) કહે છે :

અને જે વળી મરણરૂપ અન્તમાં અર્થાત્ મરણ બાદ ભવોને વિષે = નારક વિગેરે ભવોને વિષે સંસાર = સંસરણ એટલે કે રખડપટ્ટી કરાવવાના સ્વભાવવાળું હોય તે (અર્થાત્ મરણ બાદ તરત જ પુણ્યનો ઉદય પૂરો થઈ જવાનો હોવાથી જેની પછી ભવભ્રમણ સુનિશ્ચિત છે. તે રખડપટ્ટીની પૂર્વની અવસ્થાના) સુખને પણ કઈ રીતે સુખરૂપ કહી શકાય ? એટલે કે તે તો સુતરાં સુખ તરીકે કહેવું શક્ય નથી.

(**પ્રશ્ન :** ગાથામાં '**भवसंसारानुबंधि च**' અહીં '**च**' શબ્દ છે અને તે સામાન્યથી સમુચ્ચયમાં = બે વસ્તુને ભેગી કરવામાં વપરાય છે. હવે અહીં તો એક '**च**' પૂર્વે આવી ગયેલો છે. તો આ બીજા '**च**' નો ઉપયોગ કેવી રીતે કરવો ?)

**ઉત્તર :** ગાથામાં જે છેલ્લે '**च**' શબ્દ છે તેનાથી 'તરતમાં દુ:ખની સાથેના સંબંધવાળુ એવું સુખ' આ એક વસ્તુ પણ સમજવાની છે. એથી હવે આ અર્થ થશે કે :

જે મરણ બાદ = પરંપરામાં ભવોમાં ભટકાવનાર છે

અને

તરતમાં પણ જે દુ:ખનો અનુભવ કરાવનાર હોય તે તો કઈ રીતે સુખરૂપ કહી શકાય અર્થાત્ ન જ કહેવાય. (દા.ત. = મિષ્ટ ભોજનની અત્યધિકોદરી એનાથી અજીર્ણ, ઉલટી વિગેરે તરત ઘણાં દુ:ખો અનુભવાય જ છે.)

(હવે જો આ રીતે સાંસારિક સુખ એ સુખરૂપ જ ન હોય તો પછી એના પર રાગ કરાય જ કઈ રીતે ? એની પાછળ દોટ મૂકાય કઈ રીતે ?)

'**भवसंसारानुबंधी**' એ શબ્દનો સમાસની સાથે અર્થ આ પ્રમાણે છે :

ભવ એટલે થાય છે આને વિષે અનેક સ્વરૂપવાળા પ્રાણીઓ તે ભવ = નારક વિગેરે, તેને વિષે જે સંસરણ = પર્યટન = રખડપટ્ટી.

તે રખડપટ્ટી કરાવવાનો છે સ્વભાવ જેનો તે સુખ ભવસંસારાનુબંધી સુખ કહેવાય.

(આ પ્રમાણે આ ગાથાના પૂર્વાર્ધ દ્વારા 'પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પણ પ્રગટેલ સાંસારિક સુખ એ સુખ નથી' એ વાત કરી કેમકે એમાં પણ દુ:ખ મિશ્રિતતા છે.

અને ઉત્તરાર્ધ દ્વારા 'પાપાનુબંધી પુણ્યના ઉદયથી ઉત્પન્ન થયેલ સાંસારિક સુખ એ સુખ રૂપ નથી' એ વાત કરી કેમકે એમાં તો તરત અને પછી દુ:ખ જ દુ:ખ છે.) ।। ૨૯ ।।

**વિશેષાર્થ :** (૧) **પ્રશ્ન :** ''**सौख्य**' શબ્દમાં તો ભાવવાચક '**य**' પ્રત્યય લાગે છે. એથી તેનો અર્થ

'સુખપણું' થાય. જ્યારે તમે તો એનો અર્થ 'સુખ' એમ કર્યો છે. તે કઈ રીતે યોગ્ય કહેવાય?

**ઉત્તર :** અહીં જે **'य'** પ્રત્યય છે તે ભાવવાચક નથી પણ સ્વાર્થમાં લાગતો પ્રત્યય છે માટે સુખ બોલો કે સૌખ્ય બોલો, બંનેનો અર્થ એક જ થાય.

તદેતદ્ બહુશોऽपि कथ्यमानं गुरुकर्मणां मनसि न लगतीत्याह–

**उवएससहस्सेहिं वि, बोहिज्जंतो न बुज्झई कोइ ।**
**जह बंभदत्तराया, उदाइनिवमारओ चेव ।। ३० ।।**

*उवएससहस्सेहिं वि० गाहा :* **उपदेशसहस्रैरपि बोध्यमानो न बुध्यते कश्चित्,** कथमित्याह– **यथा ब्रह्मदत्तराजा उदायिनृपमारकश्च। एव**कारस्य कश्चिदेव न बुध्यते, न तु सर्व इत्यत्र व्यवहितः सम्बन्ध इति समासार्थः, **व्यासार्थः कथानकगम्यः। तत्राद्यं तावत्-**

ब्रह्मदत्तश्चक्रवर्ती सञ्जातजातिस्मरणो जन्मान्तरसहोदरसङ्गमार्थं 'यः पश्चार्धं पूरयति तस्मै स्वार्धराज्यं प्रयच्छामी' ति प्रतिज्ञायेदं श्लोकपादद्वयं सदसि न्यगादीत् – 'आस्व दासौ मृगौ हंसौ, मातङ्गावमरौ तथा।' तदाकर्ण्य जनाः पठितुमारेभिरे। अन्यदा स जन्मान्तरसहोदरजीवः पुरिमतालनगरात् इभ्यसुतो भूत्वा गृहीतप्रव्रज्यः सञ्जातजातिस्मरणस्तत्रैवागतः, श्रुत्वा च आरघट्टिकेन पठ्यमानं श्लोकार्धं स प्राह – *'एषा नो षष्ठिका जातिरन्योन्याभ्यां वियुक्तयोः ।। १ ।।'* इतरस्तु तद् गृहीत्वा गतो राजकुलं, पठितः प्रभोः पुरतः सम्पूर्णः श्लोकः । स्नेहाऽतिरेकेण गतो मूर्छां राजा, चन्दनरससेकादिभिर्लब्धा चेतना। न मया पूरितोऽयमिति विलपन्नसौ मोचितः कदर्थकेभ्यः पृष्टश्च 'कोऽस्य पूरक' इति। स प्राह – अरघट्टसमीपवर्ती मुनिः।

ततो भक्तिस्नेहाकृष्टचित्तः सपरिकरो निर्जगाम राजा, दृष्टो मुनिः, तुष्टश्च चेतसा, वन्दितः सविनयम्, उपविष्टस्तदन्तिके। मुनिनाप्यारब्धा धर्मदेशना, दर्शिता भवनिर्गुणता, वर्णिताः कर्मबन्धहेतवः, श्लाघितो मोक्षमार्गः, ख्यापितः शिवसुखातिशयः, ततः संविग्ना परिषत्, न भावितो ब्रह्मदत्तः प्राह च–भगवन्! यथा स्वसङ्गमेनाह्लादिता वयं, तथाह्लादयतु भवान् राज्यस्वीकरणेन, पश्चात्तपः सममेव करिष्यावः, एतदेव वा तपःफलम्। मुनिराह – 'युक्तमिदं भवदुपकारोद्यतानां, केवलं दुर्लभेयं मानुषावस्था, सततपातुकमायुः, चञ्चला श्रीः, अनवस्थिता धर्मबुद्धिः, विपाककटवो विषयाः, तदासक्तानां ध्रुवो नरकपातः। दुर्लभं पुनर्मोक्षबीजं, विशेषतो विरतिरत्नं, तत्त्यागाद् न दुस्तरनरकपातहेतुकतिपयदिनभावि- राज्याश्रयणमाह्लादयति चेतो विदुषां, तत्परित्यजाऽमुं कदाशयं, स्मर प्राग्भवाऽनुभूतदुःखानि, पिब जिनवचनामृतं, सञ्चर तदुक्तमार्गेण, सफलीकुरु मनुजजन्मेति। स प्राह 'भगवन्नुपनतसुखत्यागेनाऽदृष्टसुखवाञ्छाऽज्ञतालक्षणं, तन्मैवमादिश, कुरु मत्समीहितं' ततः पुनरुक्तमुक्तोऽपि यदा न प्रतिबुद्ध्यते तदा चिन्तितं मुनिना, 'आः! ज्ञातं तदेतत्, यदावां मातङ्गभवे

चित्रसम्भूतनामानौ श्रमणकौ सन्तौ गतौ गजपुरं, प्रविष्टोऽयं गोचरे, खलीकृतो नमुचिमन्त्रिणा, सञ्जातकोपतया तेजोनिसर्गोद्यतेन मुक्तो वदनेन धूमः, समाकुलीभूताच्च जनाद्विज्ञाय वृत्तान्तमागतस्तत्र सनत्कुमारचक्रवर्ती, ततस्तेन मया चोपशमितः कृच्छ्रेण, प्रपन्नावानशनं, वन्दितौ च सान्तःपुरेण चक्रवर्तिना, ततः स्त्रीरत्नाऽलकसंस्पर्शवेदनजाताऽभिलाषातिरेकेण मया निवार्यमाणेनापि कृतं तत्प्राप्त्यर्थं सम्भूतेन निदानं, तदिदं विजृम्भते। अतः कालदष्टवदसाध्योऽयं जिनवचनमन्त्रतन्त्राणामिति गतोऽन्यत्र मुनिः, कालेन मोक्षं च। इतरस्तु सप्तमनरकपृथिवीमगमदिति।

**द्वितीयकथानकमधुना** - पाटलिपुत्रे कोणिकसुतोदायिराजेनाऽहारि राज्यं कस्यचिन्नृपतेः, तत्सुतो जगामोज्ञयिनीं, तस्याः प्रभोरुदायिमत्सरिणः पुरतोऽसावाह 'अहं तं मारयिष्ये,' भवता तु साहाय्यं कार्यमित्यभिधाय गतः स पाटलिपुत्रे, चिरादप्राप्तान्योपायेन अनिवारितप्रवेशतदभ्यर्हिताऽऽचार्यसमीपे प्रपन्नं तेन साधुलिङ्गम्। अभ्यस्ता द्विविधा शिक्षा, रञ्जिताः साधवः, स्थितस्तन्मध्ये द्वादशवर्षाणि। स चोदायिनृपोऽष्टमीचतुर्दश्यादिषु पौषधं विधत्ते स्म। सूरयस्तद्धर्मदेशनार्थं रात्रौ गच्छन्ति स्म। स चान्तरान्तरा प्रवर्तमानोऽप्यपरिणतत्वान्न नीतः पूर्वम्। तदा तु विकालवेलायां प्रवृत्तेषु गुरुषु झटित्युपस्थितो नीतः। ततो धर्मदेशनया स्थित्वा प्रसुप्तयोर्गुरुनृपयोः पूर्वगृहीतां कङ्कलोहशस्त्रिकां राजगलके निधायाऽपक्रान्तोऽसौ न निवारितो राज्ञ आरक्षकैर्मुनिरिति कृत्वा। रुधिरसेकाद्विबुद्धाः सूरयः, न दृष्टः साधुः, दृष्टं तद्विलसितं, ततो 'नान्यः प्रवचनमालिन्यक्षालनोपाय' इति सञ्चिन्त्य दत्तसिद्धाऽऽलोचनेन नमस्कारपूर्वकमापूर्य धर्मध्यानं दत्ता सैव शस्त्रिका निजगले इति।

इतरस्तु गतो निजराजमूलम्। कथितो वृत्तान्तः, 'अद्रष्टव्यस्त्वमपसर दृष्टिमार्गाद्' इति निष्कासितस्तेन। तिष्ठतश्च साधुमध्ये तावन्तं कालमवश्यंभावीन्युपदेशसहस्राणि न चासौ तैर्बुद्धस्तद्वदन्योऽपि कश्चित् क्लिष्टजन्तुर्न बुध्यत इत्युपनयः ।। ३० ।।

**અવતરણિકા :** તે આ વાત = 'સાંસારિક સુખ એ સુખ નથી' એ વાત અનેક પ્રકારે પણ કહેવાતી છતી ભારેકર્મી જીવોના મનમાં લાગતી નથી = ઉતરતી નથી હોતી એ હકીકત છે અને એટલેજ ગ્રંથકારશ્રી પણ એ હકીકતને કહે છે કે :

**ગાથાર્થ :** હજારો ઉપદેશો વડે પણ બોધ પમાડાતો કોઈક જ (ભારેકર્મી) જીવ બોધ પામતો હોતો નથી. (પ્રશ્ન : એવા જીવનું કોઈ દૃષ્ટાંત મળે? ) જેમકે બ્રહ્મદત્ત રાજા અને ઉદાયી રાજા ને મારનારો (અભવી એવો વિનયરત્ન સાધુ). ।।૩૦।।

**ટીકાર્થ :** હજારો ઉપદેશો વડે પણ બોધ પમાડાતો કોઈક જ (ભારેકર્મી જીવ) બોધ પામતો નથી.

**પ્રશ્ન :** કોના = કઈ વ્યક્તિના આધારે તમે આ વાત કરી રહ્યા છો? એટલે કહે છે કે :

જે રીતે બ્રહ્મદત્ત રાજા અને ઉદાયી રાજાને મારનારો (હજારો ઉપદેશો વડે પણ બોધ ન પામ્યા તેમ કેટલાક જ જીવો બોધ નથી પામતાં.)

ગાથામાં છેલ્લે જે '**चेव**' શબ્દમાં '**एव**' કાર છે તેનો સંબંધ '**कोई**' = '**कश्चित्**' સાથે કરવાનો છે. (જે અમે ટીકાર્થમાં બતાડી દીધો છે.)

(વ્યવહિત સંબંધ એટલે ગાથામાં જે શબ્દ જ્યાં લખ્યો હોય ત્યાં તેને ન જોડતાં જે બીજે ઠેકાણે જોડવામાં આવે તે વ્યવહિત સંબંધ કહેવાય.)

આ પ્રમાણે ગાથાનો સમાસ = સંક્ષેપથી અર્થ કહેવાઈ ગયો.

વિસ્તારથી અર્થ વળી કથાનક દ્વારા જાણવા યોગ્ય છે. તેમાં પહેલા કથાનકને સૌ પ્રથમ (કહે છે કે :)

**બ્રહ્મદત્ત કથા**

બ્રહ્મદત્ત નામનો ચક્રવર્તી થઈ ગયો. જેને (ચક્રવર્તીપણાની પ્રાપ્તિ બાદ) જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. (જેમાં એને પોતાના પૂર્વજન્મોનો ભાઈ દેખાયો તેથી તે) પૂર્વજન્મના ભાઈના મેળાપ માટે ''જે વ્યક્તિ આ ગાથાના પશ્ચાર્ધને પૂરશે તેને હું મારું પોતાનું અડધું રાજ્ય આપી દઈશ'' આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને આ = હમણાં કહેવાતાં શ્લોકના બે પાદ = ચરણ = પૂર્વાર્ધ સભામાં તેણે કહ્યા. (તે પૂર્વાર્ધ આ પ્રમાણે :) 'આપણે બે દાસ, પછી હરણ, પછી હંસ, પછી ચંડાલ અને ત્યારબાદ દેવરૂપે હતાં.'

તે પૂર્વાર્ધને સાંભળીને લોકોએ (ચારે બાજુ) બોલવાનું શરુ કરી દીધું.

આ બાજુ એક વખત તે બ્રહ્મદત્તના પૂર્વભવના ભાઈનો જીવ પુરિમતાલ નામના નગરમાંથી ત્યાં જ આવ્યો (બ્રહ્મદત્તની નગરીમાં આવ્યો) અને તે જીવે આ જન્મમાં શ્રેષ્ઠિપુત્ર તરીકે ઉત્પન્ન થઈને દીક્ષા લીધી હતી અને એમને પણ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું હતું માટે જ ત્યાં આવ્યો હતો.

અને ત્યાં આવ્યા બાદ આરઘટ્ટિક વડે = કૂવામાંથી રહેંટ દ્વારા પાણી કાઢનાર વ્યક્તિવડે બોલાતા તે શ્લોકના પૂર્વાર્ધને સાંભળીને તે મહાત્માએ (ભાઈના જીવે) કહ્યું = ઉત્તરાર્ધની પૂરતી કરી : આ આપણા બેનો છટ્ઠો જન્મ (જાતિ) છે (જેમાં) આપણે બંને પરસ્પર જુદા જુદા જન્મ્યા છીએ. (અર્થાત્ અત્યાર સુધી છેલ્લા પાંચ ભવોમાં ભેગા જન્મ્યા પણ આ છટ્ઠા ભવે જુદા જન્મ્યા છીએ.)

ઈતર = આરઘટ્ટિક વળી તે = ઉત્તરાર્ધરૂપ વસ્તુને ગ્રહણ કરીને રાજકુળને વિષે ગયો, અને પ્રભુ = બ્રહ્મદત્ત ચક્રીની આગળ (તેના વડે) સંપૂર્ણ શ્લોક કહેવાયો.

(ત્યારબાદ એ સાંભળીને) સ્નેહનો અતિરેક = અતિશય સ્નેહને લીધે રાજા મૂર્છાને પામ્યો = બેભાન થઈ ગયો. (એ જોઈને દોડી આવેલ સેવકોવડે કરાયેલા એવા) ચંદનરસનું સિંચન વિગેરે (પંખો વીંઝવો વિગેરે) (ઉપચારો) વડે (તેને) ચેતના પાછી આવી ગઈ.

(હવે જ્યારે રાજા મૂર્ચ્છા પામ્યો ત્યારે રાજાના સેવકોએ પેલા આરઘટ્ટિકને મારવાનું શરૂ કર્યું હતું. કેમકે એના વચનને સાંભળ્યા બાદ જ રાજા બેભાન થયો હતો. એથી જ્યારે એને મારતાં હતાં અને જ્યારે પાછા સભાન થયેલ એવા રાજાએ જાણ્યું ત્યારે) ''મારા વડે આ શ્લોક પૂરો કરાયો નથી'' આ પ્રમાણે વિલાપ કરતાં = રડતાં રડતાં બોલતાં એવા તેને કદર્થકો પાસેથી = માર મારનાઓ પાસેથી (રાજાએ) છોડાવ્યો, અને પૂછ્યું કે 'તો પછી કોણ આ શ્લોકને પૂરો કરનારો છે ?' તેણે કહ્યું કે અરઘટ્ટ = રહેંટ = કૂવામાંથી પાણી કાઢવાનું યંત્ર, એની પાસે રહેલા એવા મુનિએ (આ શ્લોક પૂરો કર્યો છે.)

ત્યારબાદ (હાલમાં તે જીવ સાધુ હોવાને લીધે) ભક્તિથી અને (પૂર્વભવોનો ભાઈ હોવાને લીધે)

સ્નેહથી ખેંચાયેલું છે ચિત્ત જેનું એવો રાજા પરિવાર સહિત (રાજમહેલમાંથી) નીકળ્યો, (ત્યાં પહોંચીને તેણે) સાધુને જોયા અને મનથી ખુશ થઈ ગયો, પછી વિનયપૂર્વક મહાત્માને વંદન કર્યા અને તેમની પાસે બેસી ગયો.

(આ બાજુ એના બેઠાં પછી) મુનિએ પણ ધર્મદેશના શરૂ કરી, ભવ = સંસારનું નગુણાપણાનું દર્શન કરાવ્યું, કર્મબંધના કારણો વર્ણવ્યા, મોક્ષ માર્ગની પ્રશંસા કરી (એની ઉપાદેયતા બતાડી) 'શિવ = મોક્ષમાં સુખનો અતિશય છે' એ વાત કહી.

ત્યારબાદ = એ ધર્મદેશના સાંભળીને આખી પર્ષદા = સભા સંવેગવાળી થઈ ગઈ પણ બ્રહ્મદત્ત ભાવિત થયો = પલળ્યો નહિં. અને તે બ્રહ્મદત્તે કહ્યું કે 'હે ભગવંત! જેમ આપનો પોતાનો સંગમ = મેળાપ કરાવવા દ્વારા (આપે) અમને ખુશ કર્યા. તેમ = તે રીતે રાજ્યનો સ્વીકાર કરવા દ્વારા આપ પણ અમને ખુશ કરો.' પછીથી આપણે (**सममेव**) સાથે જ તપ કરશું. અથવા (તો પછીથી પણ તપ કરવાની વાત જવા દોને કેમકે) તપનું ફળ આ જ = ભોગસુખ જ છે ને.'' (અર્થાત્ તપથી જે મેળવવાનું છે તે ભોગસુખ જ અહીં મળી જતાં હોય તો પછી તપ કરીને કામ શું છે?)

મુનિએ કહ્યું કે : ''ઉપકાર કરવામાં પ્રયત્નશીલ એવા આપને (આ રીતે પોતાનું રાજ્ય આપી દેવું) એ યોગ્ય જ છે. માત્ર (આટલી હકીકત જાણી લેજો કે) આ મનુષ્યાવસ્થા દુર્લભ છે, આયુષ્ય સતત = હરપળે પાતુક = પડવાના સ્વભાવવાળું છે, (અર્થાત્ આયુષ્યનો ક્ષય ક્યારે થઈ જાય કંઈ ખબર ન પડે) લક્ષ્મી ચંચળ છે, ધર્મબુદ્ધિ સ્થિર રહેતી નથી (માટે જ્યારે અનુકૂળ સંજોગો મળતાં ધર્મબુદ્ધિ પ્રગટ થતી હોય ત્યારે એ પ્રમાણે આત્મિક વિકાસ માટે પ્રયત્ન કરી લેવો જોઈએ.)

વિષયો વિપાકમાં = ફળમાં કડવા = દુ:ખ આપનારા છે. તત્ = વિષયોમાં આસક્ત એવા જીવોનો નરકગતિમાં પાત = પતન ધ્રુવ = ચોક્કસ થાય છે. ('**केवलं दुर्लभेयं**' થી માંડીને '**नरकपातः**' સુધી બ્રહ્મદત્તને સંસારમાં નહિં રહેવા માટેનો ઉપદેશ આપ્યો.)

(હવે પોતે સંસારમાં કેમ નથી પાછા આવતાં? એનું કારણ કહે છે કે :)

મોક્ષનું બીજ = સમ્યક્ત્વ ફરી દુર્લભ છે, અને વિરતિ = ચારિત્ર રૂપી રત્ન તો વિશેષ કરીને દુર્લભ છે. (માટે) તેનો = વિરતિનો ત્યાગ કરીને (**त्यागात्**ની પંચમી વિભક્તિનો અર્થ આમ ખોલ્યો છે.) દુ:ખેથી તરી શકાય = પાર ઉતરી શકાય એવા નરકમાં પાતનું કારણ, વળી કેટલાક જ દિવસ માટે થનાર = મળનાર એવા રાજ્યનો સ્વીકાર એ વિદ્વાનોના = જ્ઞાનીઓના ચિત્તને પ્રસન્ન કરતો નથી.

**तत्** = તેથી આ કદાશય = ખોટા આશયને છોડી દે, (જાતિસ્મરણ જ્ઞાન દ્વારા જાણેલા એવાં) પૂર્વના ભવોમાં અનુભવેલા દુ:ખોને યાદ કર, પરમાત્માના વચનરૂપી અમૃતનું પાન કર (જિનવચનનો સ્વીકાર કર) તે = જિનવચનમાં કહેવાયેલ માર્ગે તું ચાલ, (અને એ રીતે કરીને) મનુષ્યજન્મને સફળ કર.''

તેણે = બ્રહ્મદત્તે કહ્યું કે ''હે ભગવંત! આવેલા = અનુભવાતાં, દેખાતાં એવા સુખનો ત્યાગ કરીને નહીં જોવાયેલા સુખની ઈચ્છા એ તો અજ્ઞાનીપણાનું લક્ષણ છે. (અર્થાત્ તમે મને જે રાજ્ય

સુખને છોડીને મોક્ષસુખ મેળવવા માટે ચારિત્રમાં પ્રયત્ન કરવાનું કહો છો તે તમારી અજ્ઞાનતાનું સૂચક છે) માટે આ પ્રમાણે તમે કહો નહિ અને મારા ઈચ્છિતને = રાજ્ય સ્વીકારની વિનંતીને કરો = સફળ કરો.''

ત્યારબાદ **पुनरुक्तं** = ફરી કહેવાયેલું થાય તે રીતે અર્થાત્ ફરી ફરીને એક જ વાત કહેવાયેલો એવો પણ (બ્રહ્મદત્ત) જ્યારે બોધ નથી પામતો ત્યારે મુનિએ વિચાર્યું કે : 'આ ! (આ રાજા બોધ નથી પામતો તેની) તે આ વાત = હકીકત મને જણાઈ ગઈ કે જ્યારે અમે બંને પૂર્વના ચંડાળના ભવમાં **ચિત્ર** અને **સંભૂત** નામના શ્રમણો હતાં ત્યારે અમે બંને ગજપુર ગયા હતાં અને આ રાજા (જે પૂર્વના ભવમાં સંભૂત તરીકે હતો તે) તે નગરમાં ગોચરીને વિષે = ગોચરી માટે પ્રવેશેલો હતો. અને (ગોચરી દરમ્યાન) તેનો નમુચિમંત્રી એ તિરસ્કાર કર્યો = તેને હેરાન કર્યો (કેમકે નમુચિ મંત્રીની ખરાબ વર્તણૂંકના તે મુનિ જાણભેદુ હતાં માટે માર મરાવ્યો.)

એનાથી ગુસ્સો ઉત્પન્ન થયો હોવાને લીધે તેને આગ છોડવામાં તૈયાર એવા મોઢાવડે ધૂમાડો છોડ્યો. (અર્થાત્ આગ છોડવાની પૂર્વભૂમિકા રૂપે એને મોઢામાંથી ધૂમાડો કાઢવાનું શરૂ કર્યું) (આ જોઈને) આકુળ-વ્યાકુળ થયેલા એવા લોકો પાસેથી વૃત્તાંતને = પરિસ્થિતિને સાંભળીને સનત્કુમાર નામનો ચક્રવર્તી ત્યાં આવ્યો ત્યારબાદ તે ચક્રી વડે અને મારા વડે પણ **कृच्छ्रेन** = માંડ માંડ શાંત કરાયો.

પછી બંનેએ અનશન સ્વીકાર્યું. અન્ત :પુર સહિતના ચક્રવર્તીએ તે બંનેને વંદન કર્યા, ત્યારબાદ (તે વંદન દરમ્યાન) સ્ત્રીરત્નના કેશના સ્પર્શના અનુભવને લીધે ઉત્પન્ન થયો છે (સ્ત્રી સાથેના ભોગસુખનો) અભિલાષ = ઈચ્છા જેણે એવા, અને મારા વડે (એ અભિલાષ નહિ કરવા માટે) અટકાવાતા એવા પણ તે સંભૂત મુનિ વડે તેની = વૈષયિક સુખની પ્રાપ્તિ માટે નિયાણુ કરાયું. તે આ નિયાણુ હમણાં પ્રગટી રહ્યું છે (અર્થાત્ એ નિયાણુ પાપાનુબંધી પુણ્યનું કારણ હોવાથી અત્યારે થયેલા તેવો પુણ્યનો ઉદય એને ધર્મબુદ્ધિ પ્રગટ થવા દેતી નથી.) આથી (ગમે તેટલો ઉપદેશ આપવા છતાંય) કાળ = કાળ સર્પવડે દંશ મરાયેલા વ્યક્તિની જેમ આ રાજા જિનવચન રૂપી મંત્ર - તંત્રને માટે અસાધ્ય છે અર્થાત્ ગમે તેટલા સારા પણ જિનવચનો અત્યારે એને સમજાય એમ નથી.'

આ પ્રમાણે વિચારીને મુનિ ત્યાંથી વિહાર કરીને નીકળી ગયા અને કાળ વડે = થોડાક કાળ બાદ મોક્ષમાં ગયા. અને ઈતર = બ્રહ્મદત્ત ચક્રી વળી સાતમી નરકપૃથ્વીમાં ગયો.

(આ પ્રમાણે પ્રથમ કથાનક પૂરું થયું. એમાં મહાત્માએ ઘણો ઉપદેશ આપ્યો છતાંય બ્રહ્મદત્ત માન્યો નહીં. એ વાત સ્પષ્ટ પણે બતાડી.)

**હવે બીજુ કથાનક કહે છે :** પાટલિપુત્ર (પટણા)ના (રાજા) કોણિકના પુત્ર એવા ઉદાયી રાજાએ કોઈક રાજાનું રાજ્ય, પડાવી લીધું હતું. અને હારી ગયેલા એવા તે રાજાનો પુત્ર (નાસી જઈને) ઉજ્જયિની નગરીમાં પહોંચ્યો. અને તે નગરીનો રાજા પણ ઉદાયી રાજા પર દ્વેષ, ઈર્ષ્યાવાળો હતો માટે તેની આગળ આણે (હારેલા રાજાના દીકરાએ) કહ્યું કે :

''હું તેને - ઉદાયી રાજાને મારી નાંખીશ, ખાલી આપે મને સહાય કરવી.'' આ પ્રમાણે કહીને તે પાટલિપુત્ર નગરીમાં ગયો. ચિરાત્ = લાંબા કાળ સુધી પણ નથી મળેલો બીજો ઉપાય જેને એવા તેને આચાર્ય ભગવંતની પાસે સાધુવેષને ગ્રહણ કરી દીધો.

(**પ્રશ્ન** : તે આચાર્ય કેવા હતાં ?)

**ઉત્તર** : (રાજમહેલમાં સૈનિકો વિગેરે વડે) નથી અટકાવાયેલો પ્રવેશ જેમનો એવા તથા તે = ઉદાયી રાજાને પૂજ્ય હતાં. (માટે એવા આચાર્યની પાસે સાધુવેષ સ્વીકારી લીધો.)

બે પ્રકારની = ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા રૂપ બે પ્રકારની શિક્ષા શીખી લીધી, સાધુઓને (પોતાના માયાવી વર્તણૂંકોથી) ખુશ કરી દીધા. અને આ રીતે તે બધા સાધુઓની વચ્ચે બાર વર્ષ સુધી રહ્યો.

આ બાજુ તે ઉદાયી રાજા આઠમ - ચૌદસ વિગેરે (પર્વતિથિઓ)માં પૌષધ કરતાં હતાં. (ત્યારે) આચાર્ય ભગવંત રાત્રીમાં તે રાજાને ધર્મદેશના આપવા માટે જતાં હતાં. (અને સાથે માત્ર એક જ સાધુને લઈ જતાં હતાં.) અને તે (માયાવી સાધુ) વચ્ચે વચ્ચે (આઠમ વિ. દિવસો દરમ્યાન) પ્રવર્તતો = 'મને સાથે લઈ જાઓ' એવી વિનંતિ કરતો હોવા છતાં ય અપરિણત = અપરિપક્વ હોવાને લીધે તેને પૂર્વે = પહેલા નહોતાં લઈ ગયા. ત્યારે - તે અવસરે - તે દિવસે વળી વિકાળવેલા = સંધ્યાકાળમાં જ્યારે ગુરુભગવંત પ્રવૃત્ત થયા = ત્યાં જવા માટે તૈયાર થયા ત્યારે આ માયાવી સાધુ ઝડપથી ઉપસ્થિત થઈ ગયો (પછી ગુરુ મહારાજ પણ એને હવે પરિણત થઈ ગયેલો સમજીને) લઈ ગયા.

ત્યારબાદ ધર્મદેશના વડે રહીને = ધર્મદેશના પૂરી કરીને જ્યારે બંને ગુરુ અને રાજા સૂઈ ગયા ત્યારે સાધુવેષ સ્વીકારતા પૂર્વે જ ગ્રહણ કરી રાખેલ કંકલોહ શસ્ત્રને = કંકની = ક્ષત્રિયની લોખંડની નાનકડી છરી જેવા શસ્ત્રને રાજાના ગળામાં મૂકીને (અર્થાત્ એના વડે રાજાનું ગળુ કાપીને) આ માયાવી સાધુ ભાગી ગયો. અને 'આ તો મુનિ છે' એ પ્રમાણે વિચારીને રાજાના આરક્ષકો = સૈનિકોએ પણ અટકાવ્યો નહીં.

(હવે આ બાજુ રાજામાંથી નીકળેલ લોહીની ધારા આચાર્ય ભગવંત સુધી લંબાઈ. અને તે) લોહીના સિંચન = ભીનાશને લીધે આચાર્ય ભગવંત જાગી ગયા. (અને કોણે રાજાને માર્યો હશે ? એ વિચારથી ચારે બાજુ નજર નાંખી તો તેમણે) સાધુને જોયો નહીં. (એથી વિચાર કરતાં તેમને) 'આ સાધુનું વિલસિત = વર્તન છે' એ વાત દેખાઈ = જણાઈ ગઈ.

ત્યારબાદ 'પ્રવચનની = શાસનની મલિનતાને ધોવા માટે બીજો કોઈ ઉપાય નથી' એ પ્રમાણે વિચારીને આપી છે સિદ્ધ ભગવંતોને આલોચના જેમને એવા તે આચાર્ય ભગવંતે નમસ્કાર મહામંત્રના આરાધનપૂર્વક ધર્મધ્યાનને પૂરીને = કરીને તે જ છરી (જેના વડે રાજાનો વધ કરવામાં આવ્યો હતો તે જ છરી) પોતાના ગળામાં પણ આપી દીધી. (તેના વડે પોતાનું ગળુ રહેંસી દીધું)

આ બાજુ ઈતર = માયાવી સાધુ વળી ત્યાંથી નાસીને પોતાના રાજા (ઉજ્જયિનીના રાજા) પાસે ગયો. આખો વૃતાન્ત = અહેવાલ કહ્યો. (એ સાંભળીને 'સાધુવેષમાં રહીને આવા ધંધા આણે કર્યા' એમ

વિચારીને) 'અદૃષ્ટવ્ય = નહિ જોવા યોગ્ય એવો તું મારા દૃષ્ટિના માર્ગમાંથી દૂર હટી જા.' એમ કહીને તેને રાજાએ કાઢી મૂક્યો.' (આ પ્રમાણે બીજું દૃષ્ટાંત પૂરું થયું.)

(હવે આ બીજુ કથાનક સીધી રીતે પ્રસ્તુત વાતની સાથે એટલું સંલગ્ન નહિ લાગતુ હોવાથી ટીકાકારશ્રી પોતે એનો ઉપનય બતાડતા કહે છે કે :)

ત્યાં તેટલા કાળ સુધી = ૧૨ વર્ષ સુધી સાધુ ભગવંતની વચ્ચે રહેતાં એવા આ સાધુએ (ગચ્છવાસમાં) અવશ્ય થનારા એવા હજારો ઉપદેશો (સાંભળ્યા જ હશે.) છતાં પણ આ બોધ પામ્યો નહીં. બસ, એવી જ રીતે તેના જેવો બીજો એવો પણ કોઈ ક્લિષ્ટ જન્તુ = ભારેકર્મી જીવ સંસારમાં હોઈ શકે છે જે સેંકડો ઉપદેશો વડે પણ બોધ નથી પામતો હોતો.

આ પ્રમાણે ઉપનય = પ્રસ્તુત વાર્તાના પદાર્થની દાર્ષ્ટાન્તિકમાં ઘટામણી કહી. ।। ૩૦ ।।

**વિશેષાર્થ :** (૧) આ ગાથાની બંને વાર્તાઓમાં જ્યાં જ્યાં કર્મણી પ્રયોગ આવેલા છે તેમાંથી ઘણે સ્થળે કર્તરી પ્રયોગ કરીને અર્થ કરેલ છે અને અમુક સ્થળે કર્મણિ પ્રમાણે પણ અર્થ કર્યો છે. તથા 'સતિ સપ્તમીનો' 'જ્યારે' 'ત્યારે' એમ કરીને અર્થ કરેલ છે. તથા વાર્તા અહીં ટૂંકાણમાં હોવાથી સ્પષ્ટીકરણ માટે, આગળની પંક્તિ સાથે અનુસંધાન કરવા માટે ઠેર ઠેર ( ) આવા કૌંસની અંદર વધારાની વાત પણ લખી છે જેના આધારે વાર્તા સ્પષ્ટ પણે સમજાય તેવી બને છે. તથા વાર્તાઓમાં ઘણે સ્થળે મતાંતરો આવતા હોય છે. તેની જાણકારી ચોક્કસ મેળવી લેવી પણ કોઈ પણ મતને ખોટા ન કહેવા કેમકે તે તે પરંપરાઓમાં આવી ફેરફારવાળી વાર્તાઓ આવતી હોય છે. માટે કોઈ ચોક્કસ પ્રમાણ વિના નિર્ણય કરવો અઘરો હોય છે. (આ ખુલાસો અહીં પણ એક મતાંતર હોવાને લીધે કર્યો છે. 'ઉજ્જયિનીના રાજાએ સભામાં ઉદાયી રાજાને મારવા માટે બીડું ફેરવેલું' એવી વાત સંભળાય છે જ્યારે અહીં એ વ્યક્તિ સામેથી રાજા પાસે ગયો હતો. આટલો નાનકડો મતાંતર છે.)

(૨) '**भवदुपकारोद्यतानां**' ની જગ્યાએ '**भवतामुपकारोद्यतानां**' પાઠ વધુ સંગત લાગે છે અને અમે અર્થ પણ એ જ પ્રમાણે કર્યો છે અને પૂ. જંબૂવિજયજી મ.સાહેબ સંપાદિત સટીક ઉપદેશમાળાની ટીપ્પણીમાં પણ આ '**भवतामु**' ... વાળો પાઠ આપવામાં આવેલો છે.

अत एव ये न प्रतिबुध्यन्ते तेषां ब्रह्मदत्तवदपायमुपदर्शयन्नाह–

**गयकन्नचंचलाए, अपरिचत्ताए रायलच्छीए ।**
**जीवा सकम्मकलमल-भरियभरा तो पडंति अहे ।। ३१ ।।**

***गयकन्नचंचलाए० गाहा :*** गजकर्ण इव चञ्चला **गजकर्णचञ्चला** तया **अपरित्यक्तया** राजलक्ष्म्या हेतुभूतया **जीवाः** स्वकर्मैव कलमलं किल्बिषं तस्य भृतः पूर्णः कृतो भरो यैस्ते **स्वकर्मकलमलभृतभरास्सन्तस्ततः पतन्ति** यान्ति **अधो** नरक इति ॥ ३१ ॥

**અવતરણિકા :** આ કારણે જ = હજારો ઉપદેશોવડે પણ કેટલાકો પ્રતિબોધ પામતા નથી તેથી જ બ્રહ્મદત્તની જેમ તેઓના અપાયને દેખાડતા ગ્રંથકારશ્રી કહે છે -

**ગાથાર્થ :** હાથીના કાન જેવી ચંચળ, અપરિત્યક્ત એવી રાજ્યલક્ષ્મી ને લીધે જીવો પોતાના કર્મરૂપી કચરાથી ભરાયેલો છે ભર જેઓ વડે એવા છતાં ત્યારપછી નરકમાં પડે છે. ।। ૩૧ ।।

**ટીકાર્થ :** હાથીના કાન જેવી ચંચળ, (છતાં) નહીં છોડાયેલી એવી રાજલક્ષ્મી ને લીધે જીવો પોતાના પાપોરૂપી કચરાના પૂર્ણ કરાયેલા ભર = કોઠી, પેટી વિગેરે વસ્તુઓ ભરવાના સાધનવાળા છતાં ત્યારબાદ નરકમાં જાય છે. એટલે કે રાજ્યના ભોગવટા દ્વારા કરેલા પાપોથી જીવ પોતે નરકમાં જાય છે. ।।૩૧।।

**વિશેષાર્થ :** (૧) **स्वकर्मकलमलभृतभराः** નો સમાસ આ રીતે - સૌ પ્રથમ અવધારણ તત્પુરુષ. **स्वकर्म एव कलमलम् इति स्वकर्मकलमलम्** હવે ષષ્ઠી તત્પુરુષ અન્તર્ગત બહુવ્રીહી '**स्वकर्मकलमलस्य भृतः भरः यैः ते इति स्वकर्मकलमलभृतभराः**

(૨) નરકમાં પતન થવામાં કારણ 'નહી ત્યજાયેલ રાજલક્ષ્મી' છે. તેથી ''**राजलक्ष्म्या** શબ્દમાં રહેલ તૃતીયા વિભક્તિ હેતુ અર્થમાં છે.'' એવું સૂચન ટીકાકારશ્રીએ '**हेतुभूतया**' શબ્દ દ્વારા કરી દીધો.

आसतां तावत् परत्रेहापि पापानि साध्वसहेतुत्वाद् वाचमपि नाशयन्तीत्याह –

**वोत्तूण वि जीवाणं, सुदुक्कराइं ति पावचरियाइं ।**
**भयवं जा सा सा सा, पच्चाएसो हु इणमो ते ।। ३२ ।।**

*वोत्तूण वि० गाहा :* **वक्तुमपि जीवानां सुदुष्कराणि** सुष्ठु दुःशकानि **इत्येवं पापचरितानि** दुष्टचेष्टितानि, **भगवन्! या सा सा से**त्यनेन दृष्टान्तं सूचयति, शिष्यं प्रत्याह – **प्रत्यादेशो** दृष्टान्तो **हुः** पूरणार्थः **अयम्** एवम्भूत**स्ते** तव, अतः पापचरितानि न कथञ्चित् कार्याणीत्यभिप्रायः। **कथानकमधुना**– महावीरस्य भगवतः समवसरणे भिल्लः कश्चिन्मनसा पृच्छति स्म। भगवानाह – भद्र! वाचा पृच्छ, स प्राह – भगवन्! या सा सा सेति?, भगवतोक्तं–भद्र! या सा सा सेति, गतो भिल्लः। ततो गौतमो लोकप्रबोधनार्थम् आह– 'किमनेन पृष्टं? किं वा भट्टारकैः कथितं?' ततो भगवांस्तद्वृत्तान्तमाचचक्षे– वसन्तपुरेऽनङ्गसेननामा सुवर्णकारः स्त्रीलोलतया ईप्सितदानप्रदानेन निजरूपोपहसितामरसुन्दरीणां तरुणस्त्रीणां पञ्चशतानि पत्नीत्वेन मेलयित्वेर्ष्यापरतया प्रासादे निधाय रक्षन्नास्ते स्म। न च स्वपरिभोगवतीं विहायान्यासां संस्कारं कर्तुं ददौ। अन्यदाऽनिच्छन्नीतो मित्रेण प्रकरणे। अवसरोऽयमिति कृतस्नानविलेपनाभरणनेपथ्या हस्तन्यस्तदर्पणाः क्रीडितुमारब्धा पत्न्यः ।

समायातोऽसौ गतः कोपं, गृहीत्वैका हता मर्मसु वियुक्ताऽसुभिः, चिन्तितमन्याभिरस्मानप्येवं करिष्यति, भयेन मुक्ता युगपदादर्शकास्तस्योपरि मृतश्च, मृते च तस्मिन् सञ्जातः पश्चात्तापः, नान्या

गतिः पतिमारिकाणामिति सञ्चिन्त्य प्रविष्टाः ज्वलने, सामुदायिककर्मवशादेकत्र पल्ल्यां सञ्जाताश्चौरतयेति। प्रथमहतपत्नीजीवस्तु क्वचिद् ग्रामे जातो दारकः, सुवर्णकारस्त्वन्ययोनिषु पर्यट्य समुत्पन्नस्तद्भगिनीभावेन। पूर्वभववासनावेधादतिमोहोत्कटतया रोदिति सा प्रतिक्षणं, स्पृष्टा कथञ्चिदवाच्यदेशे दारकेण तूष्णीं स्थिता। अयमुपाय इति पुनः पुनः स्पृशत्यसौ, दृष्टः पितृभ्यां, वारितोऽतिष्ठन्निःसारितो गेहाद् गतः पल्लिं, सञ्जातस्तदधिपतिः, इतरापि वर्धमानप्रबलकामतर्षतया गता कञ्चिद् ग्रामम्। पतितास्तत्र ते चौराः, समर्पितस्तया 'किं मां न नयत' इति वचनेनात्मा तेषां, जाता सर्वेषां पत्नी, तत्कृपया चानीता तैरन्यापि स्त्री, ममेयं रतिविघ्नहेतुरिति सञ्चिन्त्य क्वापि गतेषु तेषु क्षिप्ता तयाऽसौ कूपे, न दृष्टा सा द्वितीया आगतैस्तैः, ततोऽनयैतदनुष्ठितमिति विज्ञायैवं बहुमोहा किमियं सा मद्भगिनी भविष्यतीति सञ्जातशङ्कः पल्लीपतिः श्रुत्वा मद्वार्तामेष समायातो न च शक्नोति प्रष्टुं, तेनोक्तं या सा सा सेति।

अस्यायमर्थो याऽसौ मद्भगिनी सा किमेषा वनवर्तिनी पापा? मयाऽपि कथितं या सा सा सेति। तदाकर्ण्याऽहो! दुरन्तो विषयसङ्गः तदिदमायातं यदाह कश्चित् -

**सर्वाभिरपि नैकोपि तृप्यत्येकाऽपि नाऽखिलैः ।**
**द्वितीयं द्वावपि द्विष्टः कष्टः स्त्री-पुंससङ्गमः ॥**

इति विगणय्य प्रतिबुद्धा बहवः प्राणिन इति। तदनेन सोदर्यागमनरुपः स्वदोषो न प्रकाशितः ॥ ३२ ॥

**અવતરણિકા :** 'પરલોકની વાત જવા દો. (એટલે કે પરલોકમાં પાપો દુ:ખી કરે વગેરે વાતને બાજુમાં મૂકો) આ લોકમાં પણ પાપો સાધ્વસ = લજ્જાના હેતુ = કારણ હોવાથી વાણીને પણ નાશ કરે છે (એટલે કે એ પાપો થતાં તો થઈ જાય પણ પછી એ બોલવામાં પણ જીભ ઉપડતી હોતી નથી, વાણી અટકી પડતી હોય છે.)' આ વાતને ગ્રંથકારશ્રી કહે છે -

**ગાથાર્થ :** જીવોના એવા પ્રકારના (= અત્યંત ખરાબ) પાપાનુષ્ઠાનો (હોય છે કે જે) કહેવાને પણ સુદુષ્કર છે.

"ભગવન્! જા સા સા સા ?"

આવા પ્રકારનું (**इणमो**) તને (પ્રસ્તુત વિષયમાં) દૃષ્ટાંત (અપાય છે.) ।। ૩૨ ।।

**ટીકાર્થ :** જીવોના પાપચરિતો = પાપાનુષ્ઠાનો = ખરાબ ચેષ્ટાઓ આ પ્રમાણે બોલવાને પણ સુષ્ઠુ = અત્યંત સારી રીતે દુ:શક્ય હોય છે.

**પ્રશ્ન :** ગુરુજી! કોના પ્રમાણે બોલવાને પણ દુ: શક્ય છે?

**ઉત્તર :** શિષ્ય! "ભગવન્! જા સા સા સા?" આવા પ્રકારનું તને દૃષ્ટાન્ત છે. એટલે કે, આ પદાર્થના બોધમાં તને આવા પ્રકારનું દૃષ્ટાંત આપું છું. આથી પાપાનુષ્ઠાનો કોઈ પણ રીતે કરવા યોગ્ય નથી. આ તાત્પર્ય છે.

હવે કથાનક કહેવાય છે,

મહાવીર ભગવાનના સમવસરણમાં કોઈક ભીલે મનથી પૂછ્યું.

ભગવંતે કહ્યું ''ભદ્ર ! વાણીથી પૂછ.''

તે બોલ્યો ''ભગવન્ ! **જા સા સા સા ?**'' (જે તેણી તે તેણી છે ?)

ભગવાન વડે કહેવાયું ''ભદ્ર ! **જા સા સા સા.**''

ભીલ ગયો. ત્યાર પછી લોકોના પ્રતિબોધ માટે ગૌતમસ્વામી બોલ્યા, ''આના વડે શું પૂછાયું ? અને આપ પૂજ્યવડે શું કહેવાયું ?'' ત્યારબાદ ભગવાને તેના વૃતાન્ત = પ્રસંગને કહ્યો :

''વસન્તપુર નગરમાં અનઙ્ગસેન નામે સોનીએ સ્ત્રીની આસક્તિને લીધે પોતાના રુપથી ઝાંખી કરાઈ છે અપ્સરાઓ જેણીઓ વડે એવી તરુણ સ્ત્રીઓને ઈચ્છિત દાન આપવા વડે (= આપીને) ૫૦૦ પત્નીઓ ભેગી કરી હતી, એ ભેગી કરીને ઈર્ષ્યાળુ = બીજો કોઈ મારી પત્નીઓને જોઈ ન જાય, લઈ ન જાય વિ. પરિણામોવાળો હોવાને લીધે મહેલમાં રાખીને (તેમનું) રક્ષણ કરતો હતો. અર્થાત્ એ બધાને ક્યાંય જવા દેતો નહોતો. માત્ર મહેલમાં જ રાખતો. અને (રોજ એક પત્ની સાથે ભોગ ભોગવતો હોવાથી ક્રમ પ્રમાણે આવતી) પોતાના પરિભોગવાળી પત્નીને છોડીને અન્યને સંસ્કાર = શણગાર કરવા દેતો નહીં. એક વખત તે ઈચ્છતો ન હોવા છતાં મિત્ર વડે **प्रकरणे** = વિવાહ વિ. પ્રસંગમાં લઈ જવાયો. 'આ અવસર છે = પતિ ગેરહાજર છે કોઈ રોકનાર નથી' એમ વિચારીને કરાયા છે સ્નાન, વિલેપન, આભરણ અને વેષ જેણીઓ વડે એવી હાથમાં દર્પણવાળી પત્નીઓ '**क्रीडितुम्**' = ક્રીડા કરવાને = શણગારાયેલા પોતાના મુખને જોવાને પ્રવર્તી...

સોની આવ્યો. ગુસ્સે થયો. એકને પકડીને મર્મસ્થાનોમાં મરાઈ. તેણી પ્રાણો વડે વિયોગવાળી થઈ અર્થાત્ મૃત્યુ પામી.. બીજીઓવડે વિચારાયું 'આપણને પણ આ પ્રમાણે કરશે ( = મારી નાંખશે)' (તેથી) ભયથી એક સાથે તેના ઉપર દર્પણો છોડ્યા ( = માર્યા) અને તે સોની મૃત્યુ પામ્યે છતે પશ્ચાત્તાપ ઉત્પન્ન થયો. 'પતિને મારનારીઓની બીજી કોઈ ગતિ નથી ( = જીવવું, ભાગી જવું વિ. કોઈ રસ્તા નથી)' એમ વિચારીને તેણીઓ અગ્નિમાં પ્રવેશી. પતિને મારવારૂપ સામુદાયિક પાપ કરવાનેલીધે બંધાયેલ સામુદાયિક કર્મના કારણે (તેણીઓ) એક જ પલ્લીમાં ચોર તરીકે ઉત્પન્ન થઈ. સૌપ્રથમ હણાયેલી પત્નીનો જીવ તો કોઈક ગામમાં બાળક થયો. સોની વળી અન્ય યોનિઓમાં ( = ભવોમાં) ફરીને તે = બાળકની બહેન તરીકે ઉત્પન્ન થયો. પૂર્વભવના વાસનાના સંસ્કારને લીધે તેણીને મોહ = વિષયની લાલસા અતિ ઉત્કટ હતી. અને તેથી તેણી સતત રડે છે. બાળક વડે કોઈક રીતે ( = અજાણતા) અવાચ્ય દેશમાં સ્પર્શાઈ. તેણી શાંત થઈ. ''બહેનને શાંત કરવાનો આ ઉપાય છે'' એ પ્રમાણે વિચારીને બાળક વારંવાર સ્પર્શે છે. માતા-પિતા વડે જોવાયો. અટકાવાયો. (છતાં) નહીં અટકતો ઘરમાંથી નીકાળાયો. પલ્લીમાં ગયો.. પલ્લીનો અધિપતિ = સ્વામી થયો. **इतरा** = તેની બહેન પણ વધતી એવી પ્રબળ કામ તૃષ્ણાવાળી હોવાથી કોઈક ગામમાં ગઈ. ત્યાં તે ચોરો આવ્યા. તેણી વડે ''શું મને નહીં લઈ જાઓ ?'' આવા વચનવડે પોતાનો આત્મા તેઓને સમર્પિત કરાયો. બધાની પત્ની થઈ, તેના પરની દયાથી તે ચોરો વડે બીજી પણ સ્ત્રી લવાઈ. ''આ મારા રતિ = સંસારસેવનમાં વિઘ્નનું કારણ છે'' એમ વિચારીને

તે ચોરો (બહાર) ગયે છતે તેણી વડે આ બીજી સ્ત્રી કૂવામાં નંખાઈ. આવેલા તેઓ વડે (બીજી સ્ત્રી) જોવાઈ નહીં. તેથી 'આના વડે આ કરાયું છે' એ પ્રમાણે જાણીને ''આવી બહુ મોહવાળી શું આ તેણી ( = સ્ત્રી) મારી બહેન હશે ?'' એ પ્રમાણે ઉત્પન્ન થયેલી શંકાવાળા એ પલ્લિપતિ મારા સમાચારને સાંભળીને આવ્યો હતો પણ પૂછવાને સમર્થ ન હતો તેથી (તેના વડે) એ '**या सा सा सा**' એ પ્રમાણે બોલાયું (= પૂછાયું).

આનો = **जा सा सा सा ?** પ્રશ્નનો આ અર્થ છે = (**या =** ) જે (**सा =** ) આ મારી બહેન હતી. (**सा =** ) તેણી શું (**सा =** ) આ = વનમાં રહેલી પાપી સ્ત્રી છે ?'' મારા વડે પણ કહેવાયું ''જે તે તારી બહેન હતી. તે આ વનની પાપી સ્ત્રી છે.''

તે = પરમાત્મા વડે કહેવાયલ વાતને સાંભળીને ''ખરેખર ? વિષયોનો સંગ ખરાબ અંતવાળો છે. તેથી આ નક્કી થયું કે જે કોઈકે કહ્યું છે -

સર્વ સ્ત્રીઓ વડે પણ એક પણ પુરુષ તૃપ્ત થતો નથી (તેમ) એક સ્ત્રી પણ સર્વ પુરુષો વડે તૃપ્ત થતી નથી. માટે બન્નેને પણ બીજો શત્રુ છે. (અર્થાત્ પુરુષને બીજો પુરુષ (અમુક અવસરે) શત્રુ લાગે અને તે જ રીતે સ્ત્રીને બીજી સ્ત્રી શત્રુ જેવી લાગે.) (ખરેખર !) સ્ત્રી અને પુરુષનો સંગ કષ્ટદાયક છે''

આ પ્રમાણે વિચારીને ઘણાં જીવો પ્રતિબોધ પામ્યા. આ પ્રમાણે ભીલ વડે પોતાની બહેન સાથેના સમાગમરુપ પોતાનો દોષ ન કહેવાયો... ।। ૩૨ ।।

यस्तु स्वदोषं प्रतिपद्यते तद्गुणं दृष्टान्तेनाह -

**पडिवज्जिऊण दोसे, नियए सम्मं च पायवडियाए ।**
**तो किर मिगावईए, उप्पन्नं केवलं नाणं ।। ३३ ।।**

***पडिवज्जिऊण० गाहा :*** **प्रतिपद्य दोषान् निजकाना**त्मीयान् **सम्यक्** त्रिकरणशुद्ध्या, **च**शब्दादपुनःकरणाभ्युपगमेन पादयोः पतिता **पादपतिता** तस्या गुरोरिति गम्यते, **ततः किलेति** परोक्षाप्तवादसूचकः, **मृगावत्या उत्पन्नं केवलज्ञानमि**ति सङ्क्षेपार्थः,

**विस्तरार्थः कथानकगम्यः । तच्चेदम्-**

कौशाम्ब्यां वीरस्य भगवतः समवसरणे सविमानचन्द्रादित्यावतरणेन कालमानमजानती गतास्वप्यार्यचन्दनाद्यास्वार्य्यासु स्थिता मृगावती साध्वी, गतौ चन्द्रादित्यौ, उल्लसितं तिमिरं, ससम्भ्रमा गता उपाश्रयं, दृष्टा कृतावश्यका संस्तारकगता तयाऽऽर्यचन्दना, आलोचयन्ती आर्यचन्दनया अनवस्थादोषपरिहारार्थमुपालब्धा, नोचितमिदं भवादृशीनां प्रधानकुलजातानामिति। ततो गुणवत्सन्तापिकाहमिति पश्चात्तापदन्दह्यमानमानसा विगलदश्रुसलिला 'भगवति! क्षमस्व मम मन्दभाग्यायाः प्रमादस्खलितमिदमेकं, न पुनरीदृशं करिष्यामि' इति वदन्ती पतिता तच्चरणयोर्मृगावती, ततः प्रवृद्धः शुक्लध्यानानलः, दग्धं कर्मेन्धनम्, उत्पन्नं केवलज्ञानम्। अत्रान्तरे प्रसुप्तार्यचन्दना, विषधरे च तद्देशेना-

गच्छति उत्पाट्य मृगावत्या संस्तारके निहितो बहिः स्थितस्तद्बाहुः, ततो विबुद्धयार्यचन्दनया 'मिथ्यादुष्कृतं निद्राप्रमादेन मया न प्रहिता त्वम्, किं चायं करश्चालितः ?' इत्युक्ता सत्याह-अहिरेति, इतराऽऽह-कथं जानीषे? सा प्राह-अतिशयेन, इतरा आह-कतरेण?, सा प्राह-केवलेन। तच्छ्रुत्वा आर्यचन्दना गता पश्चात्तापं पतिता तत्पादयोरिति ॥ ३३ ॥

**અવતરણિકા :** જે વ્યક્તિ વળી પોતાના દોષને સ્વીકારે છે તેના ગુણને ગ્રંથકારશ્રી દૃષ્ટાંતવડે કહે છે -

**ગાથાર્થ :** પોતાના દોષોને સમ્યગ્ સ્વીકારી (મૃગાવતી સાધ્વી) (ગુરુ)ના પગમાં પડેલા. તેથી ખરેખર મૃગાવતીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ।। ૩૩ ।।

**ટીકાર્થ :** પોતાના દોષોને **सम्यक्** = મન-વચન-કાયાની શુદ્ધિથી સ્વીકારીને, **'च'** શબ્દથી અપુનઃકરણના સ્વીકારપૂર્વક દોષોને સ્વીકારીને (મૃગાવતી સાધ્વી) પગમાં પડેલા.

(**પ્રશ્ન :** કોના પગમાં પડેલા ?)

**ઉત્તર :** તેણીના ગુરુના પગમાં પડેલા.. આ ઉત્તર ગાથામાં લખ્યો નથી છતાં પ્રસ્તુતના આધારે જણાય છે. તેથી = તે કારણે મૃગાવતીજીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આ સંક્ષેપાર્થ છે. (ગાથામાં જે **किल** શબ્દ છે તે પરોક્ષ વિષયમાં આપ્ત પુરુષોની વાણીને જણાવે છે. એટલે કે ગ્રંથકારશ્રીને મૃગાવતીજીની આ વાત પરોક્ષ છે. પણ છતાં આપ્ત = પૂજ્ય પુરુષોની પરંપરામાં આવી છે. તેથી તે માન્ય જ ગણાય. માટે '**किल** = ખરેખર' લખવાં દ્વારા એ વાતનું સૂચન કરી દીધું.) ગાથાનો વિસ્તૃતાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે અને તે કથાનક આ છે :

કૌશામ્બી નગરીમાં મહાવીર સ્વામી ભગવાનના સમવસરણમાં વિમાન સહિત ચન્દ્ર અને સૂર્યના અવતરણથી = આવવાથી 'કાલ કેટલો થયો ?' તે નહીં જાણતી મૃગાવતી સાધ્વી ચન્દનાદિ સાધ્વીઓ ગયે છતે પણ (ત્યાં) રહી. ચન્દ્ર અને સૂર્ય ગયા. અંધારું છવાયું. સમ્ભ્રમ = ભયભીત એવી તે ઉપાશ્રયે ગઈ. કરાયેલા પ્રતિક્રમણવાળા, સંથારા પર આવી ગયેલા આર્યચન્દના તેણી વડે જોવાયા. આલોચના કરતી એવી તે આર્યચન્દનાવડે અનવસ્થા દોષ નિવારવા માટે = ફરી પોતે કે અન્ય કોઈ આવી ભૂલ ન કરે તે માટે ઠપકો અપાઈ કે "ઉત્તમકુલમાં ઉત્પન્ન થયેલી આપના જેવીને આ યોગ્ય નથી" ( = અંધારામાં ઉપાશ્રયે આવવું યોગ્ય નથી.) તેથી "હું ગુણવાન્‌ને = ગુરુણીને ત્રાસ આપનારી છું" એ પ્રમાણે પશ્ચાત્તાપથી બળતા મનવાળી, રડતી "હે ભગવતી ! મન્દ ભાગ્યવાળી એવી મારી આ એક પ્રમાદ વડે થયેલ ભૂલની ક્ષમા આપો. હું ફરી આવું કરીશ નહીં" એ પ્રમાણે બોલતી મૃગાવતી તેણીના ચરણોમાં પડી. ત્યારબાદ શુક્લધ્યાનરૂપી અગ્નિ વધ્યો, કર્મોરૂપી ઈન્ધન બળ્યું, કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. આટલામાં (અર્થાત્ મૃગાવતીજી હજુ ત્યાં બેઠાં બેઠાં પશ્ચાત્તાપ કરતાં હતાં તે દરમ્યાન જ) આર્ય ચન્દના સૂઈ ગયા અને સર્પ તે જગ્યાથી આવતે છતે મૃગાવતીવડે સંથારાની બહાર રહેલો તેમનો = ચન્દનાનો હાથ ઉપાડીને સંથારા પર મૂકાયો. તે કારણે જાગેલી આર્યચન્દનાવડે "મિચ્છામિ દુક્કડમ્ નિદ્રારૂપી

પ્રમાદથી = ઉંઘ આવી જવાથી તને મોકલી નહીં = તને સંથારો કરવાની અનુજ્ઞા ન આપી અને આ હાથ કેમ હલાવ્યો ?'' એ પ્રમાણે કહેવાયેલી છતી મૃગાવતીએ કહ્યું.

''સર્પ જાય છે.'' **इतरा** = ગુરુણીએ કહ્યું '' કેવી રીતે જાણે છે ?''

તેણીએ કહ્યું ''અતિશયથી = જ્ઞાનથી.''

ગુરુણીએ કહ્યું ''કયા ?''

તેણીએ કહ્યું ''કેવલજ્ઞાનથી.''

તે સાંભળીને આર્યચન્દના પશ્ચાત્તાપને પામ્યા. તેમના પગમાં પડ્યા. ।। ૩૩ ।।

तदेवमियमुपालभ्यमानापि न कषायिता, यश्चान्योऽप्येवं कुर्यात् तद्गुणमाह -

**किं सक्का वोत्तुं जे, सरागधम्मम्मि कोइ अकसाओ ।**
**जो पुण धरेज्ज धणियं, दुव्वयणुज्जालिए स मुणी ।। ३४ ।।**

*किं सक्का० गाहा :* **'किं सक्क'त्ति किं शक्यम्**, अनुस्वारलोप-दीर्घत्वे प्राकृतलक्षणात्, **वक्तुं**, **जे**शब्दो वाक्यालङ्कारार्थः। सह रागेण वर्तत इति सरागः, द्वेषोपलक्षणं चैतत्, स चासौ धर्मश्च, तस्मिन् **सरागधर्मे**ऽद्यतने **कश्चिद**विद्यमानक्रोधादिकषायोऽ**कषायो**ऽस्तीत्येतत् किं वक्तुं शक्यं ? नैवेत्यभिप्रायः। **यः पुन**र्महात्मा **धारयेद**नुदयोदयप्राप्तविफलीकरणेन निगृह्णीयात्, **धणियं**-अत्यर्थं **दुर्वचनोज्ज्वालितान्** कर्णकटुकवागिन्धनोद्दीपितान् कषायान् **स** मन्यते यथावस्थितं मोक्षकारणमिति **मुनिः**, पुनःशब्दस्य विशेषणार्थत्वात्सरागधर्मेऽपि वर्तमानो मुनिरेव विवेककलितत्वादिति ॥ ३४ ॥

**અવતરણિકા : तदेवम्** = તે આ પ્રમાણે ઠપકો અપાતી પણ આ = મૃગાવતી ગુસ્સે ન થઈ અને જે બીજો પણ આ પ્રમાણે કરે = કોઈ ગમે તેટલું સંભળાવી જાય તો પણ ગુસ્સો ન કરે, તેના ગુણને ગ્રંથકારશ્રી કહે છે -

**ગાથાર્થ :** 'સરાગ ધર્મમાં કોઈ અકષાય = કષાય વિનાનો છે' એ પ્રમાણે બોલવાને શું શક્ય છે ? જે મહાત્મા વળી દુર્વચનથી ઉદ્દીપિત કરાયેલા કષાયોને અત્યંતપણે ધારી રાખે = નિગ્રહ કરે તે મુનિ છે. ।। ૩૪ ।।

**ટીકાર્થ :** ગાથામાં **'किं सक्का'** પદ છે એનો **किं शक्यम्?** એવો અર્થ કરવાનો છે. આ અર્થ માટે મૂળગાથામાં ખરેખર **सक्कं** પદ હોવું જોઈએ. એની જગ્યાએ **'सक्का'** પદ છે એમાં અનુસ્વારનો અભાવ અને દીર્ઘત્વ (**का**) કરાયા છે તે પ્રાકૃતભાષાના કારણે જાણવા. પ્રાકૃતભાષામાં આ રીતે વિધાન કરવું અદુષ્ટ છે.

**'जे'** શબ્દ વાક્યની શોભા માટે = એનો કોઈ અર્થ કરવાનો નથી.

હવે પ્રથમ ચરણનો આવો અર્થ થશે : **''શું બોલવાને શક્ય છે ?''**

(**પ્રશ્ન :** ''શું બોલવાને શક્ય છે ?'' એવું કઈ બાબતે કહો છો ?)

**ઉત્તર :** (પાંચમો આરો, તીર્થંકરો વિગેરેની ગેરહાજરીને લીધે) ''રાગ અને ઉપલક્ષણથી દ્વેષવાળો વર્તમાનનો ધર્મ છે. અને એવા આ સરાગ ધર્મમાં કોઈ ક્રોધ વિગેરે કષાય વિનાનો છે.'' આવું બોલવાને શું શક્ય છે ?

કહેવાનો આશય એ છે કે રાગદ્વેષવાળા વર્તમાનકાળના ધર્મમાં કોઈ અકષાયી છે એવું બોલવાને શક્ય નથી જ.

(છતાં) જે મહાત્મા વળી કાન માટે કડવી એવી વાણી રૂપી ઈન્ધનથી પ્રગટ કરાયેલા કષાયોને અત્યંતપણે ધારી રાખે એટલે કે જે કષાયો ઉદયમાં આવ્યા નથી તેનો અનુદય (= ઉદયમાં ન આવે એવા) કરવા દ્વારા અને જે કષાયો ઉદયમાં આવી ગયા છે તેને નિષ્ફળ કરવા દ્વારા નિગ્રહ કરે = મનમાં આવી ગયેલા કષાયોને વચન-કાયામાં ન આવવા દે તે મુનિ છે.

**મુનિઃ** = યથાવસ્થિત = વાસ્તવિક એવા મોક્ષના કારણને જાણે છે તેથી તે મુનિ કહેવાય છે. (હવે અહીં 'અકષાયપણું' એ વાસ્તવિક મોક્ષનું કારણ છે. એથી જે મહાત્મા એ 'અકષાયપણું' જાળવી રાખે, અને જાળવણી જ્ઞાન વગર શક્ય ન હોવાથી તે 'મુનિ' કહેવાય. 'મુનિ' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ ઘટી જાય છે માટે.)

**પ્રશ્ન :** ગુરુજી ! ગાથામાં મૂકેલ **પુનઃ** શબ્દનો અર્થ શું છે ?

**ઉત્તર :** શિષ્ય ! ગાથામાં મૂકેલ **પુનઃ** શબ્દ વિશેષણ અર્થવાળો છે એટલે કે વિશેષ બાબતને જણાવનારો છે.

(**પ્રશ્ન :** કયા વિશેષણને = વિશેષ બાબત ને જણાવનાર છે ?)

**ઉત્તર :** 'સરાગધર્મમાં પણ વર્તતો એટલે કે અકષાયી ન હોવા છતાં પણ વિવેકથી યુક્ત હોવાથી મુનિ જ છે. અર્થાત્ સકષાયી હોવા છતાં જે વિવેકી છે = કષાયોનો નિગ્રહ કરે છે તે મુનિ જ છે. આટલી વિશેષ બાબત **પુનઃ** શબ્દથી સૂચિત જાણવી. (જેનું દિક્સૂચન ટીકાર્થમાં 'વળી' અર્થ કરવા દ્વારા કરાયેલ છે.) ।।૩૪।।

किमर्थमेते निगृह्यन्ते इत्याशङ्क्यामीषामपायकारितामाह –

**कडुयकसायतरूणं, पुप्फं च फलं च दोवि विरसाइं ।**
**पुप्फेण झाइ कुविओ, फलेण पावं समायरइ ।। ३५ ।।**

***कडुयकसायतरूणं० गाहा :*** कटुकाश्च ते संयमसुखभङ्गहेतुत्वात्कषायाश्च **कटुककषायाः**, त एव **तरवस्त**दुत्तरप्रकृतिशाखादिमत्त्वात् **तेषां पुष्पं च फलं च द्वे अपि विरसे** कटुके, निम्बादीनां लोकोक्त्या कटुकानामपि पाककाले माधुर्यमुपलभ्यते, न पुनरेतेषामिति भावः। किमेषां पुष्पं ? किं वा फलम् ? इत्याशङ्क्य क्रोधमधिकृत्य दर्शयति– **पुष्पेण** हेतुभूतेन **ध्यायति** विरुपकं चिन्तयति, **कुपितः**

क्रुद्धः **फलेन पापं** ताडनमारणादिकं **समाचरति** - अनुतिष्ठति तदनेनैतेषामुदयः पुष्पं, तत्पूर्विका प्रवृत्तिः फलमित्युक्तं भवति ॥ ३५ ॥

**અવતરણિકા :** આ કષાયોનો નિગ્રહ - વિફલીકરણ = અટકાવણી શા માટે કરાય છે ? આવી શંકા કરીને ગ્રંથકારશ્રી (હવે) 'કષાયો અપાય = નુકશાન કરનારા છે' આ વાતને કહે છે.

**ગાથાર્થ :** કડવા કષાયો રૂપી વૃક્ષના પુષ્પ અને ફલ બન્ને કડવા છે. ગુસ્સે થયેલ પુષ્પ વડે (ખરાબ) વિચારે છે. ફલ વડે પાપને કરે છે. ।। ૩૫ ।।

**ટીકાર્થ :** સંયમરૂપી સુખના ભંગનું કારણ હોવાથી કડવા એવા કષાયો, તે કષાયો રૂપી વૃક્ષો. એ વૃક્ષોના પુષ્પ અને ફલ બન્ને પણ કડવા છે.

કહેવાનો આશય એ છે કે લોકોક્તિ = લોકવાયકાથી આવું જાણવા મળે છે કે કડવા એવા પણ લીમડા વિગેરેના પુષ્પ-ફળ પાકે તે સમયે મધુરતાને પામે છે. (પછી ભલે કડવા થઈ જતાં હોય.) પણ આ કષાયો રૂપી વૃક્ષોના પુષ્પ-ફળ તો પાકકાળે પણ મધુરતાને પામતા નથી.

**પ્રશ્ન :** ગુરુજી ! આ કષાયો રૂપી વૃક્ષોનું પુષ્પ કયું છે ? અને ફલ કયું છે ?

**ઉત્તર :** શિષ્ય ! ક્રોધને આશ્રયીને આ પ્રશ્નના ઉત્તર ગ્રંથકારશ્રી જ આપે છે.

ગુસ્સે થયેલો જીવ પુષ્પ વડે ખરાબ વિચારે છે એટલે કે પુષ્પ ખરાબ વિચારોનું કારણ છે અને ફલ ને લીધે કર્કશ બોલવું - મારવું વિગેરે પાપ આચરે છે. એટલે કે ફલ ખરાબ આચરણનું કારણ છે.

(**પ્રશ્ન :** ગુરુજી ! આપશ્રી ક્રોધના પુષ્પ અને ફલ તરીકે કોને કહો છો તેનો અમને સ્પષ્ટ ખ્યાલ કરાવો ને ?)

**ઉત્તર :** શિષ્ય ! **तदनेन** = તે આ શ્લોકાર્ધ વડે 'ક્રોધ વિ. નો ઉદય પુષ્પ અને ક્રોધ વિ. પૂર્વકની પ્રવૃત્તિ ફલ છે.' એવો કહેવાનો આશય છે.

**વિશેષાર્થ :** (૧) **પ્રશ્ન :** કષાયોને વૃક્ષની ઉપમા કેમ આપવામાં આવી છે ?

**ઉત્તર :** કષાયો તેની ઉત્તર પ્રકૃતિરૂપ ડાળીઓવાળા છે તેથી કષાયોને વૃક્ષની ઉપમા આપવામાં આવી છે. કષાય મોહનીયની ૪ શાખા. (૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ. આ ચારેયની (૧) અનન્તાનુબન્ધિ (૨) અપ્રત્યાખ્યાનીય (૩) પ્રત્યાખ્યાનીય (૪) સંજ્વલન એમ બીજી ૪-૪ શાખાઓ છે. તેથી કષાયોને વૃક્ષની ઉપમા આપવામાં આવી છે. ।।૩૫।।

तस्मात्तेषां तद्धेतूनां च शब्दादीनां त्यागः कार्यः, स च विवेकेनैव क्रियते, नान्येनेति दृष्टान्तेनाह-

**संते वि कोवि उज्झइ, कोवि असंते वि अहिलसइ भोए ।**

**चयइ परपच्चएण वि, पभवो दट्ठूण जह जंबुं ।। ३६ ।।**

*संते वि० गाहा :* **सतोऽपि** विद्यमानानपि **कश्चिद्विवेकी** जम्बुवद**ुज्झति** त्यजति भुज्यन्त इति **भोगाः** शब्दादयस्तानिति सम्बन्धः **कश्चिद**विवेकी प्रभववद**सतोऽपि अभिलषति** वाञ्छति **भोगान्** ।

तथा कश्चिदिति वर्तते, **त्यजति परप्रत्ययेनापि**, किंवदित्याह– **प्रभवो दृष्ट्वा यथा जम्बु**मिति समासार्थः, **व्यासार्थः कथानकगम्यः । तच्चेदम् -**

राजगृहे ऋषभदत्तेभ्यसुतो जम्बुनामा सञ्जातचरणपरिणामो दीक्षाभ्यनुज्ञानार्थं माता–पितरौ पप्रच्छ। तावपत्यस्नेहमोहितौ, यदा प्रव्रज्यादुष्करतादिवर्णनेन प्रत्युत्तरदानसमर्थत्वान्न सन्तिष्ठते तदा 'जात! वरमुखं पश्यावः' इति तं याचितवन्तौ। ततस्तदनुरोधेन स्थितः। यद्यस्माभिर्न धृतस्ततोऽमुमेवानुयास्याम इति विहितप्रतिज्ञाःसोऽष्टौ कन्यकाः परिणीतवान्।

वासभवने तत्प्रतिबोधनप्रवृत्ते च तस्मिन् बहुचौरपरिकरः प्रभवाभिधानः पल्लीपतिरवस्वापनीतालोद्घाटनीविद्याप्रभावेन तद्गृहं मुष्णन् जम्बुनाम्नःचरणपरिणामावर्जितया देवतया स्तम्भितस्तथा स्थितश्च। अहमनेन महात्मना स्तम्भित इति सञ्चिन्त्य जम्बुनाम्नः स्वपत्नीरुत्तरप्रत्युत्तरिकया बोधयतो वचनमाकर्णयंस्तं प्रत्याह – 'भो महात्मन्! निवृत्तोऽहमितो दुर्व्यवसितात्, गृहाणेमे मद्विद्ये, देहि मे स्तम्भनीमात्मविद्यामिति'। जम्बुनामाह – 'भद्र! न मया स्तम्भितस्त्वम्, अपि तु मच्चरणपरिणामावर्जितया देवतया, अलं च भवतो भववर्द्धनविद्यादानेन, गृहाणेमां समस्तार्थसाधनीं सर्वज्ञोपज्ञां ज्ञानदर्शनचारित्रविद्यामिति' प्रस्ताव्य च कृता तेन विस्तरतो धर्मदेशना। ततोऽहो! महानुभावस्य विवेकिता परोपकारिता च। मम पुनरहो पापिष्ठता मूढता च, अयं हि महात्मा स्वाधीनामपि सदोषत्वाच्चटुलस्वभावां यां श्रीकुलटां त्यजति, लग्नोऽहं तामेवाभिलषामि, न च प्राप्नोमि, एवं च विगोपितः, धिग्मामधममितिसंजातवैराग्यः सपरिकरः प्रभवः प्राह – 'भो महात्मन्नादिश किं मया कर्तव्यं ?' जम्बुनामाह– 'यदहं करोमि', ततो नायमप्रेक्षापूर्वकारीति युक्तमेतदनुगमनमिति सञ्चिन्त्येतरः प्राह – 'यदाज्ञापयति भवान्।' ततो जननीजनकवधूसपरिकरप्रभवपरिवृतो भव्यसत्त्वानां भवपराङ्मुखां बुद्धिमुत्पादयन् सुधर्मस्वामिनः पादमूले निष्क्रान्तो जम्बुनामेति ॥ ३६ ॥

**અવતરણિકા : तस्मात् =** કષાયોના પુષ્પ અને ફલ કડવા હોવાથી તેઓનો અને તેઓના કારણો એવા શબ્દ વિ.નો ત્યાગ કરવા યોગ્ય છે. અને એ ત્યાગ વિવેકથી જ કરાય છે. અન્ય વડે નહીં. આ વાતને ગ્રંથકારશ્રી દૃષ્ટાન્તવડે જણાવે છે :

**ગાથાર્થ :** કોઈક વ્યક્તિ વિદ્યમાન એવા પણ ભોગોને છોડે છે, કોઈક અવિદ્યમાન એવા પણ ભોગોને ઈચ્છે છે. (કોઈક) બીજાના દૃષ્ટાન્તથી પણ (ભોગોને) છોડે છે. જેમ જંબુને જોઈને પ્રભવે (છોડ્યા). ।। ૩૬ ।।

**ટીકાર્થ :** કોઈક = વિવેકી જંબુની જેમ વિદ્યમાન એવા ને પણ ત્યજે છે. (કોને ત્યજે છે ?) જે ભોગવાય તે ભોગ. તે ભોગોને ત્યજે છે. આ રીતે ગાથામાં જુદા રહેલા કર્મ **(भोगान्)** -ક્રિયાપદ **(त्यजति)** નો અન્વય કરવો.

કોઈક = અવિવેકી પ્રભવની જેમ અવિદ્યમાન એવા પણ ભોગોને ઈચ્છે છે. તથા કોઈક બીજાના

પ્રત્યય = આલંબનથી પણ (ભોગોને) ત્યજે છે. કોની જેમ ? જંબુને જોઈને (= એના આલંબને) જેમ પ્રભવે ભોગોને છોડ્યા તેમ.

આ ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો...

વિસ્તારાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે. તે કથાનક આ છે :

રાજગૃહ નગરમાં ઋષભદત્ત શ્રેષ્ઠિનો પુત્ર જંબુ (હતો.) ઉત્પન્ન થયેલા ચારિત્રના પરિણામવાળા તેણે દીક્ષાની રજામાટે માતા-પિતાને પૂછ્યું. તે બંને પુત્રના સ્નેહથી મોહિત હતા = યુક્ત હતા. જ્યારે (જંબુ) પ્રવ્રજ્યાની દુષ્કરતા વિગેરેના વર્ણન વડે (વર્ણનની સામે) પ્રત્યુત્તર આપવામાં સમર્થ હોવાથી (સંસારમાં રહેવા) તૈયાર ન થયો ત્યારે "પુત્ર ! અમે વરના મુખને જોઈએ (એટલે કે એકવાર તું વર બન પછી તારી ઈચ્છા)" એ પ્રમાણે તેની પાસે માંગણી કરી. તેથી માતા-પિતાના આગ્રહથી જંબુ (ઘરે) રહ્યો.. "જો અમારા વડે (જંબુ) (સંસારમાં) નહીં રખાય તો અમે એમને જ અનુસરશું (એટલે કે એમની પાછળ અમે પણ જઈશું)" એ પ્રમાણે કરાયેલા પ્રતિજ્ઞાવાળી આઠ કન્યાઓને તે પરણ્યો.

વાસભવન = અન્ત:પુરમાં આઠેના પ્રતિબોધમાં પ્રવૃત્ત જંબુ હોતે છતે ઘણાં ચોરોના પરિવારવાળો પ્રભવનામે પલ્લિપતિ અવસ્વાપની અને તાલોદ્‌ઘાટની વિદ્યાના પ્રભાવથી તેના = જંબુના ઘરને ચોરતો છતો (જ્યારે વાસભવનની નજીક આવ્યો ત્યારે) જંબુના ચારિત્રના પરિણામથી આવર્જિત = આકર્ષાયેલ દેવતા વડે સ્તંભિત કરાયો (પૂતળાવત્ કરાયો) અને તે રીતે પ્રભવ રહી પડ્યો. (અર્થાત્ સ્તંભિત રૂપે જ ત્યાં રહી પડ્યો.) "હું આ મહાત્મા વડે સ્તંભિત કરાયો એ પ્રમાણે વિચારીને પોતાની પત્નીઓને ઉત્તર -પ્રત્યુત્તરો વડે = યુક્તિસભર ચર્ચાવડે પ્રતિબોધ કરતા જંબુના વચનને સાંભળતો (પ્રભવ) જંબુ પ્રતિ બોલ્યો ( = જંબુને કહ્યું) " હે મહાત્મા ! હું આ દુર્વ્યવસાયથી = ચોરીથી પાછો ફર્યો છું. આ મારી બન્ને વિદ્યાઓ ગ્રહણ કરો. મને સ્તંભની (નામની) તમારી વિદ્યા આપો."

જંબુએ કહ્યું, "ભદ્ર ! મારા વડે તું સ્તંભિત કરાયો નથી. પરંતુ મારા ચારિત્રપરિણામથી આવર્જિત દેવતા વડે તું સ્તંભિત કરાયો છે અને સંસારવધારનારી આપની વિદ્યાના ગ્રહણ વડે સર્યુ, સમસ્ત અર્થોને સાધી આપનારી સર્વજ્ઞપ્રણીત એવી જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ વિદ્યાને તું ગ્રહણ કર." આ પ્રમાણે પ્રસ્તાવના કરીને તેના વડે = જંબુ વડે વિસ્તારથી ધર્મદેશના કરાઈ. તેથી 'અહો ! મહાનુભાવનું (કેવું) વિવેકીપણું અને પરોપકારીપણું (છે !) મારું વળી અહો ! (કેવું) પાપિષ્ઠપણું અને મૂર્ખપણું (છે) ! આ મહાત્મા પોતાને આધીન એવી હોવા છતાં પણ દોષ સહિતની હોવાને લીધે ચંચળ સ્વભાવવાળી એવી જે લક્ષ્મીરૂપી કુલટાને = વ્યભિચારિણીને ત્યજે છે તેને જ વળગેલો (= તેની પાછળ પડેલો) આસક્ત એવો હું ઈચ્છું છું. પણ પ્રાપ્ત કરતો નથી. અને આ રીતે હું ઠગાયેલો છું. અધમ એવા મને ધિક્કાર થાઓ.' આ પ્રમાણે ઉત્પન્ન થયેલ વૈરાગ્યવાળો પ્રભવ પરિવારસહિત બોલ્યો "હે મહાત્મા ! આદેશ કરો (કે) મારા વડે શું કરવા યોગ્ય છે ?" જંબુએ કહ્યું 'જે હું કરું છું.' તેથી 'આ જંબુ વિચાર્યા વિના કરનારો નથી તેથી એની પાછળ જવું યોગ્ય છે' એ પ્રમાણે વિચારીને પ્રભવ બોલ્યો "આપ જે આજ્ઞા કરો છો (તે બરોબર છે.")

ત્યારબાદ માતા-પિતા-વહુ-પરિવારવાળા પ્રભવથી પરિવરેલો = વીંટળાયેલો = યુક્ત ભવ્યજીવોની બુદ્ધિને સંસારથી વિમુખ કરતો જંબુ સુધર્માસ્વામીના ચરણોમાં દીક્ષિત થયો. ।। ૩૬ ।।

ननु कथमसौ क्रूरकर्मा प्रभवः प्रतिबुद्ध? इत्युच्यते धर्ममाहात्म्यात्, तथा चाह –

**दीसंति परमघोरा वि, पवरधम्मप्पभावपडिबुद्धा ।**
**जह सो चिलाइपुत्तो, पडिबुद्धो सुंसुमाणाए ।। ३७ ।।**

***दीसंति० गाहा :*** **दृश्यन्ते परमघोरा अपि** प्रधानरौद्रा अपि प्राणिन इति गम्यते, **प्रवरधर्मप्रभावप्रतिबुद्धा** इति अर्हद्दर्शितोत्तमधर्ममाहात्म्याद्व्यपगतमिथ्यात्वनिद्रा उपलभ्यन्त इत्यर्थः, किंवदित्याह – **यथासौ चिलातीपुत्रः प्रतिबुद्धः सुंसुमाज्ञाते** सुंसुमोदाहरणे इति समासार्थः, **व्यासार्थः कथानकगम्यस्तच्चेदम्-**

राजगृहे धनश्रेष्ठिना स्वदासीदारकश्चिलातीपुत्रः स्वदुहितुः सुंसुमायाः बालग्राहोऽकारि। कृतदुष्टचेष्टितो निःसारितो गेहाद् गतः पल्लिम्। अतिसाहसिकत्वाज्ञातस्तदधिपतिः। अन्यदा युष्माकं धनं मम सुंसुमेति प्रतिज्ञाय बहूंस्तस्करान् मीलयित्वा पतितो धनगेहे, विलुप्तं सदनं, गृहीतसुंसुमः प्रवृत्तः पल्लीं प्रति, पश्चाल्लग्नस्तस्य सपुत्रपरिकरो धनः, ततो निर्वोढुमशक्नुवता मेयमन्यस्यापि भवत्विति सञ्चिन्त्य छिन्नमसिना सुंसुमायाः शिरस्तेन, गतप्रयोजनत्वात् निवृत्ता धनादयः। तेनापि गच्छता दृष्टः कायोत्सर्गस्थो मुनिरुक्तश्च खड्गमुद्गीर्य 'कथय मे धर्मम्' इति, ततः प्रतिभोत्स्यतेऽयमित्यतिशयेन विज्ञाय मुनिनोक्तम् 'उपशमो विवेकः संवर' इति कर्तव्य इति शेषः। ततो नाऽयं विप्रतारयति, मम च कृतबहुपापस्य नान्यथा शुद्धिः, करोम्येतद्वचनमिति सञ्चिन्त्य गतस्तदासन्नभूभागं, चिन्तयितुमारब्धं किमनेनोक्तम्? आः ज्ञातम्! उपशमः क्रोधादीनां कर्तव्यः, कृतोऽसौ मया यावज्जीवं तत्त्यागात्। विवेकस्त्यागो बाह्यस्य कार्य इति त्यक्तं सह करवालेन करस्थं मस्तकम्। संवरो दुष्टयोगानां संवरणं कर्तव्यमिति निरुद्धकायवाक्प्रसरो मनसीदमेव पदत्रयं चिन्तयन् स्थितः कायोत्सर्गेण। शोणितगन्धेन च खादितुमारब्धास्तच्छरीरकं वज्रतुण्डाः पिपीलिकाः, कृतः समन्ततश्चालनीसङ्काशः, तथापि त्यक्तोऽयं मया कायः इति धिया न चलितो ध्यानात्, दग्धं बहुपापं, प्राप्तोऽर्धतृतीयाहोरात्रैर्देवलोकं चिलातीपुत्र इति ॥ ३७ ॥

**અવતરણિકા : પ્રશ્ન :** ગુરુજી! ક્રૂરકર્મી આ પ્રભવ કેવી રીતે પ્રતિબોધ પામ્યો?

**ઉત્તર :** શિષ્ય! ધર્મના પ્રભાવથી.. આ જ વાતને ગ્રંથકારશ્રી કહે છે -

**ગાથાર્થ :** પરમ ઘોર એવા પણ (જીવો) પ્રવરધર્મના પ્રભાવથી પ્રતિબોધ પામેલા દેખાય છે. જેમ સુંસુમાના ઉદાહરણમાં તે ચિલાતી પુત્ર પ્રતિબોધ પામ્યો ।। ૩૭ ।।

**ટીકાર્થ :** અતિરૌદ્ર = અતિક્રૂર એવા પણ જીવો અરિહંતે દેખાડેલા ઉત્તમ ધર્મના પ્રભાવથી નાશ થયેલ મિથ્યાત્વરૂપી નિદ્રાવાળા જણાય છે. (**'प्राणिनः'** આ શબ્દ ગાથામાં નહિં લખેલો હોવા છતાં પ્રસ્તુતના આધારે જણાય છે.)

**પ્રશ્ન :** કોની જેમ?

**ઉત્તર :** જેમ સુંસુમાના ઉદાહરણમાં આ ચિલાતીપુત્ર પ્રતિબોધ પામ્યો.

આ ગાથાનો સંક્ષિપ્ત અર્થ છે.

વિસ્તારથી અર્થ કથાનકથી જાણવા યોગ્ય છે. તે કથાનક આ છે -

રાજગૃહ નગરમાં ધન નામના શેઠ વડે પોતાની દાસીનો પુત્ર (નામે) ચિલાતીપુત્ર પોતાની દીકરી સુંસુમાની સંભાળ માટે કરાયો = રખાયો. (**बालग्राहः** = જે બાળકને રમાડે, ઊંચકીને ફરે વિ. સંભાળ કરે તે) કરાયેલી ખરાબ ચેષ્ટાવાળો તે ઘરમાંથી નીકાળાયો. પલ્લિમાં ગયો. અતિસાહસિક હોવાના કારણે તેનો = પલ્લીનો અધિપતિ = સ્વામી થયો. એક વખત ''તમારું ધન, મારી સુંસુમા'' એ પ્રમાણે નક્કી કરીને ઘણાં ચોરોને ભેગા કરીને ધન શેઠના ઘરે ધાડ પાડી, ઘર ચોરાયું = લુંટાયું, ગ્રહણ કરાયેલી સુંસુમાવાળો તે ચિલાતીપુત્ર પલ્લી તરફ જવા લાગ્યો. પુત્રના પરિવાર સહિત ધનશેઠ તેની પાછળ લાગ્યો. તેથી (તેણીને) વહન કરવાને = ઊંચકીને દોડવાને અસમર્થ એવા તેના વડે ''આ બીજાની પણ ન થાઓ'' એ પ્રમાણે વિચારીને તલવાર વડે સુંસુમાનું માથું કપાયું. (હવે તેની પાછળ દોડવાનું) પ્રયોજન = કારણ ન હોવાથી ધન વિગેરે પાછા ફર્યા. (આગળ) જતાં એવા પણ તેના વડે = ચિલાતી પુત્ર વડે કાર્યોત્સર્ગમાં રહેલા મુનિ જોવાયા અને તલવાર ખેંચીને કહેવાયા ''મને ધર્મને કહે'' ત્યારબાદ 'આ પ્રતિબોધ પામશે' એ પ્રમાણે જ્ઞાનથી જાણીને મુનિ વડે કહેવાયું ''उपशम विवेक संवर'' કરવા યોગ્ય છે. (कर्तव्यः પદ મુનિ બોલ્યા નથી પણ સમજવાનું છે તેથી અધ્યાહાર કર્યો છે.) ત્યારબાદ ''આ છેતરે નહીં અને કરાયેલા બહુપાપવાળા મારી બીજી કોઈ રીતે શુદ્ધિ નથી (તેથી) આમના વચનને કરું = પાલન કરું'' એ પ્રમાણે વિચારીને તેમની નજીકના ભૂમિભાગમાં = જગ્યામાં ગયો. વિચારવા લાગ્યો કે ''આમના વડે શું કહેવાયું? આહા! જણાયું કે: ઉપશમ ક્રોધ વિગેરેનો કરવા યોગ્ય છે. મારા વડે આ = ઉપશમ ક્રોધાદિના ત્યાગથી (હવે) યાવજ્જીવ માટે કરાયો છે. વિવેક એટલે બાહ્યનો ત્યાગ કરવો (તેથી) તલવાર સહિત હાથમાં રહેલું મસ્તક છોડી દીધું. સંવર એટલે દુષ્ટ યોગોનું સંવરણ કરવું = દુષ્ટ યોગોમાંથી પાછા ફરવું'' (તેથી) અટકાવાયો છે કાયા અને વાણીનો વિસ્તાર જેના વડે એવો = ખરાબમાં પ્રવૃત્ત વચન કાયાને જેણે રોક્યા છે એવો ચિલાતીપુત્ર મનમાં આ જ ત્રણ પદોને વિચારતો છતો કાયોત્સર્ગ વડે રહ્યો અને લોહીની ગન્ધથી વજ્ર જેવા તીક્ષ્ણ મુખવાળી કીડીઓ તેના શરીરને ખાવા માંડી, ચારેબાજુથી ચાલણી જેવો કરાયો. તો પણ ''મારા વડે આ શરીર ત્યજાયું છે'' એવી બુદ્ધિથી ધ્યાનથી ચલિત ન થયો. ઘણા પાપને બાળીને, અઢી દિવસે ચિલાતીપુત્ર દેવલોકને પામ્યો. ।।૩૭।।

यथा चाऽनेन प्राणप्रहाणेऽपि सत्त्वावष्टम्भात्प्रतिज्ञा निरवाहि, बहवो विवेकिनोऽन्येऽपि तथाध्यवस्यन्तीति दृष्टान्तेनाह–

**पुप्फिय-फलिए तह पिउघरम्मि तण्हा छुहा समणुबद्धा ।**
**ढंढेण तहा विसढा, विसढा जह सप्फला जाया ।। ३८ ।।**

***पुप्फियफलिए० गाहा :*** **पुष्पितं** - खाद्य–पेयकारणभूतद्रव्यनिचययुक्तं, **फलितं** - खादनपान–प्रवणम्, एवं च पुष्पितमपि कृपणगृहं फलितं न भवति, फलितमपि च षिड्गभवनं पुष्पितं न भवति उत्पन्नभक्षित्वात्, तदर्थमुभयग्रहणम्। ततश्च पुष्पितं च तत्फलितं चेति समासस्तस्मिन्। **तथेति** प्रसिद्धिसङ्ग्रहार्थः। **पितृगृहे** कृष्णभवने इत्यर्थः, **तृष्णा** - पिपासा, **क्षुधा**–बुभुक्षा **समनुबद्धा** निरन्तरा **ढण्ढेन** महात्मना, **तथा** तेनाऽलाभपरीषहाऽतिसहनप्रकारेण **विषोढा** तितिक्षिता **यथा सत्फला जाते**ति सम्बन्धः, किम्भूतेत्याह– **विशठा** भावसारमकपटेन वेति सङ्क्षेपार्थः, विस्तरार्थः कथानकगम्यस्तच्चेदम्–

पूर्वभवे राजवर्णवशतो बुभिक्षितकर्षकैः स्वक्षेत्रे हलचम्भादापनद्वारेण कृतान्तरायकर्मणो ढण्ढनाम्नो विष्णुतनयस्य अरिष्टनेमिपार्श्वे प्रव्रजितस्य विहरत उदीर्णं तत्कर्म। तत्प्रभावाच्च द्वारवत्यामपि प्रसिद्धो विष्णुपुत्रतया ख्यातो भगवच्छिष्यभावेन, तथापि न लभते किञ्चित्, उपहन्ति च शेषसाधुलब्धिम्, ततो न मया परलब्धिर्भोक्तव्येति गृहीतो भगवदनुज्ञातेनाभिग्रहः। गतस्तमनुपालयतोऽविह्वलचित्तस्य बहुकालः। अन्यदा पृष्टः कृष्णेन भगवान्, *'कः साधूनां मध्ये दुष्करकारकः'? भगवानाह–सर्वेऽपि, विशेषतो* ढण्ढमुनिः। विष्णुराह–कथं?, ततः कथितो भगवता तदभिग्रहः, तुष्टो माधवः, दृष्टश्च प्रविशता नगरीं हट्टमार्गे ढण्ढमुनिः, करिवरादवतीर्य वन्दितः सविनयम्। एतच्चावलोक्य श्रेष्ठिना हरेरपि मान्योऽयमिति प्रतिलम्भितः स स्वगृहे प्रवरमोदकैः, गतो भगवत्समीपं, पृष्टो भगवान् 'किं क्षीणं मे लाभविबन्धकं कर्मेति?' भगवतोक्तं–न, स प्राह–'कुतो लाभः?' भगवानाह–कृष्णोपाधेरिति। ततो विशुद्धाऽध्यवसायस्य परलब्धिरियमिति विधिना परिष्ठापयतः शुक्लध्यानाऽनलदग्धघातिकर्मेन्धनस्योत्पन्नं केवलज्ञानमिति ।। ३८ ।।

**અવતરણિકા :** જેમ આના વડે = ચિલાતીપુત્ર વડે પ્રાણના નાશમાં પણ સત્ત્વની સ્થિરતાથી પ્રતિજ્ઞા વહન કરાઈ. (તેમ) બીજા પણ ઘણા વિવેકીઓ તેવા પ્રકારના અધ્યવસાયને કરે છે = સત્ત્વની સ્થિરતાપૂર્વક પ્રતિજ્ઞા વહન કરવાના મનોરથોને કરે છે. આ વાતને ગ્રંથકારશ્રી દૃષ્ટાન્તથી કહે છે.

**ગાથાર્થ :** પુષ્પિત અને ફલિત એવું પિતાનું ઘર હોતે છતે ઢંઢ મહાત્મા વડે નિરન્તર (ચાલતી એવી) તૃષ્ણા અને ક્ષુધા તે રીતે અશઠપણાથી સહન કરાઈ જે રીતે (તે તિતિક્ષા) સત્ફળવાળી થઈ. ।। ૩૮ ।।

**ટીકાર્થ :** **पुष्पितं** એટલે ખાવાયોગ્ય અને પીવાયોગ્ય એવા (ખાન, પાનના) કારણભૂત દ્રવ્યોના સમૂહથી યુક્ત **फलितं** = ખાવા-પીવામાં તત્પર એવું પિતાનું ઘર = કૃષ્ણ મહારાજાનું ઘર હોવા છતાં નિરન્તર = સતત ચાલતી એવી તરસ અને ક્ષુધા ઢંઢ મહાત્મા વડે તે રીતે = અલાભ પરિષહને અતિશય

સહન કરવા રૂપ પ્રકાર વડે (નહિ કે કમને) સહન કરાઈ જે રીતે (તે સહન કરાયેલ ભૂખ અને તરસ) સુંદર ફળવાળી થઈ. આ પ્રમાણે '**विषोढा**' પદનો '**यथा... जाता**' એ આગળના પદ સાથે સંબંધ કરવો.

એ ભૂખ-તરસ કેવી હતી ? તે બતાવે છે - ભાવપૂર્વકની અથવા કપટ રહિત = શુદ્ધ હતી.

**(વિશેષાર્થ :** (૧) '**विशठा**' શબ્દના આ બંને ભાવાર્થરૂપ અર્થ છે. બાકી શબ્દાર્થ આ પ્રમાણે થશે : **વિ** = વિગત = જતો રહ્યો છે **શઠ** = લુચ્ચો ભાવ, મલિનભાવ જેમાંથી એવી

**विशठा** = **अकपटेन** અર્થ કરો ત્યારે વિના અર્થમાં તૃતીયા લગાડી અર્થ કરવો.

(૨) **પ્રશ્ન :** પુષ્પિત અને ફલિત એવા બે વિશેષણો કેમ કહ્યાં ? કાં પુષ્પિત કહો કાં ફલિત કહો. અર્થાત્ એક વિશેષણથી તમારા કહેવાનું તાત્પર્ય સમજાઈ જાય તેવું છે ?

**ઉત્તર :** પુષ્પિત એવું પણ કંજૂસનું ઘર ફલિત નથી હોતું (કેમકે એના ઘરે સાધન-સામગ્રી પૂરતી હોવા છતાં કોઈ પણ વ્યક્તિ એના ઘરમાં જલસા-પાણી કરી શકે નહિં. કંજૂસની કંજૂસાઈ નડે માટે અને ફલિત એવું પણ **षिड्गभवन** = વિલાસીનું ઘર આવેલું વપરાઈ જવાથી પુષ્પિત નથી હોતું (અર્થાત્ ત્યાં ભોગસામગ્રી આવે ખરી, પણ બધા વિલાસી હોવાને લીધે કશું ટકે નહીં. બધું ઉડાવી દે. માટે એનું ઘર ભોગસામગ્રી નિચયવાળુ ન કહેવાય.) માટે પુષ્પિત અને ફલિત એમ બંનેનું ગ્રહણ કરેલું છે... એ બંને પદનો વિશેષણ કર્મધારયસમાસ કર્યો છે.)

આ ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો.

વિસ્તારથી અર્થ કથાનકથી જાણવા યોગ્ય છે. તે કથાનક આ છે.

પૂર્વભવમાં રાજાના અધિકારી હોવાથી ભૂખ્યા (એવા પણ) ખેડૂતો વડે પોતાના ખેતરમાં **हलचास्रा** = હળનો ફેરો અપાવવા દ્વારા કરાયેલ અન્તરાયકર્મવાળા (ત્યારબાદ પછીના ભવમાં) નેમિનાથપ્રભુ પાસે દીક્ષિત છતાં સંયમ યોગમાં વિચરતા ઢંઢ નામના વાસુદેવના પુત્રનું તે કર્મ ઉદયમાં આવ્યું. (અર્થાત્ પૂર્વભવમાં બંધાયેલ અન્તરાયકર્મ દીક્ષા લીધા બાદ સંયમયોગમાં વિચરણ દરમ્યાન ઢંઢમુનિને ઉદયમાં આવ્યું.) અને તેના = ઉદીર્ણ કર્મના પ્રભાવથી વાસુદેવના પુત્ર તરીકે પ્રસિદ્ધ છે, ભગવાનના શિષ્યપણા વડે ખ્યાત = જણાયેલ (છે) તો પણ દ્વારિકામાં પણ કંઈ પ્રાપ્ત કરતાં નથી = શુદ્ધ ગોચરી પ્રાપ્ત કરી શકતા નથી અને અન્ય સાધુની લબ્ધિને હણે છે (એટલે કે એની સાથે ગોચરી જનારની લબ્ધિ પણ તેમના અંતરાય કર્મના કારણે નષ્ટ થાય છે.) તેથી "મારા વડે બીજાની લબ્ધિ ભોગવવા યોગ્ય નથી (એટલે કે બીજાની લબ્ધિથી મળેલું મારે વાપરવું નહીં)" એવો અભિગ્રહ ભગવાન વડે રજા અપાયેલ ઢંઢમુનિ વડે ગ્રહણ કરાયો. તેને પાળતા સ્થિરમનવાળા તેમનો ઘણો કાળ પસાર થયો. એક વખત કૃષ્ણવડે ભગવાન પૂછાયા કે "સાધુઓની વચ્ચે કોણ દુષ્કરકારક છે ?" (એટલે કે દુ:શક્ય અનુષ્ઠાન કરનાર કોણ છે ?)

ભગવાને કહ્યું, "બધાય મુનિઓ દુષ્કરકારક છે. ઢંઢમુનિ વિશેષથી દુષ્કરકારક છે."

વાસુદેવ બોલ્યો "કેવી રીતે ?"

ત્યારબાદ ભગવાન વડે તેમનો = ઢંઢમુનિનો અભિગ્રહ કહેવાયો. વાસુદેવ ખુશ થયો. અને નગરીમાં પ્રવેશતા તેના વડે દુકાનોવાળા માર્ગમાં = રાજમાર્ગમાં ઢંઢમુનિ જોવાયા. હાથી પરથી ઉતરીને વિનયપૂર્વક વંદન કરાયા અને આ જોઈને એક શેઠ વડે "આ મુનિ વાસુદેવને પણ માનનીય = પૂજનીય છે" એ પ્રમાણે વિચારીને તે મુનિ પોતાના ઘરે શ્રેષ્ઠમોદકો વડે પ્રતિલાભિત કરાયા = મોદકો વહોરાવાયા. (મુનિ) ભગવાન પાસે ગયા. ભગવાન પૂછાયા "શું (મારું) લાભાન્તરાય કર્મ નાશ પામ્યું ?"

ભગવાન વડે કહેવાયું, "ના."

તે બોલ્યા, "મને લાભ = ગોચરીની પ્રાપ્તિ કેવી રીતે થઈ ?"

ભગવાને કહ્યું "કૃષ્ણની ઉપાધિથી = તેણે સમીપ આવી તને વન્દન કર્યા તે કારણે."

તેથી વિશુદ્ધઅધ્યવસાયવાળા, 'આ પરલબ્ધિ છે' એટલે વિધિથી પરઠવતા શુક્લધ્યાન રૂપી અગ્નિથી બળાયું છે ઘાતીકર્મરૂપી ઈન્ધન જેમના વડે એવાને = ઢંઢમુનિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ।।૩૮।।

तदेवमयं भगवानाहारेऽप्रतिबद्धस्तथा च स्वार्थसाधको जातः। अत एव **सर्वसाधूनामाहारादि-प्रतिबन्धं प्रत्यनधिकारितामुपदिशन्नाह** -

**आहारेसु सुहेसु अ, रम्मावसहेसु काणणेसुं च ।**
**साहूण नाहिगारो, अहिगारो धम्मकज्जेसु ।। ३९ ।।**

*आहारेसु० गाहा :* **आहारेषु शुभेषु** विशिष्टरसयुक्तेषु, चशब्दादुपकरणेषु वस्त्रपात्रादिषु **शुभेष्विति** प्रत्येकमभिसम्बध्यते, **रम्यावसथेषु** कमनीयोपाश्रयेषु, **काननेषु** विचित्रोद्यानेषु, चशब्दः समुच्चये, **साधूनां नाधिकारस्**तदासक्तिं प्रतीति गम्यते। तर्हि क्वाधिकार इत्याह - **अधिकारो धर्मकार्येषु** तपोऽनुष्ठानादिषु, तद्धनत्वात्तेषाम् ॥ ३९ ॥

**અવતરણિકા :** તે આ પ્રમાણે આ ભગવાન્ = પૂજ્ય એવા ઢંઢમુનિ આહારમાં અપ્રતિબદ્ધ = અનાસક્ત હતા અને તે રીતે (= એટલે જ) સ્વઅર્થના = મોક્ષના સાધક થયા. આ કારણે જ 'તમામ સાધુઓની આહારાદિની આસક્તિને વિષે અનધિકારિતા છે' એ વાતને કહેતા ગ્રંથકારશ્રી કહે છે :

**ગાથાર્થ :** શુભઆહારોમાં, સુંદર ઉપાશ્રયોને વિષે અને સુંદર ઉદ્યાનોને વિષે સાધુઓનો અધિકાર નથી. ધર્મકાર્યોમાં અધિકાર છે. ।।૩૯।।

**ટીકાર્થ :** (૧) વિશિષ્ટ રસથી યુક્ત એવા આહારોમાં, **च** શબ્દથી (૨) વસ્ત્ર - પાત્ર વિગેરે ઉપકરણોમાં,

**शुभेषु** પદનો દરેક વિશેષ્ય પદ સાથે વિશેષણ તરીકે અન્વય કરવાનો છે તેથી

(૩) વિશિષ્ટ સુંદર ઉપાશ્રયોમાં (૪) વિશિષ્ટ એવા જાત જાતના બગીચાઓમાં (તેની આસક્તિ પ્રતિ = રાગ કરવાનો) સાધુઓને અધિકાર = સત્તા નથી.

**પ્રશ્ન :** ગુરુજી ! સાધુઓને આહાર, ઉપકરણ, વસતિ, ઉદ્યાન વિગેરેને વિષે માલિકીપણું તો હોતું જ નથી એટલે કે માલિકીપણાનો અધિકાર તો તેઓને છે જ નહીં તો અહીં ગ્રંથકારશ્રીએ કઈ બાબતે અનધિકાર જણાવ્યો છે ?

**ઉત્તર :** શિષ્ય ! સાધુઓને આહારાદિને વિષે રાગ કરવાનો અનધિકાર = અસત્તા જણાવી છે. આ બાબત મૂળસૂત્રમાં નથી દર્શાવી છતાં પ્રસ્તુતના આધારે જણાય છે.

**પ્રશ્ન :** ગુરુજી ! તો પછી સાધુઓને શેમાં અધિકાર છે ?

**ઉત્તર :** શિષ્ય ! સાધુઓને તપ કરવો વિ. ને વિષે અધિકાર છે. કારણકે, સાધુઓ તપ-જ્ઞાન આદિ ધર્મકાર્યોરૂપી ધનવાળા છે. એટલે કે તેની માલિકીવાળા છે તેથી તેઓને તેનો અધિકાર છે. જેમ બહિર્જગતમાં બોલાય છે કે "આ ગાડીવાળો, બંગલાવાળો, ધનવાળો છે" એનો મતલબ એ કે એના એ ગાડી-બંગલા કે ધનનું એણે જે કરવું હોય તે કરી શકે. તેના વિષેની સર્વસત્તા તેની. તે રીતે અહીં પણ સમજવું.

**વિશેષાર્થ :** (૧) ગાથામાં જે બીજો **च** શબ્દ છે તે ત્રણે પદોના સમુચ્ચયમાં છે.

કથમેતદ્ ગમ્યતે ઇત્યાહ –

**साहू कंतारमहाभएसु अवि जणवए वि मुइअम्मि।**
**अवि ते सरीरपीडं, सहंति न लयंति य विरुद्धं ॥ ४० ॥**

***साहू कंतारमहा० गाहा :*** **साधवः कान्तारमहाभययोरपि,** कान्तारेऽटव्यां महाभये च राजविड्वरादौ वर्तमाना **न लान्ति** न गृह्णन्ति **च**शब्दाद् गृहीतमपि कथञ्चिन्न परिभुञ्जते **विरुद्धम**नेषणीयं भक्तोपध्यादिकमिति सम्बन्धः । क्वेव इत्याह–**जनपदे** इव, **मुदिते** ऋद्धिंस्तिमिते निर्भये वर्तमानाः, **अपि** सम्भाव्यते एतत्, **ते** भगवन्तः **शरीरपीडां** कायबाधां **सहन्ते** तितिक्षन्ति, अतो निश्चीयते न तेषामाहारादिषु प्रतिबन्धोऽपि तु धर्मकार्येष्वेव। शरीरपीडाग्रहणं च मानसपीडासद्भावे यतनया गृह्ण–तामपि भगवदाज्ञाकारित्वान्न तेषु प्रतिबन्ध इति ज्ञापनार्थमिति ॥ ४० ॥

**અવતરણિકા :** આ = સાધુઓને તપાદિમાં અધિકાર છે બીજામાં નહીં આ કેવી રીતે જણાય ?

**ગાથાર્થ :** સાધુઓ સમૃદ્ધ એવા રાજ્યની જેમ જંગલ અને મહાભયોમાં પણ અનેષણીય ગ્રહણ કરતાં નથી. ઉલટું તેઓ શરીરની પીડાને સહન કરે છે. ।। ૪૦ ।।

**ટીકાર્થ :** સાધુઓ જંગલમાં અને રાજયુદ્ધ વિ. મહાભયોમાં પણ રહેલા ગ્રહણ કરતાં નથી... કોઈપણ રીતે ગ્રહણ કરાઈ ગયું હોય તો પણ વાપરતા નથી. આ બાબત **च** શબ્દથી જણાવાઈ છે.

**(પ્રશ્ન :** કઈ વસ્તુ ગ્રહણ કરતાં નથી ?)

**ઉત્તર :** વિરુદ્ધ = અનેષણીય = દોષિત એવા ભોજન - ઉપધિ વિ. ગ્રહણ કરતાં નથી (ગાથાના પ્રથમ ચરણનો છેલ્લા ચરણ સાથે આ રીતે સમ્બન્ધ કરવો.)

**પ્રશ્ન :** કઈ જગ્યાની જેમ સાધુઓ જંગલાદિમાં પણ અનેષણીય ગ્રહણ કરતાં નથી?

**ઉત્તર :** ઋદ્ધિથી ભરેલા, નિર્ભય એવા રાજ્યમાં વર્તતા છતાં જેમ અનેષણીય ગ્રહણ કરતાં નથી તેમ જંગલાદિમાં પણ અનેષણીય ગ્રહણ કરતાં નથી. અર્થાત્ સમૃદ્ધ શહેરમાં તે એષણીય પૂરતું મળતું હોવાને લીધે ત્યાં અનેષણીય ગ્રહણ કરવાનો અવસર ન આવે. પણ જંગલાદિમાં વિહાર દરમ્યાન અનેષણીય ગ્રહણ કરવાનો અવસર ઉપસ્થિત થાય. છતાં સાધુભગવંતો જે રીતે શહેરોમાં નિર્દોષ વસ્તુઓ ગ્રહણ કરે તે જ રીતે જંગલાદિમાં પણ નિર્દોષ જ ગ્રહણ કરે. જાણે કે બાહ્ય પરિસ્થિતિથી એમના જીવનમાં ફરક જ ન પડતો હોય, એવું એઓનું સામર્થ્ય હોય છે.

ત્રીજા ચરણની શરૂઆતનો **अपि** શબ્દ આ અર્થ સૂચવે છે કે - (ઉલટું) આ સંભવી શકે... શું સંભવી શકે? તે ગ્રંથકારશ્રી કહે છે કે -

તે સાધુ ભગવન્તો શરીરની પીડાને સહન કરે... એટલે કે અનેષણીય ગ્રહણની વાત તો દૂર રહો પણ પૂરતાં ઉત્સાહ સાથે જંગલાદિમાં શરીરાદિની પીડાને સહન કરે પણ અનેષણીયને ગ્રહણ ન કરે. આ કારણે નિશ્ચય કરાય છે કે તે સાધુઓને આહારાદિને વિષે પ્રતિબન્ધ = આસક્તિ હોતો નથી. પણ ધર્મકાર્યોમાં જ તેઓને પ્રતિબંધ હોય છે.

**પ્રશ્ન :** ગુરુજી! 'શારીરિક પીડામાં પણ અનેષણીય ગ્રહણ ન કરે' એ વાત ગ્રંથકારશ્રીએ કરી. તો એમાં માત્ર 'પીડા' લખવાની જગ્યાએ 'શારીરિક પીડા' એવો વિશેષ ઉલ્લેખ કેમ કર્યો?

**ઉત્તર :** શિષ્ય! ગ્રંથકારે શારીરિક પીડાનું જે ગ્રહણ કર્યું છે એ "જો માનસિક પીડાનો સદ્ભાવ થાય તો તેમાં યતના વડે = વિધિ વડે (અનેષણીય) ગ્રહણ કરનાર પણ ભગવાનની આજ્ઞા પાળનારા જ છે તેથી = ભગવાનની આજ્ઞાના પાલક હોવાથી અનેષણીય ગ્રહણ કરતાં હોવા છતાં પણ તેઓને આહારાદિને વિષે પ્રતિબંધ = આસક્તિ હોય નહિં." આ વાત જણાવવા માટે છે. ।।૪૦।।

तदनेनाऽऽपत्स्वपि दृढधर्मतोक्ता, सा च यैर्भगवद्भिरनुष्ठिता तद्द्वारेणाह –

**जंतेहिं पीलिया वि हु, खंदगसीसा न चेव परिकुविया ।**
**विइयपरमत्थसारा, खमंति जे पंडिया हुंति ।। ४१ ।।**

***जंतेहिं० गाहा :*** **यन्त्रैः पीडिता अपि, हुः** पूरणार्थे, **स्कन्दकशिष्याः** स्कन्दकाभिधानाचार्यविनेयाः, **न चेवत्ति** नैव **परिकुपिताः** क्रोधं गताः, **च** शब्दादाविर्भूतकरुणाश्च जाता उपसर्गकारिणीति गम्यते। एवमन्येऽपि **विदितपरमार्थसारा** ज्ञाततत्त्वगर्भा **ये पण्डिता भवन्ति,** ते **क्षमन्ते** सहन्ते, प्राणात्ययेऽपि न मार्गाच्चलन्तीति समासार्थः, **व्यासार्थः कथानकगम्यः ।**

**तच्चेदम् -**

श्रावस्त्यां जितशत्रुतनयस्य स्कन्दकस्य भगिनी पुरन्दरयशाः कुम्भकारकटकनगरनिवासिना दण्डकिराजेन परिणीता। अन्यदा कस्मिंश्चित्कार्ये प्रहितो दण्डकिना पालकनामा दूतो जितशत्रुसकाशम्। स च धर्मविचारे नास्तिकमतं प्रतिष्ठापयन्नर्हदागमाऽवदातबुद्धिना निर्जितः स्कन्दककुमारेण जातक्रोधो गतः स्वस्थानम्। स्कन्दकोऽपि जातवैराग्यो मुनिसुव्रतसमीपे पञ्चपुरुषशतपरिकरो निष्क्रान्तः। भगवतापि गृहीतसमयसारः कृतस्तेषां स एवाचार्यः। अन्यदा तेन पृष्टो भगवान् मुनिसुव्रतस्वामी 'भगिन्यादिप्रतिबोधनार्थं यामि कुम्भकारकटकमिति।' भगवानाह 'प्राणान्तिको भवतां तत्रोपसर्गः', स प्राह–आराधका न वेति? भगवतोक्तं–भवन्तं मुक्त्वा। ततो यद्येते मत्साहाय्येनाराधयन्ति किं मया न लब्धमित्यभिधाय गतः। तदागमनं चाकर्ण्य पालकेन साधुजनोचितेषूद्यानेषु निधापितानि नानाविधानि शस्त्राणि। प्राप्ते च भगवति निर्गतः सह नागरलोकेन वन्दनार्थं राजा। भगवतापि कृता देशना, आह्लादिता जन्तवः। ततः पालको रहसि राजानं व्यजिज्ञपदस्माभिर्भवद्भ्यो हितं भाषितव्यम्। अयं च पाखण्डिकः स्वाचारभग्नः सहस्रयोधिनो अमून् पुरुषान् सहायीकृत्य भवद्राज्यं जिघृक्षति। राजाह 'कथं जानीषे'? स प्राह - कियदेतद्भविष्यद्भवदपायपरिहारावहितचित्तानां? निरुपयन्तु भवन्तः स्वयमेव तन्निवासस्थानम्। ततः केनचिद् व्याजेनान्यत्र प्रहितेषु साधुषु दृष्टशस्त्रेण पालकापरापरवचनैश्च चलितचित्तेन राज्ञाऽभिहितः स एव 'त्वमेव कुरु यथोचितमेषाम्'। ततस्तेन पुरुषपीलनयन्त्रं निधाय पीडयितुमारब्धाः साधवः पापेन। स्कन्दकाचार्योऽपि प्रत्येकं दापयत्यालोचनामुत्पादयति समाधानम्। तेऽपि भगवन्तः–

मुक्तात्मकार्योऽयं निर्मिथ्यमस्मत्कर्मक्षयोद्यतः। विनयं (नियतं) भाव्यपायत्वात् करुणां चायमर्हति ॥ १ ॥

इत्यालम्बनतो ध्यानं, सर्वेऽप्यापूर्य सत्तमं। पीडितास्तेन पापेन, गता मोक्षं विचक्षणा : ॥ २ ॥

क्षुल्लकं चैकं पश्चाद्धाविनमुद्दिश्यामुं पश्चात्पीडय मां प्रथममित्याचार्येणोक्तः स पापस्तं शीघ्रतरं पीडितवान्। ततः सञ्जातोऽतितीव्रः क्रोधाग्निराचार्यस्य, दग्धं क्षणाद् गुणेन्धनं, विस्मृत आत्मा, पालकमुद्दिश्य 'दुष्टात्मन्! त्वद्वधाय भूयासमहमिति' बद्धनिदानः पीडितोऽनेन सञ्जातोऽग्निकुमारेषु। प्रयुक्तावधेरुल्लसितः कोपः। इतश्च तद्रजोहरणं रुधिरोपदिग्धं हस्तोऽयमिति भ्रान्त्या शकुनेर्नयतः पतितं तद्भगिन्याः प्राङ्गणे। तद् दृष्ट्वा सा राजानमुद्दिश्य प्राह – 'आः पाप! किमेतत्?' ततो विज्ञाय वृत्तान्तं सञ्जातवैराग्या देवतया सपरिकरा नीता मुनिसुव्रतसमीपे, निष्क्रान्ता च। इतरेणाऽप्यागत्य अतिक्रोधाध्माततया भस्मीकृतः सपालकः स देशः, सञ्जातं तद्दण्डकारण्यमिति ॥ ४१ ॥

**અવતરણિકા :** તે આ પ્રમાણે આફતોમાં પણ દૃઢધર્મતા કહેવાઈ. તે દૃઢધર્મતા જેઓ વડે કરાઈ **तद्द्वारेण** = તેમના દ્વારા = તેમના દૃષ્ટાન્ત જણાવવા વડે (તે દૃઢધર્મતાને) ગ્રંથકારશ્રી કહે છે.

**ગાથાર્થ :** ઘાણીઓ વડે પીડા કરાયેલા ( પીલાયેલા) એવા પણ સ્કંદકાચાર્યના શિષ્યો ગુસ્સે ન જ થયા. (આ પ્રમાણે) જણાયેલા છે તત્ત્વોનો સાર જેઓ વડે એવા જે પંડિતો છે તેઓ સહન કરે છે. ।। ૪૧ ।।

**ટીકાર્થ :** ઘાણીઓ વડે પીડા કરાયેલા એવા પણ સ્કંદક નામના આચાર્યના શિષ્યો ગુસ્સે ન જ થયા... અને ઉપસર્ગ કરનારને વિષે પ્રગટ થઈ છે દયા જેઓને એવા થયા... અહીં **च** શબ્દથી **आविर्भूतकरुणाश्च जाता:।** આટલી વાત જણાવી છે. **उपसर्गकारिणि** આ પદ પ્રસ્તુતના આધારે જણાય છે.

આ પ્રમાણે બીજા પણ, જણાયેલા છે તત્ત્વોના રહસ્યો જેઓ વડે એવા જે પંડિતો હોય છે, તેઓ સહન કરે. એટલે કે તેઓ પ્રાણના નાશમાં પણ માર્ગથી ચલિત થતાં નથી. આ ગાથાનો સંક્ષિપ્ત અર્થ છે. વિસ્તારથી અર્થ કથાનકથી જાણવા યોગ્ય છે - તે આ છે :

શ્રાવસ્તી નગરીમાં જિતશત્રુ રાજાના પુત્ર સ્કન્દકની બહેન પુરન્દરયશા કુમ્ભકારકટક નામના નગરમાં રહેતા દંડકી રાજા સાથે પરણાવાઈ. એક વખત કોઈક કાર્ય ઉત્પન્ન થયે છતે દંડકી રાજા વડે પાલક નામનો દૂત જિતશત્રુ રાજા પાસે મોકલાયો... અને ધર્મની ચર્ચામાં નાસ્તિકમતની સ્થાપના કરતો તે અરિહંતના આગમોથી પવિત્ર બુદ્ધિવાળા સ્કન્દકકુમારવડે જીતાયો. ઉત્પન્ન થયેલ ક્રોધવાળો તે (= પાલક) પોતાના સ્થાને = કુંભારકટક નગરે ગયો. ઉત્પન્ન થયેલ વૈરાગ્યવાળો ૫૦૦ પુરુષોથી પરિવરેલો = યુક્ત સ્કંદક પણ મુનિસુવ્રતસ્વામી પાસે દીક્ષિત થયો. ભગવાન વડે પણ ગ્રહણ કરાયો છે શાસ્ત્રોનો સાર જેના વડે એવો તે જ = સ્કંદક જ તેઓનો = ૫૦૦નો આચાર્ય કરાયો... એક વખત તેમના વડે મુનિસુવ્રત સ્વામી પૂછાયા = કહેવાયા કે "બહેન વિ. ને પ્રતિબોધ કરવા માટે કુમ્ભકારકટક જાઉં છું."

ભગવાને કહ્યું "ત્યાં તમારા પર પ્રાણાન્તિક = મરણાન્ત ઉપસર્ગ આવશે."

તે બોલ્યો "અમે આરાધકો થઈશું કે નહીં ?"

ભગવાન વડે કહેવાયું "તમને છોડીને (બધા આરાધક થશે.)"

ત્યારબાદ "જો આ બધા મારી સહાયતાથી આરાધના કરશે = આરાધક બનશે (તો) મારા વડે શું નથી મેળવાયું ? (એટલે કે મેં બધું જ પ્રાપ્ત કર્યું છે)" આ પ્રમાણે કહીને તે સ્કન્દકાચાર્ય ગયા અને તેઓના આગમનને સાંભળીને પાલક વડે સાધુઓને યોગ્ય એવા ઉદ્યાનોમાં જાતજાતના શસ્ત્રો દટાવરાવ્યા... આચાર્ય ભગવંત **प्राप्ते** = નગરમાં આવ્યે છતે નગરજનો સાથે રાજા વન્દન માટે (સાધુઓની વસતીએ જવા) નીકળ્યો.

આચાર્ય ભગવાન વડે પણ દેશના કરાઈ... જીવો પ્રસન્ન કરાયા. ત્યારબાદ પાલકે એકાન્તમાં રાજાને વિનંતી કરી કે "અમારા વડે આપને હિતકારી (વાત) કહેવા યોગ્ય છે. આ = સ્કંદક વળી પાખંડી, પોતાના આચારોથી ભ્રષ્ટ સહસ્ત્રયોધી એવા આ પુરુષોને સહાયરૂપે કરી = પુરુષોની સહાયથી આપના રાજ્યને ગ્રહણ કરવાને ઈચ્છે છે."

રાજાએ કહ્યું, "તું કેવી રીતે જાણે છે ?"

તેણે કહ્યું "થનારા એવા આપના અપાય = નુકશાનના નાશમાં સાવધાન મનવાળાને આ કેટલું ? (= આ તો રમત છે.) આપ જાતે જ તેઓના નિવાસસ્થાનને દેખો." તેથી કોઈક બહાનાથી અન્ય ઠેકાણે સાધુઓ મોકલાયે છતે જોવાયા છે શસ્ત્રો જેઓ વડે એવા અને પાલકના જાતજાતના

વચનો વડે ચલિત થયેલા ચિત્તવાળા રાજા વડે તે જ = પાલક જ કહેવાયો, ''તું જ આ બધાનું યથાયોગ્ય કર.'' તેથી તે પાપીવડે પુરુષોને પીલવાના યન્ત્રને બનાવીને સાધુઓ પીલવાને શરૂ કરાયા. સ્કન્દકાચાર્ય પણ દરેકને આલોચના અપાવરાવે છે (અને) સમાધિ ઉત્પન્ન કરાવે છે. તે પૂજ્યો પણ,

''મૂકાયું છે આત્માનું કાર્ય (હિત) જેના વડે એવો, આ **निर्मिथ्यम्** = ચોક્કસપણે

અમારા કર્મક્ષય માટે તત્પર છે અને **विनयं (नियतं)** અવશ્ય થનાર અપાયવાળો હોવાથી આ કરુણાને યોગ્ય છે.'' ।।૧।।

આ પ્રકારના આલંબનથી બધાએ પણ અતિશય પ્રધાન એવા ધ્યાનને પૂરીને = કરીને

તે પાપીવડે પીલાયેલા પંડિતો = સમાધિ રાખનાર સાધુઓ મોક્ષને પામ્યા. ।।૨।।

એક પશ્ચાદ્ભાવી = પાછળથી થયેલા = નૂતન એવા નાના સાધુને ઉદ્દેશીને ''આને પછી પીલજે પ્રથમ મને પીલીલે.'' એ પ્રમાણે આચાર્ય વડે કહેવાયેલા તે પાપીએ (ઉલટુ) તેને તરત પીલી કાઢ્યો. તેથી આચાર્યને અતિતીવ્ર ક્રોધ ઉત્પન્ન થયો. ક્ષણવારમાં ગુણોરૂપી ઈન્ધન = બળતણ બળી ગયું, આત્મા ભૂલાયો. પાલકને ઉદ્દેશીને ''હે દુષ્ટાત્મા! હું તારા વધ માટે થાઉં.'' એ પ્રમાણે બંધાયેલ = કરાયેલ નિયાણાવાળા તે સ્કંદકાચાર્ય પાલકવડે પીલાયા.. અગ્નિકુમારમાં ઉત્પન્ન થયા. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકનાર એવા એમને ક્રોધ ચઢ્યો.

આ બાજુ ''આ હાથ છે'' એવી ભ્રાન્તિથી = ભ્રમણાથી લઈ જતી સમડી પાસેથી તેનો લોહીથી ખરડાયેલો ઓઘો તેની (= સ્કંદકાચાર્યની) બહેનના આંગણામાં પડ્યો. તેને જોઈને તેણીએ રાજાને ઉદ્દેશીને કહ્યું, ''હે પાપી! આ શું છે?'' ત્યારબાદ (આખા) પ્રસંગને જાણીને ઉત્પન્ન થયેલા વૈરાગ્યવાળી દેવ વડે પરિવાર સહિત મુનિસુવ્રતસ્વામી પાસે મૂકાઈ અને તેણીએ દીક્ષા ગ્રહણ કરી. **इतरेण** = દેવ બનેલા આચાર્યના જીવ વડે પણ આવીને અતિક્રોધથી **आध्माततया** = ધમધમતો હોવાને લીધે = અતિક્રોધમાં આવીને પાલક સહિત તે દેશ ભસ્મ કરાયો. બળેલો તે દેશ દંડકારણ્ય થયો. ।।૪૧।।

तदेवमेते स्कन्दकशिष्याः प्राणात्ययकारिण्यपि परे न क्रुद्धाः, ईदृशमेव साधूनां कर्तुं बुध्यते इत्याह–

**जिणवयणसुइसकण्णा, अवगयसंसारघोरपेयाला ।**
**बालाण खमंति जई, जइ त्ति किं एत्थ अच्छेरं ॥ ४२ ॥**

***जिणवयणसुइसकण्णा० गाहा*** : **सकर्णाः** सश्रुतिका उच्यन्ते, ते च लोकरूढ्यापि भवन्ति, अतस्तद्व्यवच्छेदेन **जिनवचनस्या**र्हद्भाषितस्य कषायविपाकदर्शिनो या **श्रुतिः** श्रवणं तया सकर्णा इति समासस्ते, अत एव **अवगतो** ज्ञातो **घोरसंसारस्य** रौद्रभवस्य '**पेयालो** त्ति' देशीभाषया विचारोऽसारतापर्यालोचनरूपो यैस्ते तथा, घोरशब्दस्य संसारशब्दात् परनिपातः प्राकृतत्वात्। **बालानामज्ञानां**

सम्बन्धि, दुष्टचेष्टितमिति गम्यते, **क्षमन्ते** सहन्ते **यतयः** साधवो **यदीत्य**भ्युपगमे, **इत्येवं** स्कन्दकशिष्यव**त्किमत्राश्चर्यं** चित्रं, युक्तमेवैतत्तेषामिति ।। ४२ ।।

**અવતરણિકા :** તે આ પ્રમાણે આ સ્કંદકાચાર્યના શિષ્યો પ્રાણના નાશ કરનારા એવા પણ બીજા પર ગુસ્સે ન થયા. સાધુઓને આવું જ કરવાને જણાય છે = સાધુઓએ આવું જ કરવું જોઈએ. આ વાતને ગ્રંથકારશ્રી કહે છે :

**ગાથાર્થ :** જિનવચનના શ્રવણથી કાનવાળા, જણાયો છે ઘોર સંસારનો વિચાર જેઓ વડે એવા સાધુઓ જો આ પ્રમાણે અજ્ઞોનું સહન કરે છે (તો) આમાં આશ્ચર્ય શું છે ? ।। ૪૨ ।।

**ટીકાર્થ :** સકર્ણ એટલે જેઓ કાનવાળા હોય તે.. તે તો લોકરૂઢી વડે પણ હોય છે. (એટલે કે લોકમાં પણ જેઓ કાનવાળા હોય તે સકર્ણ જ કહેવાય છે તો પછી અહીં **કાનવાળા છે** એવા કથનમાં નવું શું કહ્યું?) આ કારણે લોકરૂઢીથી કાનવાળાના વ્યવચ્છેદથી = બાદબાકી કરવા વડે કષાયના વિપાકોને દેખાડતા એવા અરિહંતના વચનના શ્રવણ વડે (જેઓ) સકર્ણ = કાનવાળા છે અર્થાત્ જેમના કાનોએ આવા વચનો સાંભળેલા છે તે સકર્ણ (તરીકે અહિં સમજવાં.)

આથી જ = પરમાત્માના તેવા વચનો સાંભળ્યા છે એ કારણથી જ જણાયો છે રૌદ્ર એવા સંસારની અસારતાનો વિચાર એટલે કે જણાઈ છે સંસારની અસારતા જેઓ વડે એવા સાધુઓ આ પ્રમાણે = સ્કંદકના શિષ્યોની જેમ અજ્ઞો = મૂર્ખોના સંબંધિ દુષ્ટ ચેષ્ટા સહન કરે આમાં આશ્ચર્ય શું છે ? અર્થાત્ આ તેમને યોગ્ય જ છે. (કેમકે તેઓ વિવેકી છે માટે)।।૪૨ ।।

**વિશેષાર્થ :** (૧) અહીં જિનવચનનું શ્રવણ જેમણે કર્યું છે તેઓ જ ખરા કાનવાળા છે એવો પ્રથમ ચરણનો ભાવાર્થ લેવો. (૨) પ્રથમ ચરણનો સમાસ ટીકામાં સરળતાથી ખોલ્યો જ છે. એમાં **'वचन'** શબ્દનો જ અર્થ **'भाषित'** સમજવો. કેમકે **'भाषित'** નો **'त'** અહિં ભાવ અર્થમાં છે. (૩) મૂળ ગાથામાં **अवगयसंसारघोरपेयाला** આવું જે દ્વિતીયચરણ છે તેમાં **संसारघोर** પદનો 'ઘોર સંસાર' એવો વિશેષણ - વિશેષ્યભાવ છે. આમ વિશેષણ વિશેષ્યની પૂર્વે મૂકાય છતાં અહીં પછી મૂકાયું છે તે પ્રાકૃતભાષાના કારણે સમજવું. (૪) **बालानां** ની ષષ્ઠી વિભક્તિનો અન્વય ક્યાં કરવો ? આ માટેનું કોઈ પદ ગાથામાં આપ્યું નથી તેથી ટીકાકારશ્રીએ **दुष्टचेष्टितम्**નો અધ્યાહાર **इतिगम्यते** દ્વારા સૂચવ્યો છે. (૫) ત્રીજા-ચોથા ચરણનો ટીકાર્થ અન્વય કરીને કર્યો છે તેથી વિદ્યાર્થી મહાત્માઓ એ પ્રમાણે ટીકાના પદોનો અર્થ કરશે તો સરળતાથી સમજાઈ જશે... (૬) **यदि** પદ **अभ्युपगमे** છે. એટલે કે ''સાધુઓ જો સહન કરે છે.'' આ પ્રમાણે સાધુઓની સહન કરવાની ક્રિયાના સ્વીકારમાં **यदि** પદ મૂકાયું છે. અર્થાત્ 'સાધુઓ સહન કરે છે એ વાત ખરેખર સાચી છે અને સહુને સ્વીકાર્ય છે.' આ અર્થ **यदि** દ્વારા જણાવાયો છે. (૭) **'पेयाल'** શબ્દ દેશી ભાષાનો છે. તેથી તેનો અર્થ સંસ્કૃતમાં **'पेटाल'** ન કરતાં **'विचार'** એવો અર્થ સમજવો.

तत्र यश्चिन्तयेदेवंविधसत्कर्तव्यानि कुलीना एव कुर्वन्ति, नेतरे, तम्प्रति लघुकर्मताऽत्र कारणं न कुलमित्याह –

**न कुलं एत्थ पहाणं, हरिएसबलस्स किं कुलं आसि?।**
**आकंपिया तवेणं, सुरा वि जं पज्जुवासंति ।। ४३ ।।**

***न कुलं० गाहा*** : **न कुल**मुग्रादिक**मत्र** धर्मविचारे **प्रधानं** श्रेष्ठं, यतो **हरिकेशबलस्य** बलनाम्नो मातङ्गस्य **किं कुलमासी**ज्जुगुप्सितत्वात्, न किञ्चिदित्यर्थः, यस्य किं सम्पन्नमित्याह–**आकम्पिता** इति आवर्जिता हृतहृदयाः कृतास्**तपसा** विकृष्टेन **सुरा अपि** देवा अपि, आसतां मनुजाः, **यं पर्युपासते,** तस्य किं कुलमासीदिति सामान्यार्थः, विशेषार्थः **तूदाहरणाद् ज्ञेयः ।**

**तच्चेदं** - पुरोहितभवे जातिमदेन निवर्तितनीचैर्गोत्रस्तद्विपाकाल्लब्धनिन्द्यजातिर्बलाभिधानो मातङ्गश्रमणको विशिष्टतपोऽनुष्ठाननिरतो वाराणस्यां तिन्दुकोद्याने गण्डीतिन्दुकयक्षायतने तस्थौ। स च यक्षस्तद्गुणाक्षिप्तचित्तो विमुक्ताशेषव्यापारस्तमुपास्ते स्म। अन्यदा तन्मित्रमन्योद्यानात्समागतोयक्षस्तं प्रत्याह– 'वयस्य! कथं न दृष्टोऽसि?' । सप्राह–अमुं भगवन्तं महर्षिं पर्युपासीनस्तिष्ठामि। इतर आह–ममापि कानने मुनयस्तिष्ठन्ति। ततो भक्तिकौतुकाभ्यां गतौ तद्वन्दनार्थम्। दृष्टाः कथञ्चिद्विकथाप्रवृत्ता मुनयः, ततस्तौ तेभ्यो विरक्तौ। गाढतरमनुरक्तावितरस्मिन्। धन्यस्त्वं योऽस्य चरणौ प्रतिदिनं पश्यसीति श्लाघितस्तिन्दुकयक्षस्तेन।

अन्यदा राजदुहिता भद्राभिधाना गृहीतार्चनिका गता तदायतनम्, प्रदक्षिणां कुर्वत्या दृष्टो मुनिरसंस्कृतगात्रो, जुगुप्सया निष्ठ्यूतमनया, जातो यक्षस्य कोपः, दर्शयाम्यस्या भगवत्परिभवफलमिति सञ्चिन्त्याधिष्ठितं तच्छरीरं, प्रलपन्ती नानाविधं परिजनेन नीता पितृसमीपम्। अपत्यस्नेहमोहितेन कारिता तेन चिकित्सा, न जातो विशेषः, विषण्णा वैद्याः, ततः प्रकटीभूय यक्षः प्राह–अनया पापया मम स्वामी मुनिरुपहसितोऽस्ति, यदि तस्यैव जाया जायते ततो मुञ्चामि, नान्यथेति। ततो जीवन्तीं द्रक्ष्यामीति सञ्चिन्त्य प्रहिता सा सपरिजना तत्सकाशं राज्ञा। गत्वा च पादपतिता सा प्राह– 'महर्षे! गृहाण करं करेण, स्वयंवराऽहं भवतः।' मुनिराह– 'भद्रे! निवृत्तविषयसङ्गा मुनयो भवन्ति, अलमनया कथयेति।' ततः केलिप्रियतया प्रविश्य यक्षेण मुनिशरीरं परिणीता कृतविडम्बना मुक्ता च, स्वप्नमिव दृष्ट्वा विच्छायवदना गता पितृसकाशम्। ततस्तदुद्देशेन रुद्रदेवनामा पुरोहितः प्राह–ऋषिभिस्त्यक्ता पत्नी ब्राह्मणेभ्यो दीयत इति वेदार्थः। राज्ञापीदमेव प्राप्तकालमिति सञ्चिन्त्य दत्ता तस्मै सा, कृता तेन यज्ञं यजता यज्ञपत्नी। मुनिरपि मासपारणके प्रविष्टो भिक्षार्थं यज्ञपाटके, अदत्तं द्विजेभ्यो न दीयते तुभ्यं शूद्राधमायेत्याद्युपहसितश्चट्टैः। ततो यक्षेण तच्छरीरं प्रविश्य कथमहं यावज्जीवमब्रह्मनिवृत्तः अहिंसादिव्रतधरश्च न ब्राह्मणः? कथं वा भवन्तः पशुवधादिपापासक्ता योषिदवाच्यदेशमर्दकाश्च ब्राह्मणाः? इत्यादिवाक्यैस्तिरस्कृतास्ते मुनिं प्रहन्तुमारब्धाः। यक्षेणाप्याहत्य निर्गच्छद्रुधिरोद्गाराः शिथिलबन्धनसन्धयः

पातिताः भूतले, जातः कोलाहलः, तमाकर्ण्य निर्गता भद्रा, दृष्टो मुनिः प्रत्यभिज्ञातश्च। ततो रुद्रदेवादीनुद्दिश्याह-हे दुर्मतयो! यास्यथामुं कदर्थयन्तोऽन्तकसदनं, सोऽयं महाप्रभावः सुरपूजितो मुनिरिति। ततस्तच्चरणपतितास्ते भद्रा च प्राहुः, क्षमस्व महामुने! यदपराद्धमज्ञैरिति। मुनिनोक्तं - न मुनीनां कोपावकाशः, तत्कारिणं यक्षं तोषयतेति। ततस्तोषितस्तैर्यक्षः, प्रतिलाभितो मुनिः, प्रादुर्भूतानि दिव्यानि, किमेतदिति जातकुतूहलः समायातो लोको, विज्ञाय व्यतिकरं राजा च। मुनिदेशनया च प्रतिबुद्धा बहवः प्राणिन इति।

तस्मान्न कुलं प्रधानम्, अपि तु गुणा एव तद्विरहे, तस्याकिञ्चित्करत्वादिति ।। ४३ ।।

**અવતરણિકા : तत्र** = તેમાં = ઉપરોક્ત વાતમાં એટલે કે 'સાધુઓ અજ્ઞોના દુષ્ટચેષ્ટિતને સહન કરે' આ વાતમાં કોઈ એવું વિચારે કે **"આવા પ્રકારના સત્કાર્યો કુળવાનો જ કરે, બીજા નહીં"** તેના પ્રતિ = જે આવું વિચારે છે એની સમક્ષ ગ્રંથકારશ્રી "આમાં = સહન કરવામાં લઘુકર્મતા કારણ છે, કુળ નહીં" આ વાતને કહે છે -

**ગાથાર્થ :** આમાં કુળ પ્રધાન નથી. શું તે હરિકેશબલનું કુળ હતું?

(કે જેના) તપવડે આવર્જિત દેવો પણ જેની સેવા કરે છે. ।। ૪૩ ।।

**ટીકાર્થ : अत्र** = ધર્મના વિચારમાં ઉગ્ર વિગેરે કુળો પ્રધાન = મુખ્ય નથી. કારણ કે બળ નામના ચંડાળનું શું કુળ હતું? અર્થાત્ 'તેનું કુળ અતિનિન્દિત હોવાથી નહોતું.' એવો કહેવાનો આશય છે. (જેમ અલ્પધનવાળો નિર્ધન કહેવાય તેમ અહીં સમજવું)

**પ્રશ્ન :** " બલ નામના માતંગનું કુળ નિન્દિત હોવાથી કુળ નહોતું" એવું જે કહ્યું તેમાં તેનું શું થયું? અર્થાત્ તે નિન્દિતકુળવાળા બલ જોડે એવી કઈ વિશિષ્ટ ઘટના ઘટી છે?

**ઉત્તર :** શિષ્ય! સાંભળ. ધર્મના વિચારમાં કુળની અપ્રધાનતા બતાવવા જ બલની વાત કરું છું કે જેના અઠ્ઠમ વિગેરે વિકૃષ્ટ તપથી આવર્જિત = હરાયેલા છે હૃદય જેઓના એવા દેવો પણ (મનુષ્યોની વાત જવા દો) જેની સેવા કરે છે તેનું શું કુળ હતું? (ઉત્તમ કુળ ન હોવા છતાં તપ ધર્મથી આવર્જિત દેવો તે મુનિની સેવા કરતાં હતા તેથી જ જણાય છે કે ધર્મ બાબતે કુળ પ્રધાન નથી.)

આ ગાથાનો સામાન્ય અર્થ કહ્યો.

વિશેષાર્થ વળી ઉદાહરણ = દૃષ્ટાન્તથી જાણવા યોગ્ય છે, તે ઉદાહરણ આ છે.

બ્રાહ્મણના ભવમાં જાતિમદવડે ઉત્પન્ન કરેલ નીચગોત્રવાળા, તેના વિપાકથી પ્રાપ્ત કરેલ નિન્દ્ય જાતિવાળા બલ નામના ચંડાલસાધુ વિશિષ્ટતપઆચરણમાં રત (છતાં) વાણારસીમાં તિન્દુક ઉદ્યાનમાં ગંડીતિન્દુકયક્ષના દેવાલયમાં રહ્યા. અને તેમના ગુણોથી આકર્ષિત મનવાળો, મૂકાયા છે તમામ કાર્યો જેના વડે એવો તે યક્ષ તેમની સેવા કરતો હતો. એક વખત બીજા ઉદ્યાનથી આવેલો તેનો મિત્રયક્ષ તેને કહે છે "મિત્ર! તું કેમ દેખાતો નથી?" (તું મારાવડે કેમ દેખાયેલો નથી?) તે બોલ્યો "આ પૂજ્ય મહર્ષિને પૂજતો રહું છું = તેમની સેવા કરતો રહું છું"

બીજો બોલ્યો ''મારા પણ જંગલમાં મુનિઓ રહ્યા છે.'' તેથી ભક્તિ અને કુતૂહલ વડે બન્ને તેમના વન્દન માટે ગયા. કોઈપણ કારણે વિકથામાં પ્રવર્તેલા મુનિઓ જોવાયા. તેથી તે બે તેઓથી વિરક્ત થયા (અને) બીજાને વિષે = બલમુનિ વિષે અત્યંત અનુરાગી થયા. ''તું ધન્ય છે કે જે તું આમના ચરણોને દરરોજ દેખે છે'' આ પ્રમાણે મિત્રદેવ વડે તિન્દુકયક્ષ પ્રશંસા કરાયો.

એક વખત ગ્રહણ કરાયેલ પૂજાપા(પૂજાની સામગ્રી)વાળી રાજકુમારી ભદ્રા તેના મંદિરમાં ગઈ. પ્રદક્ષિણાને કરતી તેણી વડે અસ્વચ્છ શરીરવાળા મુનિ જોવાયા. એણી વડે જુગુપ્સાથી થૂંકાયું. યક્ષને ગુસ્સો ઉત્પન્ન થયો.

''પૂજ્યના અપમાનનું ફળ આને દેખાડું'' એ પ્રમાણે વિચારીને (તેના વડે) તેણીનું શરીર અધિષ્ઠિત કરાયું. (તે તેણીના શરીરમાં પ્રવેશ્યો.) જાતજાતના લવારા કરતી સેવકો વડે પિતા પાસે લઈ જવાઈ. સંતાનના સ્નેહથી મોહિત તેના વડે (= પિતા વડે) ચિકિત્સા કરાવાઈ. કોઈ ફરક ન થયો.. વૈદ્યો નિરાશ થયા. તેથી યક્ષે પ્રગટ થઈને કહ્યું ''આ પાપીણી વડે મારા સ્વામી એવા મુનિ અપમાનિત કરાયા છે, જો તેમની જ પત્ની થાય તો મૂકું, અન્યથા નહીં'' તેથી ''જીવતીને દેખીશ (પુત્રી ભલે રાજપત્નીને બદલે મુનિપત્ની થાય પણ કમસેકમ જીવતી તો જોઈ શકીશ.)'' આ પ્રમાણે વિચારીને રાજા વડે પરિજન સહિત = સેવકો સાથે (તેણી) તે મુનિની પાસે મોકલાઈ અને જઈને પગમાં પડેલી તેણી બોલી. ''હે મહર્ષિ ! આપના હાથ વડે (મારો) હાથ ગ્રહણ કરો... હું આપની સ્વયંવરા છું = મારી ઈચ્છાથી આપને વરું છું'' મુનિએ કહ્યું ''હે ભદ્રા ! મુનિઓ વિષયના સંગથી નિવૃત્ત થયેલા હોય છે. આ કથા વડે સર્યું (= આ વાત કર નહીં.)'' ત્યારબાદ ટીખળપ્રિય હોવાથી યક્ષ વડે મુનિના શરીરમાં પ્રવેશ કરીને તેણી પરણાઈ અને કરાયેલ વિડમ્બનાવાળી = હેરાનગતિવાળી છતી મુક્ત કરાઈ. સ્વપ્નની જેમ આ બધું દેખીને કરમાયેલા મુખવાળી તેણી પિતા પાસે ગઈ. તેથી તેના-રાજપુત્રીના ઉદ્દેશથી રુદ્રદેવ નામના પુરોહિતે (રાજાને) કહ્યું ''ઋષિઓ વડે ત્યજાયેલી પત્ની બ્રાહ્મણોને અપાય છે'' એવો વેદાર્થ છે = આવું વેદમાં કહ્યું છે. રાજા વડે પણ ''આ જ પ્રાપ્તકાળ છે = હવે આ જ કરવા યોગ્ય છે'' એમ વિચારીને તેણી પુરોહિતને અપાઈ. યજ્ઞને કરતાં તેના વડે યજ્ઞપત્ની કરાઈ. મુનિ પણ માસક્ષમણના પારણામાં ભિક્ષા માટે યજ્ઞપાટકમાં = યજ્ઞમંડપમાં પ્રવેશ્યા. ''બ્રાહ્મણોને નહીં અપાયેલ છતું શુદ્રાધમ એવા તને નહી અપાય'' આ વિગેરે રીતે બ્રાહ્મણો વડે તે અપમાનિત કરાયો. તેથી યક્ષવડે તેમના = મુનિના શરીરમાં પ્રવેશ કરીને ''યાવજ્જીવ અબ્રહ્મથી નિવૃત્ત અને અહિંસા વિગેરે વ્રતોને ધારણ કરનારો હું બ્રાહ્મણ કેવી રીતે નથી ? અને પશુવધ વિ. પાપોમાં રત અને સ્ત્રીના અવાચ્યદેશના મર્દક = અબ્રહ્મનું સેવન કરનાર એવા તમે કેવી રીતે બ્રાહ્મણો છો ?'' વિગેરે વાક્યો વડે તિરસ્કાર કરાયેલા તે બ્રાહ્મણો મુનિને મારવાને શરૂ થયા. યક્ષવડે પણ आहत्य = મારીને નીકળતી લોહીની ઉલ્ટીવાળા, શિથિલ = છૂટા કરાયેલ છે બંધ જેઓના એવી સંધિવાળા જમીન પર પડાયા. કોલાહલ થયો. તેને સાંભળીને ભદ્રા બહાર આવી. મુનિ જોવાયા અને ઓળખાયા. ત્યારબાદ રુદ્રદેવવિ. ને ઉદ્દેશીને કહ્યું ''હે દુષ્ટબુદ્ધિવાળાઓ ! આમને કદર્થતા એવા તમે યમરાજના ઘરે જશો. કેમકે તે આ મહાપ્રભાવવાળા, દેવથી પૂજાયેલ મુનિ છે.'' તેથી તેમના ચરણોમાં પડેલા તેઓએ અને ભદ્રાએ કહ્યું ''હે મહામુનિ ! અજ્ઞ = મૂર્ખ એવા અમારા વડે જે અપરાધ

કરાયો છે તેને ક્ષમા કરો = તેની માફી આપો.'' મુનિ વડે કહેવાયું, ''મુનિઓને ક્રોધની કોઈ જગ્યા નથી. અર્થાત્ એમને ક્રોધની જરાય શક્યતા હોતી નથી. તેને = ક્રોધને કરનારા યક્ષને ખુશ કરો.'' તેથી તેઓ વડે યક્ષ ખુશ કરાયો. મુનિ પ્રતિલાભિત કરાયા = વહોરાવાયા, દિવ્યો પ્રગટ થયા. ''આ શું છે ?'' એ પ્રમાણે ઉત્પન્ન થયેલ કુતૂહલવાળો લોક = ઘણાં લોકો આવ્યા અને આ પ્રસંગને જાણીને રાજા આવ્યો, અને (ત્યારબાદ) મુનિની દેશનાવડે ઘણાં જીવો પ્રતિબોધ પામ્યા.

*તેથી કુળ પ્રધાન નથી, પણ ગુણો જ પ્રધાન છે. કારણ કે ગુણોના અભાવમાં કુળ અકિંચિત્કર =* નકામું છે. ।।૪૩।।

किञ्चायमात्मा नटवदपरापररूपैः परावर्तते, ततः कः कुलाभिमानावकाश इत्याह –

**देवो नेरइओ त्ति य, कीडपयंगु त्ति माणुसो एसो ।**
**रूवस्सी य विरूवो, सुहभागी दुक्खभागी य ।। ४४ ।।**

**राऊ त्ति य दमगु त्ति य, एस सपागु त्ति एस वेयविऊ ।**
**सामी दासो पुज्जो, खलो त्ति अधणो धणवइ त्ति ।। ४५ ।।**

**न वि इत्थ को वि नियमो, सकम्मविणिविट्ठसरिसकयचिट्ठो ।**
**अन्नुन्नरूववेसो, नडु व्व परियत्तए जीवो ।। ४६ ।।**

***देवो० गाहा - राऊ० गाहा - न वि इत्थ० गाहा*** : **देवो** विबुधो **नारकः** प्रतीत एव, **इति**शब्दाः सर्वे उपदर्शनार्थाः, **च**शब्दाः समुच्चयार्थाः स्वगताऽनेकभेदसूचका वा, तथा **कीटः** कृम्यादिः, **पतङ्गः** शलभः, तिर्यगुपलक्षणं चैतत्; **मानुषः** पुमान्, **एष** जीवः परावर्तत इति सर्वत्र क्रिया । **'रूवस्सि'** त्ति कमनीयशरीरः, **विरूपो** विशोभः, सुखं सातं भजते, तच्छीलश्चेति **सुखभागी,** एवं **दुःखभागी।** तथा **राजा** पृथिवीपतिः, **द्रमको** निःस्वः, **एष** जीवः **श्वपाक**श्चाण्डालः, तथा **एष** एव **वेदवित्** सामादिवेदानां वेत्ता प्रधानब्राह्मण इत्यर्थः। असकृदेषशब्दग्रहणं पर्यायनिवृत्तावपि जीवद्रव्यस्याऽनुवृत्तिज्ञापनार्थम्, एष एवैको नानारूपेष्वेवं परावर्तते, न सर्वथान्यो भवतीत्यर्थः ।

तथा **स्वामी** स्वपोष्यापेक्षया नायको, **दासो** द्व्यक्षरकः, **पूज्यो**ऽभ्यर्चनीय उपाध्यायादिः, **खलो** दुर्जनः, **अधनो** निर्द्रव्यः, **धनपतिरीश्वरः**। किञ्च नापि **न** सम्भाव्यते, **अत्र कश्चिन्नियमो**ऽवश्यम्भावः यथाऽपरे मन्यन्ते पुरुषः पुरुषत्वमश्नुते पशवः पशुत्वमित्यादिरूपः, प्रमाणबाधितत्वात्कर्मवैचित्र्येण भववैचित्र्योपपत्तेः। किं तर्हि ? **स्वकर्मविनिविष्टसदृशकृतचेष्टः** परावर्तते जीव इति सम्बन्धः।

तत्र क्रियत इति कर्म ज्ञानावरणादि स्वस्यात्मनः कर्म स्वकर्म, तस्य विनिविष्टं विनिवेशः, प्रकृतिस्थित्यनुभागप्रदेशात्मकं रचनमित्यर्थः, तस्य **सदृशी** तदनुरूपा **कृता** निर्वर्तिता **चेष्टा** देवादिपर्यायाध्यासरूपो व्यापारो येन स तथेति समासः। दृष्टान्तमाह–**अन्योन्यरूपो** नानाकारो **वेषो**

नेपथ्य–वर्णक–विच्छित्यादिलक्षणो यस्य **सोऽन्योन्यरूपवेषः**, कोऽसौ ? **नटः**, स **इव परावर्तते** परिभ्रमति **जीव** आत्मेति ॥ ४४ ॥ ॥ ४५ ॥ ॥ ४६ ॥

**અવતરણિકા :** બીજી વાત, આ આત્મા નટની જેમ અલગ-અલગ રૂપોવડે ફરે છે = સંસારમાં રખડે છે. તેથી કુળના અભિમાનનો અવકાશ = અવસર જ કયો છે ? (અર્થાત્ અભિમાન થવાની કોઈ શક્યતા જ નથી.) ગ્રંથકારશ્રી આ વાતને કહે છે :

**ગાથાર્થ :** દેવ, નારક, કીડા, પતંગિયું, મનુષ્ય, રૂપી, કદરૂપી, સુખી, દુ:ખી, રાજા, ભિખારી, ચંડાળ, બ્રાહ્મણ, સ્વામી, દાસ, પૂજ્ય, દુર્જન, નિર્ધન, ધનવાન એ પ્રમાણે (ભમે છે) સ્વકર્મની રચના સમાન કરાયેલ ચેષ્ટાવાળો જીવ જુદા-જુદા વેષવાળા નટની જેમ ભમે છે. આમાં = ભ્રમણમાં કોઈ નિયમ નથી... ।। ૪૪-૪૫-૪૬ ।।

**ટીકાર્થ :** દેવ, નારક પ્રતીત જ છે = જણાયેલા જ છે = પ્રસિદ્ધ જ છે અહીં અને આગળના બધા **इति** શબ્દો ઉપપ્રદર્શનમાં છે = નારક એ પ્રમાણે, પતંગીયું એ પ્રમાણે. આવું જણાવવામાં છે. તથા બધા **च** શબ્દો સમુચ્ચય અર્થમાં છે અથવા તો પોતાના અનેક = બીજા ભેદોના સૂચક છે. (તેથી દરેક વખતે તેના અર્થ કરવામાં આવશે નહીં એનો ખ્યાલ રાખવો.)

(દેવ, નારક) તથા કૃમિ વિ. કીડા, પતંગીયું, મનુષ્ય (એ પ્રમાણે) આ જીવ ભમે છે. આ પ્રમાણે સર્વત્ર = દરેક પદ સાથે ક્રિયાપદનો અન્વય કરવો. '**कीट**' અને '**पतङ्ग**' આ બંને પદો 'તિર્યંચ' જાતિના ઉપલક્ષણભૂત છે. અર્થાત્ એ બે પદોથી આખી તિર્યંચ જાતિ લઈ લેવી.

રૂપી = સુંદર શરીરવાળો, વિરુપી = કદરૂપો, સુખને ભજવાના = પામવાના સ્વભાવવાળો = સુખી, આ પ્રમાણે = દુ:ખને ભજવાના સ્વભાવવાળો = દુ:ખી તથા રાજા, ભિખારી, ચંડાળ (રૂપે) તથા આ જ જીવ સામ વિ. વેદોને જાણનારો એટલે કે શ્રેષ્ઠ બ્રાહ્મણ (રૂપે ભમે છે)

**પ્રશ્ન :** ગુરુજી ! જીવ પદાર્થને જ જણાવનાર **एष** પદનું વારંવાર ગ્રહણ કેમ કરવામાં આવ્યું છે ?

**ઉત્તર :** શિષ્ય ! વારંવાર **एष** પદનું ગ્રહણ 'પર્યાયનો નાશ થયે છતે પણ જીવદ્રવ્યની અનુવૃત્તિ ચાલે છે = સાથે જ રહે છે' તે જણાવવા માટે કરાયું છે. કહેવાનો આશય એ છે કે આ એક જીવ અલગ-અલગ રૂપે ભમે છે. (પણ) સર્વ રીતે અન્ય થતો નથી. (એટલે કે પર્યાયો બદલાતા આ જીવ દેવ થયો.. મનુષ્ય થયો... એવો વ્યવહાર થાય પણ તેના બદલાતા પર્યાયોમાં રહેલો જીવ તો એક જ હોય છે તે બદલાતો નથી.)

તથા સ્વામી = પોતાના વડે જેઓ પોષણ કરાતાં હોય તેની અપેક્ષાએ મુખ્ય વ્યક્તિ (અર્થાત્ તે લોકોનો માલિક, શેઠ વિગેરે. પણ 'રાજા' અહિં સ્વામી શબ્દથી લેવાનો નથી કેમકે એ પૂર્વે કહી દીધેલ છે.) દાસ = નોકર, પૂજનીય = ઉપાધ્યાય = અધ્યાપક વિગેરે, દુર્જન, નિર્દ્રવ્ય = નિર્ધન, ધનવાન (એ રૂપે જીવ પરિભ્રમણ કરે છે.)

**પ્રશ્ન :** ગુરુજી ! આમાં = જીવનાં પરિભ્રમણમાં કોઈ નિયમ ખરો ?

**ઉત્તર :** શિષ્ય ! આ બાબતમાં કોઈપણ નિયમ નથી. એટલે જેમ કેટલાકો માને છે 'પુરુષ પુરુષપણાને પામે, પશુઓ પશુપણાને પામે' આવો નિયમ = અવશ્યપણું સંભવતો નથી... કારણ કે આવો નિયમ પ્રત્યક્ષ વિ. પ્રમાણથી બાધિત = વિરુદ્ધ છે.

**પ્રશ્ન :** ગુરુજી ! આવો નિયમ કઈ રીતે પ્રમાણબાધિત થાય ?

**ઉત્તર :** શિષ્ય ! કર્મની વિચિત્રતા = વિભિન્નતાથી સંસારની વિભિન્નતા ઘટે છે તેથી આવો નિયમ પ્રમાણબાધિત છે.

(આ વાતને જરાક વિસ્તારથી સમજીએ -

''ધનવાન સુખસામગ્રીઓ વસાવે, નિર્ધન સુખસામગ્રીઓ ન વસાવે'' આ જગજાહેર (= પ્રત્યક્ષ) હકીકત છે. એની જગ્યાએ તમે એમ કહો કે ધનવાન સુખસામગ્રીઓ વસાવે નિર્ધન પણ સુખસામગ્રીઓ વસાવે'' તો તે પ્રત્યક્ષ વિરુદ્ધ થાય. એમ ''ધર્મ કરે તે સુખી બને, અધર્મ કરે તે દુ:ખી બને'' એ પણ લોકપ્રસિદ્ધ (= પ્રત્યક્ષ) છે. તેની જગ્યાએ ''ધર્મ કરે તે સુખી બને, અધર્મ કરે તે ય સુખી બને'' આવું કહેવું પ્રત્યક્ષ વિરુદ્ધ થાય. તેની જેમ ''મનુષ્ય મનુષ્ય બને'' ''પશુ પશુ બને'' આવો નિયમ કરવો તે ય પ્રત્યક્ષ વિરુદ્ધ થાય. કા. કે, આમાં મનુષ્યમાં જે ધર્મી છે તે અને જે અધર્મી છે તે બંને સુખી બને એવું માનવું પડે જે પ્રત્યક્ષ વિરુદ્ધ છે. આ રીતે ''મનુષ્ય મનુષ્ય બને વિ.'' નિયમ પણ પ્રત્યક્ષ વિરુદ્ધ બની જાય. કા.કે, આ નિયમ માનવામાં તેના કારણ રૂપ પ્રત્યક્ષ વિરુદ્ધ એવો ''ધર્મી અને અધર્મી બન્ને સુખી થાય'' નિયમ માનવો પડે. જો કારણ પ્રત્યક્ષ વિરુદ્ધ હોય તો તજ્જન્ય = તેનાથી ઉત્પન્ન થતું કાર્ય પ્રત્યક્ષ વિરુદ્ધ જ થાય. આ રીતે આ નિયમ **પ્રત્યક્ષ વિરુદ્ધ** થયો.

(૨) **अयं नरकगामी दुराचारसंपन्नत्वात् कालसौकरिकवत्**

**अयं स्वर्गगामी सदाचारसंपन्नत्वात् साधुवत्**

આ રીતે અનુમાનથી નરકગામીત્વ અને સ્વર્ગગામીત્વ રૂપ સાધ્યની સિદ્ધિ થઈ શકે = અનુમાન થઈ શકે.

એમ **अयम् भाविमनुष्यः दयादानादिमध्यमगुणसंपन्नवात्**

**अयम् भावितिर्यंचः कपटक्रोधाहारलौल्यादिदोषसंपन्नत्वात्**

આ બે અનુમાનથી **भाविमनुष्यत्व** અને **भावितिर्यंचत्व** રૂપ સાધ્યની સિદ્ધિ થાય = અનુમાન થઈ શકે.

હવે જો ''મનુષ્ય મનુષ્ય બને'' વિ. નિયમ માનવામાં આવે તો દયાદાનાદિ ગુણો કે કપટ-ક્રોધાદિ દોષો બંનેને કોઈ એક સાધ્યની સિદ્ધિના હેતુ માનવા પડે અને તેનાથી મનુષ્યત્વાદિ સાધ્યની સિદ્ધિ કરવી પડે જે ઉક્ત અનુમાનોથી વિરુદ્ધ થાય. આ રીતે આ નિયમ **અનુમાનપ્રમાણથી બાધિત = વિરુદ્ધ** થયો.

(૩) આગમમાં કહેલ મનુષ્યપણાની પ્રાપ્તિના હેતુઓ જેમાં નથી એ વ્યક્તિને પણ ઉક્ત નિયમ માનવામાં મનુષ્યપણાની પ્રાપ્તિ થવાની આપત્તિ આવે. આ રીતે ઉક્તનિયમ આગમવિરુદ્ધ થાય.

આ રીતે **ઉપમાન** અને **અર્થાપત્તિ** પ્રમાણથી પણ આ નિયમની વિરુદ્ધતા વિચારવી. અહીં માત્ર સામાન્યથી લખેલ છે. બાકી આમાંય હજુ ઘણું વિશેષ વિચારી શકાય એમ છે. જે તર્કરસિકોએ વિચારવું)

(હવે, ટીકાકારશ્રી આગળના સૂત્રના અનુસંધાન માટે પ્રશ્ન કરે છે.)

**પ્રશ્ન :** ગુરુજી ! જો જીવના પરિભ્રમણમાં કોઈ નિયમ નથી તો વાસ્તવિકતા શું છે ?

**ઉત્તર :** શિષ્ય ! સ્વકર્મવિનિવિષ્ટસદૃશકૃતચેષ્ટાવાળો જીવ પરિભ્રમણ કરે છે. આ રીતે વિશેષણનો

વિશેષ્ય = કર્તા તથા ક્રિયાપદ સાથે સંબંધ કરવો, તેમાં = સ્વકર્મ વિ. વિશેષણ છે તેમાં કર્મ એટલે જે કરાય તે કર્મ. જ્ઞાનાવરણીયાદિ કર્મો લેવા. **स्वकर्म** = પોતાના જ કર્મો તેનો વિનિવેશ = તેની રચના એટલે કે પ્રકૃતિસ્થિતિરસપ્રદેશરૂપે કર્મની રચના. તે રચનાને સદૃશ = અનુરૂપ કરાઈ છે ચેષ્ટા = દેવાદિ પર્યાયોમાં રહેવારૂપ વ્યાપાર = ક્રિયા જેના વડે તેવો જીવ પરિભ્રમણ કરે છે. આ વાતમાં ગ્રંથકારશ્રી દૃષ્ટાન્તને જણાવે છે કે વિવિધ પ્રકારના વેષ = નેપથ્ય (વસ્ત્ર), વિલેપન, વિચ્છિત્તિ = અંજન વિ. શૃંગાર વિગેરે રૂપ વેષ છે જેના એવા નટની જેમ જીવ પરિભ્રમણ કરે છે. ।।૪૪-૪૫-૪૬।।

तदिदं संसारेऽनवस्थिततत्वमालोच्य विवेकिनो मोक्षकाङ्क्षैकताना एव भवन्ति, न धनादिलिप्सव इति दृष्टान्तेनाह –

**कोडीसएहिं धणसंचयस्स गुणसुभरियाए कन्नाए।**
**न वि लुद्धो वयररिसी, अलोभया एस साहूणं ॥ ४७ ॥**

***कोडीसएहिं० गाहा*** : **कोटीशतैः** सह या कन्या तस्यामपि न लुब्ध इति सम्बन्धः। कस्य कोटीशतैः ? **धनसञ्चयस्य** रिक्थसङ्घातस्य सम्बन्धिनां रत्नादीनामिति गम्यते। **गुणैः** रूपादिभिः **सुभृता** सुष्ठु पूर्णेति समासः। कासौ ? **कन्या** अपरिणीतबाला, तस्यामपि **न लुब्धो** न लोभं गतः। अपिशब्दस्य व्यवहितः प्रयोगः, कोऽसौ ? **वैरर्षिः**। शिष्यं प्रत्याह– **अलोभतैषा**ऽनन्तरोक्ता **साधूनां**, सर्वयतिभिरेवं निर्लोभैर्भाव्यमिति सङ्क्षेपार्थः, **प्रपञ्चार्थः कथानकाद् ज्ञेयः ।**

**तच्चेदं** - पाटलिपुत्रे विद्याद्यतिशययुतो युगप्रधानो भगवानाचार्यो वैरर्षिः समवसृतः । तद्वन्दनार्थं निर्गतः सनागरको राजा। भगवताऽपि विद्याबलतो विहितविशोभरूपेण प्रारब्धा धर्मदेशना। ततस्तदाक्षिप्तचित्ता लोकाः परस्परमूचुर्बत भगवतो न गुणानुरूपं रूपम्। उपसंहृता देशना, गतं तद्दिनम्। इतश्च तत्रैव नगरे धनसार्थवाहशालायां पूर्वस्थिता आर्यिका भगवद्गुणवर्णनं कृतवत्यः, तदाकर्ण्य धनदुहिता अतिमुग्धतया भगवति जाताऽनुरागा पितरं प्रत्याह–यदि मां वैरस्वामिनं विहायाऽन्यः परिणेष्यति ततस्त्यक्ष्यामि प्राणान्। ततोऽपत्यस्नेहवशाद्विज्ञाय तन्निर्बन्धं द्वितीये दिने गृहीत्वा अनेकरत्नकोटीशतैः सहितां कृताऽलङ्कारामुपहसितत्रिदशवधूलावण्यां कन्यां गतो भगवत्समीपं सार्थवाहः। दृष्टो भगवान् वैरूप्यदर्शनजातवैमुख्यजनाह्लादातिरेकसम्पत्तये मार्गावतारणार्थं विद्यातिशयान्निर्वर्तितत्रिभुवनातिशायिरूपः कनककमलोपविष्टो धर्ममाचक्षाणस्तेन। ततः सविनयं प्रणम्य विरचितकरकुड्मलोऽसावाह – 'भगवन्! अस्या मम जीविताभ्यधिकायाः कन्यकाया रत्नराशिभिः सहिताया ग्रहणेन कुरू मेऽनुग्रहमिति।' भगवानाह – 'भद्र! न खल्विदमतिमुग्धबुद्धेरपि मनसि सन्तिष्ठते, यदुत सिद्धिवधूसम्बन्धबद्धाध्यवसाया अनिधनसुखाभिलाषिणः साधवोऽशुचिमूत्रान्त्रक्लेदपूर्णासु युवतिषु क्षणविनश्वरे च धने ग्रहणबुद्धिं विधास्यन्ति। ततोऽलमनया निर्विवेकजनोचितया कथया। यद्यस्या मय्यनुरागस्ततः करोतु स्वार्थसाधनेन मच्चित्ताह्लादनमिति।' कन्याह–भगवद्वचनकरणेनापि कृतार्थाऽहम्। ततो मुक्ता जनकेन प्रव्राजिता भगवता। ततोऽयमेव धर्मो यत्रैवंविधप्रभावाणामपीदृशी निर्लोभतेति सञ्चिन्त्य प्रतिबुद्धा भूयांसः सत्त्वा इति ॥ ४७ ॥

**અવતરણિકા : तदिदम्** = તે આ = ઉપરની ત્રણ ગાથામાં જણાવેલ સંસારમાં (જીવની) અસ્થિરતાને વિચારીને વિવેકીઓ મોક્ષની ઈચ્છામાં એકમનવાળા જ થાય છે. ધનવિ.ના લાલચું થતાં નથી. આ વાતને ગ્રંથકારશ્રી દૃષ્ટાન્ત વડે જણાવે છે.

**ગાથાર્થ :** ધનસંચયના સેંકડો કરોડો સહિત (ની) (અર્થાત્ સેંકડો કરોડો ધન સાથે મળતી) ગુણોથી સારી રીતે ભરેલી એવી કન્યામાં પણ વજ્રઋષિ લુબ્ધ ન થયા. આ સાધુઓની અલોભતા છે. ।। ૪૭ ।।

**ટીકાર્થ :** ઘણાં કોટીશત સહિતની = સેંકડો કરોડો સહિતની જે કન્યા તેને વિષે પણ આસક્ત ન થયા. આ પ્રમાણે ક્રિયાપદનો સંબંધ કરવો.

**પ્રશ્ન :** કન્યા જે સેંકડો કરોડો સાથે આવેલી તે સેંકડો કરોડોની સંખ્યા શેની હતી ?

**ઉત્તર :** ધનના સમૂહ સંબંધિ રત્નવિ.ની કરોડોની સંખ્યા. એટલે કે સેંકડો કરોડો રત્નાદિ સંપત્તિને લઈને જે કન્યા આવી છે, તેને વિષે પણ આસક્ત ન થયા. આવો અન્વય કરવો (ભાવાર્થ આવો છે - કરોડોપતિ એવી કન્યાને વિષે પણ લુબ્ધ ન થયા.)

(**પ્રશ્ન :** કન્યા કેવી હતી ? **ઉત્તર :** એ બાબત ગ્રંથકારશ્રી જણાવે છે :)

રૂપ વિગેરે ગુણોવડે સારી રીતે પૂર્ણ = યુક્ત... એવી કોણ ? કન્યા = લગ્ન નહીં કરાયેલ બાળા.. તેને વિષે પણ લુબ્ધ ન થયા.. ગાથામાં ત્રીજા ચરણમાં જે **अपि** શબ્દ છે તેનો સંબંધ વ્યવહિત = બીજા ચરણના છેડે કરેલો છે.

**પ્રશ્ન :** ગુરુજી ! આપે કહ્યું કે કરોડોપતિ, રૂપાદિગુણોવાળી કન્યાને વિષે પણ લુબ્ધ ન થયા. પણ એ લુબ્ધ નહીં થયેલા કોણ છે ?

**ઉત્તર :** શિષ્ય ! એ વૈરર્ષિ = વજ્રસ્વામી છે..

હવે ગુરુ જ = ગ્રંથકાર જ શિષ્યને કહે છે... (હે શિષ્ય !) હમણાં જે કહેવાઈ તે અલોભતા સાધુઓની છે. એટલે કે સર્વસાધુઓ વડે આ પ્રમાણે નિર્લોભી થવું જોઈએ. (અહીં **निर्लोभैः सर्वयतिभिः** નું વિશેષણ છે એ ન ભૂલવું.)

આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ થયો...

વિસ્તૃત અર્થ કથાનકથી જાણવા યોગ્ય છે.

તે કથાનક આ છે :

પાટલીપુત્રમાં વિદ્યા વિગેરે અતિશયોથી = પ્રભાવથી યુક્ત, યુગપ્રધાન, ભગવાન એવા આચાર્ય વૈરર્ષિ = વજ્રસ્વામી સમવસર્યા = પધાર્યા. તેમના વંદન માટે નગરજનો સહિત રાજા નીકળ્યો = ગયો. વિદ્યાના બળથી કરાયેલ છે કદરૂપ જેઓ વડે એવા ભગવાન વડે = પૂજ્યવડે પણ ધર્મદેશના શરૂ કરાઈ. ત્યારબાદ તે = ધર્મદેશનાથી આવર્જિત મનવાળા લોકો પરસ્પર બોલ્યા કે ''ખરેખર ! પૂજ્યનું ગુણોને અનુરૂપ = ઉચિત એવું રૂપ નથી...'' દેશના પૂર્ણ થઈ. તે દિવસ પસાર થયો.

આ બાજુ તે જ નગરમાં ધનસાર્થવાહની શાળામાં (યાનશાળા વિ. શાળા પદથી વાચ્ય છે તેથી સ્કૂલ ન સમજવી) પહેલેથી રહેલા સાધ્વીજીઓએ પૂજ્યના ગુણોનું વર્ણન કર્યું. તે વર્ણન સાંભળીને અતિ મુગ્ધતા = ભોળપણને લીધે પૂજ્યને વિષે ઉત્પન્ન થયેલ અનુરાગવાળી એવી ધન સાર્થવાહની પુત્રીએ

પિતાને કહ્યું ''જો મને વજ્રસ્વામીને છોડીને બીજો પરણશે તો હું પ્રાણોને છોડી દઈશ. (= મરી જઈશ)'' તેથી સંતાનના સ્નેહના વશથી = કારણે તેના આગ્રહને જાણીને બીજા દિવસે સાર્થવાહ રત્નોની સેંકડો કોટી = કરોડો રત્નો સહિતની, કરાયેલ શણગારવાળી, ઝાંખી કરાઈ છે અપ્સરાઓની સુંદરતા જેણી વડે એવી કન્યાને લઈને પૂજ્યની પાસે ગયો. (ત્યાં) (જીવોને) માર્ગમાં લાવવા માટે વિરુપતાના દર્શનથી ઉત્પન્ન થયેલ વિમુખતાવાળા લોકોના આનન્દના અતિરેક = એકદમ આનંદની પ્રાપ્તિ માટે વિદ્યાના પ્રભાવથી કરાયું છે ત્રણભુવનને **अतिशायी** = ઓળંગી જનાર અર્થાત્ અતિસુંદર રૂપ જેઓ વડે એવા, સુવર્ણના કમળ પર બેસેલા, ધર્મને કહેતા પૂજ્ય = વજ્રસ્વામી સાર્થવાહ વડે જોવાયા. ત્યારબાદ વિનયપૂર્વક પ્રણામ કરીને રચાયું છે = કરાયું છે હાથનું સંપુટ જેના વડે એવા એણે = સાર્થવાહે કહ્યું.

''હે પૂજ્ય ! મારા જીવનથી પણ અધિક, રત્નની રાશિઓથી યુક્ત એવી આ કન્યાના ગ્રહણ વડે **मे** = મારા પર અનુગ્રહ = કૃપા કરો.'' (સપ્તમીના અર્થમાં ષષ્ઠી સમજવી)

પૂજ્યે કહ્યું ''ભદ્ર ! આ અતિભોળી વ્યક્તિના મનમાં પણ બેસશે નહીં કે સિદ્ધિવધૂના સમાગમમાં બંધાયો છે અધ્યવસાય = પરિણામ જેઓનો એવા, શાશ્વત સુખના અભિલાષી એવા સાધુઓ મળ, મૂત્ર, **अन्त्र** = આંતરડા, પરસેવાથી ભરેલી યુવતીઓને વિષે અને ક્ષણમાં નાશ પામનારા એવા ધનને વિષે ગ્રહણ કરવાની બુદ્ધિને ધારણ કરશે. તેથી અવિવેકી વ્યક્તિને ઉચિત = યોગ્ય એવી આ વાતથી સર્યું. જો આનો મારા વિષે અનુરાગ છે તો સ્વાર્થને = આત્મહિતને સાધવા વડે મારા મનના આનંદને કરે.''

કન્યા બોલી, ''પૂજ્યના વચનના પાલન વડે પણ હું કૃતાર્થ = તૃપ્ત થાઉં.''

તેથી પિતા વડે રજા અપાયેલી પૂજ્યવડે દીક્ષિત કરાઈ.

તેથી ''આ જ ધર્મ છે જેમાં આવા પ્રકારના પ્રભાવવાળાની પણ આવી (= ઉપર કહી તેવી) નિર્લોભતા છે.'' આ પ્રમાણે વિચારીને ઘણા જીવો પ્રતિબોધ પામ્યા. ।।૪૭।।

**વિશેષાર્થ :** (૧) **પ્રશ્ન :** મૂળ ગાથામાં '**रत्नादीनां**' શબ્દ નથી, છતાં ટીકાકારશ્રીએ '**गम्यते**' દ્વારા બહારથી લાવી દીધો તો એનું પ્રયોજન શું છે ?

**ઉત્તર :** જો '**रत्नादीनां**' ન લાવે તો 'ધનના ઢગલાના સેંકડો કરોડો વડે' એવો અર્થ થાય, જે બેસે નહિં, કેમકે ધનસાર્થવાહ કાંઈ સેંકડો ધનના ઢગલાઓ નહોતા લાવેલા પણ કરોડો રત્નો વિ. લાવેલા, એથી '**रत्नादीनां**' બહારથી લાવીને ટીકાકારશ્રીએ અર્થ સંગત કરી દીધો.

न चैतदाश्चर्यम्, एवंविधा एव साधवो भवन्तीत्याह –

**अंतेउरपुरबलवाहणेहिं वरसिरिघरेहिं मुणिवसहा ।**
**कामेहिं बहुविहेहिं य, छंदिज्जंता वि नेच्छंति ।। ४८ ।।**

***अंतेउर० गाहा*** : अन्तःपुरादिभिः करणभूतैर्मुनिवृषभाः सुसाधवश्**छन्द्यमाना** निमन्त्र्यमाणा **अपि नेच्छन्ति** नाभिलषन्ति तानीति गम्यते इति सम्बन्धः, तत्राऽ**न्तःपुराणि** विशिष्टयोषित्सङ्घाताः, **पुराणि**

नगराणि, **बलानि** चतुरङ्गाणि, **वाहनानि** प्रवरहस्त्यादीनि, बलग्रहणेनैव सिद्धे पृथगुपादानमेषां प्राधान्यख्यापनार्थम्। अन्तःपुराणि च पुराणि चेत्यादिद्वन्द्वः, तैस्तथा **वरश्रीगृहैः** प्रधानकोशैः, काम्यन्ते प्रार्थ्यन्ते इति **कामाः** शब्दादयस्तैश्च, **च**शब्दस्येह सम्बन्धः, **बहुविधै**र्नानारूपैश्चित्ताक्षेपहेतुभिरन्तःपुरादिभिरिति, इदं सर्वेषां विशेषणमिति ॥ ४८ ॥

**અવતરણિકા :**

આ આશ્ચર્ય નથી. (અર્થાત્ વજ્રસ્વામી કરોડો રત્ન, મણિ તથા કન્યા વિષે લુબ્ધ ન થયા અને એ કારણે ઘણાં જીવો પ્રતિબોધ પામ્યા એ આશ્ચર્યની વાત નથી) કારણ કે, સાધુઓ આવા જ (નિર્લોભી, નિષ્કામી વિ.) હોય છે.

આ જ વાતને કહે છે :

**ગાથાર્થ :** અંત:પુર, નગર, ચતુરંગીસેના, વાહનો, શ્રેષ્ઠ કોશો = ભંડારો અને અનેક પ્રકારના કામો (= વિષયસુખના સાધનો) વડે નિમંત્રણ કરાતા એવા પણ સુસાધુઓ તે બધાને ઈચ્છતા નથી. ।।૪૮।।

**ટીકાર્થ :** કરણભૂત (જેના વડે નિમંત્રણ કરવાનું હોય તે કરણ કહેવાય અર્થાત્ નિમંત્રણના સાધનભૂત) એવા અંત:પુર વિગેરે વડે નિમંત્રણ કરાતા = 'આપ આનો સ્વીકાર કરો' એમ પ્રાર્થના કરાતા એવા પણ સુસાધુઓ તેને = અંત:પુર વિ.ને ઈચ્છતા નથી. આ પ્રમાણે અન્વય કરીને ક્રિયાપદ સાથે સંબંધ કરવો.

(ગાથામાં 'તેને ઈચ્છતા નથી' વાક્યમાંના 'તેને' શબ્દને જણાવતો કોઈ શબ્દ નથી. છતાં પ્રસ્તુતના આધારે બહારથી ઉમેરીને તેનો અર્થ કરવાનો છે આ બાબત **इति गम्यते** પદથી જણાવાઈ છે.)

હવે, ગાથામાં અંત:પુર વિ. જે જે સ્થાનો બતાવાયા છે. તેનો અર્થ ટીકાકારશ્રી જણાવે છે. તેમાં

(૧) **अन्तःपुराणि** = વિશિષ્ટ સ્ત્રીઓનો સમૂહ (અહીં વિશિષ્ટ એટલે "રાજરાણીઓ, શ્રેષ્ઠીકન્યાઓ વિ." સમજવું)

(૨) **पुराणि** = નગરો.

(૩) **बलानि** = ચતુરંગી સેનાઓ

(૪) **वाहनानि** = શ્રેષ્ઠ હાથીઓ વિગેરે.

(**પ્રશ્ન : बल** = ચતુરંગી સેનામાં હસ્તિદળમાં શ્રેષ્ઠહાથી, અશ્વદળમાં શ્રેષ્ઠઅશ્વોનું ગ્રહણ થઈ જ ગયું છે તો વાહન તરીકે પુન: શ્રેષ્ઠહાથી વિગેરેનું ગ્રહણ કેમ કર્યું ?)

**ઉત્તર : बल** માં શ્રેષ્ઠહાથી વિ.નું ગ્રહણ થઈ ગયું હોવા છતાં તેઓ રાજા વિ.ના વાહન રૂપે હોવાથી પ્રધાન (= શ્રેષ્ઠ) છે. આ પ્રધાનતા જણાવવા માટે **वाहन**માં તેઓનું અલગ ગ્રહણ કરવામાં આવ્યું છે.

ગાથાના પ્રથમ ચરણનો શબ્દાર્થ થયો. હવે એનાં સમાસ જોઈએ - **अन्तःपुराणि च पुराणि च बलानि च वाहनानि च इति**

**अन्तःपुरपुरबलवाहनानि, तैः ।** આ પ્રમાણે દ્વન્દ્વ સમાસ કરવો.

તથા,

(૫) **वरश्रीगृहैः** = કોશ = ભંડાર.

**वर** = પ્રધાન = શ્રેષ્ઠ એવા (સોના-રૂપા-રત્ન-ધાન્યાદિના) ભંડારો. તેઓ વડે (નિમંત્રણ કરાતા...)

(૬) **कामैः** = જે પ્રાર્થના કરાય તે કામ. શબ્દ, રૂપ, રસ, સ્પર્શ વિ. (અહીં **आदि** શબ્દથી પાંચે ઈન્દ્રિયોના વિષયસુખના તમામ સાધનો લઈ લેવા) તેઓ વડે (નિમંત્રણ કરાતા....)

ગાથામાં બહુવિહેહિ પછી જે **य** = **च** શબ્દ છે તેનો સંબંધ **कामेहिं** પછી કરવાનો છે.

(તેથી આવો અર્થ થશે : અંત:પુર, પુર, બલ અને વાહનો વડે તથા શ્રેષ્ઠ ભંડારો વડે અને કામો વડે નિમંત્રણ કરાતા...)

(આ અંત:પુર વિ. કેવા છે ? તે જણાવતા ગ્રન્થકારશ્રી કહે છે :)

**बहुविहेहिं** = **बहुविधैः** = અલગ અલગ પ્રકારના = મનને પોતાના તરફ ખેંચવામાં નિમિત્તરૂપ એવા અન્ત:પુરાદિ વડે નિમંત્રણ કરાતા એવા પણ સુસાધુઓ તે બધાને ઈચ્છતા નથી.

(**પ્રશ્ન** : ગાથામાં **बहुविहेहिं** શબ્દ **कामेहिं** પછી એક ઠેકાણે જ છે તો બહુવિધ શબ્દ અંત:પુરાદિનું વિશેષણ કઈ રીતે બને ?)

**ઉત્તર** : આનો ખુલાસો ટીકાકારશ્રી પોતે જ આ ગાથાની છેલ્લી પંક્તિ દ્વારા આપતા જણાવે છે કે **इदं सर्वेषां विशेषणमिति** = આ બધાય પદોનું વિશેષણ જાણવું. (અહીં '**इदं**' શબ્દથી **बहुविहेहिं** પદનું ગ્રહણ કરવું.) ।।૪૮।।

**વિશેષાર્થ** : (૧) ટીકામાં **अन्तःपुरादिभिः करणभूतैः** ... પંક્તિમાં 'કરણભૂત' શબ્દ 'તૃતીયા વિભક્તિ કયા અર્થમાં વાપરવી ?' એ બતાવે છે. **अन्तःपुरादिभिः** પદમાં જે તૃતીયા વિભક્તિ છે તે કરણ અર્થમાં લેવી... કરણ = મુખ્ય કારણ... અહીં પ્રસ્તુતમાં નિમંત્રણામાં અન્ત:પુરાદિ મુખ્ય કારણ બને છે. કા. કે, નિમંત્રણા તેના વડે = અન્ત:પુરાદિ વડે જ થાય છે... તેથી પંક્તિનો સ્પષ્ટાર્થ આવો થશે: ''અન્તપુરાદિ વડે નિમંત્રણ કરાતા એવા પણ સુસાધુઓ તેઓને ઈચ્છતા નથી.''

किमिति ते नेच्छन्तीत्याशङ्क्य परिग्रहस्याऽपायहेतुतामाह –

**छेओ भेओ वसणं, आयास किलेस भय विवाओ य ।**
**मरणं धम्मब्भंसो, अरई अत्थाउ सव्वाइं ॥ ४९ ॥**

***छेओ भेओ० गाहा*** : छेदादीनि स्वपरयोर**र्थात्सर्वाणि** भवन्तीति क्रिया। तत्र **च्छेदः** कर्णादीनां कर्तनं, **भेदः** क्रकचादिना पाटनं, स्वजनादिभिः सह चित्तविश्लेषो वा, **व्यसनं** तस्करादिभिर्ग्रहणमापदित्यर्थः, **आयासस्त**दुपार्जनार्थं स्वयं कृतः शरीरव्यायामः, **क्लेशः** परकृता विबाधा, **भयं** त्रासः, **विवादः** कलहः, **च**शब्दः समुच्चये, **मरणं** प्राणत्यागः, **धर्मभ्रंशः** श्रुतचारित्रलक्षणधर्माच्च्यवनं, सदाचारविलोपो वा। **अरति**श्चित्तोद्वेगः, एतानि **सर्वाण्य**पि, किम्? **अर्थ्यते** विवेकविकलैर्याच्यते इत्यर्थो हिरण्यादिस्तस्माद्भवन्तीति ॥ ४९ ॥

**અવતરણિકા : પ્રશ્ન :** તે સુસાધુઓ શા માટે અંત:પુરાદિને ઈચ્છતા નથી?

**ઉત્તર :** ભાઈ! અંત:પુરાદિનો પરિગ્રહ અપાય = અનર્થનું કારણ છે... (માટે તે સુસાધુઓ તેને ઈચ્છતા નથી.) પરિગ્રહમાં અપાયની = અનર્થની જે કારણતા છે તેને ગ્રન્થકારશ્રી કહે છે : (જેમ દંડ એ ઘટનું કારણ છે.. માટે દંડમાં ઘટની કારણતા રહેલી છે.. તેમ પરિગ્રહ એ અનર્થનું કારણ છે. માટે પરિગ્રહમાં અનર્થની કારણતા રહેલી છે. પરિગ્રહમાં રહેલી અનર્થની કારણતા ગ્રન્થકારશ્રી હવેની ગાથામાં કહે છે :)

**ગાથાર્થ :** છેદ, ભેદ, આપત્તિ, આયાસ = શરીરનો વ્યાયામ, ક્લેશ, ભય, વિવાદ, મરણ, ધર્મભ્રંશ, અરતિ આ બધા અર્થથી (= પરિગ્રહથી) (થાય છે.) ।।૪૯।।

**ટીકાર્થ :** (અહીં ગાથામાં કોઈ ક્રિયાપદ દેખાડાયેલ નથી. તેથી **भू** ક્રિયાપદ લેવાનું છે. હવે, ગાથાના પદોનો અન્વય આ રીતે થશે.)

પોતાના કે બીજાના છેદ વિગેરે બધા (અનર્થો = અપાયો) અર્થથી થાય છે.

(હવે ટીકાકારશ્રી છેદ વિ. તમામનું વર્ણન કરે છે :)

તેમાં (૧) **છેદ** = કાન વિ.નું કાપવું.

(૨) **ભેદ :** કરવત વિ. વડે કાપવું. (આખા શરીરને) અથવા ભેદ = સ્વજનો વિ. સાથે ચિત્તથી વિશ્લેષ. (અહીં ચિત્ત એટલે મન, વિશ્લેષ = ભેદાવું, છૂટું પડવું... સ્વજનો સાથેના મનદુ:ખ અર્થથી થાય)

(૩) **વ્યસન** = ચોર વિ. વડે (પોતાનું કે ધનનું) ગ્રહણ થવું. એટલે કે ચોરોની આફત આવી પડે. (અહીં **तस्करादिभिर्ग्रहणम्** અને **आपद्** આ બંને શબ્દોના અર્થ અલગ-અલગ નથી કરવાના પણ **तस्करादिभिर्ग्रहणम्**નો જ અર્થ **आपद्** કર્યો છે. આ વાત **आपद्** શબ્દ પછીના **इत्यर्थः** શબ્દથી જણાય છે.)

(૪) **આયાસ** = **तद्** = અર્થ = ધન વિ.ના ઉપાર્જન = પ્રાપ્તિ માટે જાતે કરેલો શરીરનો વ્યાયામ = શ્રમ.

(૫) **ક્લેશ** = અન્ય વડે કરાયેલી વિબાધા = તકલીફ (અપમાન, તિરસ્કાર વિ.)

(૬) **ભય** = ત્રાસ... (માનસિક ક્લેશ)

(૭) **વિવાદ** = કલહ = ઝઘડો...

ગાથામાં જે **च** શબ્દ છે તે સમુચ્ચયમાં છે. (એટલે કે, એ **च** શબ્દ અનર્થવાચી શબ્દોને ભેગા કરવામાં વપરાયો છે.)

(૮) **મરણ** = પ્રાણત્યાગ = ૧૦ પ્રાણોનો ત્યાગ = મૃત્યુ.

(૯) **ધર્મભ્રંશ** = શ્રુત અને ચારિત્ર સ્વરૂપ ધર્મથી ભ્રંશ = ચ્યવન = પડી જવું.

(શ્રુત એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એટલે ક્રિયા. ધર્મ જ્ઞાન અને ક્રિયારૂપ છે. અર્થની પ્રાપ્તિ કરવા તેને નેવે મૂકવો - ભૂલી જવો તે ધર્મભ્રંશ.)

(મુખ્યત્વે સાધુને આશ્રયીને ધર્મભ્રંશની આ વ્યાખ્યા થઈ. હવે ગ્રંથકારશ્રી ગૃહસ્થને મુખ્યલક્ષમાં રાખી ધર્મભ્રંશની વ્યાખ્યા કરતાં જણાવે છે કે :)

ધર્મ એટલે સદાચાર.. નીતિ, ન્યાય, નિર્લોભતા, સત્યવચનતા વિગેરે સદાચારોનો વિલોપ = વિશેષથી નાશ... (અર્થની મૂર્ચ્છા ન્યાય-નીતિનું દેવાળું કઢાવે એ જગજાહેર જ છે) (આ રીતે સાધુધર્મ અને ગૃહસ્થધર્મ બંનેથી ભ્રંશને ગ્રંથકારશ્રીએ જણાવી દીધો.)

(૧૦) **અરતિ** = ચિત્તનો ઉદ્વેગ... મનની અસ્વસ્થતા.

આ બધા ય અર્થથી થાય છે..

(**પ્રશ્ન :** ગુરુજી ! અર્થથી શું શું લેવાનું છે ? અર્થ એટલે માત્ર ધન કે અન્ય પણ ?

**ઉત્તર :** શિષ્ય ! અર્થ એટલે માત્ર ધન નહીં. પણ **अर्थ** પદનો વ્યુત્પત્તિ અર્થ કરીને જેટલી વસ્તુઓનો એમાં સમાવેશ થાય એ બધી લેવી...

(**પ્રશ્ન :** ગુરુજી ! **अर्थ** પદની વ્યુત્પત્તિ શું છે ?)

**ઉત્તર :** શિષ્ય ! **अर्थ** પદની વ્યુત્પત્તિ દર્શાવતા ટીકાકારશ્રી જણાવે છે કે **अर्थ्यते = विवेकविकलैर्याच्यते इति अर्थः** । વિવેક વિનાના જીવો વડે જેની ઈચ્છા કરાય, પ્રાર્થના કરાય એ તમામ વસ્તુઓ અર્થ કહેવાય.

આવો અર્થ કરવાથી ધન, ધાન્ય, સોનુ, ચાંદી, સ્ત્રી વિ. બધી વસ્તુઓ અર્થ કહેવાશે.

આ બધા ઉપરોક્ત અનર્થો - અપાયો અર્થથી થાય.

આ રીતે અર્થજન્ય અપાયો જણાવવા દ્વારા પરિગ્રહમાં અપાયની કારણતા કહી. ।।૪૯।।

किञ्च, प्रस्तुतव्रतविरोधी चायमित्याह -

**दोससयमूलजालं, पुव्वरिसिविवज्जियं जई वंतं ।**
**अत्थं वहसि अणत्थं, कीस अणत्थं तवं चरसि? ॥ ५० ॥**

***दोससयमूलजालं० गाहा*** : अर्थं यदि वहसि किं तपश्चरसीति क्रिया। किम्भूतमर्थं? दुष्यते आत्मा एभिरिति **दोषा** रागादयः प्राणिवधादयो वा, तेषां शतानि, तेषां मूलं कारणं चासौ जालं च मत्स्यबन्धजालवत् तद् बन्धहेतुत्वा**द्दोषशतमूलजालम्**। यदि वा दोषशतानि तरोरिव मूलजालं यस्य स तथा तम्। अत एव पूर्वर्षिभिर्वैरस्वाम्यादिभिर्विशेषेण वर्जितः परिहृतः **पूर्वर्षिविवर्जितस्तम्**। पूर्वर्षिग्रहणं *चेदानीन्तनाः कर्मकालादिदोषादर्थवहनप्रवणा भूयांसो दृश्यमाना अपि विवेकिना नालम्बनीकर्तव्या* इति ज्ञापनार्थम्। **यदि वान्तं** प्रव्रज्याङ्गीकरणेन त्यक्त**मर्थं** हिरण्यादिकं **वहसि** धारयसि, किम्भूतमर्थम्? **अनर्थं** नरकपाताद्यनर्थहेतुत्वात्, ततो हे दुर्मते! **किमि**त्यनर्थं निष्प्रयोजनं **तपो**ऽनशनादिरूपं **चरस्य**नुतिष्ठसि? नेदं पौर्वापर्येण घटत इत्यभिप्रायः ॥ ५० ॥

**અવતરણિકા :** અને બીજી વાત એ કે આ અર્થ પ્રસ્તુતવ્રત = સાધુજીવનને વિરોધી છે.

(એટલે કે અર્થના ધારણ કરવામાં સાધુજીવન નથી) આ વાતને ગ્રંથકારશ્રી હવેની ગાથામાં જણાવે છે :

**ગાથાર્થ :** જો (૧) તું સેંકડો દોષોનું કારણ (આથી) (૨) પૂર્વર્ષિઓવડે ત્યજાયેલ, (તારા વડે) (૩) વમી દેવાયેલ (૪) અનર્થકારી એવા અર્થને ધારણ કરે છે. તો શું કામ ફોગટ તપને કરે છે ? ।।૫૦।।

**ટીકાર્થ** : ''જો તું અર્થને ધારણ કરે છે તો શું કામ તપને કરે છે.'' આ પ્રમાણે ગાથામાં ક્રિયાપદનો અન્વય કરવાનો છે..

તું જે અર્થને ધારણ કરે છે એ અર્થ કેવા પ્રકારનો છે ? તે જણાવે છે.

(૧) **दोषशतमूलजालं** અહીં **दोषा:** = જેના વડે આત્મા દૂષિત કરાય તે દોષો કહેવાય. તે દોષો રાગ-દ્વેષ વિ. અથવા પ્રાણિહિંસા વિ. છે. કારણકે, તે બધા વડે જ કર્મબંધ દ્વારા આત્મા દૂષિત કરાય છે. (અર્થ) આવા સેંકડો દોષોનું કારણ છે અને જાળ જેવો છે. એવા અર્થને... (અન્વય આગળ બતાડી દીધો છે.)

(**પ્રશ્ન** : અર્થને જાળની ઉપમા કેમ આપી ?)

**ઉત્તર** : જેમ માછલાને માછીમારની જાળ બંધ = પકડવાં કારણ છે તેમ અર્થ પણ કર્મબંધનું કારણ છે. આ કારણે અર્થને જાળની ઉપમા આપી છે.

(અહીં સમાસવિધિ આ પ્રમાણે થશે.. સૌપ્રથમ દોષ શબ્દની વ્યુત્પત્તિ કરી છે.

(૧) **दुष्यते आत्मा एभि: इति दोषा: ।**

(૨) **दोषानां शतानि इति दोषशतानि ।**

(૩) **दोषशतानां मूलम् इति दोषशतमूलम्।**

(૪) **दोषशतमूलम् चासौ जालम् च इति दोषशतमूलजालम्, तद् ।**

(કર્મધારયસમાસ વિશેષણ-વિશેષ્યની જેમ વિશેષણ-વિશેષણનો પણ થાય. અહીં બે વિશેષણોનો કર્મધારય સમાસ થયો છે. દ્વિતીય વિશેષણનામ **जालम्** નપુંસકલિંગ છે તેથી અંતિમ સામાસિક પદ નપુંસકલિંગ થયું. તેની દ્વિતીયા એ.વ. વિભક્તિ દર્શાવવા **तद्** મૂક્યું અને બે વિશેષણના કર્મધારય સમાસનો વિગ્રહ વિશેષણ-વિશેષ્ય કર્મધારય સમાસના વિગ્રહની જેમ વિશેષ્યના લિંગથી જ થાય. તેથી અહીં વિશેષ્ય નામ **अर्थ** પુલિંગ હોવાથી વિગ્રહમાં **असौ** મૂક્યું છે.)

**અથવા** = ટીકાકારશ્રી બીજી રીતે સમાસવિધિ બતાવે છે કે -

વૃક્ષોના મૂળિયાના જાળાની જેમ સેંકડો દોષો રૂપી કારણોનો સમૂહ છે જેનો એવો અર્થ છે.

(જેમ વૃક્ષ મૂળિયાના જાળા પર ઊભું રહે તેમ અર્થ સેંકડો દોષો પર રહે છે. અર્થાત્ સેંકડો દોષો કરો ત્યારે અર્થ પ્રાપ્તિ થાય એવો ભાવાર્થ છે.)

(અહીં **मूलजालं** પદ **वृक्ष** અને **दोषशतानि** બંને સાથે જોડવાનું છે. જ્યારે **वृक्ष** સાથે જોડીએ ત્યારે ''મૂળિયાનું જાળું'' એવો અર્થ કરવો અને જ્યારે **दोषशतानि** સાથે જોડીએ ત્યારે ''કારણોનો સમૂહ'' એવો અર્થ કરવો.)

(**પ્રશ્ન** : **दोषशतमूलजालं** આ રીતે બે વ્યાખ્યા કરવાનું શું પ્રયોજન ?

**ઉત્તર** : પ્રથમ વ્યાખ્યામાં અર્થ દોષશતનું કારણ બતાવાયું એટલે કે દોષશત અર્થથી થાય એમ બતાવાયું, જ્યારે દ્વિતીય વ્યાખ્યામાં અર્થ દોષશતનું કાર્ય બતાવાયું એટલે કે દોષશતનું સેવન કરો તો અર્થપ્રાપ્તિ કરી શકો. એમ બતાવાયું.

બન્ને વ્યાખ્યામાં આ રીતનો કાર્ય-કારણભાવનો ભેદ છે માટે બે રીતે વ્યાખ્યા કરી)

(૨) **अत एव** = **અર્થ દોષશતનું જનક છે** અથવા **અર્થ દોષશતથી જન્ય છે** માટે જ વજસ્વામી વિ. પૂર્વઋષિઓ વડે વિશેષથી ત્યજાયેલ એવો આ અર્થ છે. એવા અર્થને...

(**પ્રશ્ન :** સામાન્યથી તમામ સાધુઓ અર્થનો ત્યાગ કરે છે. તો પછી 'પૂર્વર્ષિ વડે ત્યજાયેલ' એવું શા માટે લખ્યું ?)

**ઉત્તર :** 'પૂર્વકૃત અશુભ કર્મો, પડતો કાળ વિગેરેના દોષથી વર્તમાનકાલીન ઘણાં સાધુઓ અર્થની સારસંભાળાદિમાં હોંશિયાર દેખાતા હોવા છતાં પણ વિવેકીલોક વડે તેઓને આલંબનરૂપે ન કરવા, પણ પૂર્વર્ષિઓને જ આલંબનરૂપે કરવા' એવું જણાવવા માટે સામાન્યથી સાધુનું ગ્રહણ ન કરતાં પૂર્વર્ષિનું ગ્રહણ કરેલું છે.

(૩) **वान्तं** = પ્રવ્રજ્યાના સ્વીકાર વડે વાન્ત = ત્યજાયેલ એવા સોના-રૂપા વિ. રૂપ અર્થને **यदि** = જો તું ધારણ કરે છે.

(૪) **अनर्थ** = નરકમાં પાત = લઈ જવું વિગેરે અનર્થોનું કારણ હોવાથી (કારણમાં કાર્યનો ઉપચાર કરીને) અર્થને અનર્થ કહ્યો છે... આવા અર્થને (જો તું ધારણ કરે છે.)

**ततः** = તો હે દુષ્ટમતિમાન્! શું કામ નિષ્કારણ અનશન વિગેરે સ્વરૂપ તપને કરે છે. અહીં કહેવાનો આશય એ છે કે એક બાજુ પ્રવ્રજ્યાના સ્વીકારથી અર્થનો ત્યાગ કરે છે અને બીજી બાજુ એ જ અર્થને દીક્ષા બાદ પાછો ધારણ કરે છે. તારી પૂર્વાપર = આગળ-પાછળની અવસ્થા જોતા આ ઘટતું નથી = યોગ્ય નથી.

**વિશેષાર્થ :** (૧) ગાથામાં **यदि** શબ્દ છે. **ततः** શબ્દ નથી છતાં, **यद्** અને **तद्** હંમેશા સાથે જ રહે તેથી **ततः** શબ્દ ગાથામાં ન લખ્યો હોવા છતાં ટીકામાં જણાવાયો છે.

(૨) **पौर्वापर्य** = પહેલાની અને પછીની ઘટનાની સરખામણી.

**पूर्वापरस्य भावः इति पौर्वापर्यम्.**

किञ्च –

**वह-बंधण-मारण-सेहणाओ काओ परिग्गहे नत्थि?।**
**तं जइ परिग्गहो च्चिय, जइधम्मो ता नणु पवंचो ॥ ५१॥**

***वहबंधणमारणसेह० गाहा*** : **वधो** यष्ट्यादिभिस्ताडनं, **बन्धनं** रज्ज्वादिभिः, **मारणं** प्राणच्यावनं, **सेधना** नानाकारा कदर्थना। वधश्च बन्धनं चेत्यादिद्वन्द्वः। ताः काः ? कथय त्वमेव, याः **परिग्रहे** द्विपदादिसङ्ग्रहे **न सन्ति** न विद्यन्ते, सर्वा अपि सन्तीति भावः। तद्यद्येवमपि स्थिते परिग्रहः क्रियते प्रतिपन्नयतिधर्मैरपीति गम्यते **चिय**शब्दस्त्वेवकारार्थः, स च अवधारणार्थः, उपरिष्टात्सम्भन्त्स्यते **यतिधर्मः** साधुधर्मस्ततः **परिग्रहकरणात् ननु** निश्चितं प्रपञ्च एव विडम्बनैव। यदि वा **यतिधर्मस्ततो न** परिग्रहसन्निधानेन निवर्तितत्वात तदभाव एव, 'अहमेवं वितर्कयामीति,' **नु**शब्दार्थः । किं तर्हि ? **प्रपञ्च** एव, वेषपरावर्तेन लोकमोषणमित्यर्थः ॥ ५१ ॥

**અવતરણિકા :** અને બીજી વાત -

**ગાથાર્થ :** (૧) વધ (૨) બંધન (૩) મારણ (૪) સેધના... આમાંથી કોણ પરિગ્રહમાં નથી? (અર્થાત્ બધી જ બાબત પરિગ્રહમાં છે..) તો પણ જો પરિગ્રહ કરાય છે તો નિશ્ચે યતિધર્મ પ્રપંચ જ છે.. ।।૫૧।।

**ટીકાર્થ : (૧) વધ** = લાકડી વિ. વડે તાડન = મારવું.

**(૨) બન્ધન** = દોરડા વિ. વડે બંધન.

**(૩) મારણ** = પ્રાણોનો ત્યાગ કરાવવો.

**(૪) સેધના** = અનેક પ્રકારની કદર્થના = શારીરિક - માનસિક તકલીફો.

અહીં દ્વન્દ્વ સમાસ કરવાનો છે. તે આ પ્રમાણે :

**वधश्च बन्धनञ्च मारणञ्च सेधना च इति वधबन्धनमारणसेधनाः ।**

આ બધામાંથી પરિગ્રહમાં = દ્વિપદ વિગેરેના સંગ્રહમાં કોણ નથી? તે તું કહે... અહીં કહેવાનો ભાવ એ છે કે ઉપરોક્ત સર્વ બાબતો પરિગ્રહમાં છે. (અહીં ટીકા પંક્તિમાં **ताः**, **काः**, **याः**, વિ. સ્ત્રીવાચક પદો છે તે ઉપરોક્ત દ્વન્દ્વસમાસના સૂચક છે. સમાસ સ્ત્રી નામે પૂર્ણ થતો હોવાથી સ્ત્રીવાચક પદોથી આખો સમાસ જણાવાયો છે. ટીકાર્થમાં સરળતા માટે તે સ્ત્રીવાચક પદોનો અનુવાદ કર્યો નથી. તે જાણવું)

તેથી જો આ પ્રમાણે પણ = પરિગ્રહમાં વધાદિ છે એ પ્રમાણે પણ **स्थिते** = નક્કી થયે છતે

**प्रतिपन्नयतिधर्मैः** = સાધુઓવડે પણ પરિગ્રહ કરાય તો... (આગળ અન્વય થશે)

ગાથામાંનો **चिय** શબ્દ એવકાર = 'જ' કાર અર્થમાં છે, અને એ 'જ'કારનો સંબંધ આગળ **प्रपञ्च** '**एव**' ઠેકાણે કરાશે.

(આગળનો અન્વય શરૂ) (..તો) તેને લીધે = પરિગ્રહ કરવાને લીધે સાધુધર્મ નિશ્ચિત પ્રપંચ જ = વિડમ્બના જ (થઈ પડે) છે. (અર્થાત્ ફોગટ કષ્ટ જ છે કે જેનું કોઈ ફળ મળનાર નથી.)

(હવે, ગાથામાંના **ननु** શબ્દનો અન્વય અલગ રીતે કરીને ટીકાકારશ્રી બીજી રીતે ગાથાના ચોથા ચરણની વ્યાખ્યા કરે છે. આ વ્યાખ્યામાં **ननु** શબ્દના બંને અક્ષર છૂટા પાડી અન્વય કરાશે.)

અથવા

તેને લીધે = પરિગ્રહ કરણને લીધે યતિધર્મ નથી. એટલે કે પરિગ્રહના સન્નિધાન = હાજરીને લીધે યતિધર્મ નિવર્તિત છે = દૂર થયેલો છે. તેથી તેનો = યતિધર્મનો અભાવ જ છે. આ પ્રમાણે હું વિચારું છું.

(**પ્રશ્ન :** "આ પ્રમાણે હું વિચારું છું." એવું ગાથામાં ક્યાં લખ્યું છે?)

**ઉત્તર :** "આ પ્રમાણે હું વિચારું છું." આ **नु** શબ્દનો અર્થ છે. અર્થાત્ **नु** શબ્દ આ પ્રમાણે વિતર્ક = વિચારણામાં વપરાયેલ છે.

**પ્રશ્ન :** ગુરુજી! પરિગ્રહથી યુક્ત સાધુમાં યતિધર્મનો અભાવ છે એમ આપ વિતર્ક કરો છો તો છે શું? અર્થાત્ તેનામાં દેખાતાં સાધુવેષ, ક્રિયાઓ વિગેરેને શું કહેશો?

**ઉત્તર :** શિષ્ય! પરિગ્રહવાન્ સાધુના વેષ, સાધ્વાચાર યતિધર્મ તો નથી પણ પ્રપંચ જ છે. એટલે કે

વેષ પરિવર્તનવડે માત્ર લોકો સાથેની છેતરામણી છે. બીજું કશું નથી..

**વિશેષાર્થ :** ગાથામાંના **ननु** શબ્દ ના **न** નો **'यतिधर्मो न'** । ત્યાં અન્વય થયો અને **नु** શબ્દ **'अहम् एवं वितर्कयामि'** એ અર્થમાં વપરાયો. બીજી વ્યાખ્યાનું મૂળ **ननु** શબ્દનો આ રીતનો અન્વય જાણવો.

तदनेन बाह्यग्रन्थत्यागं प्रतिपाद्याऽधुनोपलक्षणत्वेन कुलाभिमानरूपान्तरग्रन्थत्यागार्थमिदमाह-

**किं आसि नंदिसेणस्स, कुलं? जं हरिकुलस्स विमलस्स।**
**आसी पियामहो सुचरिएण वसुदेवनामो त्ति ।। ५२ ।।**

**विज्जाहरीहिं सहरिसं, नरिंददुहियाहिं अहमहंतीहिं।**
**जं पत्थिज्जइ तइया, वसुदेवो तं तवस्स फलं ।। ५३ ।।**

***किं आसि० गाहा - विज्जाहरीहिं० गाहा :*** उक्तमेवेदं प्राक् मातङ्गबलर्षिकथानके, किं पुनरुच्यते इति चेन्न, उपदेशे तु पुनरुक्तताया अदोषत्वात्, उक्तं च -

सज्झायज्झाणतवओसहेसु उवएसथुइपयाणेसु। संतगुणकित्तणासु य, न होंति पुणरुत्तदोसाओ ।। १ ।।

अथवा तत्रेहलोके कुलस्याऽप्रधान्यमुक्तं गुणानां पूज्यताद्वारेण। इह तु परलोकमधिकृत्येति न दोषः। एवमुत्तरत्राप्यपौनरूक्त्यं स्वधिया योज्यमिति। तत्र तावत्सुखबोधार्थं कथानकं कथ्यते, पश्चाद् गाथार्थः कथयिष्यते।

नन्दिग्रामे चक्रचरधिग्वर्णदारकस्य नन्दिषेणनाम्नो अव्यक्तस्यैव मृतौ माता-पितरौ, स्थितो मातुलसमीपे। किमत्र कर्म मुधिकया करोषि? किं वा न दारसङ्ग्रहणं द्रव्योपार्जनद्वारेणेति? विप्रतारितोऽसौ लोकैः। ततो निर्गन्तुकामः 'स्वसुतां ते दास्यामीति' वदता विधृतो मातुलेन। यौवनस्था चोपस्थापिता सा तस्य तेन, तया च तं निरीक्ष्य तद्दौर्भाग्य-वैरूप्याभ्यां जातवैमुख्यया पितरं प्रत्युक्तं यदि मामस्मै दास्यसि ततोऽहं मरिष्ये। ततो द्वितीयां दास्यामि, इयं तु नेच्छतीति सम्भाव्य धृतो निर्गच्छन्नसौ तेन। एवं सप्तभिस्तत्सुताभिर्मरणाभ्युपगमेनानिष्टस्य जातमस्य वैराग्यं, चिन्तितमनेन स्वपापतरुफलमिदं, तत् किं दारसङ्ग्रहेण? करोमि तदुन्मूलने यत्नमिति सञ्चिन्त्याटता तेन दृष्टः कश्चिदाचार्यः, धर्मं श्रुत्वा प्रव्रजितस्तत्सकाशे। अभ्यस्तक्रियाकलापो गृहीतागमश्च पञ्चशतिकगच्छस्य गृहीताभिग्रहो वैयावृत्यं कर्तुमारब्धः। कुर्वतश्च सोत्साहं कृतकृत्यमात्मानं भावयतो गतो बहुः कालः ।

अन्यदा स्वसभायां 'धन्यः कृतार्थो नन्दिषेणो यो देवैरपि न धर्माच्च्याव्यते' इति श्लाघितः शक्रेण। तदश्रद्धानोऽवतीर्णः कश्चिद्देवः। स्थित्वा साधूपाश्रयद्वारे स प्राह-अटव्यां ग्लानस्तपस्वी तिष्ठतीति। तदाकर्ण्य षष्ठपारणके गृहीतप्रथमकवलस्तं परित्यज्य सहसा निर्गतो नन्दिषेणः परिपृच्छ्य तं प्रदेशमवस्थां च प्रविष्टः पानकौषधाद्यर्थं गोचरे। देवविहितानेषणामदीनमनस्को लाभान्तरायक्षयोपशमस्योत्कटतया निर्जित्य गृहीत्वैषणीयं पानकादिकं गतस्तं प्रदेशम्। दर्शितो देवेनाशुचिबीभत्सो 'धिग्दुर्मुण्ड! स्वोदरभरणाक्षणिक!' इत्यादिकर्कशवचनैर्विरारट्यमानो ग्लानसाधुः ।

ततो बत मयाऽधन्येनाऽस्य महामुनेर्मनःखेदः सम्पादितः, कथं चायं प्रगुणो भविष्यतीति चिन्तयता तेन क्षालितस्तद्देहः। धीरो भव, करोमि निरुजं भवन्तं, गत्वोपाश्रयमिति समाश्वासितो मधुरवचनैर्नन्दिषेणेन, स प्राह– 'आः पाप! न जानीषे मेऽवस्थां, न शक्नोम्यहं पदमपि गन्तुम्।' ततः समारोप्य स्वपृष्ठदेशे तमितरो गन्तुमारब्धः। देवोऽपि मुञ्चति दुर्गन्ध्यशुच्यादीनि, 'धिग् दुरात्मन्! वेगविघातं करोषि!' इत्यादिभिः शपते च कटुकवाक्यैः । इतरोऽपि प्रवर्धमानतीव्रतरशुभपरिणामः कथमयं महात्मा स्वस्थः स्यादिति चिन्तयन् 'मिथ्यादुष्कृतमिदानीं शोभनं नयामीति' वदन् गच्छति स्म। ततो देवस्तच्चरितावर्जितमानसः स्थाने शक्रस्य पक्षपात इति सञ्चिन्त्य मायां संहृत्य प्रकटितदिव्यरूपः पतितः पादयोर्निवेद्य वृत्तान्तमाह च–किं मया कर्तव्यं ? मुनिराह–यथाशक्ति धर्मोद्यम इति। गतोऽसौ स्वस्थानम् मुनिश्च। पृच्छतां साधूनां कथितं यथावृत्तम्।

पश्चादवसानकाले स्मृतगृहस्थावस्थादौर्भाग्येण मनुष्यभवेऽहं सुभगो भूयासमिति कृतमनेन निदानम्। गतो दिवम्, ततश्च्युत्वा जातो दशमदशार्हो वसुदेवनामा। प्राप्तयौवनेन च तेन भ्रमता कृता हृतहृदयाः पुरसुन्दर्यः स्वगृहकर्मापि त्यक्तवत्यः। ततो नागरकविज्ञप्तसमुद्रविजयोपरोधान्निर्गतेन देशकालिकया पर्यटता वसुधाम् रूपातिशयाक्षिप्तमनोभिः सर्वलोकैरपरापरस्थानेषु नीयमानेन परिणीता बहुसहस्रसङ्ख्या विद्याधरनरपतिवरकन्यकाः, प्राप्तो वैषयिकसुखातिरेकः। पश्चान्मिलितेन बन्धुभिः समुत्पन्नेऽर्धचक्रवर्तिनि कृष्णे सुतोत्तमे, जातेषु प्रद्युम्नादिषु तद्वरतनयेषु लब्धं हरिवंशस्य पितामहत्वमिति।

**अधुना गाथार्थः कथ्यते - किमासीन्नन्दिषेणस्य कुलम्?** उच्छिन्नत्वाद्धिग्जातित्वाद्वा न किञ्चिदित्यर्थः। तथापि **यद्यस्मादसौ हरिकुलस्य विमलस्य** निष्कलङ्कस्य विपुलस्य वा विस्तीर्णस्य **सुचरितेन** सदनुष्ठानेन हेतुभूतेन **पितामहो वसुदेवनामासीदिति।** तस्मात्तदेव सुचरितं प्रधानमिति गम्यते। तथा **विद्याधरीभिरम्बर**चारिणीभिः **सहर्षं** सतोषं **नरेन्द्रदुहितृभि**र्नरपतिसुताभिश्चेत्यर्थः, **यत्प्रार्थ्यते**ऽभिलष्यते **तदा** तस्मिन् काले वसुदेवः **तत्तपसः** प्राग्भवविहितस्य वैयावृत्त्यादेः **फलं** कार्यं,तज्जनितपुण्यशेषसम्पाद्यत्वात्तस्य। किंभूताभिः प्रार्थ्यते ? **अथ** स्वगृहनिर्गमनादनन्तरं **महतीभिः** प्रधानाभिः, अथवा **'अहमहंतीहिं त्ति'** प्राकृतशैल्या अहमहमिकया परस्परस्पर्धयान्योन्योद्दालनेनेत्यर्थः ॥ ५२ ॥ ॥ ५३ ॥

**અવતરણિકા : तदनेन** = ગાથા ૪૭થી ૫૧ સુધીના પ્રકરણ વડે બાહ્ય પરિગ્રહના ત્યાગને કહીને હવે બાહ્યગ્રંથત્યાગ ઉપલક્ષણ રૂપ હોવાથી કુલાભિમાનસ્વરૂપ આન્તર પરિગ્રહના ત્યાગ માટે ગ્રંથકારશ્રી કહે છે..

(૧) અવતરણિકામાં **अनेन** શબ્દથી માત્ર ૫૧મી ગાથા લેવી નહીં કા.કે. ગાથા ૪૭થી બાહ્યપરિગ્રહત્યાગની જ વાત ચાલે છે તેથી **अनेन** શબ્દથી ગાથા ૪૭થી ૫૧ સુધીનું બાહ્યપરિગ્રહત્યાગનું પ્રકરણ લેવું...અર્થાત્ **अनेन** ના વિશેષ્ય તરીકે 'પ્રકરણ' શબ્દ સમજવો. ('પ્રકરણ' સિવાય એના જેવો બીજો પણ કોઈ **अ** કારાન્ત શબ્દ લેવામાં વાંધો નથી. માત્ર અર્થ તથા લિંગ સચવાવા જોઈએ.)

(૨) ધન-ધાન્યાદિ બાહ્યગ્રન્થ કહેવાય...

ક્રોધ, માન વિ. આત્માના દોષો આભ્યન્તર ગ્રન્થ કહેવાય...)

**ગાથાર્થ :** શું નંદિષેણનું કુલ હતું ? તો પણ સુચરિત વડે નિર્મલ એવા હરિકુળના વસુદેવ નામે

પિતામહ થયા... ।। ૫૨ ।। તે કાળે વસુદેવ વિદ્યાધરીઓ અને રાજપુત્રીઓ વડે અહમહમિકા વડે = હું પહેલી હું પહેલી એવી સ્પર્ધા વડે જે સહર્ષ પ્રાર્થના કરાય છે તે તપનું ફળ છે. ।। ૫૩ ।।

**ટીકાર્થ : પ્રશ્ન :** ભાઈ! આ = કુલાભિમાન ત્યાગનું પ્રકરણ પહેલા (ગાથા ૪૩માં) માતઙ્ગબલર્ષિના કથાનકમાં કહેવાઈ જ ગયું છે. તો ફરીથી શા માટે કહેવાય છે ? આ રીતે તો આ ગ્રંથ પુનરુક્તિ દોષથી દુષ્ટ થશે.

**ઉત્તર :** (કુલાભિમાનના ત્યાગનો ઉપદેશ આ ગાથાનો વિષય છે.) ઉપદેશમાં પુનરુક્તતા દોષરૂપ બનતી નથી. આવશ્યક નિર્યુક્તિમાં આ અંગે કહેવાયું જ છે :

''સ્વાધ્યાય, ધ્યાન, તપ અને ઔષધમાં (તથા) ઉપદેશ અને સ્તુતિના દાનમાં (કહેવામાં),

વિદ્યમાન (= વાસ્તવિક) ગુણોના કીર્તનમાં (કહેવામાં) પુનરુક્તિ દોષો થતાં નથી.''

(શ્લોકમાં **पुणरुत्तदोसाओ** એ બહુવચન છે. તેથી પુનરુક્ત દોષો ઘણાં છે એવો અર્થ ન સમજવો. કારણકે પુનરુક્તિ દોષનું સ્વરૂપ એક જ છે કે એક જ વાતનું 'એકથી વધુ વાર કથન કરવું.' તેથી કોઈપણ વાતોનું એકથી વધુ વાર કથન કરવામાં એક જ લક્ષણયુક્ત પુનરુક્તિ દોષ લાગે. જ્યારે અહિંયા જે બહુવચન કરેલ છે તે પુનરુક્ત દોષ લાગવાના સ્થળો અનેક હોવાથી એની અપેક્ષાએ પુનરુક્ત દોષ ઘણાં કહેવાય. આ અપેક્ષાએ જાણવું.)

(હવે '**अथवा**' કહીને 'આ સ્થાને પુનરુક્તતા જ નથી' એ વાતને ટીકાકારશ્રી બતાવે છે )

અથવા

તત્ર = ગાથા ૪૩માં ગુણોની પૂજ્યતા દેખાડવાપૂર્વક આલોકને આશ્રયી કુળનું અપ્રાધાન્ય કહ્યું હતું... અહીંયા પરલોકને આશ્રયી કુળનું અપ્રાધાન્ય ગુણોની પૂજ્યતા દેખાડવાપૂર્વક કહેવાય છે. આમ, ત્યાં અને અહીંનો વિષય ભિન્ન હોવાથી પુનરુક્તતાનો સંભવ નથી.

આ પ્રમાણે ઉત્તરત્ર = આગળ પણ અપુનરુક્તતા પોતાની બુદ્ધિથી જોડવી.

તત્ર = કુલના અપ્રાધાન્યના કથનમાં તાવત્ = સૌપ્રથમ સુખેથી બોધ થાય એ માટે કથાનક કહેવાય છે. ગાથાર્થ પાછળથી કહેવાશે.

નન્દિગામમાં (ચક્ર = તાંબાના ભાજનને લઈને ભિક્ષા માટે જે (ચર) ચરે તે ચક્રચર એટલે કે)ભિક્ષુક બ્રાહ્મણનો દીકરો નામે નંદિષેણ હતો. તે નાનો હતો ત્યારે તેના માતા-પિતા મૃત્યુ પામ્યા. તેથી તે મામાની પાસે રહ્યો.. 'અરે! તું અહીં ફોગટ કામ કેમ કરે છે ? ધનોપાર્જન દ્વારા પત્નીનો સંગ્રહ કેમ કરતો નથી?' આ પ્રમાણે લોકો વડે આ = નંદિષેણ વિપ્રતારિત = ખોટી વાતો કહેવા દ્વારા ચઢાવાયો. મામાના ઘરેથી નીકળવાની ઈચ્છાવાળો તે મામા વડે ''મારી દીકરી તને આપીશ'' એમ કહીને રોકાવાયો. યુવાનવયને પામેલી તેણી (મામાની દીકરી) મામા વડે તેની (નંદિષેણની) પાસે લવાઈ. તેને જોઈને તેના દુર્ભાગ્ય અને વિરૂપતાને લીધે તેનાથી વિમુખ થયેલી તેણી વડે પિતાને ઉત્તર અપાયો કે ''જો તમે મને આને આપશો તો હું મરી જઈશ.'' તેથી ''બીજી દીકરી આપીશ, આ વળી ઈચ્છતી નથી'' એમ **सम्भाव्य** = સમજાવીને જતો એવો નન્દિષેણ મામા વડે રોકાવાયો. આ પ્રમાણે તેની સાતે દીકરીઓ વડે

મૃત્યુના અંગીકારપૂર્વક અનિચ્છિત એવા તેને વૈરાગ્ય થયો. (અને) એના વડે વિચારાયું કે ''આ મારા પાપો રૂપી વૃક્ષનું ફળ છે. તેથી પત્નીના સંગ્રહથી સર્યું. હવે એ પાપરૂપી વૃક્ષના ઉન્મૂલનમાં = નાશમાં યત્ન કરું'' આ પ્રમાણે સારી રીતે વિચારીને (મામાના ઘરેથી નીકળ્યો અને ગામ - પરગામ) ફરતાં તેના વડે કોઈક આચાર્ય જોવાયા. તેમની પાસે ધર્મ સાંભળીને દીક્ષા લીધી. (કાળક્રમે) સાધુજીવનના આચારોનો અભ્યાસ કર્યો અને આગમોના જ્ઞાતા બન્યા. (આ રીતે જ્ઞાન અને ક્રિયા વડે પૂર્ણ થઈને) તેઓએ ૫૦૦ સાધુના ગચ્છની વૈયાવચ્ચ કરવાનો અભિગ્રહ લીધો (અને) વૈયાવચ્ચ કરવા લાગ્યા. ઉત્સાહપૂર્વક વૈયાવચ્ચ કરતા અને આત્માને ''કૃતકૃત્ય છું'' એમ ભાવિત કરતા તેમનો ઘણો કાળ ગયો.

એક વખત ઈન્દ્ર વડે પોતાની દેવ સભામાં પ્રશંસા કરાઈ કે ''નન્દિષેણ ધન્ય છે, કૃતાર્થ છે કે જે દેવો વડે પણ ધર્મથી ભ્રષ્ટ કરી શકાય એમ નથી.'' શક્ર = ઈન્દ્રની તે = આ પ્રશંસાને સાચી નહીં માનતો કોઈક દેવ (મર્ત્યલોક પર) ઉતર્યો (અને) સાધુના ઉપાશ્રયના દ્વારે ઉભો રહીને બોલ્યો - ''જંગલમાં ગ્લાનસાધુ રહ્યા છે.'' તે સાંભળીને છટ્ઠના પારણે હાથમાં પ્રથમ કોળિયો ગ્રહણ કરેલા નન્દિષેણ મુનિ તે કોળીયાનો ત્યાગ કરીને તરત ઉપાશ્રયેથી નીકળ્યાં. મહાત્મા જે સ્થાને રહ્યા છે તે પ્રદેશને અને તેમની અવસ્થાને પૂછીને પાણી, ઔષધ વિગેરે માટે ગોચરીમાં = ભિક્ષાટનમાં (માટે) **પ્રવિષ્ટઃ** = ગયા. (ત્યારે દેવે અનેષણા કરી.) દેવે કરેલ તે અનેષણાને અદીનમનવાળા એવા તેમણે લાભાન્તરાયના ક્ષયોપશમની ઉત્કટતા હોવાથી સંપૂર્ણપણે જીતીને (અર્થાત્ અત્યારે દેવકૃત અનેષણા થતી હોવાથી લાભ થવો અત્યંત અઘરો હતો, છતાં એમના ઉત્કટ વૈયાવચ્ચના ભાવને લીધે ઉત્કટ એવો લાભાંતરાયનો ક્ષયોપશમ થઈ ગયો અને એને લીધે અલાભ પરિષહને જીતીને) એષણીય = નિર્દોષ પાણી વિ. લઈને તે પ્રદેશે ગયા (જ્યાં ગ્લાનસાધુ હતા.) દેવ વડે અશુચિથી ખરડાયેલા અને ''હે કુસાધુ ! પોતાનું પેટભરવામાં તત્પર ! તને ધિક્કાર હો..'' વિગેરે કર્કશ વચનો વડે બૂમો પાડતા ગ્લાન સાધુ દેખાડાયા...

ત્યારબાદ ''ખરેખર અધન્ય એવા મારા વડે આ મહામુનિ માનસિક ખેદ પહોંચાડાયા. (ખેર, હવે) આ કેવી રીતે સારા થશે ?'' એ પ્રમાણે વિચારતા તેમના વડે તેમનો = ગ્લાન સાધુનો દેહ સાફ કરાયો. નન્દિષેણ વડે (ત્યારે) ''ધીરજ રાખો. ઉપાશ્રયે જઈને આપને નિરોગી કરું છું. '' આ પ્રમાણે મધુરવચનો વડે સારી રીતે આશ્વાસન અપાયેલ તે (ગ્લાન સાધુ) બોલ્યા, ''હે પાપી! તું મારી અવસ્થાને જાણતો નથી. હું એક ડગલું પણ જવાને = ચાલવાને સમર્થ નથી.'' ત્યારબાદ પોતાની પીઠ પર તેમને ચઢાવીને ઈતર = બીજો = નંદિષેણ જવા લાગ્યા... (ત્યારે) દેવ પણ દુર્ગન્ધી એવા અશુચિ વિગેરેને છોડે છે. (અને) ''હે દુરાત્મા ! તને ધિક્કાર છે. વેગવિઘાતને કરે છે. (મને સ્થંડીલ થઈ જાય એ રીતે ચાલે છે)'' વિગેરે કડવાવાક્યો વડે શાપ આપે છે = તિરસ્કાર કરે છે. ઈતર = નન્દિષેણ પણ એકદમ વધતાં તીવ્રતરશુભપરિણામવાળા ''આ મહાત્મા કેવી રીતે સ્વસ્થ થાય'' એમ વિચારતાં (અને) ''મિચ્છામિ દુક્કડમ્, હવે સારી રીતે લઈ જાઉં છું'' એ પ્રમાણે બોલતાં(ઉપાશ્રય તરફ) ગયા.

ત્યારબાદ તેમના ચરિત (= ધર્માચરણ)થી આવર્જિત મનવાળા દેવે ''ઈન્દ્રનો યોગ્ય સ્થાને પક્ષપાત

છે'' એમ વિચારીને (પોતે રચેલ) દૈવી માયાને સંહરીને પ્રગટ કરાયેલ દિવ્યરૂપવાળો (તે) મુનિના પગમાં પડ્યો અને ઈન્દ્રની પ્રશંસા વિ. સર્વ વૃત્તાન્તને (= પ્રસંગને) કહીને બોલ્યો છે કે ''મારા વડે શું કરવા યોગ્ય છે ?'' મુનિએ કહ્યું કે - ''શક્તિ પ્રમાણે ધર્મને વિષે ઉદ્યમ (કરવા યોગ્ય છે.)'' (ત્યારપછી) તે દેવ પોતાના સ્થાને ગયો. અને મુનિ પણ સ્વસ્થાને = ઉપાશ્રયે ગયા. (ઉપાશ્રયે પહોંચેલા) મુનિએ (શું થયું ? ગ્લાન મહાત્મા ક્યાં છે ? વિગેરે) પૂછતા સાધુઓને જે પ્રમાણે થયું તે પ્રમાણે કહ્યું .

પાછળથી મૃત્યુના સમયે ગૃહસ્થઅવસ્થાના દૌર્ભાગ્યના સ્મરણવાળા તેમના વડે ''મનુષ્યભવમાં હું સુંદર ભાગ્યવાળો થાઉં.'' આ પ્રમાણે નિયાણું કરાયું. (ત્યાંથી મૃત્યુ પામી) સ્વર્ગે ગયા. ત્યાંથી ચ્યવીને દશમા દશાર્હરાજા વસુદેવ નામે થયા.

(સમુદ્રવિજય (નેમિનાથપ્રભુના પિતાશ્રી), અક્ષોભ્ય વિગેરે દસ ભાઈઓ દશાર કહેવાય... વસુદેવ દસમા નંબરના ભાઈ હતા. તેથી દશમા દશાર કહેવાયા) યૌવનવય પામેલા નગરમાં ફરતાં તેમના વડે પુરસુંદરીઓના (શ્રેષ્ઠ કન્યાઓના) હૃદય હરાયા કે જેણીઓ સ્વગૃહકાર્યને પણ છોડી દેતી હતી. તે કારણે નગરજનો દ્વારા વિનંતી કરાયેલ સમુદ્રવિજયના આગ્રહથી વસુદેવ દેશપર્યટન માટે નીકળ્યા, દેશપર્યટનના હેતુથી પૃથ્વીને વિષે ફરતાં, અતિસુંદર રૂપથી આક્ષિપ્ત મનવાળા સર્વ લોકોવડે અન્ય અન્ય સ્થાનોમાં લઈ જવાતા તેમના વડે હજારો વિદ્યાધરો અને રાજાઓની શ્રેષ્ઠ કન્યાઓ પરણાઈ. (અને) અતિશય વૈષયિકસુખ પ્રાપ્ત કરાયું.

પાછળથી ભાઈઓ સાથે મળ્યા ત્યારબાદ, અર્ધચક્રી = વાસુદેવ કૃષ્ણ પુત્રરૂપે ઉત્પન્ન થયા અને તે કૃષ્ણના પણ પ્રદ્યુમ્ન વિ. શ્રેષ્ઠપુત્રો ઉત્પન્ન થયા (ત્યારે) તેઓ વડે હરિકુળ = વાસુદેવના કુળનું પિતામહત્વ = વડીલપણું પ્રાપ્ત કરાયું.

(આ રીતે 'કુળરહિત એવા નન્દિષેણ પણ પછીના ભવમાં હરિકુળના પિતામહ બન્યા' એનું કથાનક કહેવાયું)

હવે, ગાથાર્થ કહેવાય છે.

શું નન્દિષેણનું કુળ હતું ? (કહેવાનો આશય એ છે કે) **उच्छिन्न** = છેદાઈ ગયેલ (માતા-પિતા મરી ગયેલ હોવાને લીધે) નહોતું, ધિગ્જાતીય = ભિક્ષુકબ્રાહ્મણકુળવાળો હોવાથી (હોવા છતાં પણ ગૌરવરહિત હોવાથી) નહોતું. તો પણ (પરભવમાં) જે કારણથી આ = નન્દિષેણ (**विमलस्स** પાઠના આધારે) પવિત્ર અથવા તો (**विउलस्स** પાઠના આધારે) વિસ્તીર્ણ = વિશાળ એવા હરિકુલના પિતામહ = વડીલ નામે વસુદેવ થયા. જેમાં હેતુ = કારણ (પૂર્વભવીય) સુચરિત = વૈયાવચ્ચ, સાધુજીવનાદિ સુંદર અનુષ્ઠાનો બન્યા. તેથી 'તે સુંદર અનુષ્ઠાન જ પ્રધાન છે (પણ કુળ નહીં)' આ વાત ગાથામાં કહી ન હોવા છતાં પ્રકૃતના આધારે જણાય છે.

તથા તે કાળે (વસુદેવના ભવમાં) વિદ્યાધરીઓ અને રાજકન્યાઓ વડે વસુદેવ જે સહર્ષ ઈચ્છાય છે તે પૂર્વભવમાં કરેલ વૈયાવચ્ચાદિનું ફળ જાણવું. કારણકે, અનેક નારીઓનું પ્રાર્થન વૈયાવચ્ચાદિજન્ય પુણ્યની શેષથી = બાકી રહેલ ભાગથી પ્રાપ્ત કરવા યોગ્ય છે. (અર્થાત્ વૈયાવચ્ચાદિના પુણ્યથી સ્વર્ગાદિના

સુખ મળ્યા બાદ વધેલા પુણ્યના પ્રભાવે વસુદેવ અનેક નારીઓના પ્રાર્થનાનું સ્થાન બન્યા હતા.)

**પ્રશ્ન :** વસુદેવ જે અનેક નારીઓ વડે પ્રાર્થના કરાતા તે નારીઓ કેવા પ્રકારની હતી?

**ઉત્તર : अह महंतीहिं = अथ महतीभिः** = પોતાના ઘરમાંથી નીકળ્યા બાદ પ્રધાન એવી સ્ત્રીઓ વડે વસુદેવ પ્રાર્થના કરાતા હતા. ('**अथ**' શબ્દ અનંતર અર્થમાં હોવાથી **स्वगृह**...આવો અર્થ કર્યો. આ અર્થનો ભાવાર્થ આ પ્રમાણે છે : પીયર પક્ષમાં તો સ્ત્રી પ્રધાન હોય પણ સાસરે ગયા બાદ પણ જેઓ પ્રધાન હતી. તેવી સ્ત્રીઓ પ્રાર્થના કરતી હતી.)

હવે **अह महंतीहिं** પાઠની જગ્યાએ **अहमहंतीहिं** પાઠ પ્રમાણે અર્થ કરીએ તો અહમ્ અહમિકા વડે એટલે કે પરસ્પર સ્પર્ધાથી એક બીજાને ઉદ્દાલન = ધક્કા મારવા વડે વસુદેવને પ્રાર્થના કરતી હતી. (પરસ્પર સ્પર્ધાથી પોતાનો પ્રથમ નંબર લગાડવા એક બીજાને દૂર કરતી સ્ત્રીઓ પ્રાર્થના કરતી હતી.) ।।૫૨।। ।।૫૩।।

**વિશેષાર્થ :** (૧) **वैयावृत्त्यादेः फलं कार्यम्**, આ સ્થળે **फलम्** નો અર્થ જ **कार्यम्** કરેલો જાણવો... પૂર્વભવીય વૈયાવચ્ચ વિગેરે કારણ અને વસુદેવભવે 'પ્રધાનનારી પ્રાર્થન' તેનું કાર્ય એ રીતે અર્થ કરવો.

(૨) **પ્રશ્ન :** 'નારી પ્રાર્થન' વૈયાવચ્ચ વિગેરેનું ફળ છે' એ પદાર્થમાં '**तज्जनित... तस्य**' આ હેતુ કેમ બતાડ્યો?

**ઉત્તર :** સામાન્યથી એવો નિયમ છે કે, 'કાર્ય વખતે કારણ હાજર જોઈએ.' હવે અહીં વૈયાવચ્ચ વિ. રૂપ કારણ પૂર્વભવમાં છે અને કાર્ય પછીના ભવમાં એથી ઉપરોક્ત નિયમ તૂટે માટે ટીકાકારશ્રી આ હેતુ બતાડીને કાર્યના સમકાલભાવી એવું 'પુણ્યોદય' રૂપ કારણ બતાડી દીધું. હા! આ પુણ્ય પણ પ્રાપ્ત થયું હતું વૈયાવચ્ચ વિ.ને લીધે જ. એથી અપેક્ષાએ વૈયાવચ્ચ વિ.ના પણ ફળ તરીકે 'નારી પ્રાર્થન' કહી શકાય.

स्यात्-किमिति नन्दिषेणेन देवे शपमाने क्षमा कृतेत्युच्यते मोक्षाङ्गत्वात्तस्याः, कथमित्यत्र दृष्टान्तमभिधित्सुराह –

**सपरक्कमराउलवाइएण सीसे पलीविए नियए।**
**गयसुकुमालेण खमा, तहा कया जह सिवं पत्तो ।। ५४ ।।**

***सपरक्कमराउल० गाहा :*** पराक्रमः परनिराकरणोत्साहः, सह पराक्रमेण वर्तते इति सपराक्रमं, तच्च तद्राजकुलं च तस्य वातस्तज्जनित उत्कर्षः, स विद्यते यस्याऽसौ **सपराक्रमराजकुलवातिकः,** यद्वा सपराक्रम इति तस्यैव विशेषणम्, सपराक्रमश्चासौ राजकुलवातिकश्चेति समासः **तेन, शिरसि** मस्तके **प्रदीपिते** प्रज्वलिते **निजके** स्वीये **गजसुकुमारेण क्षमा** क्षान्तिस्**तथा** तेन निष्प्रकम्पताप्रकारेण **कृता** विहिता उपसर्गकारिगोचरा इति गम्यते, **यथा शिवं** मोक्षं **प्राप्त** इति गाथाक्षरार्थः। **भावार्थः कथानकादवसेयस्तच्चेदम् -**

द्वारवत्यां कृष्णस्य मातुर्देवक्या निजतनयपीयमानस्तनीं काञ्चिन्नारीं उपलभ्य सञ्जातमौत्सुक्यं, यदुत

धन्यास्ता: प्रमदा यासां दुग्धलुब्धमुग्धस्मेरमुखैर्वल्गच्छिरोधरै:स्वतनयै: स्तनौ पीनौ पीयेते, मम पुनर्मन्दभाग्याया नैतत्सम्पन्नमिति सविषादा च दृष्टा कृष्णेन, स प्रणिपत्याह – अम्ब! किमेतत्? तत: कथितं तया निजाकूतम्। पूरयामि ते मनोरथानित्यभिधायाराधितस्तेन देव:। स प्राह – भविष्यति तनयो दिवश्च्युत:, केवलं जन्मान्तराभ्यस्तकुशलकर्मत्वान्न चिरं गृहे स्थास्यतीति। तदाकर्ण्य कथितं कृष्णेन देवक्या:, प्रतिपन्नं तया। ततो गजस्वप्नसूचित आविर्भूतो गर्भ:, जात: क्रमेण दारक:, प्रतिष्ठितं नाम गजसुकुमार इति। प्राप्तो यौवनमुद्वाहित: सोमिलब्राह्मणसुतां माता-पितृभ्यां, स पुनरिन्द्रजालमिव जगदसारं मन्यमानो विडम्बनाप्रायं वैषयिकं सुखं चिन्तयन् कारागृहमिव गृहं तदनुरोधात् तावन्तं कालमधिवसति स्म। पश्चान्निवेद्य स्वाभिप्रायं तयो: सम्भाव्य च नानोपायै: विमुक्तस्ताभ्यां कृष्णेन च भगवदरिष्टनेमिपादमूले निष्क्रान्तोऽभ्यस्तद्विविधशिक्षोऽन्यदा द्वारवत्यामेव स्मशाने स्थित: कायोत्सर्गेण कथञ्चित्तद्देशमागतेन दृष्ट: सोमिलेन। मद्दुहितरं परिणीय त्यक्तवानयं दुष्टात्मेति समुल्लसितोऽस्य क्रोध:।

तत: कृत्वा मृत्तिकया शिरसो वेष्टनं, प्रक्षिप्य तत्र ज्वलिताङ्गारानपक्रान्तोऽसावितरस्यापि 'अहो! मन्निमित्तमयं वराक: कश्चित्प्रपतिष्यति घोरे नरके' इति भावनासमीरणसन्धुक्षिते ज्वलति ज्वलने तत्सहाय इव प्रवृद्ध: शुक्लध्यानज्वलन:, दग्धं इतरेण शरीरमिव घातिकर्मचतुष्टयं, समुत्पन्नं केवलज्ञानम्, अध्यासिता शैलेशी, समाप्तमायुष्कं, सम्प्राप्त: परमपदमिति। द्वितीयदिने समागतो विष्णुर्भगवद्वन्दनार्थं, वन्दित: सह मुनिभिर्भगवान्। पश्चात् क्व गजसुकुमार इति तस्य वदतो भगवतोक्तं साधितं तेन स्वकार्यम्। विष्णुराह – कथं? तत: कथितो भगवता तद्वृत्तान्त:। विष्णुराह – केनेदमनुष्ठितं? भगवान् आह– 'यस्य त्वां दृष्ट्वा शिरो विदलिष्यति', प्रविशता च दृष्टो भयेन प्रपलायमान: सोमिल:। कृष्णदर्शनादाविर्भवद्भयोत्कर्षस्य दीर्णं तस्य मस्तकमिति ॥ ५४ ॥

**અવતરણિકા : પ્રશ્ન :** ગુરુજી ! જ્યારે ગ્લાન સાધુ બનેલા દેવે નન્દિષેણનો તિરસ્કાર કર્યો ત્યારે નન્દિષેણ વડે શા માટે ક્ષમા કરાઈ ?

**ઉત્તર :** શિષ્ય ! ક્ષમા મોક્ષનું કારણ છે માટે.

**પ્રશ્ન :** ગુરુજી ! કઈ રીતે ?

**ઉત્તર :** શિષ્ય ! આ પ્રશ્નના ઉત્તરમાં દૃષ્ટાન્તને જણાવવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે :

**ગાથાર્થ :** પરાક્રમી એવા રાજકુળના ગર્વવાળા ગજસુકુમાલવડે સોમિલ સસરા વડે પોતાનું મસ્તક પ્રજ્વલિત કરાયે છતે તે પ્રકારે ક્ષમા કરાઈ જે પ્રકારે (તે) મોક્ષને પામ્યા. ।। ૫૪ ।।

**ટીકાર્થ :** (૧) પરાક્રમ = શત્રુને હરાવવાનો ઉત્સાહ... આવા પરાક્રમ સહિત જે હોય તે સપરાક્રમ...

પરાક્રમવાળું એવું જે રાજકુલ. (કર્મધારય) તેનો **वात:** = પવન એટલે કે તેવા પોતાના રાજકુળને લીધે ઉત્પન્ન થયેલ ઉત્કર્ષ (ગર્વ.) એ ગર્વ જેને છે તે **સપરાક્રમરાજકુલવાતિક** = પરાક્રમી એવા રાજકુળના ગર્વવાળા

અથવા સપરાક્રમરાજકુલવાતિકનો અન્ય રીતે સમાસ કરવો.

(૨) સપરાક્રમને **तस्य** = ગજસુકુમાલનું જ વિશેષણ જાણવું જેથી

**सपराक्रमश्चासौ राजकुलवातिकश्च इति सपराक्रमराजकुलवातिकः** આવો બે વિશેષણોનો કર્મધારય સમાસ થશે.

(પ્રથમ સમાસમાં **सपराक्रम** એવું રાજકુલ થશે જ્યારે દ્વિતીય સમાસમાં **सपराक्रम** એવા ગજસુકુમાલ થશે.)

આવા સપરાક્રમરાજકુલવાતિક ગજસુકુમાલ વડે (સોમિલ સસરા વડે) પોતાનું મસ્તક બળાયે છતે તે પ્રકારે = નિષ્કંપતાપૂર્વક ઉપસર્ગ કરનારના વિષયવાળી ક્ષમા કરાઈ. જે પ્રકારે (તે) મોક્ષને પામ્યા. આ ગાથાનો અક્ષરાર્થ થયો.

(**उपसर्गकारिगोचरा** = ક્ષમા જેને વિષે કરવાની હોય તે ક્ષમાનો વિષય બને. પ્રકૃતમાં ક્ષમા ઉપસર્ગ કરનારાને વિષે કરવાની છે તેથી ગજસુકુમાલની ક્ષમાનો વિષય તે ઉપસર્ગ કરનાર બને અને ક્ષમા તે = ઉપસર્ગ કરનાર રૂપ વિષયવાળી બને. અહીં **कृता** નો અર્થ જ **विहिता** કર્યો. અને '**उपसर्गकारिगोचरा**' દ્વારા એનો વિષય જણાવી દીધો. જે ગાથામાં ન લખેલ હોવા છતાં પ્રસ્તુતના આધારે જણાય છે.)

(ઉપરોક્ત ગાથાર્થનો) ભાવાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે અને તે (કથાનક) આ છે :

દ્વારિકાનગરીમાં કૃષ્ણની માતા દેવકીને પોતાના પુત્ર વડે પીવાતા સ્તનવાળી કોઈક સ્ત્રીને જોઈને ઔત્સુક્ય = કૂતુહુલજન્ય દુ:ખ ઉત્પન્ન થયું કે "તે સ્ત્રીઓ ધન્ય છે જેણીઓના પીન સ્તનો દૂધમાં આસક્ત, ભોળા, વિકસિત મુખવાળા, એવા વળી ઉછળતી ડોકવાળા પોતાના પુત્રો વડે પીવાય છે. દુર્ભાગ્યવાળી એવી મને વળી આ = ભાગ્ય (પ્રાપ્ત) ન થયું." અને (આ રીતે) દુ:ખી (એવી તેણી) કૃષ્ણ વડે જોવાઈ. તેણે પ્રણામ કરીને કહ્યું કે, "હે માતા! આ શું છે?" તેથી તેણી વડે પોતાના મનની વાત (કૃષ્ણને) કહેવાઈ. "તારા મનોરથો હું પૂર્ણ કરું = કરીશ" એમ કહીને તેના વડે દેવની આરાધના કરાઈ. (પ્રગટ થયેલ) તે દેવે કહ્યું - "સ્વર્ગથી ચ્યવેલ પુત્ર થશે. પરંતુ (તે ભાવી પુત્રનો જીવ) જન્માન્તરમાં અભ્યાસ કરાયેલ શુભ કર્મવાળો છે. (અર્થાત્ સ્વર્ગના ભવથી પહેલાના ભવોમાં આ જીવે શુભકાર્યોનો વિશેષ અભ્યાસ કર્યો છે) તેથી લાંબોકાળ ઘરમાં રહેશે નહીં. (અર્થાત્ સંસાર ત્યાગી સંયમી બનશે.)" તે સાંભળીને કૃષ્ણ વડે દેવકીને (દેવે કહેલું) કહેવાયું. એણી વડે સ્વીકારાયું. (એટલે કે "ભલે પુત્ર સંસાર ત્યાગી સંયમી બનશે તો પણ મારે પુત્ર જોઈએ કેમકે મારે તો દુગ્ધપાન કરાવવાનો મનોરથ પૂરો કરવો છે." એમ કહીને વાત સ્વીકારી લીધી.) ત્યારબાદ હાથીના સ્વપ્નથી સૂચિત ગર્ભ ઉત્પન્ન થયો. ક્રમે કરીને બાળક જન્મ્યો... 'ગજસુકુમાર' એ પ્રમાણે (તે બાળકનું) નામ કરાયું. તે યૌવનને પામ્યો (ત્યારે) માતા-પિતા વડે સોમિલ નામે બ્રાહ્મણની પુત્રીને વિષે ઉદ્વાહિત કરાયો. = બ્રાહ્મણની પુત્રી સાથે તેનું લગ્ન કરાયું. તે ગજસુકુમાર ઈન્દ્રજાળની જેમ આખા જગતને અસાર માનતો, વૈષયિકસુખને વિડંબનાતુલ્ય (નિરર્થક) માનતો (અને) ઘરને કારાગૃહ જેવું વિચારતો માતા-પિતાના આગ્રહથી તેટલો કાળ = થોડો કાળ (ઘરમાં) રહ્યો. પછી માતા-પિતાને પોતાનો અભિપ્રાય = ઈચ્છા જણાવીને અને વિવિધ ઉપાયો વડે તેમને **सम्भाव्य** = સમજાવીને માતા, પત્ની અને કૃષ્ણ વડે રજા અપાયેલ (તે) ભગવાન નેમિનાથના ચરણોમાં પ્રવ્રજિત થયા. ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષાથી **अभ्यस्त** = પરિપક્વ થયે તે ગજસુકુમાર મુનિ એક વખત દ્વારિકામાં જ સ્મશાનમાં કાયોત્સર્ગ વડે રહ્યા. કોઈપણ

કારણે તે સ્થાને આવેલા સોમિલ વડે તે જોવાયા. "મારી દીકરીને પરણીને આ દુષ્ટાત્માએ ત્યજી દીધી.." આ પ્રમાણે (વિચારતા) આનો = સોમિલનો ક્રોધ સમુલ્લસિત = અત્યંત પ્રગટ થયો.

ત્યારબાદ માટીથી મસ્તકને વિષે **वेष्टनम्** = પાઘડી-સાફો કરીને, તેમાં સળગતા અંગારાને નાંખીને એ જતો રહ્યો. ઈતર = ગજસુકુમારને પણ "અરે! મારા નિમિત્તે આ કોઈક બિચારો ઘોર = ભયંકર નરકમાં પડશે" એ પ્રમાણે શુભભાવનારૂપી પવનથી (જાણે કે) ફૂંકાયેલ એવો (મસ્તક પરનો) અગ્નિ સળગતે છતે, જાણે કે તેની = મસ્તક પરના અગ્નિની સહાયવાળો ન હોય એવો શુક્લધ્યાનરૂપી અગ્નિ વધ્યો.. (= મસ્તક પર અગ્નિ જોરમાં સળગતા મુનિ શુક્લધ્યાનની ધારા પર ચઢ્યા.) (અગ્નિ એ જેમ શરીર બાળ્યું તેમ) **इतरेण** = ગજસુકુમાર વડે ચાર ઘાતિકર્મો બળાયા. કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. શૈલેશી પર આરુઢ થયા. આયુષ્ય પૂર્ણ થયું. મોક્ષને પામ્યા.

બીજા દિવસે વિષ્ણુ = કૃષ્ણવાસુદેવ ભગવાનના વંદન માટે આવ્યા. તેના વડે મુનિઓ સહિત પ્રભુ વંદાયા. પછી "ગજસુકુમાર ક્યાં છે ?" આ પ્રમાણે બોલતા તેને ભગવાન વડે કહેવાયું કે : "તેના વડે = ગજસુકુમાર વડે સ્વકાર્ય = મોક્ષ સાધી લેવાયું." કૃષ્ણ બોલ્યા "કેવી રીતે ?"

ત્યારબાદ ભગવાન વડે તેમનો **वृत्तान्त** = પ્રસંગ કહેવાયો.

કૃષ્ણે કહ્યું, "કોના વડે આ કરાયું ?"

ભગવાને કહ્યું, "તને જોઈને જેનું મસ્તક ફાટી જશે (તેના વડે કરાયું.)"

(સમવસરણથી નીકળીને) પુનઃ દ્વારિકામાં પ્રવેશતા કૃષ્ણવડે ભયથી અત્યંત ભાગતો સોમિલ જોવાયો. કૃષ્ણના દર્શનથી પ્રગટ થતાં અત્યંત ભયવાળા તેનું મસ્તક ફાટી ગયું. ।। ૫૪ ।।

(આ પ્રમાણે 'ક્ષમા એ મોક્ષનું કારણ છે' આ વાત મોક્ષે ગયેલ ગજસુકુમારના દૃષ્ટાંત દ્વારા ગ્રંથકારશ્રીએ જણાવી.)

एवमन्यैरपि साधुभिः क्षमा कर्तव्येत्युपनयः । तथा चाह –

**रायकुलेसु वि जाया, भीया जर-मरण-गब्भवसहीणं ।**
**साहू सहंति सव्वं, नीयाण वि पेसपेसाणं ॥ ५५ ॥**

*रायकुलेसु वि० गाहा :* राजकुलान्युग्रादीनि तेष्व**पि**, आसतामन्येषु, **जाता** उत्पन्नाः **साधवः सर्वं सहन्त** इति योगः, किम्भूताः सन्तः ?, **जरा** वयोहानिः, **मरणं** प्राणत्यागः, **गर्भवसति**र्जननीजठरे वसनं, जरा च मरणं चेत्यादिद्वन्द्वः, ताभ्यो **भीतास्त्र**स्ताः, पञ्चम्यर्थे षष्ठी प्राकृतत्वात्, किं ? **सहन्ते नीचानामपि** निन्द्यजातीनामपि, तेऽपि प्राप्तर्द्धयः पूज्याः स्युरित्यत आह–प्रेष्याणामपि परकर्मकृतां ये प्रेष्यास्ते **प्रेष्यप्रेष्यास्ते**षां सम्बन्धि दुर्वचनताडनादिकमिति गम्यते ॥ ५५ ॥

**અવતરણિકા :** આ પ્રમાણે(= ગજસુકુમાર મુનિની જેમ) અન્ય સાધુઓવડે પણ ક્ષમા કરવા યોગ્ય છે. આ ઉપનય = નિષ્કર્ષ છે. **तथा च** = અને ગ્રંથકારશ્રી તે જ પ્રમાણે કહે છે કે :

**ગાથાર્થ :** રાજકુળોમાં પણ જન્મ પામેલ, જરા, મરણ અને ગર્ભાવાસથી ડરેલા સાધુઓ નિન્દ્યજાતિવાળા વળી દાસના પણ દાસોના સંબંધી સર્વ સહન કરે છે. ।। ૫૫ ।।

**ટીકાર્થ :** ઉગ્રકુળ, ભોગકુળ વિ. રાજકુલોમાં પણ ઉત્પન્ન થયેલા સાધુઓ સર્વ સહન કરે છે. આ પ્રમાણે યોગ = અન્વય કરવો અન્ય કુળમાં ઉત્પન્ન થયેલાની વાત તો જવા દો. એટલે કે કષ્ટસહન કરવાના અભ્યાસવાળા મજૂર લોકો તો સર્વ સહે જ પણ રાજકુળમાં ઉત્પન્ન થયેલા પણ સાધુઓ સર્વ સહે. (**आसतां...** દ્વારા '**अपि**' શબ્દનો અર્થ બતાડ્યો)

**પ્રશ્ન :** કેવા છતાં રાજકુલોત્પન્ન સાધુઓ સર્વ સહે ?

**ઉત્તર :** જરા = વયહાનિ = વૃદ્ધત્વ, મરણ = પ્રાણત્યાગ = મૃત્યુ, ગર્ભવસતિ = માતાની કુક્ષિમાં રહેવું. અહીં **जरा च मरणञ्च गर्भवसतिश्च इति जरामरणगर्भवसतयः ।** આ પ્રમાણે દ્વન્દ્વ સમાસ કરવો. આ બધાથી ડરેલા (એવા સાધુઓ બધું સહન કરે.)

(**પ્રશ્ન :** ગાથામાં તો ષષ્ઠી વિભક્તિ બતાવી છે તો પંચમીમાં અર્થ કેવી રીતે કરાય ?)

**ઉત્તર :** ગાથામાં જે ષષ્ઠી વિભક્તિ બતાવી છે તે પંચમી વિભક્તિના અર્થવાળી જાણવી. અર્થાત્ એનો પંચમી વિભક્તિ પ્રમાણે અર્થ કરવો.

(**પ્રશ્ન :** આ રીતે વિભક્તિનો વ્યત્યય કેવી રીતે કરાય ?)

**ઉત્તર :** જુઓ, ગાથા પ્રાકૃતભાષામાં છે. તેથી પ્રાકૃત ભાષાને લીધે આ રીતે વિભક્તિ વ્યત્યય થતો હોય છે.

**પ્રશ્ન :** જરા - મરણ - ગર્ભવસતિથી ડરેલા સાધુઓ શું કરે ?

**ઉત્તર :** સહન કરે.

(**પ્રશ્ન :** શું સહન કરે ?)

**ઉત્તર :** નીચ = નિન્દ્ય જાતિવાળા એવા પણ, વળી પ્રેષ્ય = પારકાના કામો કરનારા અર્થાત્ દાસો, તેના પણ જે દાસો હોય તે પ્રેષ્ય પ્રેષ્ય કહેવાય, તે દાસ-દાસોના સમ્બન્ધિ દુર્વચન, તાડન = મારવું વિ. સહન કરે. ગાથામાં દુર્વચન, તાડનાદિ બતાવાયેલ નથી છતાં પ્રસ્તુતના આધારે જણાય છે.

**વિશેષાર્થ :** (૧) **नीचानामपि** - ''નિન્દ્યજાતિવાળાના પણ સંબંધિ સહન કરે'' અહીં **अपि**-શબ્દથી 'તેની ઉપરના = થોડી સારી જાતિવાળા લોકો સંબંધી તો સહન કરે જ, આ લોકોનું પણ સહન કરે' એમ સમજવું.

(૨) નિન્દ્યજાતિવાળા પણ ઋદ્ધિને પ્રાપ્ત કરે ત્યારે 'નાણાં વગરનો નાથીયો, નાણે નાથાલાલ' ન્યાયે પૂજ્ય બને અને તો તેના દુર્વચનાદિના સહન કરવામાં નીચસંબંધિ સહન કર્યું ન કહેવાય. આવું ન થાય એ માટે બીજું **पेसपेसाणं** વિશેષણ ગ્રંથકારશ્રીએ બતાવ્યું. દાસના દાસ હોય તે ઋદ્ધિમાન્ ન હોય તેથી તેમના દુર્વચનાદિના સહનમાં નીચનું સહન કર્યું જ કહેવાય એથી **पेसपेसाणं** એવું બીજું વિશેષણ કહ્યું.

**।। नमोऽस्तु तस्मै जिनशासनाय ।।**

# સ્વાધ્યાયોપયોગી પુસ્તકો

## સાધન ગ્રન્થો

**(૧) કલ્યાણ મંદિર (૨) રઘુવંશ (૧-૨ સર્ગ) (૩) કીરાતાર્જુનીય (૧-૨ સર્ગ) (૪) શિશુપાલવધ (૧-૨ સર્ગ) (૫) નૈષધીયચરિતમ્ (૧-૨ સર્ગ)** શ્લોક, અર્થ, સમાસ, અન્વય, ભાવાર્થ સહિત.

**ન્યાય સિદ્ધાંત મુક્તાવલિ (ભાગ ૧-૨)** ગુજરાતી વિવેચન સહિત.

**વ્યાપ્તિપંચક...** ચન્દ્રશેખરીયાવૃત્તિ સહિત ● **સિદ્ધાન્ત લક્ષણ (ભાગ ૧-૨)...** ચન્દ્રશેખરીયાવૃત્તિ સહિત

**સામાન્યનિરુક્તિ** (ગુજરાતી વિવેચન) ● **અવચ્છેદકત્વનિરુક્તિ** (ગુજરાતી વિવેચન)

## આગમ ગ્રન્થો

**ઓઘનિર્યુક્તિ (ભાગ ૧-૨)** દ્રોણાચાર્ય વૃત્તિ + ગુજરાતી ભાષાંતર (પ્રતાકારે)

**ઓ.નિ. સારોદ્ધાર (ભાગ ૧-૨)** વિશિષ્ટ પંક્તિઓ ઉપર વિવેચન (પ્રતાકારે)

**દસવૈકાલિક સૂત્ર (ભાગ ૧ થી ૪)** હારિભદ્રીવૃત્તિ + ગુજરાતી ભાષાંતર

**આવશ્યક નિર્યુક્તિ** (હારિભદ્રી વૃત્તિ - ગુજરાતી ભાષાંતર સહિત ભાગ ૧ થી ૮)

**ઉત્તરાધ્યયન સૂત્ર** (અધ્યયન-૧) (શાંતિસૂરિવૃત્તિ - ગુજરાતી ભાષાંતર સહિત)

सिद्धान्तरहस्यबिन्दु: (ઓઘનિર્યુક્તિની વિશિષ્ટ પંક્તિઓનું રહસ્ય પ્રગટ કરતી નવી સંસ્કૃત ટીકા)

## સંયમ-અધ્યાત્મ-પરિણતિપોષક ગ્રન્થો

**સામાચારી પ્રકરણ (ભાગ ૧-૨)** ચન્દ્રશેખરીયાવૃત્તિ ગુજરાતી ભાષાંતર સહિત (દસવિધ સામાચારી)

**યોગવિંશિકા** ચન્દ્રશેખરીયા વૃત્તિ સહિત

## મુમુક્ષુઓને-નૂતનદીક્ષિતોને-સંયમીઓને અત્યંત ઉપયોગી પુસ્તકો

● **મુનિજીવનની બાળપોથી (ભાગ ૧-૨-૩)** ● **સંવિગ્ન સંયમીઓની નિયમાવલી**

● **હવે તો માત્ર ને માત્ર સર્વવિરતિ.**

**ગુરૂમાતા** ● વંદના ● શરણાગતિ ● મહાપંથના અજવાળા
વિરાટ જાગે છે ત્યારે ● ત્રિભુવનપ્રકાશ મહાવીર દેવ
મહાભિનિષ્ક્રમણ ● ઉંડા અંધારેથી ● વિરાગની મસ્તી
} આ નવેક પુસ્તકો પ્રત્યેક આત્માર્થીએ અવશ્ય વાંચવા જેવા છે.

● ધન તે મુનિવરા રે...(દસવિધ શ્રમણધર્મ પર ૧૦૮ કડી + વિસ્તૃત વિવેચન

● વિશ્વની આધ્યાત્મિક અજાયબી (ભાગ ૧-૨-૩-૪)...(૫૦૦ આસપાસ શ્રેષ્ઠ પ્રસંગો)

● અષ્ટપ્રવચન માતા...(આઠ માતા ઉપર વિસ્તૃત વિવેચન) ● આત્મકથાઓ

● મહાવ્રતો...(પાંચ મહાવ્રતો ઉપર વિસ્તૃત વિવેચન) ● શલ્યોદ્ધાર (સંયમના અતિચારોની સૂક્ષ્મ નોંધ)

● આત્મસંપ્રેક્ષણ...(આત્માના દોષો કેવી રીતે જોવા ? પકડવા ? એનું વિરાટ વર્ણન)

● મુમુક્ષુઓને માર્ગદર્શન...(દીક્ષા લેવામાં નડરતભૂત બનતા અનેક પ્રશ્નોનું સમાધાન.)

● ૩૫૦ ગાથાનું સ્તવન (ભાગ-૧-૨-૩)...પાંચ ઢાળ ઉપર વિસ્તૃત વિવેચન સહિત

● સુપાત્રદાન વિવેક (શ્રાવિકાઓને ભેટમાં આપવા-સાચી સમજ આપવા મંગાવી શકશો.)

● આત્મકથા (વિરતિદૂતની ૧૧ આત્મકથાઓનો સંગ્રહ) ● દશવૈકાલિકચૂલિકાનું વિવેચન

● શલ્યોદ્ધાર (આલોચના કરવા માટે ઉપયોગી સૂક્ષ્મતમ અતિચાર સ્થાનોનો સંગ્રહ)

● ઉવવૂહ (પ્રસન્નતા, પ્રશંસા, પ્રયત્નનો ત્રિવેણી સંગમ.)

| **વિરતિદૂત માસિક** | ૧ થી ૧૨૦ અંકનો આખો સેટ જેને પણ જોઇએ, તે મેળવી શકે છે... |
|---|---|

# ઉપદેશમાળા

મોતીની માળાથી ગળું શોભે,

ઉપદેશોની માળાથી સંયમીનું હૃદય શોભે...

અવધિજ્ઞાની ધર્મદાસગણિ મહત્તરે રચેલી ૫૪૪ ગાથાઓ અદ્‌ભુત મોતીઓ છે.

એ તમામ મોતીઓને શોભાવનાર

અને

સ્વયં વધુ શોભનાર

છે

સિદ્ધર્ષિગણિવર્યજીની વૃત્તિ !

સૌ સંયમીઓ આ માળાને કંઠસ્થ કરે એવી નમ્ર અભ્યર્થના !